Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Rathod, Chandresh H., 2010, વિધા સહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકો વ્યવસાય સંતોષ અને વિધાર્થીઅઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતા નો અભ્યાસ, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/36

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ

**A Study of Job Satisfaction of Vidhya Sahayaks and Full Salaried Primary Teachers and Teacher Effectiveness in the Context of Academic Achievement of their Students**


**ચંદ્રેશભાઈ એચ. રાઠોડ**

એમ. એ., ગુજરાત યુનિવર્સિટી, ૨૦૦૨

એમ. એડ્., બરકતુલ્લાહ યુનિવર્સિટી, ૨૦૦૫

એમ. ફીલ., મદુરાઈ કામરાજ યુનિવર્સિટી, ૨૦૦૮

નેટ (Twice), ડીસેમ્બર, ૨૦૦૪ અને જૂન, ૨૦૦૫


ડૉક્ટર ઓફ ફિલોસોફી (શિક્ષણ)ની ઉપાધિ માટેની

જરૂરિયાતોની પૂર્તિ માટે રજૂ કરેલો

મહા શોધનિબંધ


ડૉ. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન

જૂન, ૨૦૧૦

# CERTIFICATE BY THE GUIDE

This is to certify that the contents of thesis entitled, **વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ** *("A Study of Job Satisfaction of Vidhya Sahayaks and Full Salaried Primary Teachers and Teacher Effectiveness in the Context of Academic Achievement of their Students")* is the original research work of Mr. **Chandreshbhai H. Rathod** carried out under my supervision.

I further certify that the work has not been submitted either partly or fully to any other University or Institution for the award of any degree.

**(Dr. S. G. Vyas )**
Retired Principal
Dr. Subhash Mahila College of Education
Saurashtra University
Rajkot

Date :

# CANDIDATE’S STATEMENT

I hereby declare that the work incorporated in the present thesis is original and has not been submitted to any University / Institution for the award of a Diploma or Degree. I further declare that the results presented in the thesis, considerations made there-in, contribute in general to the advancement of knowledge in **EDUCATION** and in particular to-

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ**

A Study of Job Satisfaction of Vidhya Sahayaks and Full Salaried Primary Teachers and Teacher Effectiveness in the Context of Academic Achievement of their Students

**(Chandreshbhai H. Rathod)**
Candidate

# અનુગ્રહ સ્વીકાર

સૌ પ્રથમ સર્વશક્તિમાન ઈશ્વરનું સ્મરણ કરતા હું ધન્યતા અનુભવું છું કે જેણે મને શિક્ષણ સમાજમાં પ્રવેશવાની તક આપી.

'સંશોધન સહાય વગર સંભવી ન શકે' આ એક સત્ય વિધાન છે. સંશોધન એ સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. મહા શોધનિબંધના વિષયની પસંદગીથી પ્રકટીકરણ સુધીના દરેક તબક્કે ઝીણવટભર્યું અને મૂલ્યવાન માર્ગદર્શન આપનાર મારા માર્ગદર્શક ડૉ. શરદભાઈ જી. વ્યાસનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રોફેસર અને અધ્યક્ષશ્રી ડૉ. એ. અંબાસણા તથા શિક્ષણશાખાના સમગ્ર પરિવારનો અંતઃકરણપૂર્વક આભારી છું.

સંશોધન કાર્યમાં જેમના બહુમૂલ્ય સૂચનો અને માર્ગદર્શન મળ્યાં હતાં તેવા તજજ્ઞશ્રીઓ ડૉ. ચંદ્રકાંત ભોગાયતા, ડૉ. રમેશચંદ્ર કોઠારી, ડૉ. એમ. એલ. જોષી, ડૉ. એમ. કે. યાજ્ઞિક, ડૉ. જે. પી. મૈયાણી, ડૉ. બી. એસ. પટેલ, ડૉ. એ. બી. કગથરા, ડૉ. કલ્યાણજી એ. ચોરાડા અને ડૉ. હીના જે. પાંધીનો હું અત્યંત ઋણી છું.

મારા સંશોધન કાર્ય માટે સાથ સહકાર આપી સતત પ્રેરણાનું પાથેય પૂરું પાડવા બદલ મારી કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એલ. એન. પટેલ, ડૉ. જી. પી. રાવલ, ડૉ. એન. એ. મકવાણા, પ્રા. જી. એન. પટેલ તથા શ્રી મગનભાઈ પ્રજાપતિ, શ્રી શરદભાઈ શાહ, શ્રી રામભાઈ કટારાનો અને મ. લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસાના પ્રમુખશ્રી ડૉ. અરુણભાઈ એન. શાહ તથા કોલેજ પ્રભારી મંત્રીશ્રી ડૉ. ઘનશ્યામભાઈ જે. શાહ અને સમગ્ર સંચાલક મંડળનો આભાર માનતા ગૌરવ અનુભવું છું. વળી, ગ્રંથપાલશ્રી કિશોરભાઈ શુક્લનો વિશેષ આભારી છું કે જેમણે હરક્ષણે પ્રેરણા આપી સંશોધન માટે જરૂરી સંદર્ભ પુસ્તકો પૂરાં પાડયાં છે.

આ સંશોધન કાર્યમાં હરક્ષણે સાથે રહી હૂંફ આપનાર પથદર્શકશ્રી ડૉ. બી. ડી. પટેલ (પ્રિન્સિપાલશ્રી, દરામલી એજ્યુકેશન કોલેજ, દરામલી) અને તેમના પરિવારજનોનો અત્યંત ઋણી છું. સંશોધન કાર્યને ઝડપથી પૂર્ણ કરવા માટે મદદરૂપ થનાર ડૉ. એન. એમ. જયસ્વાલ (રીડરશ્રી, પી. જી. ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન, મોડાસા) અને એમ. એડ્. કોલેજ પરિવારનો આભારી છું.

સાબરકાંઠા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓની યાદી મેળવી આપવા બદલ શ્રી ગૌતમભાઈ સગર, માહિતી એકત્રીકરણમાં સૂચન કરી કાર્યને સરળ બનાવવામાં મદદરૂપ થનાર શ્રી નરેન્દ્રભાઈ રાવલ અને અંકશાસ્ત્રીય પૃથક્કરણ માટે ડૉ. ગૌરાંગભાઈ વ્યાસનો અત્યંત ઋણી છું.

પ્રસ્તુત સંશોધનમાં ઉમદા સહકાર આપવા બદલ સાબરકાંઠા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, સી. આર. સી.–બી. આર. સી. શિક્ષક ભાઈ–બહેનો તથા દરેક તાલુકાના કેળવણી નિરીક્ષક મિત્રોનો હૃદયપૂર્વક આભારી છું. મહા શોધનિબંધને મુદ્રિત કરવામાં સહયોગી બનેલા શ્રી સરફરાજ બાકરોલીયાનો આભાર પ્રગટ કરું છું.

પ્રસ્તુત સંશોધન કાર્ય માટે આર્થિક સહાય આપવા બદલ યુ. જી. સી., પૂણેનો પણ આભાર વ્યક્ત કરું છું. આ ઉપરાંત સમયે સમયે માર્ગદર્શન આપનાર રીજનલ કોલેજ, ભોપાલના મારા ગુરુજનો તથા પ્રા. સંજય ભાવે, શ્રી પી. આર. ટાંક અને શ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામીને પણ આ તબક્કે યાદ કરતા ધન્યતાની લાગણી અનુભવું છું.

મારા પ્રેરણાસ્રોત એવા મારા માતાપિતા તથા ભાઈ, બહેન–જીજાજી, પત્ની અને પુત્ર ચિ. નિહારનો અત્યંત ઋણી છું.

*॥ विधया अमृतं अश्नुते ॥*

ચંદ્રેશભાઈ એચ. રાઠોડ

## અનુક્રમણિકા


| વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|
| **નામાભિધાન પૃષ્ઠ** | **I** |
| **માર્ગદર્શકનું પ્રમાણપત્ર** | **II** |
| **સંશોધકનું નિવેદન** | **III** |
| **અનુગ્રહ સ્વીકાર** | **IV** |
| **અનુક્રમણિકા** | **VI** |
| **સારણીસૂચિ** | **XIV** |
| **આકૃતિસૂચિ** | **XVIII** |
| **આલેખસૂચિ** | **XIX** |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| **૧.** | **સમસ્યાકથન અને શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા** | **૧–૨૪** |
| | ૧.૦ પ્રસ્તાવના | 1 |
| | ૧.૧ સમસ્યાકથન | 4 |
| | ૧.૨ અભ્યાસના હેતુઓ | 5 |
| | ૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ | 7 |
| | ૧.૪ અભ્યાસમાં સમાવિષ્ટ ચલ | 10 |
| | ૧.૪.૧ સ્વતંત્ર ચલ | 10 |
| | ૧.૪.૨ પરતંત્ર ચલ | 11 |
| | ૧.૪.૩ પરિવર્તક ચલ | 11 |
| | ૧.૫ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા | 12 |
| | ૧.૬ સંશોધનનું ક્ષેત્ર | 14 |
| | ૧.૭ સંશોધનનો પ્રકાર | 16 |
| | ૧.૭.૧ ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો | 16 |
| | ૧.૭.૨ અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો | 17 |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧.૮ | અભ્યાસનો વ્યાપ | 18 |
| ૧.૯ | અભ્યાસનું ઔચિત્ય | 20 |
| ૧.૧૦ | અભ્યાસનું મહત્ત્વ | 21 |
| ૧.૧૧ | અભ્યાસની મર્યાદાઓ | 22 |
| | ૧.૧૧.૧. અભ્યાસની ક્ષેત્ર મર્યાદા | 22 |
| | ૧.૧૧.૨. અભ્યાસની અન્ય મર્યાદા | 23 |
| ૧.૧૨ | હવે પછીના પ્રકરણોની રૂપરેખા | 23 |
| **૨.** | **સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમજ** | **૨૫–૫૪** |
| ૨.૦ | પ્રસ્તાવના | 25 |
| ૨.૧ | સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા માટેના પ્રશ્નો | 25 |
| ૨.૨ | વ્યવસાય સંતોષ : પ્રસ્તાવના | 26 |
| | ૨.૨.૧ વ્યવસાય સંતોષ : અર્થ અને સંકલ્પના | 26 |
| | ૨.૨.૨ વ્યવસાય સંતોષના સિદ્ધાંતો | 29 |
| | ૨.૨.૩ વ્યવસાય સંતોષ પર અસર કરનારા પરિબળો | 31 |
| ૨.૩ | શૈક્ષણિક સિદ્ધિ : પ્રસ્તાવના | 39 |
| | ૨.૩.૧ શૈક્ષણિક સિદ્ધિ : સંકલ્પના | 39 |
| | ૨.૩.૨ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા પરિબળો | 40 |
| ૨.૪ | શિક્ષક અસરકારકતા | 43 |
| | ૨.૪.૧ સાંપ્રત સમયમાં શિક્ષકનું મહત્ત્વ | 43 |
| | ૨.૪.૨ શિક્ષક : ભૂમિકા અને કાર્યો | 44 |
| | ૨.૪.૩ અસરકારક શિક્ષક : વ્યાખ્યાઓ | 47 |
| | ૨.૪.૪ અસરકારક શિક્ષકના ગુણો અને લાક્ષણિકતાઓ | 47 |
| | ૨.૪.૫ વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતાં શિક્ષકના લક્ષણો | 50 |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| **૩.** | **પૂર્વે થયેલા સંશોધનોની સમીક્ષા** | **૫૫–૯૭** |
| | ૩.૦ પ્રસ્તાવના | 55 |
| | ૩.૧ સંબંધિત સંશોધનોની સમીક્ષાનું મહત્ત્વ | 56 |
| | ૩.૨ સંબંધિત સંશોધનોની સમીક્ષાના પ્રશ્નો | 57 |
| | ૩.૩ પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા | 58 |
| | ૩.૩.૧ એમ. એડ્. કક્ષાના સંશોધનોની સમીક્ષા | 58 |
| | ૩.૩.૨ પીએચ. ડી. કક્ષાના સંશોધનોની સમીક્ષા | 69 |
| | ૩.૪ પ્રાપ્ય સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષા | 92 |
| | ૩.૫ પૂર્વે થયેલાં સંશોધનોના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનની સાર્થકતા | 96 |
| **૪.** | **સંશોધન યોજના અને તેના આધારો** | **૯૮–૧૧૨** |
| | ૪.૦ પ્રસ્તાવના | 98 |
| | ૪.૧ વિષય ઉદ્‌ગમ | 99 |
| | ૪.૨ સંશોધનનું વ્યાપવિશ્વ | 99 |
| | ૪.૩ નમૂના પસંદગી | 101 |
| | ૪.૪ સંશોધન પદ્ધતિ | 108 |
| | ૪.૫ સંશોધનના ઉપકરણો | 109 |
| | ૪.૬ માહિતી એકત્રીકરણ | 110 |
| | ૪.૭ પ્રાપ્ત માહિતી | 111 |
| | ૪.૮ માહિતીનું પૃથક્કરણ | 111 |
| **૫.** | **ઉપકરણ સંરચના અને તેનું યથાર્થીકરણ** | **૧૧૩–૧૯૩** |
| | ૫.૦ પ્રસ્તાવના | 113 |
| | ૫.૧ ઉપકરણ સંરચના | 114 |
| | ૫.૧.૧ વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ વિષયવસ્તુ વિશ્લેષણ | 115 |
| | ૫.૧.૨ કલમોની રચના અને તેનું સંપાદન | 115 |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|


૫.૧.૨.૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧ વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 117

૫.૧.૨.૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૨ પરિવાર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 117

૫.૧.૨.૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૩ સામાજિક સંબંધ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 118

૫.૧.૨.૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૪ વિદ્યાર્થી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 118

૫.૧.૨.૫ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૫ કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 119

૫.૧.૨.૬ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૬ વાલી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 119

૫.૧.૨.૭ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૭ સાથી શિક્ષકો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 120

૫.૧.૨.૮ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૮ આચાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 120

૫.૧.૨.૯ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૯ અધિકારી વર્ગ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 121

૫.૧.૨.૧૦ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૦ શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 121

૫.૧.૨.૧૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૧ શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 122

૫.૧.૨.૧૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૨ વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 123

૫.૧.૨.૧૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૩ સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 123

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|


૫.૧.૨.૧૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૪ આર્થિક વળતર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના 124

૫.૧.૩ શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપની રચના 124

૫.૧.૪ વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપ પર તજજ્ઞોના અભિપ્રાયો અને સૂચનો 125

૫.૧.૫ વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશ 136

૫.૧.૬ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ 139

૫.૧.૬.૧ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું કલમ પૃથક્કરણ 139

૫.૧.૬.૨ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા 146

૫.૧.૭ વ્યવસાય સંતોષ માપદંડની દ્વિતીય અજમાયશ 147

૫.૧.૭.૧ દ્વિતીય સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ 149

૫.૧.૭.૧.૧ કલમોનું ગુણાંકન 149

૫.૧.૭.૧.૨ ઉપલું જૂથ અને નીચલું જૂથ પસંદ કરવું 150

૫.૧.૭.૧.૩ વ્યવસાય સંતોષ માપદંડના કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત 151

૫.૧.૭.૧.૩.૧ વ્યવસાય સંતોષ માપદંડની હકારાત્મક કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત 151

૫.૧.૭.૧.૩.૨ વ્યવસાય સંતોષ માપદંડની નકારાત્મક કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત 152

૫.૧.૮ વ્યવસાય સંતોષ માપદંડનું અંતિમ સ્વરૂપ 160

૫.૧.૯ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અંતિમ અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ 162

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|


૫.૧.૯.૧ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય 162

૫.૧.૯.૨ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા 168

૫.૧.૯.૨.૧ ક્રોનબેક આલ્ફા અંક પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા 168

૫.૧.૯.૨.૨ અર્ધ વિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા 173

૫.૧.૯.૩ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની યથાર્થતા 174

૫.૧.૧૦ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની યથાર્થતા 174

૫.૧.૧૦.૧ અવયવ નિષ્કર્ષણ 175

૫.૧.૧૦.૨ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડના અવયવ નિષ્કર્ષણની અંતિમ સાંખ્યિકીઓ: ઈજેન મૂલ્યો અને શતમાન 178

૫.૧.૧૦.૩ પરિભ્રમણ 181

**૬. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન ૧૯૪–૨૩૮**

૬.૦ પ્રસ્તાવના 194

૬.૧ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું સ્વરૂપ 195

૬.૧.૧ શિક્ષકોના પ્રતિચારોનું ગુણાંકન 195

૬.૧.૨ પ્રાપ્તાંકોનું વિશ્લેષણ 196

૬.૨ માહિતીનું સાંકેતીકરણ 196

૬.૩ શિક્ષકોનો વ્યવસાય સંતોષ 197

૬.૪ શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનું સ્તર 208

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૬.૫ | શિક્ષકોની શિક્ષક અસરકારકતા | 210 |
| ૬.૬ | શિક્ષકોની શિક્ષક અસરકારકતાનું સ્તર | 212 |
| ૬.૭ | ઉત્કલ્પનાઓની ચકાસણી | 214 |
| **૭.** | **સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનોની ભલામણો** | **૨૩૯–૨૬૪** |
| ૭.૦ | પ્રસ્તાવના | 239 |
| ૭.૧ | સારાંશ | 239 |
| | ૭.૧.૧ અભ્યાસની સમસ્યા | 239 |
| | ૭.૧.૨ અભ્યાસના હેતુઓ | 240 |
| | ૭.૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ | 241 |
| | ૭.૧.૪ અભ્યાસનું વ્યાપવિશ્વ | 243 |
| | ૭.૧.૫ નમૂના પસંદગી | 244 |
| | ૭.૧.૬ ઉપકરણ | 245 |
| | ૭.૧.૭ માહિતી એકત્રીકરણ | 246 |
| | ૭.૧.૮ માહિતીનું પૃથક્કરણ | 246 |
| ૭.૨ | અભ્યાસના પરિણામો | 247 |
| ૭.૩ | અભ્યાસના તારણો | 260 |
| ૭.૪ | શૈક્ષણિક ફલિતાર્થો | 263 |
| ૭.૫ | ભાવિ સંશોધન અંગેની ભલામણો | 264 |
| | **સંદર્ભસૂચિ** | **૨૬૫–૨૭૪** |
| | **પરિશિષ્ટ** | **૨૭૫–૩૧૫** |
| પરિશિષ્ટ–૧ | વ્યવસાય સંતોષ માપદંડ (પ્રાથમિક શિક્ષકો માટે) (ઘટકો મુજબ કલમ) | 276 |
| પરિશિષ્ટ–૨ | વ્યવસાય સંતોષ માપદંડ (પ્રાથમિક શિક્ષકો માટે) (પ્રાથમિક અજમાયશ માટેનો માપદંડ) | 288 |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| પરિશિષ્ટ–૩ | વ્યવસાય સંતોષ માપદંડ (પ્રાથમિક શિક્ષકો માટે) (દ્વિતીય અજમાયશ માટેનો માપદંડ) | 295 |
| પરિશિષ્ટ–૪ | વ્યવસાય સંતોષ માપદંડ (પ્રાથમિક શિક્ષકો માટે) (અંતિમ સ્વરૂપનો માપદંડ) | 301 |
| પરિશિષ્ટ–૫ | તાલુકાદીઠ નમૂનામાં પસંદ થયેલ શાળાની સંખ્યા સારણી | 307 |
| પરિશિષ્ટ–૬ | વાર્ષિક પરીક્ષાનું પરિણામ નોંધવા માટેનું પત્રક | 315 |

## સારણીસૂચિ


| સારણી | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| સારણી ૪.૧ | તાલુકા દીઠ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | 100 |
| સારણી ૪.૨ | વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શિક્ષકો અને નમૂનામાં પસંદ પામેલ શિક્ષકોની સંખ્યા | 103 |
| સારણી ૪.૩ | નમૂનામાં સમાવિષ્ટ વિદ્યાસહાયક શિક્ષકોનું વિવિધ ચલો અનુસાર વર્ગીકરણ | 104 |
| સારણી ૪.૪ | નમૂનામાં સમાવિષ્ટ પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનું વિવિધ ચલો અનુસાર વર્ગીકરણ | 106 |
| સારણી ૫.૧ | પ્રારંભિક અજમાયશમાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા સારણી | 137 |
| સારણી ૫.૨ | પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય | 139 |
| સારણી ૫.૩ | પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અજમાયશ દરમિયાન પ્રાપ્ત થયેલાં વિશ્વસનીયતા અંક | 147 |
| સારણી ૫.૪ | દ્વિતીય અજમાયશમાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા સારણી | 147 |
| સારણી ૫.૫ | વ્યવસાય સંતોષ માપદંડની કલમોના ગુણાંકન અંગેની માહિતી | 149 |
| સારણી ૫.૬ | ઉપલાં ૨૭ % અને નીચલાં ૨૭ % પાત્રોના પ્રાપ્તાંકો | 150 |
| સારણી ૫.૭ | વ્યવસાય સંતોષ માપદંડની હકારાત્મક કલમો પૈકી કલમ ક્રમાંક–૧ પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથના શિક્ષકોના પ્રતિચારોની આવૃત્તિ પરના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની ગણતરી | 152 |
| સારણી ૫.૮ | વ્યવસાય સંતોષ માપદંડની નકારાત્મક કલમો પૈકી કલમ ક્રમાંક–૫ પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથના શિક્ષકોના પ્રતિચારોની આવૃત્તિ પરના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની ગણતરી | 153 |
| સારણી ૫.૯ | દ્વિતીય સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની પ્રત્યેક કલમ પર ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત | 154 |
| સારણી ૫.૧૦ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડમાં ઘટકોને અનુરૂપ હકારાત્મક અને નકારાત્મક કલમોની સંખ્યા | 161 |

| **સારણી** | **વિગત** | **પૃષ્ઠ ક્રમાંક** |
|---|---|---|
| સારણી ૫.૧૧ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય | 163 |
| સારણી ૫.૧૨ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનો ક્રોનબેક આલ્ફા અંક | 168 |
| સારણી ૫.૧૩ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અર્ધવિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા | 173 |
| સારણી ૫.૧૪ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડના અવયવ નિષ્કર્ષણની અંતિમ સાંખ્યિકીઓ : સામુદાયિકતા | 175 |
| સારણી ૫.૧૫ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડના અવયવ નિષ્કર્ષણની અંતિમ સાંખ્યિકીઓ : ઈજેન મૂલ્યો અને શતમાન | 178 |
| સારણી ૫.૧૬ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનો પરિભ્રમિત અવયવ શ્રેણિક | 182 |
| સારણી ૬.૧ | શિક્ષકો સંદર્ભે વિવિધ ચલોનું તેની કક્ષા અનુસાર સાંકેતીકરણ | 196 |
| સારણી ૬.૨ | અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ અને અંકશાસ્ત્રીય ગણતરીઓ | 198 |
| સારણી ૬.૩ | પ્રાથમિક શાળાના શિક્ષકોની સંખ્યા અને તેમના વ્યાવસાયિક સંતોષનું સ્તર | 208 |
| સારણી ૬.૪ | શિક્ષકોની અસરકારકતા માટેની ટકાવારીની સરાસરીનું આવૃત્તિ વિતરણ અને સાંખ્યિકી | 210 |
| સારણી ૬.૫ | પ્રાથમિક શાળાના શિક્ષકોની સંખ્યા અને તેમની અસરકારકતાનું સ્તર | 212 |
| સારણી ૬.૬ | વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 214 |
| સારણી ૬.૭ | વિદ્યાસહાયક શિક્ષકોની જાતીયતા સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 215 |
| સારણી ૬.૮ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની જાતીયતા સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 216 |

| સારણી | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| સારણી ૬.૯ | વિદ્યાસહાયક શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 217 |
| સારણી ૬.૧૦ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 218 |
| સારણી ૬.૧૧ | પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 219 |
| સારણી ૬.૧૨ | પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 220 |
| સારણી ૬.૧૩ | વિદ્યાસહાયક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 221 |
| સારણી ૬.૧૪ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 222 |
| સારણી ૬.૧૫ | પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા | 223 |
| સારણી ૬.૧૬ | પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા | 235 |
| સારણી ૬.૧૭ | વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 226 |
| સારણી ૬.૧૮ | વિદ્યાસહાયક શિક્ષકોની જાતીયતા સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 227 |

| સારણી | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| સારણી ૬.૧૯ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની જાતીયતા સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 228 |
| સારણી ૬.૨૦ | વિદ્યાસહાયક શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 229 |
| સારણી ૬.૨૧ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 230 |
| સારણી ૬.૨૨ | પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 231 |
| સારણી ૬.૨૩ | પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 232 |
| સારણી ૬.૨૪ | વિદ્યાસહાયક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 233 |
| સારણી ૬.૨૫ | પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા | 235 |
| સારણી ૬.૨૬ | પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા | 236 |
| સારણી ૬.૨૭ | પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા | 237 |

## આકૃતિસૂચિ


| આકૃતિ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| આકૃતિ ૧.૧ | હેતુઓની અગત્ય | 5 |
| આકૃતિ ૧.૨ | ઉત્કલ્પનાનો અર્થ | 7 |
| આકૃતિ ૧.૩ | ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો | 16 |
| આકૃતિ ૧.૪ | અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો | 17 |
| આકૃતિ ૨.૧ | વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળો | 38 |
| આકૃતિ ૪.૧ | નમૂના પસંદગીની પદ્ધતિઓ | 101 |
| આકૃતિ ૪.૨ | સંશોધન પદ્ધતિઓ | 108 |

## આલેખસૂચિ


| આલેખ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| આલેખ ૫.૧ | વ્યવસાય સંતોષ માપદંડનો અવયવ ભગ્નાશ્મરાશિ આલેખ | 180 |
| આલેખ ૫.૨ | વ્યવસાય સંતોષ માપદંડનો પરિભ્રમિત અવયવ અવકાશમાં અવયવોનો આલેખ | 192 |
| આલેખ ૬.૧ | વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ | 207 |
| આલેખ ૬.૨ | પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષનું સ્તર | 209 |
| આલેખ ૬.૩ | શિક્ષકોની શિક્ષક અસરકારકતાની ટકાવારીની સરાસરીનું આવૃત્તિ વિતરણ | 211 |
| આલેખ ૬.૪ | પ્રાથમિક શાળાઓના શિક્ષકોની શિક્ષક અસરકારકતાનું સ્તર | 213 |

જૂન, ૨૦૧૦

# વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ

ચંદ્રેશભાઈ એચ. રાઠોડ

# પ્રકરણ ૧

# સમસ્યા કથન અને શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા


૧.૦ પ્રસ્તાવના

૧.૧ સમસ્યાકથન

૧.૨ અભ્યાસના હેતુઓ

૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧.૪ અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

૧.૪.૧ સ્વતંત્ર ચલ

૧.૪.૨ પરતંત્ર ચલ

૧.૪.૩ પરિવર્તક ચલ

૧.૫ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા

૧.૬ સંશોધનનું ક્ષેત્ર

૧.૭ સંશોધનનો પ્રકાર

૧.૭.૧ ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો

૧.૭.૨ અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો

૧.૮ અભ્યાસનો વ્યાપ

૧.૯ અભ્યાસનું ઔચિત્ય

૧.૧૦ અભ્યાસનું મહત્ત્વ

૧.૧૧ અભ્યાસની મર્યાદાઓ

૧.૧૧.૧. અભ્યાસની ક્ષેત્ર મર્યાદા

૧.૧૧.૨. અભ્યાસની અન્ય મર્યાદા

૧.૧૨ હવે પછીના પ્રકરણોની રૂપરેખા

# પ્રકરણ ૧
# સમસ્યા કથન અને શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા

## ૧.૦ પ્રસ્તાવના

જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો એ આજના વિજ્ઞાન અને ટેક્નોલજિના યુગની પ્રમુખ લાક્ષણિકતા છે. ભટકતું જીવન જીવતો માનવી આજે સુસંસ્કૃત બન્યો છે. બ્રહ્માંડ દિન–પ્રતિદિન નાનું બનતું ચાલ્યું છે.

વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું શિક્ષણ એ સાંપ્રત સમયની માંગ છે. અન્ય ક્ષેત્રોની જેમ શિક્ષણના ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલજિના કારણે સંકલ્પનાઓ, હેતુઓ, પદ્ધતિઓ અને પ્રયુક્તિઓમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. આ પરિવર્તનોને વિદ્યાર્થી સુધી પહોંચાડી તેને અન્ય દેશોની હરોળમાં તૈયાર કરવાની કપરી જવાબદારી શિક્ષણની અને શિક્ષણ આપતા શિક્ષકની છે અને તેથી જ શિક્ષકને ભાવિ નાગરિકનો ઘડવૈયો ગણવામાં આવે છે. કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો ખ્યાલ તે દેશના શિક્ષણ પરથી જ આવી શકે. તેથી જ શિક્ષક જેટલો કાર્યદક્ષ, પ્રમાણિક, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાવાળો અને સંતોષી હશે તેટલો જ તે પોતાના કાર્યમાં પ્રાણ રેડી શકશે અને પ્રાણવાન સમાજનું નિર્માણ કરી શકશે. જાપાન અને અમેરિકા જેવા દેશોમાં શૈક્ષણિક ટેક્નોલજિ જેવી કે શૈક્ષણિક સાધનો, યંત્રમાનવો વગેરે હોવા છતાં પણ શિક્ષણ આપવાનું કાર્ય શિક્ષકો દ્વારા જ થાય છે.

શિક્ષકને અનેક વિશેષણોથી નવાજવામાં આવ્યો છે. તેને પરિવર્તનનો પરિવ્રાજક, ક્રાન્તિનો મેઘદૂત, શિલ્પી, દાયણ, બાગનો માળી, નેતા, અભિનેતા, ગુરુ, ફિલસૂફ, મિત્ર, માતા જેવા ઉપનામોથી બિરદાવવામાં આવ્યો છે. વર્ષોથી શિક્ષણનો વ્યવસાય આદર્શ અને પવિત્ર ગણાય છે. વેદકાળમાં ગુરુઓ, ઋષિમુનિઓ વિદ્યાદાન દ્વારા ચારિત્ર્ય ઘડતર અને રાષ્ટ્રીય સંસ્કૃતિનો ફેલાવો કરવાનું ઉમદા કાર્ય કરતા હતાં. આથી શિક્ષકને મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક (Friend, Philosopher and Guide) તરીકે પણ બિરદાવાય છે.

શિક્ષકને સમાજનો પ્રમુખ આધારસ્તંભ ગણવામાં આવે છે તેથી જ શિક્ષકો પાસે સમાજ વિશિષ્ટ પ્રકારની અપેક્ષા રાખે છે. રાષ્ટ્ર ઘડતર, રાષ્ટ્ર નવનિર્માણ, રાષ્ટ્રીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન, ચારિત્ર્ય ઘડતર તેમજ દેશની આર્થિક ઉન્નતિ માટે સમાજ શિક્ષકોની કામગીરીને જ અગત્યની ગણે છે. શિક્ષકની નિષ્ઠા પર સમગ્ર રાષ્ટ્રના નવનિર્માણની પ્રક્રિયા અવલંબિત છે. તેમાં પણ પ્રાથમિક શાળાના શિક્ષકોની જવાબદારી સવિશેષ છે કારણ કે સમાજ અને રાષ્ટ્રના ભાવિ નાગરિકોનો પાયાનો વિકાસ, મહત્ત્વનો વિકાસ પ્રાથમિક શાળામાં થાય છે.

મનોવૈજ્ઞાનિકોના મતે બાળકના જીવનના શરૂઆતના વર્ષો તેના વિકાસ માટે ખૂબ જ અગત્યના, પાયારૂપ છે અને તેથી જ સ્વતંત્રતા બાદ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ એ આપણો મુખ્ય રાષ્ટ્રીય ધ્યેય રહ્યો છે. ૧૯૬૦ ના દાયકા પછીના શિક્ષણમાં થયેલાં સંશોધનોમાં પ્રાથમિક શાળામાં પ્રવેશ સંખ્યા, અપવ્યય અને સ્થગિતતાની સમસ્યાઓ મુખ્યરૂપે જોવા મળે છે. આ સમસ્યાઓ મુખ્યત્વે ગરીબાઈ, બાળમજૂરી, સ્કૂલોની અપૂરતી સંખ્યા કે છોકરીઓની ઘરકામની જવાબદારી વગેરે પરિબળોને કારણે જોવા મળે છે અને તેથી જ પાંચમી પંચવર્ષીય યોજના (૧૯૭૪–૭૯) માં ૯ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ સુધારવા માટે રાષ્ટ્રીય ધોરણે નાણા ફાળવી કમર કસવામાં આવી.

સાર્વત્રિક પ્રારંભિક શિક્ષણના હેતુને પૂરો કરવા માટે દેશના અનેક રાજયોમાં પ્રશિક્ષિત વ્યક્તિઓ પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ નથી અને જે રાજયમાં શિક્ષિત–પ્રશિક્ષિત વ્યક્તિઓ છે તે રાજયની સરકાર પાસે પ્રાથમિક શિક્ષણમાં ખર્ચ કરવા માટે પૂરતો નાણાકીય સ્રોત નથી. આ બધા કારણોને લઈને કેટલાક રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શિક્ષિત–પ્રશિક્ષિત બેરોજગાર યુવાનોને અમુક સમય પૂરતાં ફિક્સ પગારથી પ્રાથમિક શાળામાં નિમણૂક આપવામાં આવે છે. તેઓને જુદા–જુદા રાજયોમાં 'પેરા ટીચર્સ', 'કોન્ટ્રાકટ ટીચર્સ' કે 'સહાયક શિક્ષક' તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, આંધ્રપ્રદેશમાં વિદ્યા વોલન્ટીઅર, હિમાચલ પ્રદેશમાં વિદ્યા ઉપાસક, રાજસ્થાનમાં શિક્ષાકર્મી, મધ્યપ્રદેશમાં ગુરુજી, ઉત્તરપ્રદેશમાં શિક્ષા મિત્ર / આચાર્યજી, મહારાષ્ટ્રમાં શિક્ષણ સેવક અને ગુજરાતમાં વિદ્યા સહાયક.

ભારતીય બંધારણ મુજબ મફત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુણવત્તાસભર શિક્ષણ દ્વારા બાળકોનો માનસિક ગુણાત્મક વિકાસ થાય તેવી તમામ સરકારની નેમ હોય છે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ–સરકારી શાળાઓ દ્વારા જેમાં જિલ્લા પંચાયત હસ્તક પ્રાથમિક શિક્ષણની જવાબદારી, નગરપાલિકા–મહાનગરપાલિકા દ્વારા તથા ખાનગી સંચાલકો દ્વારા આપવાની જોગવાઈ છે. પ્રાથમિક શિક્ષણનો આર્થિક બોજ રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવે છે. વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ઓરડા તથા શિક્ષકોની સંખ્યામાં ઊણપ હોવાની હકીકતને ધ્યાને લઈ ૧૯૯૮ માં ગુજરાત સરકાર દ્વારા શિક્ષકોની ઘટ નિવારવા તથા સરકારશ્રીની નીતિવિષયક બાબતો સાથે સુસંગત આર્થિક કરકસરના ભાગરૂપે વિદ્યાસહાયક યોજના–પાંચ વર્ષ સુધી રૂા. ૨૫૦૦ /– ના ઉચ્ચક માસિક પગારે નિમણૂક દાખલ કરી. વિદ્યાસહાયક યોજના ૧૯૯૮ અન્વયે મહત્ત્વની બાબતો,

– આ યોજના મૂળ યોજના બાલગુરુ યોજનાના સ્થાને અમલમાં મૂકવામાં આવી. બાલગુરુ યોજનામાં ધોરણ–૧૨ પાસને નોકરીમાં સમાવી ચાલુ નોકરી દરમ્યાન પી. ટી. સી. ની તાલીમ આપી વિનિયમિત કરવા જેવા કાનૂની મુદ્દા ઉપસ્થિત થતાં યોજનામાં અપેક્ષિત નિમણૂક થઈ શકી નથી. ૧૯૯૮ માં પ્રાથમિક શિક્ષકોની ૨૦,૦૦૦ જગ્યા ખાલી હતી જે જગ્યા જાહેર હિતમાં ભરવાનું નક્કી થયું હતું.

– આ યોજના અંતર્ગત તા. ૧–૭–૧૯૯૮ થી રૂા. ૨૫૦૦ /– ના માનદ વેતનથી ઉચ્ચક ભરતીની જોગવાઈ કરવામાં આવી છે. બે વર્ષની સંતોષકારક સેવાઓ પૂર્ણ થયા બાદ જે તે વર્ષમાં શિક્ષકોની નિવૃત્તિથી ખાલી પડનાર જગ્યા ઉપર વિદ્યાસહાયકોને પ્રાથમિક શિક્ષકના પૂરાં પગાર ધોરણમાં સમાવવામાં આવશે.

– વિદ્યાસહાયકમાં કેળવણી વિષયક લાયકાત : એસ. એસ. સી.–પી. ટી. સી., તાલીમી સ્નાતક, એસ. એસ. સી.–સી. પી. એડ્. પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

– અનામત અંગેના સરકારશ્રીના નિયમોનું પાલન કરી ભરતી કરવાની રહેશે.

ત્યારબાદ અન્ય સુધારાઓમાં કેળવણી વિષયક લાયકાત– એચ. એસ. સી., પી. ટી. સી. કરવામાં આવી અને તાલીમી સ્નાતકોની પ્રાથમિક શાળામાં ભરતી પર પ્રતિબંધ મૂકાયો. કુલ ૧૩,૪૦૯ શિક્ષકોની ૨૦૦૬–૦૭ સુધીમાં પ્રાથમિક શાળામાં વિદ્યા સહાયક તરીકે નિમણૂક થઈ.[૧] આમ, હાલમાં ગુજરાતી પ્રાથમિક શાળામાં ફિક્સ પગાર (વિદ્યા સહાયક) મેળવતા અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો ફરજ બજાવે છે. આ શિક્ષકોના વ્યવસાય સંતોષ અને તેમની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવાનો અભ્યાસ હાથ ધરવાનો સંશોધકે નમ્ર પ્રયાસ કર્યો હતો.

### ૧.૧ સમસ્યા કથન

રાષ્ટ્રીય એજન્ડામાં પ્રાથમિક શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું હોવાથી પ્રાથમિક શાળાના શિક્ષણના નવીનીકરણમાં આપણે શિક્ષકોના ફાળાને અવગણી શકીએ નહીં. શાળામાં બાળકોની પ્રવેશ સંખ્યા વધારવા અને ટકાવી રાખવા તથા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શાળામાં પ્રાથમિક સુવિધાઓની સાથે સાથે શિક્ષકોની પૂરતી સંખ્યા, તેમનો વ્યવસાય સંતોષ અને તેમની અસરકારકતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

હાલ, ગુજરાત રાજયમાં વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો આ બંને પ્રકારના શિક્ષકોના વેતન વચ્ચે લગભગ ત્રણ ગણાથી પણ વધુનો તફાવત જોવા મળે છે. ત્યારે બંને પ્રકારના શિક્ષકોને સમાન સમયમાં એક સરખું જ શિક્ષણકાર્ય કરવાનું હોય છે. આવા સંજોગોમાં બંને પ્રકારના શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને તેમની શિક્ષક અસરકારકતા જાણવી અત્યંત મહત્ત્વની બની જાય છે. પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતાને સ્વતંત્ર ચલો તરીકે સ્વીકારવામાં આવ્યા હતાં. જયારે પરતંત્ર ચલો તરીકે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. તેથી સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી જેવા પરિવર્તક ચલોને ધ્યાનમાં રાખી તેમના વ્યવસાય સંતોષ અને અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નો અભ્યાસ કરવા પ્રસ્તુત અભ્યાસનું શીર્ષક આ પ્રમાણે શબ્દબદ્ધ કર્યું હતું :

---

[૧] એચ. એ હસન. પ્રાથમિક શિક્ષક અને વિદ્યાસહાયક યોજના. ***માસિક યોજના,*** અંક : ૮, ૨૦૦૭.

## ૧.૨ અભ્યાસના હેતુઓ

ઉચાટ, ડી. એ. (૨૦૦૦)[૨] ના મતે, સંશોધન પ્રક્રિયા માટે આરંભથી અંત સુધીના સોપાનો નિશ્ચિત હોય છે. આ સોપાનોમાં પ્રથમ અને કઠિન સોપાન હેતુઓના નિર્ધારણનું છે. અભ્યાસ દ્વારા સંશોધક પોતાના અભ્યાસના હેતુઓ નક્કી કરે છે.

સંશોધન અભ્યાસના હેતુઓ,

૧. કઈ કઈ બાબતોનો અભ્યાસ થશે ? તે સમજાવે છે.
૨. અભ્યાસના મુખ્ય વિભાગોને સ્પષ્ટ કરે છે.
૩. અભ્યાસ માટે પસંદ કરાયેલી સમસ્યાની તાર્કિક રીતે વહેંચાયેલી પેટા સમસ્યાઓ છે.

અભ્યાસના હેતુઓની અગત્યને આકૃતિ ૧.૧ મુજબ દર્શાવી શકાય છે :




**આકૃતિ ૧.૧**

**હેતુઓની અગત્ય**

પ્રસ્તુત અભ્યાસને હાથ ધરવા સંશોધકે આ મુજબના હેતુઓની રચના કરી હતી :

૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની રચના કરવી.

---

[૨] ડી. એ. ઉચાટ. ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૨૦૦૦, પૃ. ૨–૩.

૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની વિશ્વસનીયતા તપાસવી.

૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની યથાર્થતા તપાસવી.

૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવો.

૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવી.

૬. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

૭. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

૮. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

૯. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

૧૦. પ્રાથમિક શાળાની શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર અસર તપાસવી.

૧૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

૧૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

૧૫. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર અસર તપાસવી.

## ૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પના એ સંશોધનનું અગત્યનું સાધન છે. તેના પર સંશોધન આગળ વધે છે. તે એવી અટકળ છે કે જે અંતિમ નથી પણ તેની ખાતરી કરવાની હોય છે. ઉત્કલ્પના એ બે કે તેથી વધુ ચલો વચ્ચેનું નિવેદનાત્મક વિધાન છે. ખૂબ જ સરળ રીતે તેને 'શિક્ષિત અટકળ' કહેવામાં આવે છે.

બોર્ગ, ડબ્લ્યૂ. આર. અને ગોલ, એમ. ડી. (૧૯૮૩)[3] ના મત મુજબ ઉત્કલ્પના એ બે કે તેથી વધુ સૈદ્ધાંતિક સંકલ્પનાઓ વચ્ચેના સંબંધો અંગેની કામચલાઉ અટકળ છે. ઉત્કલ્પના શબ્દના ભાષાકીય અર્થને આકૃતિ ૧.૨ દ્વારા રજૂ કરી શકાય.




**આકૃતિ ૧.૨**
**ઉત્કલ્પનાનો અર્થ**

---

[3] W. R. Borg, & M. R. Gall. ***Educational Research. (Second Edition).*** New York : Harcourt Brace Jevenovich, Inc, 1983.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે અભ્યાસના હેતુઓને આધારે આ પ્રમાણે ઉત્કલ્પનાઓની રચના કરી હતી :

૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૫. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૬. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૮. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૦. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૪. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૬. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૮. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૦. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૨. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૧.૪ અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

**ચલ = પરિવર્ત્ય**

ચલ એ એવો ગુણ કે લક્ષણ છે જેની કિંમતમાં ફેરફાર થઈ શકે છે. ચલ એ એવો ગુણધર્મ છે કે જેને મૂલ્ય આપી શકાય છે. વ્યક્તિ, જૂથ કે પર્યાવરણનું કોઈ પણ લક્ષણ કે જે બદલાઈ શકે છે, તે ચલ તરીકે ઓળખાય છે. સંશોધન સમસ્યામાં આવરાયેલાં ચલોને ઓળખવા અને તેમને વ્યાવહારિક રીતે વ્યાખ્યાયિત કરવા એ સંશોધન પ્રક્રિયાનું અગત્યનું સોપાન છે.

### ૧.૪.૧ સ્વતંત્ર ચલ

**સ્વતંત્ર ચલ = ઉદ્દીપક = પ્રક્રિયક**

ઉચાટ, ડી. એ. (૧૯૯૨)[૪] ના મંતવ્ય મુજબ સ્વતંત્ર ચલ એ એવો ચલ છે કે જેને સંશોધક અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા માટે તેને પસંદ કરે છે કે લાગુ પાડે છે કે માપે છે. બીજી રીતે જોઈએ તો આ એવો ચલ છે કે જેને સંશોધક કોઈ અન્ય ચલમાં ફેરફાર લાવવા માટે લાગુ પાડે છે.

---

[૪] ડી. એ. ઉચાટ. ***વિચરણ પૃથક્કરણ.*** રાજકોટ : સ્વ. ડૉ. હરિભાઈ જી. દેસાઈ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ, ૧૯૯૨, પૃ. ૪.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સ્વતંત્ર ચલ તરીકે સમાવેશ કર્યો હતો.

**સ્વતંત્ર ચલ :** વિદ્યાસહાયક શિક્ષક
પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકો

**૧.૪.૨ પરતંત્ર ચલ**

**પરતંત્ર ચલ = પ્રતિચાર = નીપજ**

પરતંત્ર ચલ એ એવો ઘટક છે કે જેને સ્વતંત્ર ચલની અસર તપાસવા માટે અવલોકવામાં આવે છે. સ્વતંત્ર ચલનો અમલ કરવાથી, દૂર કરવાથી કે તેમાં ફેરફાર કરવાથી જે ઘટક ઉદ્ભવે છે કે ફેરફાર પામે છે તેને પરતંત્ર ચલ કહેવામાં આવે છે. પરતંત્ર ચલ એ પ્રતિચારાત્મક ચલ કે નિષ્પત્તિ છે. સજીવની જે વર્તણૂકને ઉત્તેજિત કરવામાં આવી છે, તેનું તે અવલોકનાત્મક પાસું છે. પરતંત્ર ચલ એ એવું પરિબળ છે કે સ્વતંત્ર ચલની અસર નક્કી કરવા માટે જેનું અવલોકન અને માપન થાય છે.

પ્રસ્તુત સંશોધનમાં પરતંત્ર ચલ તરીકે શિક્ષકોના વ્યવસાય સંતોષ અને શિક્ષકની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નો સમાવેશ કર્યો હતો.

**પરતંત્ર ચલ** : શિક્ષક વ્યવસાય સંતોષ
શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે)

**૧.૪.૩ પરિવર્તક ચલ**

**પરિવર્તક ચલ = ખાસ પ્રકારનો ચલ = ગૌણ સ્વતંત્ર ચલ**

પરિવર્તક ચલ એ એવા પ્રકારનો ગૌણ સ્વતંત્ર ચલ છે કે જે મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેના સંબંધને અસર કરે છે કે કેમ ? તે તપાસવા માટે પસંદ કરાય છે. પરિવર્તક ચલ એ એવો ચલ છે કે જે મુખ્ય સ્વતંત્ર ચલના પરતંત્ર ચલ સાથેના સંબંધમાં ફેરફાર (Modify) કરે છે કે કેમ ? તે તપાસવા માટે સંશોધક દ્વારા પસંદ કરાય છે, લાગુ પડાય છે તેમજ મપાય છે.

શાહ દીપિકા (૨૦૦૪)[૫] મુજબ પરિવર્તક ચલ એ વિશિષ્ટ પ્રકારના સ્વતંત્ર ચલનું વર્ણન કરે છે, એક ગૌણ સ્વતંત્ર ચલ કે જેની, મુખ્ય સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ વચ્ચેના સંબંધો પર થતી અસરનો અભ્યાસ કરવા માટે પસંદગી થઈ છે.

પ્રસ્તુત અભ્યાસમાં પાંચ ગૌણ સ્વતંત્ર ચલો કે પરિવર્તક ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે આ પ્રમાણે છે :

| | **પરિવર્તક ચલ** | |
|---|---|---|
| ૧. | જાતીયતા | સ્ત્રી |
| | | પુરુષ |
| ૨. | સામાજિક સંવર્ગ | અનામત |
| | | બિનઅનામત |
| ૩. | શાળા વિસ્તાર | શહેરી |
| | | ગ્રામ્ય |
| ૪. | વ્યાવસાયિક લાયકાત | પી. ટી. સી. |
| | | બી. એડ્. |
| ૫. | શ્રેણી | ધોરણ ૫ |
| | | ધોરણ ૬ |
| | | ધોરણ ૭ |

## ૧.૫ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા

સંશોધનમાં શબ્દોનો ઉપયોગ ખૂબ જ કાળજીપૂર્વક કરવામાં આવે છે. શીર્ષક રચતી વખતે આવી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે. સંશોધનમાં સમાવિષ્ટ પારિભાષિક શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા આપવી એ સંશોધક માટે મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તે ચલોને માપવા માટે, વર્ગીકૃત કરવા માટે, કૌશલ્યપૂર્ણ ઉપયોગ કરવા માટે મદદરૂપ બને છે.

---

[૫] ડી. બી. શાહ ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૨૦૦૪, પૃ. ૨૯૯.

કોઈ પણ સંશોધન પ્રબંધમાં સંશોધકે સમસ્યામાં સમાવિષ્ટ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ આપી તેને સંશોધન પ્રબંધમાં લિપિબદ્ધ કરવી જોઈએ કે જેથી વાચન કરતી વખતે તેના અર્થઘટનમાં સરળતા રહે. આથી, પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજાયેલાં શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ સંશોધક દ્વારા આ પ્રમાણે સ્વીકારવામાં આવી હતી :

**વિદ્યાસહાયક શિક્ષકો.** પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાસહાયક શિક્ષકો એટલે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ તારીખ ૩૦–૪–૧૯૯૭ ઈ. આર. આઈ. ૧૦૯૬ / ૩૦૫૦ / ૧૦૨૭ (૯૮) (ક) સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧–૬–૯૮ ના પરિપત્ર મુજબ પ્રાથમિક શાળામાં પર્યાપ્ત 'સહાયક મહેકમ' (માસિક ૨૫૦૦ રૂપિયા) આપી જે શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તેવા શિક્ષકો.

**પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકો.** ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો સિવાયના શિક્ષકો કે જેઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબનો પ્રાથમિક શાળાનો નિયમિત સ્કેલ (૪૦૦૦–૭૫–૭૫૦૦ કે તેથી પણ વધુ) તથા અન્ય ભથ્થાઓ, લાભો નિયમાનુસાર મળે છે તેવા શિક્ષકો.

**પ્રાથમિક શાળા.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળા એટલે ૧૯૭૬ થી ગુજરાત રાજયમાં અમલમાં આવેલ (૪+૩) ની તરાહ મુજબ ધોરણ એક થી સાત નો અભ્યાસક્રમ ચલાવતી ગુજરાતી માધ્યમની સરકારી શાળાઓ.

**શિક્ષકોનો વ્યવસાય સંતોષ.** વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રાથમિક શાળાના શિક્ષકોએ આપેલાં પ્રતિચારોને આધારે પ્રાપ્ત કરેલાં પ્રાપ્તાંકો એટલે શિક્ષકોનો વ્યવસાય સંતોષ.

**વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ.** પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન અભ્યાસ કરતા ધોરણ પાંચ, છ અને સાતના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારી.

**વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષક અસરકારકતા.** પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકોના જે તે વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની સરાસરી એટલે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતા.

**સાબરકાંઠા જિલ્લો.** ૨૩° ૨′ અને ૨૪° ૩૦′ ઉ. અક્ષાંશ અને ૭૨° ૪૫′ અને ૭૩° ૪૦′ પૂર્વ રેખાંશ વચ્ચે ગુજરાતમાં ઉત્તર–પૂર્વ દિશાએ રાજસ્થાનની સરહદને સ્પર્શતો અને સાબરમતી નદીના નામ સાથે સંકળાયેલ ભૂભાગ.[૬]

## ૧.૬ સંશોધનનું ક્ષેત્ર

કોઈ પણ સંશોધન કાર્યનું આયોજન કરવું એટલે કોઈક વિશિષ્ટ રસને વિશિષ્ટ સમસ્યા ક્ષેત્ર સાથે જોડવી અથવા કંઈક વિશેષ મુશ્કેલી પ્રતિ જિજ્ઞાસા પેદા થાય તેવા વિચારો કરવા. જેના પર સંશોધનો થઈ શકે. સંશોધન કોઈ ક્ષેત્રમાં અનુભવાતી જરૂરિયાતો કે નડતી સમસ્યાના વર્ણનથી ઉદ્ભવે છે. તેના સ્વરૂપ પરથી તેનું ક્ષેત્ર નક્કી કરવામાં આવે છે.

ભારતમાં આજ સુધી શિક્ષણમાં ઘણા સંશોધનો હાથ ધરાયેલાં છે. શિક્ષણમાં હાથ ધરાયેલાં સંશોધનોને National Council of Educational Research and Training (2000)[૭] દ્વારા પ્રસ્તુત Fifth Survey of Educational Research માં ૩૮ સંશોધન ક્ષેત્રોમાં વહેંચવામાં આવ્યા છે. જે આ મુજબ છે :

૧. ભાષા શિક્ષણ
૨. શિક્ષણનું તત્ત્વજ્ઞાન
૩. શિક્ષણનું સમાજશાસ્ત્ર
૪. શિક્ષણનો ઈતિહાસ
૫. શિક્ષણનું અર્થશાસ્ત્ર

---

[૬] ઈશ્વરભાઈ જે. પટેલ ***નકશામાં ગુજરાત રાજ્ય.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૨, પૃ. ૪૮૩.

[૭] National Council of Educational Research and Training. (Ed.).(2000). ***Fifth Survey of Educational Research. : (1988-92).*** Vol. (II). New Delhi : Editor.

૬. શિક્ષણનું મનોવિજ્ઞાન
૭. માનસિક સ્વાસ્થ્ય
૮. માનસિક પ્રક્રિયાઓ
૯. સામાજિક પ્રક્રિયાઓ
૧૦. પ્રેરણા
૧૧. સર્જનાત્મકતા અને નાવીન્ય
૧૨. માર્ગદર્શન અને સલાહદર્શન
૧૩. અભ્યાસક્રમ વિકાસ
૧૪. પૂર્વ પ્રાથમિક શિક્ષણ
૧૫. પ્રાથમિક શિક્ષણ
૧૬. માધ્યમિક શિક્ષણ
૧૭. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ
૧૮. સામાજિક વિજ્ઞાન શિક્ષણ
૧૯. વિજ્ઞાન શિક્ષણ
૨૦. ગણિત શિક્ષણ
૨૧. શિક્ષણ અને આરોગ્ય શિક્ષણ
૨૨. નૈતિક કલા અને સૌન્દર્ય શિક્ષણ
૨૩. શૈક્ષણિક ટેક્નોલજિ
૨૪. અધ્યાપન પ્રયુક્તિ
૨૫. શિક્ષણ–પ્રશિક્ષણ
૨૬. વ્યાવસાયિક અને તકનીકી શિક્ષણ
૨૭. વિશિષ્ટ શિક્ષણ
૨૮. દૂરવર્તી શિક્ષણ
૨૯. પ્રૌઢ, નિરંતર અને અવૈધિક શિક્ષણ
૩૦. લઘુમતી, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું શિક્ષણ
૩૧. કન્યાઓ અને સ્ત્રીઓનું શિક્ષણ
૩૨. વસતી શિક્ષણના અભ્યાસો
૩૩. પર્યાવરણ વિષયક અભ્યાસો
૩૪. તુલનાત્મક શિક્ષણ

૩૫. શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

૩૬. શૈક્ષણિક આયોજન અને નીતિ વિષયક સંશોધન

૩૭. સિધ્ધિ સાથે સંબંધિત ચલો

૩૮. શૈક્ષણિક વહીવટ અને સંચાલન

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યાવસાયિક સંતોષ અને તેની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ને જાણવાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હોવાથી, પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર આ મુજબ જણાવી શકાય :

૧. શિક્ષણનું મનોવિજ્ઞાન

## ૧.૭ સંશોધનનો પ્રકાર

સંશોધન કરતી વખતે તેના પ્રકાર અનુસાર તેમાં ફેરફાર આવે છે. આથી સંશોધકે સંશોધનનો પ્રકાર જાણવો ખૂબ અગત્યનો છે. સંશોધનના પ્રકારો બે રીતે પડે છે.

૧. ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો

૨. અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો

### ૧.૭.૧ ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો :

ધ્યેયના આધારે સંશોધનના ત્રણ પ્રકારો પડે છે. જે નીચેની આકૃતિ ૧.૩ માં દર્શાવવામાં આવ્યું છે.




**આકૃતિ ૧.૩**

**ધ્યેયના આધારે સંશોધનના પ્રકારો**

**(અ) શાસ્ત્રીય સંશોધન.** વ્યાપક સિદ્ધાંતો અથવા નિયમો ઉપજાવીને કે વિકસાવીને જ્ઞાનમાં વધારો કરવા માટે આ પ્રકારના સંશોધનો હાથ ધરાય છે. જેનો હેતુ વિશિષ્ટ સૈદ્ધાંતિક સંશોધન કરવાનો હોય છે.

**(બ) વ્યાવહારિક સંશોધન.** જેનો મુખ્ય હેતુ તાત્ત્વિક સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવાનો અથવા તો સૈદ્ધાંતિક જ્ઞાનના ઉપયોજનનો હોય તેવું સંશોધન એટલે વ્યાવહારિક સંશોધન.

**(ક) ક્રિયાત્મક સંશોધન.** પોતાના રોજબરોજના કાર્યો દરમિયાન અનુભવાતી સમસ્યાને જાતે ઉકેલીને પોતાની વ્યાવસાયિક ક્ષમતાઓમાં સુધારણા લાવવા માટે આ પ્રકારના સંશોધન હાથ ધરાય છે.

આમ, ઉપર્યુક્ત સમજના આધારે પ્રસ્તુત અભ્યાસનો પ્રકાર વ્યાવહારિક સંશોધન ગણાવી શકાય.

### ૧.૭.૨ અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો :

અમલીકરણના આધારે સંશોધનના બે પ્રકારો પડે છે. તેની સ્પષ્ટ રજૂઆત આકૃતિ ૧.૪ માં કરવામાં આવી છે.




**આકૃતિ ૧.૪**

**અમલીકરણના આધારે સંશોધનના પ્રકારો**

**(અ) સંખ્યાત્મક સંશોધન.** ઔપચારિક કે નિયંત્રિત પરિસ્થિતિમાં નમૂનાના પાત્રોના અવલોકનક્ષમ વર્તનો પરથી એકત્ર કરાયેલી સીમિત અને સંખ્યાત્મક માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરીને અભ્યાસ હેઠળની ઘટનાના સંદર્ભમાં સંબંધો, અસરો કે કારણો નક્કી કરીને સામાન્યીકરણો તારવવામાં આવે છે. આ પ્રકારના સંશોધન નિગમનાત્મક, અનાત્મલક્ષી, કેન્દ્રિત અને પરિણામલક્ષી અભિગમ ધરાવે છે.

**(બ) ગુણાત્મક સંશોધન.** કુદરતી કે સહજ સ્વાભાવિક પરિસ્થિતિમાં ઘણા ચલો અંગે બહુપદ્ધતિકીય રીતે એકત્ર કરાયેલી વિસ્તૃત અને શાબ્દિક વર્ણનાત્મક માહિતીનું અર્થઘટનાત્મક પૃથક્કરણ કરીને અભ્યાસ હેઠળની ઘટનાને લગતું ઊંડું જ્ઞાન અને સમજ મેળવવામાં આવે છે. આ પ્રકારનું સંશોધન આગમનાત્મક, આત્મલક્ષી અને પ્રક્રિયાલક્ષી અભિગમ ધરાવે છે.

આમ, ઉપર્યુક્ત સમજને આધારે પ્રસ્તુત અભ્યાસનો પ્રકાર સંખ્યાત્મક સંશોધન ગણાવી શકાય. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યાવસાયિક સંતોષ અને તેમની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) અંગેના પ્રતિભાવો સંખ્યાત્મક સ્વરૂપમાં વ્યાવહારિક રીતે મેળવવામાં આવ્યાં હતાં. તેથી આ સંશોધનને વ્યાવહારિક અને સંખ્યાત્મક સંશોધન કહી શકાય.

## ૧.૮ અભ્યાસનો વ્યાપ

સંશોધક આ વિભાગમાં પોતાના અભ્યાસની સીમા દર્શાવે છે. સંશોધનના અંતે મળેલા પરિણામો દરેક પરિસ્થિતિમાં અને દરેક સમયે લાગુ પાડી શકાય નહીં. આથી અભ્યાસકે અભ્યાસમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કર્યો હતો ? તે અંગેની સીમા બાંધે છે. અભ્યાસના હેતુઓ, નમૂનો પસંદ કરવાના તેમજ પરિણામો લાગુ પાડવાના સંદર્ભમાં વ્યાપનું સીમાંકન કરે છે.

પ્રસ્તુત અભ્યાસનો વ્યાપ નીચે પ્રમાણે હતો.

૧. પ્રસ્તુત અભ્યાસનો વ્યાપ ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો હતાં.

૨. પ્રસ્તુત અભ્યાસમાં સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

૩. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ અને તેની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૪. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોના વ્યવસાય સંતોષ અને તેની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ને પરતંત્ર ચલ તરીકે સ્વીકારવામાં આવી હતી.

૫. પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સમાવેશ કર્યો હતો.

૬. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી જેવા પરિવર્તક ચલોને ધ્યાનમાં રાખી તેમના વ્યવસાય સંતોષ અને અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૭. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવા માટે (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષ જેવા ઘટકોને આધારે જ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવામાં આવ્યો હતો.

૮. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકોના જે તે વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની સરાસરીને શિક્ષકની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) માનવામાં આવી હતી.

## ૧.૯ અભ્યાસનું ઔચિત્ય

કોઈ પણ ક્ષેત્રમાં થતાં સંશોધનો કે અભ્યાસ તે ક્ષેત્રને મદદ કરવાની ઉચિતતા ધરાવે છે કે નહીં ? તે જાણવું અત્યંત જરૂરી છે. જે–તે ક્ષેત્રમાં થતાં સંશોધનો તે ક્ષેત્રના વ્યક્તિઓ, વિદ્યાર્થીઓ કે ભાવિ સંશોધકોને કેવી રીતે અને કેટલી મદદ પૂરી પાડી શકે તેમ છે ? તે તેની ઉપયોગિતા દર્શાવે છે.

ભારતમાં શિક્ષણ ક્ષેત્રે અનેક સંશોધનો થયાં છે. ભારતમાં શિક્ષકોની સ્વ કાર્યસાધકતા (Self Efficacy), સજ્જતા (Competency), અસરકારકતા (Effectiveness), સ્વ સંકલ્પના (Self Concept), અનુકૂલન (Adjustment), વલણ ( Attitude ) ને લગતા ઘણાં સંશોધનો થયાં છે. (જુઓ બુચ (૧૯૭૯)[૮], બુચ (૧૯૮૭)[૯], બુચ (૧૯૯૧).[૧૦]

આધુનિક યુગમાં શિક્ષણનું મહત્ત્વ જેટલું વધ્યું છે તેટલું જ મહત્ત્વ શિક્ષકની કાર્યતરેહ, મૂલ્યો, નિષ્ઠા, અસરકારકતા અને વ્યાવસાયિક સંતોષનું પણ છે. વ્યક્તિની યોગ્ય પસંદગી થાય અને તે નિયુક્ત થઈ જાય એટલે તે ઘણી સારી રીતે કામ કરશે જ એવું અનુમાન કોઈ પણ કરે, પરંતુ વાસ્તવમાં આમ જોવા મળતું નથી. કારણ કે કાર્ય સાથે બીજા અનેક પરિબળો જેવા કે કાર્યનું સ્વરૂપ, કામ કરવાની રીત, કર્મચારીનું કાર્ય પ્રત્યેનું વલણ, વ્યવસાય સામેલગીરી તેમજ વ્યવસાય સંતોષ એ તેમની કાર્યક્ષમતા પર અસર કરે છે.

સાંપ્રત સમયમાં રાજયમાં શિક્ષિત– પ્રશિક્ષિત વ્યક્તિઓની માંગને ધ્યાનમાં રાખી વિવિધ સંસ્થાઓ દ્વારા સ્વ–નિર્ભર પી.ટી.સી. અને બી.એડ્. કોલેજોની શરૂઆત કરાઈ. ઉત્તરોત્તર આવી સ્વ–નિર્ભર કોલેજોમાં વધારો થતો ગયો. હાલ, રાજયમાં વાર્ષિક ૬,૦૦૦ થી વધારે પ્રાથમિક શિક્ષકોની જરૂર પડવાની નથી. તેમ છતાં આજની તારીખ સુધીમાં રાજયમાં ૩૮૩ જેટલી સ્વ–નિર્ભર પી. ટી. સી. કોલેજો છે. ૪૪ ગ્રાન્ટેડ, આઠ સરકારી અને ૨૩ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો એમ મળી કુલ ૪૫૮ જેટલી પી. ટી. સી. કોલેજો છે. આ ઉપરાંત સી. પી. એડ્. અને

---

[૮] M. B. Buch., (Ed.). ***Second Survey of Research in Education*** **:** (1972-1978). New Delhi : National Council of Educational Research and Training, 1979.

[૯] M. B. Buch., (Ed.). ***Third Survey of Research in Education*** **:** (1978-1983). New Delhi : National Council of Educational Research and Training, 1987.

[૧૦] M. B. Buch., (Ed.). ***Fourth Survey of Research in Education :*** (1983-1988). New Delhi : National Council of Educational Research and training. 1991.

એ. ટી. ડી. કોલેજો પણ પ્રાથમિક શિક્ષકો બનવા માટે પ્રશિક્ષણાર્થીઓને તૈયાર કરે છે. વર્ષે હજારોની સંખ્યામાં પી. ટી. સી. પદવી ધારકો અને તાલીમી સ્નાતકો બહાર પડે છે. તેના પ્રમાણમાં સામે એટલાં શિક્ષકોની ભરતી થતી નથી. જો ભરતી થાય છે તો તે પાંચ વર્ષ સુધી ફિક્સ પગારમાં થાય છે. જયારે તેમની સાથે નોકરી કરતાં અન્ય શિક્ષકોને પૂર્ણ પગાર (૪૦૦૦–૭૫–૭૫૦૦ કે તેથી પણ વધુ બેઝિક પગાર) મળે છે. સમાન કામ માટે સમાન વેતન મળતું નથી.

ગુજરાત રાજયમાં જિલ્લા પંચાયત, ખાનગી પ્રાથમિક શાળાઓ, કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટ લેતી અને ગ્રાન્ટ ન લેતી પ્રાથમિક શાળાઓ ચાલે છે. તેનો અભ્યાસ ધોરણ એક થી સાતનો છે. આવી શાળાઓની સંખ્યા ૩૯,૧૪૩ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૨,૯૧૬ અને શહેર વિસ્તારમાં ૬,૨૨૭ પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ પ્રાથમિક શાળાઓમાં ૨,૧૯,૯૪૯ શિક્ષકો છે અને ૭૫,૪૩,૭૨૯ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનો અભ્યાસ કરે છે.[૧૧] કેળવણી ક્ષેત્રે તજજ્ઞોના મત તપાસતાં જણાય છે કે શિક્ષકોને શિક્ષણમાં રુચિ નથી, કયાંક અસંતોષ જણાય છે અને કોઈ પણ ક્ષેત્રમાં સફળતા કે વિફલતા પ્રાપ્ત કરવા માટેનું પ્રભાવશાળી પરિબળ સંતોષ છે. આવા સંજોગોમાં વિદ્યાસહાયક શિક્ષકો અને તેમની સાથે જ કામ કરતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના કાર્યસંતોષ અને શિક્ષકોની અસરકારકતાનો અભ્યાસ કરવાનો સંશોધકે સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. શિક્ષકોના કાર્યસંતોષને વધારવા માટે સૂચનો કરી શકાય અને તેમની અસરકારકતા વધારી શકાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાની દૃષ્ટિએ પણ આ અભ્યાસ ઉચિત બની જાય છે.

### ૧.૧૦ અભ્યાસનું મહત્ત્વ

સંશોધકે સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રતિચારોની અંકશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા અને વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની સરાસરીને આધારે શિક્ષકની અસરકારકતા જાણવાનો અભ્યાસ કર્યો હતો.

---

[૧૧] બુદ્ધિધનભાઈ ત્રિવેદી. પ્રાથમિક શિક્ષણ માટે ધરુવાડિયું કેવું ? ***ઘરશાળા.*** વર્ષ ૩, અંક ૨, ૨૦૦૮, પૃ. ૧૩.

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ આ પ્રમાણે આંકી શકાય :

૧. પ્રસ્તુત સંશોધનમાં વ્યવસાય સંતોષ માપદંડનું યથાર્થીકરણ થવાથી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટે ગુજરાતી ભાષામાં પ્રમાણિત ઉપકરણ ઉપલબ્ધ થયું છે.

૨. પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) વચ્ચેનો તફાવત જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી જેવા ચલો મુજબ જાણવા મળ્યો હતો.

૩. વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણી ઓછાં વ્યવસાય સંતોષ ધરાવતાં શિક્ષકો માટે જરૂરી પ્રતિપોષણ સૂચવવામાં મદદ પૂરી પાડી શકાશે. પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષને ઊંચો લાવવા માટે પ્રસ્તુત અભ્યાસ ઉપયોગી બનશે.

૪. પ્રાથમિક શાળાના શિક્ષકોની અસરકારકતા જાણી ઓછી અસરકારકતાવાળા શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા, વધારે અસરકારકતા ધરાવતાં શિક્ષકો પાસેથી તેમને પ્રેરણા લેવા અંગેના સૂચન કરવા અને વિદ્યાર્થી નિષ્પત્તિ વધારવા પ્રસ્તુત સંશોધન ઉપયોગી થશે.

૫. શિક્ષણની ગુણવત્તા વધારવા તેમજ શિક્ષકોને લગતી સમસ્યાઓ અંગે સરકારશ્રીનું ધ્યાન દોરી ઉદાર નિયમો દ્વારા આ સમસ્યાઓ હલ કરવા સૂચન કરી શકાશે.

## ૧.૧૧ અભ્યાસની મર્યાદાઓ

સંશોધનની મર્યાદાઓ બાંધ્યા સિવાય હેતુઓ સિદ્ધ થઈ શકે નહીં. દેસાઈ અને દેસાઈ (૧૯૭૭)[૧૨] મુજબ કોઈ પણ સંશોધન સર્વાંગ સંપૂર્ણ નથી, મર્યાદાઓનો સ્વીકાર કરવામાં નાનપ નથી. જયારે સમગ્ર પરિસ્થિતિઓ આવરી લેવી શક્ય ન હોય ત્યારે તે તેની મર્યાદા બની જાય છે. આવા સમયે મર્યાદાની સ્પષ્ટતા કરવી આવશ્યક છે. પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ આ પ્રમાણે હતી :

### ૧.૧૧.૧ અભ્યાસની ક્ષેત્ર મર્યાદા

૧. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકો પૂરતો સીમિત હતો.

[૧૨] એચ. જી. દેસાઈ અને કે. જી. દેસાઈ (૧૯૭૭). ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

### ૧.૧૧.૨ અભ્યાસની અન્ય મર્યાદા

૧. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવા માટે (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષ જેવા ઘટકોને આધારે જ માપદંડની રચના કરવામાં આવી હતી.

૨. માત્ર ઉપર્યુક્ત ઘટકોના આધારે જ પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવામાં આવ્યો હતો.

૩. શિક્ષક અસરકારકતા તપાસવા માટે ધોરણ પાંચ, છ અને સાતમાં વર્ગશિક્ષક તરીકે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ માં ફરજ બજાવતા શિક્ષકોના વિદ્યાર્થીઓના વાર્ષિક પરીક્ષાના પરિણામને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ તરીકે લેવામાં આવી હતી અને તેને શિક્ષકની અસરકારકતા તરીકે ગણવામાં આવી હતી.

## ૧.૧૨ હવે પછીના પ્રકરણોની રૂપરેખા

પ્રથમ પ્રકરણ એ સંશોધન પ્રસ્તાવનું સામાન્ય રીતે વ્યાપક સ્વરૂપ કહી શકાય. સંશોધન અહેવાલના હવે પછીના પ્રકરણોની સંક્ષિપ્ત રૂપરેખા આ મુજબ છે :

પ્રકરણ–૨ માં સંબંધિત સાહિત્યની સમીક્ષા, સંબંધિત સાહિત્યનું મહત્ત્વ, સંબંધિત સાહિત્યની સમીક્ષાના પ્રશ્નો, તેના ઉત્તરો, વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા અંતર્ગત વ્યવસાય સંતોષ, શૈક્ષણિક સિદ્ધિ અને શિક્ષકની અસરકારકતાની સૈદ્ધાંતિક સમજ આપવામાં આવી છે. વ્યવસાય સંતોષનો અર્થ અને સંકલ્પના, વ્યવસાય સંતોષના સિદ્ધાંતો અને વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળો, શૈક્ષણિક સિદ્ધિની સંકલ્પના તેમજ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા પરિબળો, શિક્ષક અસરકારકતામાં શિક્ષકનું મહત્ત્વ, શિક્ષકની ભૂમિકા અને કાર્યો, અસરકારક શિક્ષકની સંકલ્પના, અસરકારક શિક્ષકના ગુણો અને લક્ષણો તેમજ વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતા શિક્ષકના લક્ષણોની રજૂઆત કરવામાં આવી છે.

પ્રકરણ–૩ માં પૂર્વે થયેલાં સંશોધનની સમીક્ષા જેમાં ભૂતકાળના સંશોધનના હેતુઓ, વ્યાપવિશ્વ અને નમૂનો, સંશોધન યોજના, ઉપકરણ, સંશોધન પદ્ધતિ તથા સંશોધન પ્રકાર, માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ, માહિતી પૃથક્કરણ, તારણોને આધારે સમીક્ષા અને પ્રસ્તુત અભ્યાસની વિશેષતાઓ દર્શાવી છે.

પ્રકરણ–૪ માં સમસ્યાના ઉદ્‌ભવથી માંડીને વ્યાપવિશ્વ, નમૂનો, સંશોધનનું ઉપકરણ, સંશોધન પદ્ધતિ, માહિતી એકત્રીકરણ અને તેના વિશ્લેષણની પદ્ધતિની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ–૫ માં ઉપકરણની સંરચના અને તેનું યથાર્થીકરણ કરવામાં આવ્યું છે. જેમાં કલમોની રચના અને તેનું સંકલન, માપદંડના પ્રાથમિક સ્વરૂપ પર નિષ્ણાતોના અભિપ્રાયો, માપદંડનું પ્રાથમિક પૂર્વ પૂર્વેક્ષણ, માપદંડનું દ્વિતીય સ્વરૂપ અને તેની અંકશાસ્ત્રીય ગણતરીઓ અને અંતિમ સ્વરૂપના માપદંડની રચનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રાપ્ત માહિતીનું સ્વરૂપ, અંતિમ સ્વરૂપના માપદંડની કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખક્ષમતા મૂલ્ય, વિશ્વસનીયતા અને યથાર્થતાની ગણતરીઓ કરવામાં આવી છે. તેમજ અંતિમ પૂર્વેક્ષણ દરમિયાન પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોને આધારે અવયવ નિષ્કર્ષણ અને પરિભ્રમણ જેવી પ્રયુક્તિ દ્વારા ઘટક યથાર્થતાની સ્પષ્ટતા કરવામાં આવી છે.

પ્રકરણ–૬ માં એકત્રિત માહિતીનું વર્ગીકરણ કરવામાં આવેલ છે તથા યોજના અનુસાર મેળવવામાં આવેલ સંખ્યાત્મક માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરીને તેનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

પ્રકરણ–૭ માં સમગ્ર અભ્યાસ કાર્યનો સારાંશ રજૂ કર્યો છે. જેમાં અભ્યાસની સમસ્યા, અભ્યાસના હેતુઓ, અભ્યાસના પ્રશ્નો, અભ્યાસની ઉત્કલ્પનાઓ, અભ્યાસનું વ્યાપવિશ્વ, નમૂના પસંદગી, સંશોધનનું ઉપકરણ, માહિતી એકત્રીકરણની પ્રવિધિઓ, માહિતી પૃથક્કરણ, અભ્યાસના પરિણામો, અભ્યાસના તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરવામાં આવી છે.

## પ્રકરણ ૨

## સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમજ


૨.૦ પ્રસ્તાવના

૨.૧ સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા માટેના પ્રશ્નો

૨.૨ વ્યવસાય સંતોષ : પ્રસ્તાવના

૨.૨.૧ વ્યવસાય સંતોષ : અર્થ અને સંકલ્પના

૨.૨.૨ વ્યવસાય સંતોષના સિદ્ધાંતો

૨.૨.૩ વ્યવસાય સંતોષ પર અસર કરનારા પરિબળો

૨.૩ શૈક્ષણિક સિદ્ધિ : પ્રસ્તાવના

૨.૩.૧ શૈક્ષણિક સિદ્ધિ : સંકલ્પના

૨.૩.૨ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા પરિબળો

૨.૪ શિક્ષક અસરકારકતા

૨.૪.૧ સાંપ્રત સમયમાં શિક્ષકનું મહત્ત્વ

૨.૪.૨ શિક્ષક : ભૂમિકા અને કાર્યો

૨.૪.૩ અસરકારક શિક્ષક : વ્યાખ્યાઓ

૨.૪.૪ અસરકારક શિક્ષકના ગુણો અને લાક્ષણિકતાઓ

૨.૪.૫ વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતાં શિક્ષકના લક્ષણો

# પ્રકરણ ૨
# સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમજ

## ૨.૦ પ્રસ્તાવના

અભ્યાસ હેઠળની સમસ્યા સાથે સંબંધિત સાહિત્ય સામગ્રીની સમીક્ષા કરવી આવશ્યક બને છે. સાહિત્યની સમીક્ષા બે પ્રકારે કરવામાં આવે છે. (૧) સંકલ્પનાત્મક સાહિત્ય, અને (૨) સંશોધન સાહિત્ય. શાહ દીપિકા (૨૦૦૪)[૧] 'શૈક્ષણિક સંશોધન' માં નોંધે છે કે સંકલ્પનાત્મક સાહિત્ય (Conceptual literature) માં લેખો અને એવા પુસ્તકો કે જેમાં લેખકોએ તેમના અભિપ્રાયો, અનુભવો સિદ્ધાંતો અને સમસ્યાક્ષેત્ર સાથે સંબંધિત વિચારો દર્શાવ્યાં હોય, તેનો સમાવેશ થાય છે. સંકલ્પનાત્મક સાહિત્ય સંશોધનના વ્યાપનું સીમાંકન અને ક્ષેત્ર મર્યાદા નક્કી કરવામાં તથા સંશોધકની સમજ અને સંશોધન અંગેની ભૂમિકા વિકસાવવામાં મદદરૂપ બને છે. સંકલ્પનાત્મક સાહિત્યની સમીક્ષાથી સંશોધકને સંશોધન દ્વારા ચકાસવા અને અભ્યાસ કરવાના વિવેચનાત્મક પ્રશ્નોની જાણકારી થાય છે અને આમ પોતાના અભ્યાસની આવશ્યકતા વિશે તે વધુ સ્પષ્ટ બને છે. વળી, સંશોધનને પાર પાડવા માટેની સુવિધાઓનો આધાર એમાંથી પ્રાપ્ત થઈ રહે છે.

પ્રસ્તુત પ્રકરણમાં વ્યવસાય સંતોષ, શૈક્ષણિક સિદ્ધિ અને શિક્ષક અસરકારકતા સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમજ આપવાનો પ્રયત્ન થયો છે.

## ૨.૧ સંબંધિત વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા માટેના પ્રશ્નો

સંશોધનક્ષેત્ર અંગેની ઊંડાણપૂર્વક સમજ મેળવી સંબંધિત વિષયવસ્તુથી સંપૂર્ણ માહિતગાર થઈ સમસ્યા સાથે સંબંધિત વિવિધ પરિબળોની જાણકારી મેળવવા માટે પસંદ કરેલા પ્રશ્નો આ પ્રમાણે હતા.

૧. વ્યવસાય સંતોષ એટલે શું ?

૨. વ્યવસાય સંતોષના સિદ્ધાંતો કયા કયા છે ?

૩. વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળો કયા હોઈ શકે ?

---

[૧] ડી. બી. શાહ ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૨૦૦૪, પૃ. ૨૮.

૪. શૈક્ષણિક સિદ્ધિ એટલે શું ?

૫. શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા વિવિધ પરિબળો કયા હોઈ શકે ?

૬. સાંપ્રત સમયમાં શિક્ષકનું મહત્ત્વ, ભૂમિકા અને કાર્યો કયા છે ?

૭. અસરકારક શિક્ષકની વ્યાખ્યા શું છે ?

૮. અસરકારક શિક્ષકના ગુણો અને લક્ષણો કયા હોઈ શકે ?

૯. વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતા શિક્ષકના લક્ષણો કયા છે ?

**૨.૨ વ્યવસાય સંતોષ : પ્રસ્તાવના**

વ્યવસાય એ માનવજીવનની દરેક પ્રવૃત્તિમાં કેન્દ્રસ્થાને રહેલું છે. વ્યવસાયમાં કાર્યસંતોષનું મહત્ત્વ મુખ્ય છે. વ્યવસાય કાર્ય દ્વારા માનવીના જીવનની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય છે. સંતોષ જ જે તે વ્યક્તિને તેના કાર્યને સારામાં સારી રીતે પૂર્ણ કરવા પ્રેરણા પૂરી પાડે છે. વ્યક્તિની જરૂરિયાતો જેટલી તીવ્રતાથી સંતોષાય તેટલાં પ્રમાણમાં કાર્ય પ્રત્યે તે વિધાયક સ્વરૂપની લાગણી અનુભવે છે. ઉચ્ચ સંતોષની જાળવણી અને સદાચાર લાંબા સમયથી શિક્ષણવિદો માટે મહત્ત્વના હેતુઓ રહ્યાં છે. વળી, વ્યવસાય કાર્યમાં વ્યક્તિને પોતાની અપેક્ષા પ્રમાણેનું વળતર મળતું નથી ત્યારે વ્યવસાય સંતોષનું પ્રમાણ ઓછું જોવા મળે છે, જે વ્યક્તિ તથા સમાજ બંને માટે નુકશાનકારક સાબિત થાય છે. વ્યવસાય સંતોષ માટે વ્યક્તિની જરૂરિયાતો અને વાતાવરણ પરસ્પર સંકળાયેલાં છે.

**૨.૨.૧ વ્યવસાય સંતોષ : અર્થ અને સંકલ્પના.** વ્યવસાય સંતોષને વ્યાખ્યાયિત કરવો મુશ્કેલ છે કારણ કે સંતોષની સંકલ્પના વધારે આત્મલક્ષી છે. વ્યવસાય સંતોષ ભાવો દ્વારા પ્રગટ થતો હોઈ તેને અલગ–અલગ રીતે વ્યાખ્યાયિત કરી શકાય.

વેબસ્ટર[૨] ડીક્ષનરી મુજબ, વ્યવસાય એટલે કામનો ભાગ, પોતાના વ્યવસાયના કામનો કોઈ એક ચોક્કસ ભાગ અથવા અર્થ પ્રાપ્તિ માટે કરાયેલું કરારનામું અથવા રોજગારનો એક ભાગ. 'સંતોષ' એટલે એવું કંઈપણ કે જે તૃપ્તિ આપે છે, આનંદ કે સુખ આપે છે.

---

[૨] Jean L.Mckechnic (ed.). ***Webster's New Twentieth Century Dictionary***. William Collins Publishers, Inc., U.S.A.

ગુડ (૧૯૭૩)[3] ની 'ડીક્ષનરી ઓફ એજ્યુકેશન' મુજબ, વ્યવસાય સંતોષ એટલે વ્યક્તિની તેના વ્યવસાય પ્રત્યેની ગુણવત્તા તથા સંતોષનું સ્તર કે જે તેના વ્યવસાયના વિવિધ રસ અને અભિગમોનું પરિણામ છે.

સંક્ષિપ્તમાં વ્યવસાય સંતોષ એટલે કોઈ વ્યક્તિને પોતાના વ્યવસાયમાંથી મળતી તૃપ્તિ, સુખ કે આનંદની અનુભૂતિ કે જે વ્યક્તિના વ્યવસાયનો એક ભાગ છે અથવા તો તેના બદલામાં તેને મહેનતાણું મળે છે. સંકલ્પના તરીકે 'વ્યવસાય સંતોષ' ને વિવિધ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે.

હોપોક (૧૯૩૫)[૪] ની વ્યવસાય સંતોષની વ્યાખ્યા મુજબ, વ્યવસાય સંતોષ એ મનોવૈજ્ઞાનિક, શારીરિક અને પર્યાવરણની એવી પરિસ્થિતિ છે કે જેના પરિણામે વ્યક્તિ સાતત્યથી એવા શબ્દ કહેવા પ્રેરાય છે કે મને મારા કાર્યથી સંતોષ છે.

બ્રેફિલ્ડ અને રોથ (૧૯૫૧)[૫] જણાવે છે કે વ્યવસાય સંતોષ જુદાં જુદાં વ્યવસાય પ્રત્યે લોકો શું અનુભવે છે ? તે જણાવે છે.

બ્લૂમ (૧૯૫૬)[૬] ના શબ્દોમાં વ્યવસાય સંતોષ એ વ્યવસાયકર્તાના વ્યવસાય પ્રત્યેના વિવિધ મનોવલણો છે. આ મનોવલણો–વિશિષ્ટ વ્યવસાય ઘટકો, વ્યક્તિગત લાક્ષણિકતાઓ અને વ્યવસાય બહારના સમૂહ સંબંધો એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલાં છે.

વ્રૂમ (૧૯૬૪)[૭] ના મતે વ્યવસાય સંતોષ એ વ્યક્તિનું તેના કાર્ય પ્રત્યેનું હકારાત્મક અનુકૂલન છે કે જે કાર્યમાં તે વર્તમાન સમયમાં રોકાયેલાં હોય.

---

[3] C. V. Good. (ed.). ***Dictionary of Education***. Mcgraw Hill : New York, 1973.

[૪] R. Hoppock. ***Job satisfaction.*** New York : Harper, 1935.

[૫] Arthur H. Brayfield & Herald F. Rothe. An index of job satisfaction. ***Journal of Applied Psychology.*** 1951, 35(5), pp. 307-311.

[૬] M. L. Blum. ***Industrial Psychology and Its Social Foundations.*** New York : Harper and Row, 1956.

[૭] V. H. Vroom. ***Work and Motivation.*** New York : John Wiley and Sons, Inc, 1964.

રોનન (૧૯૭૦)[૮] જણાવે છે કે સંતોષ એ એવો અભિવ્યક્ત મત છે કે જે કાર્ય, સંસ્થા અને કાર્યના વિષયવસ્તુ સાથે સંકળાયેલા ચલો સાથે સંબંધ ધરાવે છે. બ્રાઉન અને અન્યો (૧૯૭૨)[૯] ના મતે વ્યવસાય સંતોષ એ વ્યક્તિની પોતાની વ્યવસાય સ્થિતિ સાથેની સંમતિદર્શક લાગણી અથવા મનોવૈજ્ઞાનિક સ્થિતિ છે.

કાલબર્ગ (૧૯૭૭)[૧૦] તેની વ્યાખ્યામાં જણાવે છે કે વ્યવસાય સંતોષ વ્યક્તિની તેની કાર્યભૂમિકા પ્રત્યેની સમગ્ર ભાવાત્મક અભિમુખતા છે કે જે કાર્યમાં તે વર્તમાન સમયમાં રોકાયેલો હોય.

ફ્રાન્સિસ અને મિલબોર્ન (૧૯૮૦)[૧૧] ના મતે, વ્યવસાય સંતોષ એ કાર્યસ્થિતિના જુદાં જુદાં પાસાંઓમાંથી શું ધારણા કરી હતી અને શું મેળવ્યું તેની વ્યક્તિગત સમજનું પરિણામ છે. ધારણા પ્રમાણે જેટલું વધારે મેળવ્યું હોય તેટલો જ વધારે વ્યવસાય સંતોષ હોય.

રાઈસ અને અન્યો (૧૯૮૯)[૧૨] ના મતે, વ્યવસાય સંતોષ એ વર્તમાન વ્યવસાય અનુભવો (કે જે વ્યક્તિ પ્રાપ્ત કરે છે) અને સરખામણીના વ્યક્તિગત ધોરણો (કે જે કાર્યકર ઈચ્છે છે, પોતાનો અધિકાર માને છે) વચ્ચેના તફાવતોનું પરિણામ છે.

આમ, વ્યવસાય સંતોષ એ વ્યક્તિનો તેના કાર્ય પ્રત્યેનો સંતોષ છે. એ વ્યક્તિના તેના કાર્ય પ્રત્યેના શારીરિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક સંતોષનો સ્રોત છે. તેથી જ વ્યવસાય સંતોષ એ વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેની ગતિશીલ આંતરક્રિયાને સાંકળે છે.

---

[૮] W. W. Ronan.Individual and Situational Variables relating to Job Satisfaction. ***Journal of Applied Psychology***, 1970, 54(1), pp. 7-30.

[૯] J.M. Brown & others. ***Applied Psychology.*** New Delhi : Amerind Publishing Co, 1972.

[૧૦] Arne L. Kalleberg. Work Values and Job Rewards : A Theory of Job Satisfaction. ***American Sociological Review,*** 1977, 42(1), p. 126.

[૧૧] J. C. Francis & G. Milbourn. ***Human Behaviour in the Work Environment : A Managerial Perspective.***, Santa Monvea-California : Good year Publishing Co. Inc, 1980.

[૧૨] R. W. Rice, & others. Standards of Comparison and Job Satisfaction. ***Journal of Applied Psychology,*** 1989, 74 (4), pp. 591-598.

**૨.૨.૨ વ્યવસાય સંતોષના સિદ્ધાંતો.** વ્યવસાયમાં ઘણીવાર કર્મચારીને બે લક્ષ્યમાંથી એક લક્ષ્ય પસંદ કરવું પડે છે. વ્યવસાયમાંના વર્તમાન સ્થાને કર્મચારીને ઓછો પગાર હોય પણ સલામતી વધુ હોય, બીજી બાજુ જો તે પોતાની સંસ્થા અથવા કંપનીમાં જ બઢતી સ્વીકારે તો વધુ પગાર મળે તેમ હોય પરંતુ તે વ્યવસાયમાં વર્તમાન સ્થાન કરતાં વધુ પગાર મળે તેમ હોય પરંતુ તે વ્યવસાયમાં વર્તમાન સ્થાન કરતાં વધુ જોખમો રહેલા હોય ત્યારે તેણે નક્કી કરવું પડતું હોય છે કે, વર્તમાન સ્થાને જ ચાલુ રહેવું કે બઢતી સ્વીકારવી. જે નીચેના સિદ્ધાંતોને આધારે સમજી શકાય છે.

૧. જરૂરિયાતોની શ્રેણી–ક્રમનો સિદ્ધાંત, અને
૨. આકર્ષકતાની અપેક્ષાનો સિદ્ધાંત

મેસ્લો (૧૯૪૩) એ જરૂરિયાતોની શ્રેણીક્રમનો સિદ્ધાંત આપ્યો છે. (શાહ અને પંડયા, ૨૦૦૦ દ્વારા ઉદ્ધૃત)[૧૩]

૧. શારીરિક જરૂરિયાતો
૨. સલામતીની જરૂરિયાતો
૩. પ્રેમની જરૂરિયાતો
૪. પ્રતિષ્ઠાની જરૂરિયાતો
૫. આત્મસાર્થકતાની જરૂરિયાતો

મેસ્લોના સિદ્ધાંત મુજબ જે સમયે જે જરૂરિયાતો સૌથી વધુ સર્વોપરી હોય તે પ્રમાણે વર્તન પ્રેરિત થાય છે. પરંતુ વિવિધ સ્પર્ધા કરતી જરૂરિયાતોમાં આવી સર્વોપરિતા કઈ રીતે વિકસે છે તે આકર્ષકતાની અપેક્ષાનો સિદ્ધાંત સમજાવે છે.

– તુલનાત્મક પ્રક્રિયા સિદ્ધાંત : વ્યક્તિના મતે સંતોષનું ધોરણ શું છે અને આ સંતોષ વ્યક્તિને પોતાના વ્યવસાયમાંથી કેટલા પ્રમાણમાં મળે છે તે વિશેનું તેનું પ્રત્યક્ષીકરણ–આ બંનેની તુલનામાંથી વ્યવસાય સંતોષ નીપજે છે. આમ, સંતોષનું પ્રમાણ એ સંતોષનું માપ અને વ્યવસાયમાંથી કેટલો સંતોષ મળે છે ? તેવી માન્યતા–આ બંને વચ્ચેના તફાવતના

---

[૧૩] ગુણવંત શાહ અને કુલીન પંડયા. ***શૈક્ષણિક મનોવિજ્ઞાન.*** (ચતુર્થ આ.). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૯૯, પૃ. ૧૮૯.

પ્રમાણ ઉપર આધાર રાખે છે. વ્રૂમ (૧૯૬૪)[૧૪] આ સિદ્ધાંતને વ્યવસાય સંતોષની બાદબાકીનો સિદ્ધાંત (Substractive Theory) કહે છે.

– વ્યવસાય સંતોષ વિશેનો બહુસ્વીકૃત મત એ છે કે વ્યક્તિના મતે સંતોષનું ધોરણ શું છે અને આ સંતોષની માત્રા તેને કેટલાં પ્રમાણમાં નોકરી વ્યવસાય કાર્યમાંથી મળે છે તે વિશેનું પ્રત્યક્ષીકરણ–આ બંનેની તુલનામાંથી વ્યવસાય સંતોષ કેટલો મળે છે તેવી માન્યતા તફાવતના પ્રમાણ પર આધાર રાખે છે.

– વ્યવસાય સંતોષનો અન્ય સિદ્ધાંત એ છે કે વ્યવસાયમાંથી શું શું મળે છે એના સંદર્ભમાં વ્યક્તિને વ્યવસાય સંતોષ ઉપજે છે. વ્યવસાયનું સ્વરૂપ, તેમાંથી મળતા ફાયદા, વેતન, બઢતીની તકો, અન્ય સગવડો, વ્યવસાય સ્થળનું વાતાવરણ વગેરે અનેક બાબતો વ્યવસાય સંતોષ સાથે સંકળાયેલી છે.

– અન્ય મત, વ્યવસાયમાં સામાજિક વાતાવરણના વ્યક્તિ ઉપર પડતા સામાજિક પ્રભાવ ઉપર ભાર મૂકે છે. જયારે કોઈ વ્યક્તિ નોકરી ધંધામાં જોડાય છે ત્યારે તેને તેમાંથી કેટલો સંતોષ–સુખ મળશે તેની કંઈ ખબર હોતી નથી. પરંતુ પછી તે તેની સાથેના અન્ય કર્મચારીઓને કામ કરતા જૂએ છે, તેઓને આ કામમાંથી કેટલો અસંતોષ ઉપજે છે તે જૂએ છે. આ હકીકત તેને પોતાને ઉપજતા વ્યવસાય સંતોષ–અસંતોષને અસર કરે છે. સામાજિક ઘટકો વ્યવસાય સંતોષને અસર કરે છે એ હકીકત છે.

– વ્યવસાય સંતોષ ઉપજવાનો પાયો આવેગશીલ લાગણીઓ છે અને આવેગોનો સંબંધ શારીરિક પ્રક્રિયાઓ અને મજ્જાતંત્ર સાથે છે. માણસ એકની એક નોકરીમાં લાંબો સમય રહે તેમ તેના સંતોષના સ્વરૂપ–માત્રામાં પરિવર્તન આવે છે. નોકરી નવી હોય ત્યારે માણસને તેના વિશે ઉત્સાહ, કુતૂહલ, રસ, ઉત્તેજના હોય એટલે સંતોષ ઉપજે પણ સમય જાય, માણસને માટે નોકરી જૂની, ચીલાચાલુ બને એટલે પછી કંટાળો–અરોચકતા ઉપજે, સંતોષ ઘટે. આમ થવાથી નવી નોકરીમાં આવેગાત્મક પ્રતિક્રિયાઓ ઉપજે અને

[૧૪] ઉપર્યુક્ત પૃષ્ઠ ક્રમાંક ૨૭.

તેના પરિણામો આંતરિક–શારીરિક પ્રતિક્રિયાઓને ઉત્તેજે છે. આ આવેગિક શારીરિક પ્રતિક્રિયાઓને નિયંત્રણમાં લાવવા અને સમતુલા સ્થાપન કરવા શરીરમાં વિરોધી પ્રતિક્રિયાઓ ઉપજે છે. આમ, આવેગ ઉત્પાદક અને આવેગ નિયંત્રક શારીરિક પ્રતિક્રિયાઓથી સંતોષ ઉપજે છે અને સમતુલા જળવાય છે. પરંતુ જેમ જેમ નોકરી, વ્યવસાય જૂનો થાય તેમ માણસમાં કામ વિશેના ઉત્સાહ, ઉમંગ, આવેગોની માત્રા ઘટે એટલે વિરોધી પ્રતિક્રિયાઓ ઉપજે. સમતુલા જાળવનારી પ્રતિક્રિયાઓ તો ચાલુ રહે છે એટલે વ્યવસાય વિશેનો આનંદ કે સંતોષ ઉપજતો નથી અને કંટાળો, અરોચકતા ઉપજે છે. વ્યવસાય સંતોષના આ દરેક સિદ્ધાંત સંતોષના એકાદ પાસાં પર ભાર મૂકે છે. એ રીતે દરેક સિદ્ધાંત વ્યવસાય સંતોષ વિશેના અગત્યની સમજણમાં વધારો કરે છે.

**૨.૨.૩ વ્યવસાય સંતોષ પર અસર કરનારા પરિબળો.** વ્યવસાય સંતોષ એટલે 'વ્યક્તિને પોતાના વ્યવસાય પ્રત્યે અનુભવાતી સમગ્ર વિધાયક લાગણીનું પ્રમાણ'. બીજી રીતે કહીએ તો વ્યવસાય સંતોષ એટલે કર્મચારીની તેના વ્યવસાય પ્રત્યેની સમગ્ર રીતે વિધાયક લાગણી.

આપણે ઈચ્છેલી જરૂરિયાતો કેટલી હદ સુધી પૂરી પડે છે તેનો આધાર કાર્યસંતોષ પર છે. આપણે ઈચ્છેલી જરૂરિયાતો અને આપણને મળતી સવલતો વચ્ચેના અંતર પરથી કાર્યસંતોષનું પ્રમાણ નક્કી થાય છે. હોપોક (૧૯૩૫)[૧૫] વ્યાવસાયિક સંતોષ માટે નીચેની વિગતોને અગત્યની ગણે છે.

– વ્યક્તિની શક્તિ, રસ, રુચિ, તાલીમ મુજબ કામની વહેંચણી
– વ્યક્તિનો સામાજિક–આર્થિક દરજ્જો
– વ્યવસાયમાં તાલીમ
– વફાદારી
– વ્યક્તિ માટે કંટાળાજનક પરિસ્થિતિ ઊભી ન થાય તેવો વ્યવહાર
– વ્યક્તિને પ્રાપ્ત સવલતો જે વ્યક્તિને અન્યની સાથે સુમેળ સાધવામાં મદદ

[૧૫] ઉપર્યુક્ત પૃષ્ઠ ક્રમાંક ૨૭.

આ પરિબળોમાંથી જે પરિબળો કામ કરનાર વ્યક્તિમાં વધુ પ્રમાણમાં હોય તે વ્યક્તિ સંતોષી ગણાય. પરંતુ આ સમગ્ર પરિબળો પ્રાપ્ત કરનાર માનવી ભાગ્યે જ જોવા મળે છે. જેના લીધે કામ કરનાર વ્યક્તિમાં કાર્યસંતોષનું વત્તુ–ઓછું પ્રમાણ જોવા મળે છે.

વ્યવસાય સંતોષ પર અસર કરનારા વ્યક્તિગત–સામાજિક પરિવર્ત્યો અને સંસ્થાગત પરિવર્ત્યો આ મુજબ જણાવી શકાય :

**વ્યક્તિગત–સામાજિક પરિવર્ત્યો અને વ્યવસાય સંતોષ :**

ઉંમર, જાતિ, લગ્ન દરજ્જો, કુટુંબનું કદ, વિસ્તાર અને શૈક્ષણિક લાયકાત

**સંસ્થાગત પરિવર્ત્યો અને વ્યવસાય સંતોષ :**

પગાર, સંસ્થાનું કદ, નોકરીની લંબાઈ, નોકરીનો દરજ્જો, નોકરીમાં ફેરબદલી, સંસ્થા સંચાલન, તાલીમ, નોકરીનું સ્થળ, સંસ્થાગત પર્યાવરણ, ગેરહાજરીનું પ્રમાણ, ઉત્પાદકતા, જોમ.

ફ્રેન્ચ અને સાથીઓ (૧૯૪૬)[૧૬] દ્વારા સંકલિત કરાયેલી કાર્યકર્તા માટેના વ્યવસાય સંતોષ–અસંતોષની યાદી ત્રણ વિભાગમાં અત્રે પ્રસ્તુત છે.

**૧. વ્યક્તિગત ઘટકો**

સામર્થ્ય–શક્તિ, સ્વાસ્થ્ય, ઉંમર, ઈચ્છાઓ અને અપેક્ષાઓ, વ્યક્તિના પ્રાકૃતિક વલણો, અભાન સંઘર્ષો.

**૨. કાર્યમાંથી ઉદ્‌ભવતા જીવન પ્રત્યેના ઘટકો**

ઘરની સ્થિતિ, પુનઃનિર્માણ સંબંધિત સમસ્યાઓ, મજૂર મંડળ પ્રવૃત્તિઓ, સામાજિક–રાજકીય–આર્થિક સ્થિતિ.

**૩. રોજગાર સંબંધી પરિબળો**

નિર્વાહ વેતન, રોજગારની સ્થિરતા, બદલી, છુટા કરવાની અને ભરતીની પ્રક્રિયા, કાર્યબજવણીનો પ્રકાર, અધિક્ષણ, કાર્યની તાલીમની શરતો, શક્તિનો ઉપયોગ કરવાની તકો,

---

[૧૬] J. R. F. French & others. Conflict and Co-operation in Industry. ***Journal of Social Issue***.1946, No.1, pp. 2-5.

વ્યવસાય માટેના સામાજિક સંબંધો, સ્વીકૃતિ અને કાર્યનું યોગ્ય મૂલ્યાંકન, આગળ વધવાની તકો, ભાગીદારી, વિચારોની મુક્ત વહેંચણીનું સ્વાતંત્ર્ય, ફરિયાદનું તુર્ત નિરાકરણ, નોકરીદાતા તરફથી માન અને સમજશક્તિ.

આમ, વ્યવસાય સાથે સંકળાયેલાં જ નહીં પરંતુ વ્યવસાય બહારના ઘટકો પણ વ્યવસાય સંતોષને અસર કરે છે. વ્યવસાય સંતોષ કર્મચારીના આંતરબાહ્ય જીવનને અનેક રીતે પ્રભાવિત કરે છે. તેથી તે કર્મચારી માટે સૌથી અગત્યની બાબત બને છે. કર્મચારી પોતાના કાર્યમાં કેટલાં પ્રમાણમાં સંતોષનું વલણ ધરાવે છે તેના પરથી વ્યક્તિનું સ્વાસ્થ્ય તથા સમગ્ર આયોજન સમજી શકાય છે.

ગુપ્તા (૧૯૯૫)[૧૭] ના અભ્યાસમાં વ્યવસાય સંતોષ પર અસર કરનારા પરિબળોમાં આ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે : વેતન અને અન્ય સવલતો, સાથી શિક્ષકો સાથેના સંબંધો, આચાર્ય સાથેના સંબંધો, વ્યવસાય સ્વયં, વિદ્યાર્થી સાથેના સંબંધો, સંસ્થાકીય પરિબળ, કાર્યની સ્થિતિઓ, કાર્યભાર, સામર્થ્યતાનો ઉપયોગ, સિદ્ધિઓ, પ્રવૃત્તિઓ, સામાજિક પાસું, અધિક્ષણ, કૌટુંબિક જીવન, સ્વતંત્રતા, નીતિઓ અને આચરણો, વૃદ્ધિ અને આચરણો, પુસ્તકાલય સુવિધાઓ, વ્યવસાય સુરક્ષા, સ્વીકૃતિ અને સમગ્ર વ્યવસાય સંતોષ.

પેસ્ટનજી (૧૯૮૨)[૧૮] સૂચવે છે કે વ્યવસાય સંતોષ એ કર્મચારીના ચાર મહત્ત્વના કાર્યક્ષેત્ર પ્રત્યેની લાગણીઓ છે. જેમાંના પ્રથમ બે પ્રત્યક્ષ રીતે વ્યવસાય સાથે સંકળાયેલ છે. જયારે બાકીના બે વ્યવસાય સાથે પ્રત્યક્ષ રીતે ન સંકળાયેલાં હોવા છતાં તે વ્યવસાય સંતોષ પર અસર કરે છે એમ માનવામાં આવે છે. આ ચાર ક્ષેત્રોની તેમના ઘટકો સાથેની યાદી આ મુજબ છે :

**૧. વ્યવસાય ક્ષેત્ર**

કાર્યની પ્રકૃતિ, કામના કલાકો, સાથી કાર્યકરો, વ્યવસાયમાં બઢતીની અને આગળ વધવાની તકો, નિયત સમય ઉપરાંતના કાર્ય માટેના નિયમો, કાર્યમાં રસ, ભૌતિક વાતાવરણ, યંત્રો અને સાધનો વગેરે.

---

[૧૭] S. P. Gupta. A correlational study of teachers' job satisfaction and their teaching effectiveness. ***The Progress of Education,*** 1995 Vol. LXIX, No. 10, pp. 207-208.

[૧૮] D. M. Pestonjee. ***Development of Psychometric Measures of Job Satisfaction.*** Research Reports, Ahmedabad : Indian Institute of Management, 1982.

**૨. સંચાલન**

ઉપરીઓનો વ્યવહાર, ભાગીદારી, બદલો અને શિક્ષા, પ્રસંશા અને દોષો, રજા અંગેની નીતિ, પક્ષપાત વગેરે.

**૩. વ્યક્તિગત અનુકૂલન**

લાગણીશીલતા, સ્વાસ્થ્ય, ઘર અને જીવનનિર્વાહની સ્થિતિઓ, નાણાકીય સ્થિતિ, કુટુંબના સભ્યો સાથેના સંબંધો વગેરે.

**૪. સામાજિક સંબંધો**

પડોશી, મિત્રો, સાથી કાર્યકર્તાઓ, સમાજમાં લોકો તરફનો અભિગમ, સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી, સામાજિકતા અને જ્ઞાતિગત નડતરો વગેરે.

જાસીમ, એહમદ (૨૦૦૭)[૧૯] વ્યવસાય સંતોષને અસર કરતા પરિબળો આ મુજબ જણાવે છે :

૧. વેતન : રકમ અથવા યોગ્યતા અથવા સમાનતા, ચૂકવણીની પદ્ધતિ
૨. બઢતી : વ્યવસાયમાં આગળ વધવાની તકો અને ન્યાયિકતા
૩. શૈક્ષણિક લાયકાત
૪. સ્વીકૃતિ : કાર્યપૂર્ણતા માટે વખાણ, કરેલા કાર્ય માટેનો યશ, વિવેચન
૫. નિરીક્ષણ : નિરીક્ષણની પદ્ધતિ અને પ્રભાવ, માનવીય સંબંધો
૬. સમૂહકાર્ય
૭. વ્યવસાય વિષયવસ્તુ
૮. વ્યાવસાયિક સ્તર
૯. તજજ્ઞતા
૧૦. ઉંમર
૧૧. કુળ અને જાતીયતા

---

[૧૯] Ahmed Jasim, Teachers' Job Satisfaction : Key to educational success, ***PTA Magazine***, June-2007, pp. 5-8.

૧૨. લાભો : જેવા કે પેન્શન, વાર્ષિક રજાઓ, વેકેશનના પગારની ચૂકવણી

૧૩. કાર્યસ્થિતિઓ : તેમની સામર્થ્યતા અને મદદ કરવાની ભાવના

૧૪. સહકાર્યકરો : તેમની સામર્થ્યતા અને મદદ કરવાની ભાવના

૧૫. સંચાલન નીતિ : કર્મચારી સાથેનો સંબંધ, માનવીય સંબંધો

દ્વિકારક પદ્ધતિ દ્વારા વ્યવસાય સંતોષના એક કારક તરીકે વ્યવસાય સાથે સંકળાયેલ વસ્તુ (આંતરિક) અને બીજા કારકને વ્યવસાય સંદર્ભ (બાહ્ય) તરીકે ઓળખવામાં આવે છે.

**વ્યવસાય સાથે સંકળાયેલ આંતરિક પરિબળો :**

**પડકારો અને રસપ્રદતા :**

જો વ્યવસાય મનપસંદ હોય અને તેમાં વ્યક્તિને વધારે પડકારોનો સામનો કરવાનો હોય તો, વ્યક્તિનો વ્યવસાય સંતોષ વધુ ઉચ્ચ હશે.

**કાર્યનું મૂલ્ય :**

જો કાર્યકરોને એવું લાગે કે કામ ઘણું જ ઉપયોગી અને મૂલ્યવાન છે તો તેઓ પોતાના કાર્યથી વધારે સંતુષ્ટ બને છે.

**જવાબદારીની માત્રા અથવા નિર્ણય લેવામાં સહભાગીદારી :**

સંશોધનો દ્વારા એ જાણવા મળ્યું છે કે નિર્ણયો લેવાની પ્રક્રિયામાં જેમને સહભાગીદાર બનાવવામાં આવે તેઓ અન્યની સરખામણીમાં વધુ વ્યવસાય સંતોષ અનુભવે છે.

**સુરક્ષા :**

કાર્યકરોના પક્ષે એક માન્યતા એવી હોય છે કે તેઓ લાંબા સમય સુધી પોતાના વર્તમાન વ્યવસાયમાં ટકી રહે. ઉચ્ચ શિક્ષણ ધરાવતાં લોકોમાં નોકરીની સુરક્ષાનું મહત્ત્વ ઓછું હોય છે કારણ કે તેમને જો જરૂર પડે તો અન્યત્ર નોકરી મળી રહેશે તેવો વિશ્વાસ હોય છે. તેથી નોકરી ગુમાવવાનો વધુ ભય તેમને હોતો નથી.

### વ્યવસાય સાથે સંકળાયેલ બાહ્ય પરિબળો :

### વેતન :

વ્યક્તિનો વ્યવસાય સંતોષ નક્કી કરવામાં વેતન મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે તે વ્યક્તિની ઘણી બધી જરૂરિયાતો પૂરી કરે છે. પૈસાથી અન્ન, વસ્ત્ર અને આશ્રય મેળવી શકાય છે અને નોકરી સિવાયના સમયમાં આપણા શોખને પૂરાં કરવાના સાધનો પણ મેળવી શકાય છે. વધુમાં વેતન એ સિદ્ધિનો સંકેત અને સ્વીકૃતિનો સ્રોત નિશ્ચિત કરે છે. કર્મચારી પોતાના વેતનને સંસ્થાના વિકાસમાં પોતાના ફાળા બદલ સંચાલક તરફથી મળતા ઈનામ તરીકે જૂએ છે. વળી તે વ્યક્તિને આત્મસાર્થકતાની અનુભૂતિ કરાવે છે.

### કાર્ય સમૂહ :

અબ્રાહમ મેસ્લોની જરૂરિયાતોની શ્રેણીમાં સામાજિક જરૂરિયાતોને ત્રીજો ક્રમ અપાયો છે. વ્યક્તિગત રીતે કર્મચારી માટે મિત્રતાયુક્ત અને સહકારી સહકાર્યકરો હોવા એ વ્યવસાય સંતોષ માટેનો નમ્ર સ્રોત છે. કાર્યસમૂહ જે તે વ્યક્તિ માટે સામાજિક આધાર પ્રણાલી બની શકે છે. એવા ઘણા બધા કિસ્સા નોંધાયેલાં છે કે જેમાં વ્યક્તિએ ખરાબ સહકાર્યકરોને લઈને નોકરી છોડી દીધી હોય.

### કાર્યપ્રકાર :

વેતનની સાથે કાર્યપ્રકાર પણ વ્યક્તિનો વ્યવસાય સંતોષ નિશ્ચિત કરવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિની જૈવકીય, મનોવૈજ્ઞાનિક અને સામાજિક જરૂરિયાતો સંતોષવા માટેનો મુખ્ય સ્રોત છે. વ્યક્તિના સામાન્ય માનસિક સ્વાસ્થ્ય અને વ્યવસાય સંતોષ માટે વ્યક્તિની કાર્ય સાથેની અનુકૂળતા અનિવાર્ય છે.

### નિરીક્ષણ :

અધિકારીઓના પોતાના કર્મચારીઓ પ્રત્યેના સારા અભિગમથી કર્મચારીઓમાં સારી સમૂહ ભાવના ઉત્પન્ન થાય છે અને કાર્યકરોને પોતાના કાર્યથી વધુ સંતોષ પ્રાપ્ત થાય છે. લોકશાહી વલણ અને ભાગીદારીયુક્ત નેતાગીરી પદ્ધતિ કાર્યકરોના વ્યવસાય સંતોષમાં વધારો કરે છે.

**બઢતી :**

વ્યવસાયમાં બઢતીની તકો વ્યક્તિને વ્યવસાય સંતોષ પૂરો પાડે છે, જે વ્યક્તિને સખત મહેનત અને પૂર્ણ ક્ષમતા સુધીનું કાર્ય કરવા પ્રેરણા પૂરી પાડે છે. ઉચ્ચ સ્તરના પદ પર બઢતી મળે ત્યારે પોતાના કાર્યને પૂર્ણ કરવા માટે વ્યક્તિને સામર્થ્યવૃદ્ધિની જરૂરિયાત રહે છે.

**કાર્યસ્થિતિઓ :**

સંસ્થાકીય વાતાવરણ અને ભૌતિક સગવડતાઓ વ્યવસાય સંતોષને અસર કરે છે. સંતોષી કાર્યકરો ઉત્પાદક હોય છે. કામ પ્રત્યેની વધુ હકારાત્મક લાગણી કાર્યની ઉચ્ચ નિષ્પત્તિ અને ઉચ્ચ ગુણવત્તા તરફ લઈ જાય છે.

ઉપર્યુક્ત પરિબળો ઉપરાંત વ્યક્તિગત પરિબળો પણ વ્યક્તિના વ્યવસાય સંતોષને અસર કરે છે. જે આ મુજબ છે :

**વ્યવસાયનું સ્તર :**

એક એવું સામાન્ય અવલોકન છે કે જે વ્યક્તિઓ પોતાના વ્યવસાયમાં નિમ્ન સામાજિક મોભો અને ઓછી પ્રતિષ્ઠા અનુભવતા હોય તેઓ પોતાના વ્યવસાયથી ઓછાં સંતુષ્ટ હોય છે.

**શૈક્ષણિક લાયકાત :**

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે જે લોકો ઓછું ભણેલા હોય તેઓ વધુ ભણેલા કરતાં વધારે વ્યવસાય સંતોષ અનુભવે છે.

**વય :**

અભ્યાસો દર્શાવે છે કે વધુ વયના કર્મચારીઓ ઉચ્ચ વ્યવસાય સંતોષ ધરાવે છે, જ્યારે યુવાન વયના કર્મચારીઓ નિમ્ન વ્યવસાય સંતોષ ધરાવે છે, જ્યારે કેટલીક જગ્યાએ વિરોધાભાસી પરિણામો પણ જોવા મળ્યાં છે, જેમ કે કેટલાક સમૂહોમાં જેમ વય વધે તેમ વ્યવસાય સંતોષ પણ વધે છે જ્યારે બીજા કેટલાક સમૂહોમાં વય વધે તેમ વ્યવસાય સંતોષ ઘટે છે. વળી કેટલાક સમૂહોમાં બંને વચ્ચે કોઈ તફાવત જોવા મળતો નથી.

**જાતીયતા :**

સર્વેક્ષણોના તારણો પરથી જાણી શકાય છે કે પુરુષ કર્મચારીઓ કરતાં સ્ત્રી કર્મચારીઓને તેમના વ્યવસાયથી વધુ સંતોષ હોય છે. જેનું એક કારણ એ હોઈ શકે કે સ્ત્રીઓની મહત્ત્વકાંક્ષા અને નાણાકીય જરૂરિયાતો પુરુષોની નાણાકીય જરૂરિયાતો કરતાં ઓછી હોય છે.

ગુણાત્મક અને સંખ્યાત્મક નિષ્પત્તિ, વ્યય નાબુદી, કિંમતમાં ઘટાડો, ક્રિયાઓમાં સુધારાઓ, ઉચ્ચ સામર્થ્યતા / કાર્યદક્ષતા તેમજ સંચાલક અને નોકરીયાત વચ્ચેના ભાવુક સંબંધો વ્યવસાય સંતોષના પરિમાણો છે. એ કાર્યકરનો વ્યવસાય સંતોષ જ છે કે જે મર્યાદિત સ્રોતોની વચ્ચે પણ સમાજને સારા સાધનો અને સારી સેવાઓ પૂરી પાડે છે. જો કાર્યકરને પોતાના વ્યવસાયથી સંતોષ હોય તો ગેરહાજરી, ફરિયાદો, કાર્ય ઉથલપાથલ, નિરાશા અને તેના જેવી જ અન્ય વ્યક્તિગત સમસ્યાઓનું પ્રમાણ ઘટાડી શકાય. તેનાથી વિરુદ્ધ નિમ્ન વ્યવસાય સંતોષ કે વ્યવસાય અસંતોષ બેપરવાઈ, બિનભાગીદારી, અસહકારિતા જેવા વલણો પેદા કરે છે કે જે ઉત્પાદનની નિમ્ન ગુણવત્તા અને અલ્પમાત્રા, વ્યયમાં વધારો, કિંમતમાં વધારો, કાર્યમાં વિઘ્ન, નિમ્ન કાર્યદક્ષતા તેમજ સંચાલકો, નિરીક્ષકો અને સાથી કાર્યકર્તાઓ સાથેના કૃત્રિમ સંબંધો તરફ દોરી જાય છે.

આમ, આપણે કહી શકીએ કે જે રીતે શારીરિક સ્વાસ્થ્ય એ આપણા શરીરના અવયવો માટે જરૂરી છે તે જ રીતે સફળ સહકારયુક્ત પ્રણાલિકા માટે વ્યવસાય સંતોષ એ અગત્યનું પરિબળ છે. વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળોને આકૃતિ ૨.૧ મુજબ દર્શાવી શકાય.

**વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળો**

**વૈયક્તિકતા**

– જાતિ
– ઉંમર
– આશ્રિતોની સંખ્યા
– વ્યવસાયમાં સમય
– બુદ્ધિ
– શિક્ષણ
– વ્યક્તિત્વ

**વ્યવસાય સ્વયં**

– કામનો પ્રકાર
– વ્યવસાય માટેની કુશળતા
– વ્યાવસાયિક દરજ્જો
– વ્યવસાય સ્થળની ભૌગોલિકતા
– કંપનીનું કદ

**સંચાલકીય પરિબળો**

– પગાર
– સાથી કર્મચારીઓ
– સલામતી
– આગળ વધવાની તકો
– જવાબદારી
– વ્યવસાયની પરિસ્થિતિ
– નિરીક્ષણ
– લાભદાયક તત્ત્વ

**આકૃતિ ૨.૧ વ્યવસાય સંતોષ પર અસર કરતા પરિબળો**

## ૨.૩ શૈક્ષણિક સિદ્ધિ : પ્રસ્તાવના

સિદ્ધિ એ જ્ઞાનનો સાર છે કે જે અધ્યયનમાંથી નિષ્પન્ન થાય છે. બાળક શાળામાંથી અનુદેશો મેળવી તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. વર્ગખંડ એ એવી પ્રવૃત્તિઓનો સમૂહ છે કે જેમાં શિક્ષક વિદ્યાર્થીઓને કાર્ય સોંપે છે, મૂલ્યાંકન કરે છે અને તેમના કાર્યની ગુણવત્તાની તુલના કરે છે. બાળકોને એક કુટુંબ કરતા એક શાળા વિશાળ માત્રામાં સિદ્ધિ અનુભવો પૂરાં પાડે છે.

**૨.૩.૧ શૈક્ષણિક સિદ્ધિ : સંકલ્પના.** શૈક્ષણિક સિદ્ધિની સંકલ્પના માટે ઘણા બધા સંદર્ભો છે.

કોમરે (૧૯૪૯)[૨૦] નોંધે છે કે શાળાઓમાં સિદ્ધિ એટલે અનુદેશાત્મક ઉદ્દેશો તરફ પ્રયાણ કરવું. અધ્યાપન હેતુઓની પ્રાપ્તિ એ વિદ્યાર્થીઓની શાળાકીય હેતુઓની પ્રાપ્તિ તરફની માત્રા છે. આ હેતુઓ એ એવી દિશાના ધ્યેયો છે કે જે અભ્યાસક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં પરિવર્તન લાવે છે. આમ, સિદ્ધિ એ જ્ઞાનની રચના કે પૂરાં પાડવામાં આવેલ કૌશલ્યોના દેખાવમાં દક્ષતાની પૂર્ણતા છે. વળી સિદ્ધિ (achievement) અને સામર્થ્ય (ability) બંને અલગ–અલગ ગણાવી શકાય. સિદ્ધિ એને કહેવાય જે વ્યક્તિ બહારથી પ્રાપ્ત કરે છે જયારે શક્તિ એ મનની અંદર રહેલી ક્ષમતા છે. બેશક, સિદ્ધિ એ સામર્થ્ય પર આધારિત છે પણ તે સિદ્ધિનું એકમાત્ર ઘટક નથી.

ગુડ (૧૯૭૩)[૨૧] શૈક્ષણિક સિદ્ધિને શાળાકીય વિષયોમાં વિકસાવવામાં આવેલ જ્ઞાન, અભિગમો અને કૌશલ્યો તરીકે વ્યાખ્યાયિત કરે છે કે જે કસોટીના પ્રાપ્તાંકોથી કે શિક્ષકોએ આપેલાં ગુણોમાંથી આકાર પામે છે.

ડ્રીબન (૧૯૬૮)[૨૨] કહે છે કે સિદ્ધિ હંમેશા પ્રવૃત્તિઓ અને પારંગતતા પ્રદાન કરે છે કે જેમાં પરિસ્થિતિને આપણું ભાગ્ય માની વશ થવા કરતાં પરિસ્થિતિ પર કાબૂ મેળવી શ્રેષ્ઠતાના ધોરણો સાથે તાલ મિલાવવામાં આવે છે.

---

[૨૦] A. L. Comrey. ***A Factual study of achievement. Education and Psychological Measurement,*** 1949.

[૨૧] ઉપર્યુક્ત પૃષ્ઠ ક્રમાંક ૨૭.

[૨૨] R. Dreeban. ***On What is Learned in school***. London : Addison-wesley Publishing Company, 1968.

આમ, શૈક્ષણિક સિદ્ધિ એટલે

– અનુદેશાત્મક ઉદ્દેશો તરફનું પ્રયાણ
– વિદ્યાર્થીઓની શાળાકીય હેતુઓની પ્રાપ્તિ તરફની માત્રા
– કૌશલ્યના દેખાવમાં દક્ષતાની પૂર્ણતા
– શાળાકીય કૌશલ્યોમાં વિકસાવવામાં આવેલ જ્ઞાન, અભિગમો અને કૌશલ્યો
– વિદ્યાર્થીઓની સિદ્ધિનું વિશિષ્ટ સ્તર કે શૈક્ષણિક કાર્યમાં દક્ષતા

**૨.૩.૨ શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા પરિબળો.** આ ક્ષેત્રમાં થયેલાં સંશોધનોમાં એડવાલ અને અન્યો (૧૯૬૧)[૨૩] જણાવે છે કે શાળાઓના આચાર્યોના કહેવા મુજબ વિદ્યાર્થીઓની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ એ શિક્ષકોની બિનકાર્યદક્ષતા અને અસંતોષની સ્થિતિનું પરિણામ છે. જયારે લલ્લા અને અન્યો (૧૯૬૬)[૨૪] નોંધે છે કે જે ઘટકો વિદ્યાર્થીઓની નિમ્ન સિદ્ધિઓને અસર કરે છે તે તેમના શિક્ષકોમાંથી પરિવર્તિત થયેલાં હોય છે. પાસી અને પદ્મા (૧૯૭૪)[૨૫] સ્પષ્ટ કરે છે કે અપૂરતી સુવિધા, અપૂરતું વેતન, અપૂરતો અને બેજવાબદાર કર્મચારીગણ જેવા ઘટકો નિમ્ન શૈક્ષણિક દેખાવ માટે જવાબદાર છે. રાવ (૧૯૭૫)[૨૬] જણાવે છે કે શિક્ષકનો વ્યવસાય સંતોષ તેમના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે સાર્થક રીતે જોડાયેલો નથી.

જયારે શુકલા(૧૯૭૮)[૨૭] નોંધે છે કે, નિમ્ન દેખાવવાળી શાળાઓના શિક્ષકો ઉચ્ચ દેખાવવાળી શાળાઓના શિક્ષકો કરતાં વધારે સંતુષ્ટ છે.

---

[૨૩] S. B. Adval. & others. ***Causes of failure in high school examination.*** Department of education, Allahabad University, 1961.

[૨૪] H. P. Lulla. & others. ***Investigation into academic causes of backwardness in mathematics at elementary stage (Class I-VIII).*** CASE, Baroda, 1966.

[૨૫] B. K. Passi, and M. S. Padma. ***Educational evaluation and examination. A survey research in education.*** Baroda : M.S. University, 1974, pp.365-420.

[૨૬] Y. R. Rao, ***A study of the relationship of few selected variables to the academic achievement indicates of secondary school.*** Ph.D. Thesis, University of Madras, 1975.

[૨૭] K. C. Shukla. ***Factors differentiating high and low academic performance of secondary school in Rajasthan***. Ph.D. Thesis, Udaipur University, 1978.

ચોપરા (૧૯૮૨)[૨૮] જણાવે છે કે, વિદ્યાર્થી સિદ્ધિ તેમના શિક્ષકોના વ્યવસાય સંતોષ સાથે જોડાયેલી નથી.

સામલ (૧૯૮૬)[૨૯] જણાવે છે કે, અધ્યેતાનો શૈક્ષણિક દેખાવ તેના શિક્ષકના વ્યવસાય સંતોષના સ્તરનું પરિણામ છે અને તે શિક્ષકના સંતોષ અને દેખાવ સાથે સંકળાયેલ છે.

જયારે મુખોપાધ્યાય (૧૯૮૮)[30] જણાવે છે કે વિદ્યાર્થીઓની સિદ્ધિમાં શિક્ષકના વ્યવસાય સંતોષ અને શાળાની ભૌતિક સુવિધાઓનો સાર્થક ફાળો રહેલો છે.

ધોતિઆ (૧૯૯૦)[૩૧] જણાવે છે કે શિક્ષકના વ્યવસાય સંતોષની વિદ્યાર્થીઓની સિદ્ધિ પર કોઈ પણ પ્રકારની સાર્થક અસર થતી નથી.

શર્મા (૧૯૯૧)[૩૨] એ નોંધ્યું છે કે કોલેજ અધ્યાપકોનો વ્યવસાય સંતોષ સામાન્ય ઉચ્ચ હતો. કોલેજ અધ્યાપકોના વ્યવસાય સંતોષ અને તેમના વિદ્યાર્થીઓની સિદ્ધિ વચ્ચે સાર્થક સંબંધ ન હતો. કાર્બિન (૧૯૯૮)[૩૩] એ કહ્યું કે વિદ્યાર્થીઓની સફળતામાંથી જ શિક્ષકને સંતોષ મળે છે.

---

[૨૮] R.K.Chopra. ***A study of the organisational climate of schools in relation to job satisfaction of teachers and students' achievement.*** Ph.D. Thesis, Agra University, 1982.

[૨૯] A. K. Samal. ***A study of effectiveness, job satisfaction, organizational climate its relationship with the academic performance of primary school in Orissa.*** M.Phil. Thesis, JNU, 1986.

[30] D. K. Mukhopadhyay. ***Identification of school climate and study of its effect on the scholastic achievement and development of certain personality characteristics of students of secondary schools.*** Ph.D. Thesis, Viswa–Bharati, 1988.

[૩૧] N.C. Dhotia. ***A study of factors affecting job satisfaction of commerce teachers of Rajasthan and its impact on educational achievements of their pupil.*** Ph.D. Thesis, University of Rajasthan, 1990.

[૩૨] M. S. R. Sharma. ***A study of the administrative behaviour of principals as perceived by teachers in relation to job satisfaction of teachers and students' achievement in junior college.*** Ph.D Thesis, Andhra University, 1991.

[૩૩] K. T. Carbin Saladin. Role perception and job satisfaction of community college faculty. ***Dissertation Abstract International,*** 1998, 59(4).

ગ્રીલ (૧૯૯૯)[૩૪] પ્રસ્થાપિત કરે છે કે શાળાનું સામાજિક–આર્થિક સ્તર અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સાર્થક આંતરવ્યવહાર શિક્ષકના સંતોષ સાથે જોડાયેલ છે. ઓ'કોનેલ (૧૯૯૯)[૩૫] ના મતે શિક્ષક વેતન એ વ્યવસાય સંતોષનું મજબૂત અને હકારાત્મક પાસું છે જે વિદ્યાર્થીઓની સિદ્ધિ સાથે જોડાયેલું છે.

લેનોક્સ (૨૦૦૦)[૩૬] શાળા સંસ્થાકીય વાતાવરણ અને શિક્ષકોના સંતોષનું નિરીક્ષણ કરી કહે છે કે શાળાના સંસ્થાકીય વાતાવરણ અને વ્યવસાય સંતોષને વિદ્યાર્થીઓની સિદ્ધિ સાથે કોઈ સંબંધ નથી. આમ, શિક્ષક અને વિદ્યાર્થી એમ બંનેના દષ્ટિકોણથી શિક્ષકના વ્યવસાય સંતોષનું ઘણું મહત્ત્વ છે.

રોવ (૧૯૯૭)[૩૭] જણાવે છે કે શિક્ષકો બાળકોને શૈક્ષણિક રીતે વિકસતા જોઈને જ સૌથી વધુ સંતોષ અનુભવે છે. જે શિક્ષકોને પોતાના વ્યવસાયથી સંતોષ હતો તેવા શિક્ષકો જેઓને પોતાના વ્યવસાયથી સંતોષ ન હતો તેવા શિક્ષકો કરતાં વધારે પસંદ કરવામાં આવતા હતાં. તેનાથી કહી શકાય કે વ્યાવસાયિક રસ અથવા પ્રોત્સાહનો અને શિક્ષક તરીકેની સામર્થ્યતા તેમના વ્યવસાય સંતોષ પર અસર કરે છે.

ઉપર્યુક્ત અભ્યાસોને આધારે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરતા પરિબળો આ મુજબ જણાવી શકાય :

– શિક્ષકોની બિનકાર્યદક્ષતા અને અસંતોષ
– શિક્ષકોને અપૂરતું વેતન, અપૂરતો અને બેજવાબદાર કર્મચારીગણ

---

[૩૪] Patricia A. Grill.The relationship between leadership roles & job satisfaction among elementary teachers. ***Dissertation Abstract International,*** 1999, 60(2). p.340.

[૩૫] Smith, M. O'connell. How the appointment of district money is associated with difference in grade viii Mathematics and reading achievement scores for Minnesota Students. ***Dissertation Abstract International,*** 1999, 57(10), p. 4217.

[૩૬] W. A. Lenox. Organizational culture and teacher job satisfaction. ***Dissertation Abstract International,*** 2000, 60 (8), p. 994.

[૩૭] N. N. Rowe. Factors influencing the level of job satisfaction and job dissatisfaction among first grade and second grade teachers. ***Dissertation Abstract International,*** 1997, 57 (8), p. 3387.

– શાળાનું સામાજિક–આર્થિક સ્તર
– શાળાનું સંસ્થાકીય વાતાવરણ
– શિક્ષકોનો વ્યાવસાયિક રસ અથવા પ્રોત્સાહન
– શિક્ષકોનું શિક્ષક તરીકેનું સામર્થ્ય

## ૨.૪ શિક્ષક અસરકારકતા

સારા માનવ બનવા, સમૃદ્ધિપૂર્ણ જીવન જીવવા અને સમન્વિત વ્યક્તિત્વ પ્રાપ્ત કરવા દરેક વ્યક્તિએ શિક્ષણ મેળવવું જ રહ્યું. શિક્ષણ એ ગત્યાત્મક પ્રક્રિયા છે, કે જે ફક્ત તાત્કાલિક જરૂરિયાતોને જ પૂર્ણ નથી કરતું પરંતુ બદલાતાં વાતાવરણની સાથે આપણી ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા તેની અસરકારકતા જાળવે છે, નિયમન કરે છે. વિજ્ઞાન અને ટેક્નોલજિની આ દુનિયામાં શિક્ષક જ એવું વ્યક્તિત્વ છે કે જે લોકોની–આમ જનતાની સમૃદ્ધિ, કલ્યાણ અને સુરક્ષાનું સ્તર સુનિશ્ચિત કરે છે (શિક્ષણપંચ, ૧૯૬૪–૬૬). તેથી જ સાંપ્રત સમયના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા, કાર્યો જાણી તેમાંથી અસરકારક શિક્ષકના ગુણો અને લાક્ષણિકતાઓ જાણવા જરૂરી બને છે. તેમજ તેમાંથી વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતા શિક્ષકના લક્ષણો જાણી શકાય.

**૨.૪.૧ સાંપ્રત સમયમાં શિક્ષકનું મહત્ત્વ.** શિક્ષણની પ્રક્રિયાનું જો સૌથી મહત્ત્વનું કોઈ ઘટક હોય તો તે શિક્ષક છે. શિક્ષક શિક્ષણ પ્રક્રિયાની નાભિ કે હાર્દ સમાન છે. દરેક વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે જોવાની જવાબદારી શિક્ષકની છે. યુવાનોને શિક્ષણ દ્વારા સુસજ્જ કરી સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરનાર વ્યક્તિ એટલે શિક્ષક.

કબીર, હુમાયુ (૧૯૬૭)[૩૮] ના મતે, જો તમે શિક્ષકની અવગણના કરો છો તો તમે બાળકની અવગણના કરો છો અને જો તમે બાળકની અવગણના કરો છો તો તમે તે દેશના ભવિષ્યની અવગણના કરો છો, કારણ કે શિક્ષકે જ બાળકને માર્ગદર્શન, પ્રેરણા અને જ્ઞાનરૂપી પ્રકાશ પૂરો પાડવાનો હોય છે. શિક્ષક એ તો રાષ્ટ્રની તાકાત છે. અધ્યાપન–અધ્યયન પ્રક્રિયામાં શિક્ષકનો પ્રભાવ સતત રહેતો હોવાથી કોઈ પણ દેશ શિક્ષકની ભૂમિકાને અવગણી શકે નહીં.

---

[૩૮] H. Kabir. Education in India (Third Impression), In J. C. Agrawal (Ed.).***Thoughts On Education,*** New Delhi : Arya, 1967, p. 67.

સારા શિક્ષકની મદદ વિના શિક્ષણમાં પ્રાથમિક સ્તરે ગુણવત્તાની જાળવણી થઈ શકે નહીં. કોઈ પણ સમાજ તેના શિક્ષકના સ્તરથી ઉપર જઈ શકતો નથી. જો શિક્ષકનું સ્તર જ નીચું હશે તો તે સમાજની પ્રગતિ ક્યારેય નહીં થાય. એ સંદર્ભમાં જ કહેવાયું છે કે,

– સારો શિક્ષક સારી શાળા બનાવે છે.
– સારી શાળાઓમાં સારા વિદ્યાર્થીઓ તૈયાર થાય છે.
– સારા વિદ્યાર્થીઓથી સારો સમાજ બને છે
– સારા સમાજ દ્વારા જ સારા રાષ્ટ્રનું નિર્માણ થાય છે.

શૈક્ષણિક કાર્યક્રમોના અમલીકરણમાં દરેક તબક્કે શિક્ષક ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. શિક્ષણ પંચ (૧૯૬૪–૬૬) પણ શિક્ષકના મહત્ત્વને નીચેના શબ્દોમાં રજૂ કરે છે : 'શિક્ષણની ગુણવત્તાને અસર કરનાર જુદાં–જુદાં પરિબળોમાં શિક્ષકના લક્ષણો / ગુણો, સામર્થ્ય અને ચારિત્ર્ય નિઃશકપણે સૌથી વધુ અગત્ય ધરાવે છે. શિક્ષણના વ્યવસાયમાં ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકોને પૂરતાં પ્રમાણમાં પસંદ કરવાથી વધારે અગત્યનું બીજું કાંઈ નથી. આવા શિક્ષકો અસરકારક રીતે કાર્ય કરી શકે તે માટે તેમને ઉચ્ચ પ્રકારની વ્યાવસાયિક તૈયારીઓ ઉપલબ્ધ કરાવવી અને તેમના કાર્ય માટેની સંતોષજનક સ્થિતિઓ ઉત્પન્ન કરવી.' (કબીર, ૧૯૬૭ દ્વારા ઉદ્ધૃત)

માધ્યમિક શિક્ષણ પંચ (૧૯૫૨–૫૩) પણ શિક્ષકનું મહત્ત્વ સ્વીકારતા જણાવે છે કે, 'ચિંતનયુક્ત શૈક્ષણિક સુધારણામાં સૌથી અગત્યનું પરિબળ એ શિક્ષક છે, તેના વ્યક્તિગત ગુણો, શૈક્ષણિક લાયકાત, વ્યાવસાયિક તાલીમ અને શાળા તેમજ સમાજમાં તેને અપાતું સ્થાન છે. કોઈ પણ શાળાની નામના અને તેનો સમાજજીવન પરનો પ્રભાવ એકધારી રીતે તે શાળામાં કામ કરતા શિક્ષકો ઉપર નિર્ભર છે.' (કબીર, ૧૯૬૭ દ્વારા ઉદ્ધૃત)

**૨.૪.૨ શિક્ષક : ભૂમિકા અને કાર્યો.** પ્રાચીન કાળથી લઈને આજ દિન પર્યંત શિક્ષકની ભૂમિકા અને કાર્યો નિર્ણાયક રહ્યાં છે. શિક્ષકને ભાવિ પેઢી માટે જ્ઞાન અને સંસ્કૃતિનો સંવાહક માનવામાં આવે છે. એથી પણ વધુ, તેને રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્યવિધાતા ગણવામાં આવે છે. શિક્ષકની ભૂમિકા ફક્ત વ્યાખ્યાન આપવા કે અભ્યાસક્રમ પૂર્ણ કરવા પૂરતી જ નથી, શિક્ષકની અસર તો શાશ્વત છે. શિક્ષકનો પ્રભાવ ક્યારેય ઓસરતો નથી.

સાંપ્રત યુગમાં શિક્ષકની ભૂમિકા પડકારજનક બની રહે છે. મિશ્રા (૧૯૯૩)[૩૯] ખરું જ કહે છે કે, 'શિક્ષક પોતાના વર્ગખંડના મંચ પરનો અભિનેતા માત્ર નથી, તે તો પ્રાયોગિક કાર્યોનો મદદકર્તા, વિદ્યાર્થીના બહુપરિમાણીય વિકાસનો મૂલ્યાંકનકાર, વિદ્યાર્થીઓના અધ્યયન અને સામાજિક પ્રવૃત્તિઓનો નિર્દેશક, વ્યક્તિગત દુઃખ અને સંઘર્ષોની પળોમાં માર્ગદર્શક, વિદ્યાર્થીઓનો સ્વાભાવિક અને નૈતિક નેતા, અધ્યયન વાતાવરણ અને શૈક્ષણિક સાધન–સામગ્રીનો ઉત્પાદક, સમર્થ વહીવટકાર અને પોતાના કાર્યનો પારંગત વ્યક્તિ છે. તેનો વ્યવસાય એ ફક્ત પગાર મેળવવાનો વ્યવસાય નહીં, પરંતુ જગતનો આદર્શમાં આદર્શ વ્યવસાય છે.'

ચિદભવનંદા (૧૯૬૪)[૪૦] શિક્ષકના કાર્યો જણાવતાં કહે છે કે, 'શિક્ષકનું કાર્ય તારાઓ જેવું છે. ધ્યાનસ્થ કે બેધ્યાનપણે શિક્ષકનું કાર્ય કોઈ પણ પ્રકારના વિઘ્નો વગર નિશ્ચિતપણે આગળ વધે છે.' શિક્ષકની બહુવિધ ભૂમિકા જણાવતાં તે આગળ કહે છે, ' તે જયારે ભણાવે છે ત્યારે શિક્ષક છે, વર્ગખંડની બહાર તે ચબરાક ખેલાડી છે. જયારે વિદ્યાર્થીઓની વ્યક્તિગત જરૂરિયાતોનું ધ્યાન રાખે છે ત્યારે તે પિતા તરીકેનું કાર્ય કરે છે. જયારે તેની નિશ્રામાં બાળક આનંદ અનુભવે છે ત્યારે તે માતા તરીકેનું કાર્ય કરે છે. રમતના મેદાનમાં તે વિદ્યાર્થીઓનો સાથી ખેલાડી છે. સંબંધોની આ બધી વિવિધતા શિક્ષકના મનને પ્રફુલ્લિત બનાવે છે.'

કોમનવેલ્થ રીપોર્ટ (૧૯૭૪)[૪૧] મુજબ, શિક્ષક તેના કાર્યને સક્રિયતાપૂર્વક કે નિષ્ક્રિયતાપૂર્વક નિભાવે છતાં પણ શિક્ષણના વિકાસમાં તેની ભૂમિકા ચાવીરૂપ છે. શિક્ષણમાં નવાચારોનો વિરોધ કરીને અથવા શિક્ષણમાં સુધારાની વધતી જરૂરિયાતો સમક્ષ તટસ્થ રહીને શિક્ષક વિકાસને પ્રતિકૂળ અસર કરી શકે. વળી અન્ય રીતે જોતા, તે જ્ઞાનના ઉદ્‌ગાતા તરીકે અથવા અન્યની વિવિધ યોજનાઓનો ગૂઢાર્થ સ્પષ્ટ કરીને શિક્ષણના કાર્યમાં સક્રિયતાપૂર્વક ભાગ લઈ શકે.

---

[૩૯] K. S. Mishra. ***Teachers and Their Education.*** Amabala Cants : The Associate Publishers, 1993.

[૪૦] S. Chidbhavananda. ***The Indian National Education.*** Madras; Tapovan Publishing House, 1964.

[૪૧] Commonwealth Secretariat. ***Teacher Education in a changing society,*** Report of Commonwealth Conference on Teacher Education, London : Commonwealth Secretariat, 1974.

સામાન્ય રીતે શિક્ષકના મુખ્ય ચાર કર્તવ્યો હોય છે.

૧. વર્ગ અધ્યાપન માટે શિક્ષકે પૂરી તૈયારી કરીને જ જવું.

૨. વિદ્યાર્થીઓના અધ્યયનમાં માર્ગદર્શક કે સહાયક બનવું

૩. વિદ્યાર્થીઓની પ્રગતિ ચકાસવી

૪. વિદ્યાર્થીઓ માટે ઉદાહરણરૂપ બનવું.

પણ વર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકાને આ મુજબ સાંકળવામાં આવે છે :

**અ) શાળા અથવા વિશ્વવિદ્યાલયમાં ભૂમિકા**

– અધ્યયન માટેનો મધ્યસ્થી કે લવાદ
– વિદ્યાર્થીઓની વર્તણૂકનો નિયંત્રક અથવા શિસ્ત આગ્રહી
– માતા–પિતાનો વિકલ્પ
– વિદ્યાર્થીઓનો વિશ્વાસુ
– વિદ્યાર્થીઓની સિદ્ધિનો ન્યાયાધીશ
– અભ્યાસક્રમનો સંચાલક
– અમલદાર
– વિદ્વાન અને સંશોધન નિષ્ણાત
– શિક્ષકોના સંગઠનનો સભ્ય

**બ) સમાજમાં ભૂમિકા**

– જનતાનો સેવક
– મધ્યમ વર્ગની નૈતિકતાનો વાહક
– જ્ઞાન અને કૌશલ્યના કેટલાક ક્ષેત્રમાં નિષ્ણાત
– સામાજિક પરિવર્તનનો પ્રતિનિધિ

આમ, આધુનિક યુગના શિક્ષકને ફક્ત ઉપસ્થિત વિષયવસ્તુ અને માહિતી બાળક સુધી પહોંચાડવા સિવાય ઘણુ બધું વધારે કાર્ય કરવાનું રહે છે અને જો તે બધું જ કાર્ય સારી રીતે કરી શકે તો તે અસરકારક શિક્ષક બનવા તરફની દિશામાં પ્રયાણ કરે.

**૨.૪.૩ અસરકારક શિક્ષક : વ્યાખ્યાઓ.** ગુપ્તા (૧૯૯૯)[૪૨] ના મત મુજબ, શિક્ષકની અસર એટલે શિક્ષકે પ્રયોજેલ આવડત જેમાં–શિક્ષકનું માર્ગદર્શન, વર્ગખંડમાં વ્યવહાર, વ્યક્તિગત અભિગમ, વલણ અને સ્વભાવ દર્શન, વિષયનું મૂલ્યાંકન અને રજૂઆત, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધની સ્થાપના, શિક્ષકની પોતાની કાર્ય પ્રત્યેની જાગૃતિ, શિક્ષકના કાર્યની યોગ્ય શરૂઆત તથા ઉત્સાહપૂર્વક અંત, શૈક્ષણિક મૂલ્યની જાળવણી, વિવિધ સંશોધનો દ્વારા દરરોજ પાઠ પ્રતિ જાગૃતતાનો સમાવેશ થાય છે.

રીઆન્સ (૧૯૫૦)[૪૩] કહે છે કે, 'શિક્ષણ ત્યાં સુધી અસરકારક છે જયાં સુધી શિક્ષકનું કાર્ય અસરકર્તા બને છે. જેમાં પાયાની બુદ્ધિપ્રતિભા, સમજશક્તિ, કાર્ય પ્રત્યેનું વલણ, જરૂરી વર્તણૂક, નિર્ણાયક મૂલ્ય અને જરૂરી વ્યક્તિગત સમાધાનકારી વ્યવસ્થા કે જે વિદ્યાર્થીને લાગુ પડે છે. (ગુપ્તા, ૧૯૯૯ દ્વારા ઉદ્ધૃત)

બાર (૧૯૫૨)[૪૪] જણાવે છે કે, 'શિક્ષકની અસરકારકતા વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના તથા શિક્ષણને લગતા કાર્યકર્તાઓની ક્ષમતાને મર્યાદિત રીતે અને સુગમતા જાળવીને સંજોગ અનુસાર અસર કરે છે.' (ગુપ્તા, ૧૯૯૯ દ્વારા ઉદ્ધૃત)

રેમર્સ (૧૯૫૨)[૪૫] મુજબ, 'શિક્ષકની અસરકારકતા એ તેના વાહકોને ચોક્કસ કાર્ય પૂરતી અસર કરે છે.' (ગુપ્તા, ૧૯૯૯ દ્વારા ઉદ્ધૃત)

**૨.૪.૪ અસરકારક શિક્ષકના ગુણો અને લાક્ષણિકતાઓ.** આપણા શૈક્ષણિક વાતાવરણમાં શિક્ષક એ મુખ્ય સ્થાને બિરાજમાન છે એ નિર્વિવાદ છે. અસરકારક શિક્ષણ માટે આપણને સારા અને સામર્થ્યવાન શિક્ષકોની જરૂર છે. જે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ પ્રતિ પ્રેમ, ઉત્સાહ અને વ્યવહારમાં કોમળતા દર્શાવે છે તેવા શિક્ષકોને વિદ્યાર્થીઓ જે શિક્ષકો આવા ગુણો ધરાવતાં નથી તેમના કરતાં વધારે હકારાત્મક રીતે સ્વીકારે છે.

---

[૪૨, ૪૩, ૪૪ અને ૪૫] A.K. Gupta, ***Teacher Education–Current and Prospects.*** New Delhi : Sterling Publishers Pvt. Ltd, 1999, p. 119.

શિક્ષકના વર્તનના ગુણોની અસર વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ પર પણ પડે છે. પરંતુ શિક્ષકના ગુણો અને લાક્ષણિકતાઓ એ સાપેક્ષ પરિભાષા છે અને તે અન્ય બિનઅસરકારક શિક્ષકો સાથે સરખામણી કરીને સ્થાપિત કરી શકાય છે.

એડવાલ (૧૯૭૯)[૪૬] દર્શાવે છે કે, 'અસરકારક શિક્ષકના વિશિષ્ટ ગુણો અને લાક્ષણિકતાઓની ઓળખાણ થવાથી સામર્થ્યવાન શિક્ષકની પસંદગી સરળ બને છે જયારે બીજી બાજુ બિનકાર્યક્ષમ અને બિનઅસરકારક શિક્ષકોની પસંદગી નિવારી શકાય છે. જો કે, સફળ શિક્ષકના ગુણો નિશ્ચિત કરવાની પ્રક્રિયાને પ્રાથમિક તબક્કે કૌશલ્ય અને વૈજ્ઞાનિક સંશોધન ગણાવી શકાય.'

બાર (૧૯૪૮)[૪૭] એ શિક્ષક અસરકારકતા પર થયેલાં અભ્યાસના આધારે અસરકારક શિક્ષકની મુખ્ય બાબતો આ મુજબ તારવી હતી :

**૧. શિક્ષકના અંગત ગુણો**

**૨. શિક્ષકની સામર્થ્યતા**

**અ. અભ્યાસની પ્રક્રિયાના માર્ગદર્શક તરીકે**

- વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ઓળખવાનું કૌશલ્ય
- શિક્ષણના ધ્યેયો નક્કી કરી તેને વ્યાખ્યાયિત કરવા
- અધ્યેતાને પ્રોત્સાહન પૂરું પાડવા યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવાનું કૌશલ્ય
- અધ્યયન અનુભવોની પસંદગીનું કૌશલ્ય
- શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવાનું કૌશલ્ય
- શિક્ષક–વિદ્યાર્થી સંબંધો જાળવવાનું કૌશલ્ય
- વિદ્યાર્થી જ્ઞાન–નીપજનું મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય
- વ્યવસ્થાપન અંગેનું કૌશલ્ય
- સામાન્ય સૂચનો આપવાનું કૌશલ્ય

---

[૪૬] S. B. Adval. ***Quality of Teachers.*** Allahbad : Amitabh Prakashan, 1979.

[૪૭] A. S. Barr. The Measurement and Prediction of Teaching Efficiency : A Summary of Investigations. ***Journal of Experimental Education,*** Wisconsin : Dember Educational Research Services, XVI (June), 1948, p. 203.

**૩. વર્તન નિયંત્રણો**

**અ) જ્ઞાન**

- વિષયવસ્તુનું જ્ઞાન
- બાળવર્તન અને વિકાસનું જ્ઞાન
- વ્યાવસાયિક વ્યવહાર અને પ્રયુક્તિઓનું જ્ઞાન
- સામાન્ય સાંસ્કૃતિક પાશ્વભૂમિનું જ્ઞાન
- વિદ્વતા

**બ) સામાન્યીકૃત કૌશલ્યો**

- સમસ્યા હલ કરવાનું કૌશલ્ય
- કાર્ય ટેવો
- માનવ સંબંધોનું કૌશલ્ય
- ભાષાના ઉપયોગનું કૌશલ્ય

**ક) રસ, અભિગમ, આદર્શો**

- વિદ્યાર્થીમાં રસ
- વિષયમાં રસ
- અધ્યાપન અને શાળામાં રસ
- સમાજમાં રસ
- સામાજિક અભિગમો
- વ્યાવસાયિક અભિગમો
- સ્વ–સુધાર માટેના પ્રયત્નો
- સામાન્ય રસ–રુચિ
- સહઅભ્યાસકીય પ્રવૃત્તિઓમાં રસ

અસરકારક શિક્ષકના અન્ય ગુણોમાં સારી શિસ્ત અને વર્ગકંટ્રોલ, સારું અધ્યાપન કાર્ય અને વિદ્યાર્થીનું ગૃહકાર્ય તપાસવું, કર્તવ્ય તત્પરતા અને વફાદારી, શાળાના બધા જ પ્રકારના કાર્યોમાં સહકારયુક્ત વલણ અને સારું ચારિત્ર્ય તેમજ સારી રીતભાતનો સમાવેશ થાય છે.

અસરકારક શિક્ષકો બાળકોને સ્વીકારનાર, જતન કરનાર, સ્વસ્થ, પ્રામાણિક, ઉદ્યમી, સ્વચ્છ અને ખુલ્લાં મનવાળો, મૌલિક, પ્રગતિશીલ તેમજ માહિતગાર હોય છે. વિદ્યાર્થીઓ દ્વારા થતું મૂલ્યાંકન એ સામાન્ય અને પ્રાકૃતિક લક્ષણ છે. વિદ્યાર્થીઓ બહુ સારી રીતે જાણે છે કે કયા શિક્ષક સારા છે અથવા તો સારા નથી. તેથી આ બાબતમાં વિદ્યાર્થીઓનો મત જ અસરકારક શિક્ષકો માટે જરૂરી લાક્ષણિકતાઓ નિશ્ચિત કરવામાં મદદરૂપ થઈ શકે.

આમ, અસરકારક શિક્ષક એ સાપેક્ષ પરિભાષા છે જેમાં ઘણી બધી ગુણવત્તાઓ જોડાયેલી છે. આવા વિવિધ કારકો શિક્ષક અંદર હોય તો તે સારો શિક્ષક બની શકે. કોઈ પણ શિક્ષકની સફળતા અસરકારક રીતે માપવા માટે તેમના વિદ્યાર્થીઓની સિદ્ધિને પાયારૂપે લઈ શકાય.

**૨.૪.૫ વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતા શિક્ષકના લક્ષણો.** કોઈ પણ શૈક્ષણિક પદ્ધતિની અસરકારકતા તે પદ્ધતિમાં વિદ્યાર્થીઓની સહભાગીદારી કેટલા પ્રમાણમાં છે તેના પરથી માપી શકાય છે પછી ભલે તે જ્ઞાનાત્મક, ભાવાત્મક કે ક્રિયાત્મકમાંથી કોઈ પણ પાસાં સાથે સંકળાયેલ હોય. તેથી જ કોઈ પણ શિક્ષણકાર, શિક્ષક કે શૈક્ષણિક વહીવટકારનું લક્ષ્ય ઉપસ્થિત શૈક્ષણિક પરિસ્થિતિઓમાં શૈક્ષણિક સિદ્ધિનો આંક વધુને વધુ ઊંચે લઈ જવાનો હોય છે.

એકલેન્ડ (૧૯૭૬)[૪૮] જણાવે છે કે મહાન શિક્ષકોને તેમના વિદ્યાર્થીઓની સિદ્ધિના પ્રાપ્તાંકોના આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. એ એવા શિક્ષકો છે કે જેમની પાસે અપેક્ષા રાખવામાં આવી હતી તેના કરતાં પણ વધારે હકારાત્મક અસરો તેમણે છોડી હોય, વળી ઉત્તરોત્તર તેમની આ અસરમાં એકસમાન વધારો જોવા મળ્યો હોય. શિક્ષણના વિવિધ સ્તરે વિદ્યાર્થીઓની સિદ્ધિને અસર કરતા શિક્ષકોને શોધવાના અસંખ્ય પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં.

રાઈટ અને અન્યો (૧૯૭૦)[૪૯] એ જણાવ્યું છે કે શિક્ષક વર્તનના તફાવતની અસર વર્ગખંડના વિદ્યાર્થીની સિદ્ધિ પર પડે છે.

---

[૪૮] Aenny, Acland. Are these great teachers ? ***Educational Research Quaterly,*** I, 38, California, 1976.

[૪૯] C. J. Wright & others. A study of classroom interaction in the training of teachers. ***Educational Research Newsletter,*** Department of Education, University of Canterbury, New Zealand, 1970.

રોઝેનશાઈન (૧૯૬૯)[૫૦] એ શિક્ષકના વર્તનના તફાવતથી વિદ્યાર્થીઓની સિદ્ધિમાં તફાવત જોવા મળે છે એ વાતને તાર્કિક રીતે અશક્ય ઠરાવી.

રોઝેનશાઈન અને ફ્રોસ્ટ (૧૯૭૧)[૫૧] એ શિક્ષક વર્તન અને વિદ્યાર્થી સિદ્ધિ પરના ૬૦ અભ્યાસોને તપાસી ૧૧ ચલોનું એક લીસ્ટ બનાવ્યું જેમાં સાપેક્ષ સુસંગતતા જણાઈ જે સાર્થક રીતે વિદ્યાર્થીઓની વૃદ્ધિ સાથે સંબંધિત હતી જયારે શિક્ષક વર્તન અને વિદ્યાર્થી સિદ્ધિ વચ્ચે આકસ્મિક સંબંધને બદલે સહસંબંધ જોવા મળ્યો.

શર્મા (૧૯૭૨)[૫૨] વિદ્યાર્થીઓની સિદ્ધિ પર શિક્ષકના વર્ગખંડ વર્તનના વિવિધ નમૂનાઓ પર પ્રકાશ પાડે છે. જયારે જાંગીરા (૧૯૭૩)[૫૩] તેના શિક્ષક–પ્રશિક્ષણના અભ્યાસના એક ભાગરૂપે જણાવે છે કે પ્રક્રિયા નીપજમાં પરિણમે છે.

કુરેશી (૧૯૭૩)[૫૪] શિક્ષકના વ્યક્તિત્વના સંદર્ભે શિક્ષકના વર્ગખંડ વર્તનનું પૃથક્કરણ કરતા જણાવે છે કે, 'જો સામર્થ્યવાન શિક્ષકો મેળવી શકાય તો ઈચ્છનીય શૈક્ષણિક નીપજો પ્રાપ્ત થવાની શક્યતા વાસ્તવિક બને છે.' આપણે શિક્ષકના વર્ગખંડ વર્તનનું અવલોકન કરવું જ જોઈએ અને વિદ્યાર્થીઓની સિદ્ધિ સાથે સંકળાયેલ અસરકારક ભાતો ઓળખી કાઢવી જોઈએ.

---

[૫૦] B. Rosenshine. Teaching behaviour related to pupil achievement. ***Classroom Interaction Newsletter,*** 1969, 5(1), pp. 4-14.

[૫૧] B. Rosenshine and N. Fraust. Research on Teacher Performance criteria. In B.O. Smith (Ed.), ***Research in Teacher Education : A Symposium.*** Englewood : Cliffs, N.J., Prentice Hall, 1971.

[૫૨] S. Sharma. ***Relationship between patterns of teacher classroom behaviour and pupils' attainment in terms of instructional objectives***. Ph.D. Thesis, M.S. University, Baroda, 1972.

[૫૩] N.K. Jangira. ***Classroom behaviour, training of teachers and its relationship with some selected measures of pupils' criteria of teacher effectiveness.*** Ph.D. Thesis, M.S. University, Baroda, 1973.

[૫૪] Z. M. Quraishi. ***Personality, attitudes and classroom behaviour of teacher.*** Ph.D. Thesis. M. S. University, Baroda, 1973.

લલ્લા (૧૯૭૪)[૫૫] એ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર શિક્ષકના વર્તનના પ્રભાવનો અભ્યાસ કર્યો હતો. સિંઘ (૧૯૭૪)[૫૬] એ જણાવ્યું કે શિક્ષક વર્તનના વિવિધ પરિમાણો સાથે વિદ્યાર્થીનું વર્તન અને સિદ્ધિ ઉચ્ચ અને હકારાત્મક સહસંબંધ ધરાવે છે.

પાસી અને સનસનવાલ (૧૯૯૧)[૫૭] જણાવે છે કે, શિક્ષકનું વર્ગખંડ વર્તન વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિ પર અસર કરે છે. કિલ્પલિંગર (૧૯૯૭)[૫૮] જણાવે છે કે શાળાની અસર કરતા શિક્ષકની લાક્ષણિકતાઓ વધારે મજબૂતાઈથી વિદ્યાર્થીઓની સિદ્ધિ સાથે સંકળાયેલ છે. જયારે સિંઘલ અને મોહંતી (૨૦૦૦)[૫૯] ના હેવાલ મુજબ શિક્ષકની લાક્ષણિકતાઓ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સાર્થક સહસંબંધ નથી.

પાન્ડા (૨૦૦૦)[૬૦] જણાવે છે કે શિક્ષક તાલીમ અને શૈક્ષણિક લાયકાત વિદ્યાર્થીઓની સિદ્ધિમાં વધુ સારું પરિણામ લાવી શકે છે. જયારે અધ્યાપન અનુભવ અને સેવાકાલિન તાલીમની અધ્યયન સિદ્ધિ પર કોઈ અસર થતી નથી.

આમ, વિવિધ સંશોધકો દ્વારા શિક્ષકની અસરકારકતા અને અસરકારક શિક્ષણ વિશેની વ્યાખ્યાઓ આપવાનો પ્રયાસ થયો છે. આ વ્યાખ્યાઓ તથા અન્ય સંદર્ભોના અભ્યાસ દ્વારા અસરકારક શિક્ષકના લક્ષણો આ મુજબ તારવી શકાય :

---

[૫૫] T. P. Lulla. ***An Investigation into the effects of teacher classroom behaviour on pupils' achievement.*** Ph.D. Thesis, M. S. University, Baroda, 1974.

[૫૬] D. Singh. Job satisfaction and job behaviour. ***Indian Psychological Abstract,*** 1974, 5 (3).

[૫૭] B. K. Passi and D. N. Sansanwal. Research in teaching : A trend report in M.B. Buch (Ed.). ***Fourth Survey of Research in Education, (II),*** 1991, New Delhi, NCERT.

[૫૮] Vonda Lynn. Kilplinger. Investigation of factors affecting mathematics achievement in eight grades of Havaii's public school, ***Dissertation Abstract International,*** 1997, 58 (1), p. 141.

[૫૯] S. Singhal and N. Mohanty. Teacher improvement and learning achievement in children.***Indian Educational Abstract,*** 2000, (7 & 8), pp. 85-86.

[૬૦] B. N. Panda. ***A study of factors affecting pupil's achievement in primary schools of Orissa.*** RIE, Bhubaneswar (ERIC Project), 2000.

**અસરકારક શિક્ષક અને તેનું વ્યક્તિત્વ**

- સ્વચ્છ અને ખુલ્લાં મનવાળો, નિઃ સ્વાર્થી
- સ્વસ્થ, પ્રામાણિક, ઉદ્યમી, ચોક્કસાઈવાળો
- જ્ઞાની તથા સતત શીખવાની ભાવનાવાળો
- મૌલિક, પ્રગતિશીલ, નિયમિત
- ઉષ્માસભર, પૂર્વગ્રહમુક્ત, પરિપક્વ
- સ્વમાની, વિવેકી, ચારિત્ર્યવાન
- સર્જનશીલ, પસંદિત રીતભાત
- નિઃસ્વાર્થી

**અસરકારક શિક્ષક અને વર્ગ સંચાલન**

- વિષયવસ્તુ નિષ્ણાત, અધ્યાપનમાં અસામાન્ય દક્ષતા
- શિક્ષણની નવીનતમ પદ્ધતિઓનો જાણકાર
- સારી શિસ્ત અને વર્ગકંટ્રોલ
- નિયમિત ગૃહકાર્ય તપાસનાર
- સહકારયુક્ત લોકશાહી વલણ

**અસરકારક શિક્ષક અને વિદ્યાર્થી સાથેનો વર્તાવ**

- વિદ્યાર્થીઓમાં રસ દાખવનાર અને તેમને સમજનાર
- વિદ્યાર્થીઓની સમસ્યાઓને હલ કરનાર
- વિદ્યાર્થીઓનું સ્વમાન સાચવનાર, નિષ્પક્ષ વર્તાવ
- વિશિષ્ટ બાળકો તરફ વ્યક્તિગત ધ્યાન આપનાર
- વિદ્યાર્થીઓમાં સુષુપ્ત શક્તિઓ જાગૃત કરનાર
- વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિનું ધ્યાન રાખનાર
- વિદ્યાર્થીઓ પાસે પોતાના વ્યક્તિગત કાર્યો કરાવવાની અપેક્ષા નહીં

**અસરકારક શિક્ષક અને શાળા**

- શાળાના કામ માટે ગમે ત્યારે હાજર રહેનાર
- શાળાના વિકાસ માટે જાગૃત

- શાળાના દરેક પ્રસંગોમાં અચૂક હાજર રહેનાર
- શાળામાં દરેક પ્રકારની મુશ્કેલીઓ દૂર કરવામાં સહભાગી
- અન્ય શિક્ષકો સાથે હકારાત્મક વર્તન રાખનાર
- આચાર્યની આજ્ઞાનું પાલન કરનાર
- વિદ્યાર્થીઓ, વાલીઓ, બિનશૈક્ષણિક સ્ટાફ પ્રત્યે સારો વ્યવહાર કરનાર

**અસરકારક શિક્ષક અને સમાજ**

- સમાજસેવાના કાર્યોમાં અગ્રેસર
- સમાજમાં માન ધરાવનાર
- સમાજમાં પ્રસરેલ દૂષણોને દૂર કરનાર
- સમાજમાં વિવિધ કાર્યક્રમો દ્વારા જાગૃતિ લાવનાર
- બિનસાંપ્રદાયિકતાની ભાવના ધરાવનાર
- સમાજની દરેક વ્યક્તિઓને સમાન નજરે જોનાર

**અસરકારક શિક્ષક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિ**

- ભાષા મંડળની સ્થાપના કરી કવિ, લેખક તથા તેમના સાહિત્ય સર્જનથી વિદ્યાર્થીઓને માહિતગાર કરે.
- વિજ્ઞાન મંડળની સ્થાપના કરી વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓનો રસ વધે તેવા પ્રયત્નો કરે.
- શૈક્ષણિક પર્યટનોનું આયોજન કરે.
- નાટક, ગરબા, વકતૃત્વ સ્પર્ધા તથા અન્ય પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરી શકે.

આમ, વિવિધ સંદર્ભોમાંથી સંશોધકે પોતાની આંતરસૂઝ દ્વારા વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો હતો. સંશોધકે સંશોધન કાર્ય દરમિયાન પોતાના સંશોધનના વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા કરી હતી. જેનાથી પ્રસ્તુત અભ્યાસના વિષયવસ્તુ અંગેની સ્પષ્ટતા થઈ હતી. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા સંદર્ભે પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા કરી હતી. જે હવે પછીના પ્રકરણમાં રજૂ કરવામાં આવી છે.

# પ્રકરણ 3
# પૂર્વે થયેલા સંશોધનોની સમીક્ષા

3.૦ પ્રસ્તાવના

3.૧ સંબંધિત સંશોધનોની સમીક્ષાનું મહત્ત્વ

3.૨ સંબંધિત સંશોધનોની સમીક્ષાના પ્રશ્નો

3.3 પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

3.3.૧ એમ. એડ્. કક્ષાના સંશોધનોની સમીક્ષા

3.3.૨ પીએચ. ડી. કક્ષાના સંશોધનોની સમીક્ષા

3.૪ પ્રાપ્ય સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષા

3.૫ પૂર્વે થયેલા સંશોધનોના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનની સાર્થકતા

# પ્રકરણ ૩
# પૂર્વે થયેલાં સંશોધનની સમીક્ષા

## ૩.૦ પ્રસ્તાવના

પ્રત્યેક વ્યક્તિ પોતાની વિકાસયાત્રામાં બીજી વ્યક્તિઓનો ઉપયોગ કરે જ છે. તેવી જ રીતે પ્રસ્તુત અભ્યાસ પણ પૂર્વે થયેલાં અભ્યાસના આધારો પર આગળ વધે તે સ્વાભાવિક છે. પૂર્વે થયેલાં અભ્યાસ દ્વારા સંશોધક પોતાના સંશોધનની દિશા અને ગતિ નક્કી કરે છે. પૂર્વે થયેલાં અભ્યાસો પથદર્શક બની અભ્યાસ કાર્યની સફળતા તરફ સંશોધકને પ્રેરે છે માટે સંશોધકે સંશોધનને અનુરૂપ તેને સંલગ્ન સાહિત્યનું અધ્યયન કરવું જરૂરી બને.

દરેક સંશોધક ભૂતકાળમાં થયેલાં સંશોધનોનો અભ્યાસ કરે છે અને પોતાના ક્ષેત્રમાં કેવાં કેવાં અભ્યાસો થયાં છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવે છે. સંશોધન કાર્યમાં મુખ્ય અને ગૌણ પ્રકારની માહિતીની પ્રાપ્તિ માટે સમસ્યાના દરેક પાસાંની ઝીણવટભરી રજૂઆત, ભૂતકાળમાં થયેલાં સંશોધનો, સંબંધિત અલગ અલગ પુસ્તકો તેમજ છૂટાં છવાયાં સંશોધનોના તારણો અને ફલિતાર્થો ઉપયોગી બને છે.

વાન ડાલેન, ડી. બી. અને મેયેર, ડબ્લ્યૂ. જે. (૧૯૬૬) મુજબ સંશોધનોની મહત્તા અને ત્રુટિઓ જાણ્યાં બાદ સંશોધકની આ ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાનું સંશોધન કરવાની સંભાવના વધી જાય છે અથવા તો સંશોધન પ્રક્રિયા સંબંધી જે ભૂલો અગાઉના શોધકાર્યમાં થયેલી હોય તેની પુનરાવૃત્તિ થવાની સંભાવના ખૂબ જ ઘટી જાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંબંધિત સંશોધનોની સમીક્ષાનું મહત્ત્વ, સંબંધિત સંશોધનોની સમીક્ષાના પ્રશ્નો, પૂર્વે થયેલાં સંશોધનની સમીક્ષા રજૂ કરી છે. તેમજ પ્રસ્તુત અભ્યાસની સાર્થકતા દર્શાવી છે.

---

[૧] D. B. Van Dalen and W. J. Meyer. ***Understanding Educational Research.*** New York : Mcgraw–Hill Book Company, 1966, p. 98.

## ૩.૧ સંબંધિત સંશોધનોની સમીક્ષાનું મહત્ત્વ

કોઈ પણ સંશોધન કાર્યને પૂર્ણ કરવા માટે સંશોધકે પોતાના માર્ગદર્શકની સહાય, નિષ્ણાતોની મદદ ઉપરાંત સંશોધનને લગતા વિવિધ અભ્યાસોથી માહિતગાર થવું જરૂરી બને છે. સંશોધકે હાથ ધરેલાં અભ્યાસ માટેનું જ્ઞાન સંશોધકને પૂર્વે થયેલાં સંશોધનો તેમજ જ્ઞાનના અખૂટ ભંડાર સમા પુસ્તકોમાંથી જ પ્રાપ્ત થાય છે.

વિવિધ મેગેઝિનો, સામયિકો, લેખોમાંથી સંશોધન સમસ્યાને અનુરૂપ તારણો મળવાથી સંશોધકને એક નવી દિશા પ્રાપ્ત થાય છે. સંબંધિત સાહિત્યના અભ્યાસ દ્વારા પોતાના ક્ષેત્રમાં થયેલાં કાર્ય વિશેની છેલ્લાંમાં છેલ્લી માહિતી પ્રાપ્ત થઈ શકે છે. આ ઉપરાંત, પૂર્વે થયેલાં સંશોધનોનો અભ્યાસ આ મુજબના કારણોસર મહત્ત્વનો બની રહે છે :

૧. સંશોધકને નવા સંશોધન અંગેની દિશા મળી રહે છે.
૨. સંબંધિત ક્ષેત્રમાં કેવાં પ્રકારનું કાર્ય થયું છે ? તેમજ શું બાકી છે ? તેનો ખ્યાલ આવે છે.
૩. સંશોધન યોજનાની સૈદ્ધાંતિક ભૂમિકા મળી રહે છે.
૪. સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કલ્પનાઓ (Hypotheses) બાંધવામાં અને ચલો નક્કી કરવામાં મદદરૂપ થાય છે.
૫. સંશોધક વિવિધ સંશોધન પદ્ધતિઓથી વાકેફ બને છે અને પોતાના સંશોધન માટે યોગ્ય સંશોધન પદ્ધતિ પસંદ કરી શકે છે.
૬. સંશોધક યોગ્ય ઉપકરણની પસંદગી કે સંરચના કરી શકે છે.
૭. સંશોધકને પોતાના અભ્યાસનું વ્યાપવિશ્વ (Population) નક્કી કરવામાં મદદરૂપ થાય છે.
૮. સંશોધકને નમૂનો (Sample) પસંદ કરવાની પદ્ધતિ નક્કી કરવામાં ઉપયોગી બને છે.
૯. સંશોધકને સંદર્ભ સાહિત્યની પ્રાપ્તિ થાય છે.
૧૦. સંશોધન કાર્યમાં બિનજરૂરી પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રેરે છે.

## ૩.૨ સંબંધિત સંશોધનોની સમીક્ષાના પ્રશ્નો

સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવા માટે સંબંધિત સાહિત્યનો સંદર્ભ લેવો જરૂરી બની રહે છે. સાહિત્યના વાંચન તથા સાહિત્યનું નિરીક્ષણ કરતા પહેલાં સંશોધકના મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યાં હતાં, જે આ પ્રમાણે છે :

૧. સંશોધકે જે વિષય પર સંશોધન હાથ ધર્યું છે તે વિષય પર અન્ય કોઈ સંશોધકે સંશોધન કર્યું હતું કે નહીં ?
૨. અન્ય સંશોધનોના હેતુઓ કેવાં હતાં?
૩. અન્ય સંશોધનોમાં કયા ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
૪. અન્ય સંશોધનોમાં કઈ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ?
૫. અન્ય સંશોધનોના તારણો શા હતાં?
૬. અન્ય સંશોધનો અને સંશોધકના સંશોધન વચ્ચે શી સામ્યતા છે ?
૭. અન્ય સંશોધનો કઈ કક્ષાએ થયાં છે ?

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સમસ્યા સાથે સંબંધિત ચલો અંગેની વિશેષ જાણકારી મેળવવા માટે પસંદ કરેલા સમીક્ષાના હેતુઓ આ પ્રમાણે હતાં :

૧. વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાના ક્ષેત્રમાં સંશોધન સમસ્યા સુનિશ્ચિત કરવી.
૨. વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસકારકતાના ક્ષેત્રમાં સંશોધન માટેની યોગ્ય સંશોધન પદ્ધતિ નક્કી કરવી.
૩. વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાના ક્ષેત્રમાં સંશોધન સમસ્યાના હેતુઓને અનુરૂપ મળેલ માહિતીના પૃથક્કરણની રીત નક્કી કરવી.

સમીક્ષાના હેતુઓ નક્કી થયાં બાદ સંશોધક દ્વારા પ્રસ્તુત અભ્યાસના ક્ષેત્રમાં થયેલાં સંશોધન સારાંશો પ્રાપ્ત કરવામાં આવ્યાં હતાં. પ્રાપ્ત સંશોધનોની સમીક્ષા માટે પ્રયોજકે આ મુજબના કેટલાક પ્રશ્નો તૈયાર કર્યા હતાં.

૧. વ્યવસાય સંતોષ સાથે સંબંધિત કયા કયા ચલોનો અભ્યાસ થયેલ છે ?

૨. શૈક્ષણિક સિદ્ધિ સાથે સંબંધિત કયા કયા ચલોનો અભ્યાસ થયેલ છે ?

૩. શિક્ષક અસરકારકતા સાથે સંબંધિત કયા કયા ચલોનો અભ્યાસ થયેલ છે ?

૪. સંબંધિત અભ્યાસોમાં કયા કયા ઉપકરણો ઉપયોગમાં લેવામાં આવેલ હતાં ?

૫. પુરોગામી અભ્યાસો કઈ શૈક્ષણિક કક્ષા સાથે સંબંધિત છે ?

૬. સંબંધિત અભ્યાસોમાં નમૂનાનું પ્રમાણ કેટલું હતું ?

૭. પુરોગામી અભ્યાસોમાં કેવા પ્રકારના તારણો જોવા મળેલ હતાં ?

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સંશોધન સમસ્યાને સંબંધિત હોય તેવાં પૂર્વે થયેલાં કેટલાક સંશોધનોના સારાંશો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. જે આ પ્રમાણે છે :

## ૩.૩ પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા

પ્રસ્તુત અભ્યાસ સંબંધિત પૂર્વે થયેલાં સંશોધનોના સારાંશો બે ભાગમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. જે આ પ્રમાણે છે :

૧. એમ. એડ્. કક્ષાના સંશોધનોની સમીક્ષા

૨. પીએચ. ડી. કક્ષાના સંશોધનોની સમીક્ષા

### ૩.૩.૧ એમ. એડ્. કક્ષાના સંશોધનોની સમીક્ષા

**પટેલ, એચ. પી. (૨૦૦૦)[૨] નો અભ્યાસ**

**સમસ્યા.** વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.**(૧) વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કરવો. (૨) વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની જાતીયતા, શૈક્ષણિક લાયકાત અને શિક્ષણકાર્યના અનુભવના સંદર્ભમાં વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કરવો.

---

[૨] એચ. પી. પટેલ. ***વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૨૦૦૦.

**અભ્યાસની યોજના.** વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે ડૉ. પ્રમોદકુમાર અને ડી. એન. મુથાની 'કાર્યસંતોષ પ્રશ્નાવલિ' નો ઉપયોગ કર્યો હતો.

**અભ્યાસના તારણો.** (૧) પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકોનો વ્યાવસાયિક સંતોષ સૂચક રીતે વધારે જોવા મળે છે. (૨) વધુ અને ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા પુરુષ શિક્ષકોના વ્યાવસાયિક સંતોષના સરેરાશ પ્રાપ્તંકો વચ્ચે સૂચક તફાવત નથી. (૩) વધુ અને ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતાં સ્ત્રી શિક્ષકોના વ્યાવસાયિક સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સૂચક તફાવત નથી. (૪) ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતાં પુરુષ અને સ્ત્રી શિક્ષકોના વ્યાવસાયિક સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સૂચક ભેદ નથી. (૫) શિક્ષણકાર્યનો વધુ અને ઓછો અનુભવ ધરાવતાં શિક્ષકોના વ્યાવસાયિક સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સૂચક તફાવત છે. (૬) શિક્ષણકાર્યનો વધુ અને ઓછો અનુભવ ધરાવતાં પુરુષ શિક્ષકોના વ્યાવસાયિક સંતોષના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સૂચક તફાવત છે.

**બૌરાઈ, વાય. (૨૦૦૧)[3] નો અભ્યાસ**

**સમસ્યા.** વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષના સ્તરને શોધી કાઢવું. (૨) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષના સ્તરને તેમની જાતીયતા, વૈવાહિક દરજ્જો, ઉંમર, કુટુંબનો પ્રકાર, અનુભવ, નેટ અને બિન–નેટ તથા લાયકાતના સંદર્ભમાં શોધી કાઢવું. (૩) હંગામી વ્યાખ્યાતાઓના સંતોષને વ્યવસાય સંબંધિત જુદા જુદા કારકોના સંદર્ભે શોધી કાઢવો. (૪) વ્યવસાય સંતોષ સુધાવા માટે સૂચનો શોધી કાઢવા.

---

[3] વાય. બૌરાઈ. ***વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, ૨૦૦૧.

**અભ્યાસની યોજના.** સહેતુક નમૂના પદ્ધતિના ઉપયોગથી એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની ૧૩ ફેકલ્ટીના વ્યાખ્યાતાઓને વ્યાપવિશ્વમાં આવરી લેવામાં આવ્યાં હતાં. ૧૩ ફેકલ્ટીમાંથી ૧૦ ફેકલ્ટીમાં જ હંગામી વ્યાખ્યાતાઓ હતાં. દરેક ફેકલ્ટીમાંથી યાદચ્છિક રીતે વ્યાખ્યાતાઓ પસંદ કરાયા હતાં. ૧૮૦ વ્યાખ્યાતાઓમાંથી ૮૦ વ્યાખ્યાતા પસંદ કરાયા હતાં. ઉપકરણો તરીકે વ્યવસાય સંતોષ માપદંડ, વૈયક્તિક માહિતીપત્રક અને બિનમાળખાંગત મુલાકાતનો પ્રયોગ થયો હતો. ટકાવારી, ટી–કસોટી, વિચરણ પૃથક્કરણ, કાઈ–વર્ગ અને વિષયવસ્તુ પૃથક્કરણનો ઉપયોગ માહિતી વિશ્લેષણ માટે થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) ૮૬ % હંગામી વ્યાખ્યાતાઓ મધ્યમ વ્યવસાય સંતોષ અને ૧૪ % હંગામી વ્યાખ્યાતાઓ ઉચ્ચ વ્યવસાય સંતોષ ધરાવતાં હતાં જયારે ૦% હંગામી વ્યાખ્યાતાઓને પોતાના વ્યવસાયથી અસંતોષ હતો. (૨) જ્ઞાતિ, વૈવાહિક દરજ્જો, ઉંમર, અનુભવ, લાયકાત, નેટ–પરીક્ષા, કુટુંબનો પ્રકાર વગેરેની હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષ પર સાર્થક અસર નથી. (૩) હંગામી વ્યાખ્યાતાઓને તેમને સોંપાયેલી જવાબદારી, વેતન અને નવું કાર્ય કરવાની તક તથા તેમની શક્તિઓનો ઉપયોગ કરવાની મળતી તકથી સંતોષ હતો.

**વાઢેર, એસ. ડી. (૨૦૦૨)[૪] નો અભ્યાસ**

**સમસ્યા.** પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧)શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્ય સંતોષ જાણવા માટે શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ સંશોધનિકાની સંરચના કરવી. (૨) પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષમાં કોઈ તફાવત છે કે કેમ તે તપાસવું. (૩) વિવિધ શૈક્ષણિક અનુભવ ધરાવતાં પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષમાં કોઈ ભેદ છે કે કેમ તે તપાસવું. (૪) પી. ટી. સી. થયેલાં અને પી. ટી. સી. ન થયેલાં હોય તેવા પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ વચ્ચે કોઈ તફાવત છે કે કેમ તે તપાસવું.

---

[૪] એસ. ડી. વાઢેર. ***પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૨.

(૫) પ્રાથમિક શાળાના શિક્ષકોનો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ અને તેમની ઉંમર વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે તે ચકાસવું.

**અભ્યાસની યોજના.** કોડીનાર તાલુકાના વિસ્તારની કુલ ૧૦૧ પ્રાથમિક શાળાઓના ૮૩૯ શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે આવરી લેવામાં આવ્યાં હતાં. ૨૪૨ શિક્ષકો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. જેમાં ૧૪૨ પુરુષ શિક્ષકો અને ૧૦૦ સ્ત્રી શિક્ષકો હતાં. ઉપકરણ તરીકે સંશોધનિકાની રચના કરી હતી. સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. એક માર્ગીય વિચરણ પૃથક્કરણ તેમજ સહસંબંધ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**અભ્યાસના તારણો.** (૧) સ્ત્રી અને પુરુષ શિક્ષકો શિક્ષક વ્યવસાય પ્રત્યેના કાર્યસંતોષની બાબતમાં તફાવત ધરાવતાં નથી. (૨) પ્રાથમિક શાળા કક્ષાએ સામાન્ય રીતે શિક્ષક તરીકેનો અનુભવ જેમ વધતો જાય છે તેમ તેમનો શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ પણ વધતો જાય છે. પ્રથમ પાંચ વર્ષનો અનુભવ ધરાવતાં શિક્ષકોનો કાર્યસંતોષ ઓછો જોવા મળે છે. (૩) શૈક્ષણિક લાયકાતના સંદર્ભે પી. ટી. સી. થયેલાં શિક્ષકોનો શિક્ષક વ્યાવસાયિક કાર્યસંતોષ અને પી. ટી. સી. ન થયેલાં શિક્ષકોનો શિક્ષક વ્યાવસાયિક કાર્યસંતોષ ચડિયાતો છે. (૪) પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષ અને તેમની ઉંમર સાથે સાર્થક ધન સહસંબંધ છે.

**સોલંકી, જે. (૨૦૦૫)[૫] નો અભ્યાસ**

**સમસ્યા.** વડોદરા શહેરની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં કોમર્સ વિષયમાં અધ્યાપન કરાવતાં શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) કોમર્સ વિષયો ભણાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ કરવો. (૨) કોમર્સ વિષયો ભણાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ તેમની જાતીયતા, વૈવાહિક દરજ્જો, ઉંમર, અનુભવ અને લાયકાતને ધ્યાને રાખી કરવો. (૩) કોમર્સ વિષયો ભણાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ જુદાં જુદાં વ્યવસાય કારકો જેવા કે

---

[૫] જે. સોલંકી. ***વડોદરા શહેરની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં કોમર્સ વિષયમાં અધ્યાપન કરાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, ૨૦૦૫.

પ્રગતિ / વ્યવસાયમાં વૃદ્ધિ, વ્યક્તિગત વિકાસ, આંતરવૈયક્તિક સંબંધો, વ્યવસાય સુરક્ષા, વેતન, વ્યક્તિગત જીવન, સ્વીકૃતિ / કદર, જવાબદારી, શાળા વહીવટ અને કાર્યસ્થિતિઓ, સ્વયં કાર્યના સંદર્ભમાં કરવો. (૪) આ કારકોને તેમની અગત્યના સંદર્ભે ક્રમબદ્ધ કરવા.

**અભ્યાસની યોજના.** વડોદરાની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સ ભણાવતા બધા જ શિક્ષકો આ અભ્યાસનું વ્યાપવિશ્વ હતું. કુલ ૨૨ શાળાઓમાંથી ૧૮ શાળાના ૩૬ શિક્ષકોને પસંદ કરાયા હતાં. ઉપકરણો તરીકે (૧) વૈયક્તિક માહિતી પત્રક, (૨) વ્યવસાય સંતોષ ક્રમમાપદંડ, (૩) વ્યવસાય સંતોષ ક્રમાંકન માપદંડ અને (૪) મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. ટકાવારી અને કાઈ–વર્ગના ઉપયોગથી માહિતી વિશ્લેષણ થયું હતું.

**અભ્યાસના તારણો.** (૧) મોટાભાગના શિક્ષકો પોતાના વ્યવસાયથી સંતુષ્ટ છે. (૨) પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકો અને અપરિણીત શિક્ષકો કરતાં પરિણીત શિક્ષકોનો વ્યવસાય સંતોષ વધારે છે. (૩) પરિણીત સ્ત્રીનો પરિણીત સ્ત્રી કરતાં, પરિણીત સ્ત્રીનો પરિણીત પુરુષ કરતાં અને અપરિણીત સ્ત્રીનો અપરિણીત પુરુષ કરતાં વધુ વ્યવસાયિક સંતોષ જોવા મળ્યો. (૪) ૩૫ થી વધુ વર્ષના શિક્ષકોનો ૩૫ થી ઓછી વયના શિક્ષકો કરતાં વધુ સંતોષ છે. (૫) ૧૦ વર્ષથી વધુ વર્ષનો અનુભવ ધરાવતાં શિક્ષકોનો વ્યવસાય સંતોષ ૧૦ વર્ષથી ઓછાં વર્ષનો અનુભવ ધરાવતાં શિક્ષકોના વ્યવસાય સંતોષ કરતા વધુ જોવા મળે છે. (૬) બી. એડ્. પદવી ધરાવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ બી. એડ્. પદવી ન ધરાવતાં શિક્ષકોના વ્યવસાય સંતોષ કરતા વધુ છે. (૭) હેતુ ત્રણમાં દર્શાવેલા બધા જ ચલોમાં ઉચ્ચ સંતોષ જોવા મળે છે. જેમાં આંતરવૈયક્તિક સંબંધમાં સૌથી વધુ સંતોષ અને વ્યવસાય સુરક્ષામાં સૌથી ઓછો સંતોષ જોવા મળે છે. (૮) હેતુ ચારમાં સ્કૂલ વહીવટ અને કાર્યસ્થિતિને પ્રથમ સ્થાન જયારે વ્યક્તિગત જીવનને સૌથી નિમ્ન સ્થાન મળે છે.

**ઉપાધ્યાય, એન. બી. (૨૦૦૬)[૬] નો અભ્યાસ**

**સમસ્યા.** જૂનાગઢ જિલ્લાના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સમસ્યાઓનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** વિદ્યાસહાયકોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.

**અભ્યાસની યોજના.** જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓના વિદ્યાસહાયકોમાંથી ઉના, વેરાવળ અને કોડીનાર એમ ત્રણ તાલુકાના નવનિયુક્ત વિદ્યાસહાયકોને નમૂના તરીકે સ્વીકાર્યા હતાં. ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો. સર્વેક્ષણ પદ્ધતિથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયો હતો. પ્રત્યુત્તરોનું વિગતવાર વિશ્લેષણ આવૃત્તિઓ અને શતમાનમાં કરવામાં આવ્યું હતું.

**અભ્યાસના તારણો.** (૧) સામાન્ય માહિતી : કેટલાંક વિદ્યાસહાયકો નિયુક્તિ માટેની ન્યુનત્તમ લાયકાત ઉપરાંત બી. એ., બીએસ. સી., એમ. એ., એમ. એડ્. અને ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રોનિક્સ જેવી લાયકાતો ધરાવતાં હતાં. (૨) આર્થિક સમસ્યા : બધા જ વિદ્યાસહાયકોને એમ લાગતું હતું કે તેમને મળતું વેતન અપૂરતું હતું. જેથી જીવનનિર્વાહ કરવામાં મુશ્કેલી અનુભવતા હતાં. તેમને નિયમિત શિક્ષક તરીકે નિયુક્ત કરવા માટેનો સમય પાંચ વર્ષને બદલે એક વર્ષનો કરવો જોઈએ એમ લાગતું હતું. (૩) સામાજિક સમસ્યા : ૭૫ % વિદ્યાસહાયકોને તેમના વતનમાં નોકરી મળી ન હતી. તેમને રહેઠાણની સુવિધા પર્યાપ્ત લાગતી ન હતી. (૪) શૈક્ષણિક સમસ્યા : ૩૩ % વિદ્યાસહાયકોને તેમની નોકરીની જગ્યાએ જ જરૂર પડે ત્યારે શૈક્ષણિક માર્ગદર્શન મળી રહેતું હતું. ૨૭% વિદ્યાસહાયકોએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધ્યાપકો દ્વારા તેમને વધુ વ્યાવસાયિક માર્ગદર્શન મળવું જોઈએ. (૫) ફરજમાં નડતી સમસ્યાઓ : શિક્ષકોની અપર્યાપ્ત સંખ્યાને લીધે તેઓએ વધુ વર્ગોના ભાર ઉપાડવો પડે છે. વિદ્યાસહાયક બહેનોને પ્રસુતિ રજાનો લાભ મળતો નથી.

---

[૬] એન. બી. ઉપાધ્યાય. જૂનાગઢ જિલ્લાના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સમસ્યાઓનો અભ્યાસ. ***સંશોધન સારસંગ્રહ શ્રેણી પુસ્તિકા–૧૨,*** ૨૦૦૬, ગાંધીનગર : જી. સી. ઈ. આર. ટી., ગુજરાત.

**મિસ્ત્રી, એમ. ડી. (૨૦૦૬)[૭] નો અભ્યાસ**

**સમસ્યા.** અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષની કક્ષા નક્કી કરવી. (૨) શિક્ષકોના કાર્યસંતોષની કક્ષા પર શાળા પ્રકાર, જાતિ અને શૈક્ષણિક અનુભવની અસર તપાસવી.

**અભ્યાસની યોજના.** અભ્યાસનું વ્યાપવિશ્વ અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સેવા આપતા શિક્ષકો છે. જયારે નિદર્શમાં અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક સરકાર માન્ય અને સ્વનિર્ભર શાળાઓ પૈકી સરકાર માન્ય દસ શાળાઓ અને દસ સ્વનિર્ભર શાળાઓ સ્તરીકૃત સહેતુક રીતે પસંદ કરાઈ હતી. આમ કુલ ૨૦ શાળાઓમાંથી કુલ ૧૦૦ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યાં હતાં. જેમાંથી ૫૦ પુરુષો અને ૫૦ સ્ત્રી–શિક્ષકોને સહેતુક નમૂના પદ્ધતિથી પસંદ કરાયા હતાં. આમ, આ અભ્યાસમાં સ્તરીકૃત સહેતુક નમૂના પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સ્વરચિત સંશોધનિકાનો ઉપયોગ કરાયો હતો. જયારે સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા કરાયું હતું. પૃથક્કરણ માટે નિદર્શના પાત્રોના પ્રતિચારોને આધારે મળેલા કુલ પ્રાપ્તાંકો અને તેને આધારે કાર્યસંતોષની કક્ષા નક્કી કર્યા બાદ જે તે કક્ષામાં આવતા શિક્ષકોની આવૃત્તિનું ટકાવારીમાં રૂપાંતર કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું. અભ્યાસ હેઠળના ચલોની સાર્થકતા નક્કી કરવા માટે શિક્ષકોના પ્રત્યેક કક્ષાના સંશોધકનિકા પર મેળવેલાં ગુણના આધારે પ્રત્યેક જૂથ માટે સરાસરી, પ્રમાણ વિચલન અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરીથી ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**અભ્યાસના તારણો.** (૧) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મધ્યમ કક્ષાનો કાર્યસંતોષ ધરાવતા શિક્ષકોનું પ્રમાણ બાકીની બે કક્ષાઓ કરતાં વધુ જોવા મળ્યું છે. નિમ્નકક્ષાનો કાર્યસંતોષ

---

[૭] એમ. ડી. મિસ્ત્રી. *અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.* અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૨૦૦૬, આર. એસ. પટેલ, (સં.) ***એમ. એડ્. લઘુ શોધ નિબંધના સારાંશ (શિક્ષણશાસ્ત્ર ભવન–૧૯૯૩ થી ૨૦૦૬)***, અમદાવાદ : જય પબ્લીકેશન, પૃ. ૧૨૪–૧૨૫.

ધરાવતાં શિક્ષકોનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. (૨) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સેવા આપતા ઉચ્ચ કક્ષા અને મધ્યમકક્ષાનો કાર્યસંતોષ ધરાવતાં શિક્ષકો પર શાળા પ્રકારની અસર જોવા મળતી નથી. (૩) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચ કક્ષાનો કાર્યસંતોષ ધરાવતાં શિક્ષકો પર જાતિની સાર્થક અસર જોવા મળે છે. આ અસર પુરુષ શિક્ષકોની તરફેણમાં છે. (૪) ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મધ્યમ કક્ષાનો કાર્યસંતોષ ધરાવતાં શિક્ષકો પર શૈક્ષણિક અનુભવની સાર્થક અસર જોવા મળે છે. આ અસર ૧૦ વર્ષ કરતાં ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતાં શિક્ષકોની તરફેણમાં છે. પણ તેની સંકલ્પના સિદ્ધિનું સ્તર નીચું જ જોવા મળે છે.

**મેટાલિયા, બી. એમ. (૨૦૦૬)[૮] નો અભ્યાસ**

**સમસ્યા.** ગુજરાત રાજયની નવોદય વિદ્યાલયના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) નવોદય વિદ્યાલયમાં અધ્યાપન કાર્ય કરાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ તેમની ઉંમર, જાતીયતા, વૈવાહિક દરજ્જો, જ્ઞાતિ, પ્રવાહ, લાયકાત, પદ, કાર્યનો પ્રકાર અને અધ્યાપન અનુભવને ધ્યાને રાખી કરવો. (૩) નવોદય વિદ્યાલયમાં અધ્યાપનકાર્ય કરાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ જુદાં જુદાં વ્યવસાય કારકો જેવા કે વ્યાવસાયિક વૃદ્ધિ, વ્યવસાય સુરક્ષા, વેતન, સ્વીકૃતિ, જવાબદારી, શાળા વહીવટ, આંતરવૈયક્તિક સંબંધો, પરિવાર કલ્યાણ, ઉચ્ચ સત્તા અને અભ્યાસક્રમ આંતરક્રિયાના સંદર્ભમાં કરવો. (૪) આ વ્યવસાય કારકોને તેમની અગત્યના સંદર્ભે ક્રમબદ્ધ કરવા.

**અભ્યાસની યોજના.** ગુજરાત રાજયની ૧૮ નવોદય વિદ્યાલયોમાં અધ્યાપન કાર્ય કરતા બધા જ શિક્ષકોમાંથી બોખડી (સુરત), હરીપર (સુરેન્દ્રનગર), રૂપનગર (ભરૂચ) અને વાડી (વડોદરા) એમ ચાર જવાહર નવોદય વિદ્યાલયના બધા જ એટલે કે ૫૮ શિક્ષકો નિદર્શ તરીકે લેવાયાં હતાં. ઉપકરણો તરીકે (૧) વ્યક્તિગત માહિતીપત્રક, (૨) વ્યવસાય સંતોષ ક્રમમાપદંડ, (૩) વ્યવસાય સંતોષ ક્રમાંકન માપદંડ, (૪) મુક્ત જવાબી પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

---

[૮] બી. એમ. મેટાલિયા. ***ગુજરાત રાજ્યની નવોદય વિદ્યાલયના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, ૨૦૦૬.

**અભ્યાસના તારણો.** (૧) ૧૫.૫૧% શિક્ષકોમાં ઉચ્ચ, ૫૬.૯૦ % શિક્ષકોમાં મધ્યમ અને ૨૭.૫૯ % શિક્ષકોમાં મધ્યમ વ્યવસાય સંતોષ જોવા મળ્યો. પૂર્ણ રીતે બધા જ શિક્ષકોમાં મધ્યમ વ્યવસાય સંતોષ જોવા મળ્યો. (૨) સ્ત્રી અને પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક અંતર ન હતું. (૩) પરિણીત અને અપરિણીત શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક અંતર ન હતું. (૪) અપરિણીત પુરુષ શિક્ષકો અને અપરિણીત સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષ વચ્ચે સાર્થક અંતર નથી. (૫) ઉંમર, વ્યાવસાયિક લાયકાત, અધ્યાપન અનુભવ, પદ, નિમણૂકનો પ્રકાર (કાયમી, હંગામી કે એડહોક), જ્ઞાતિ, પ્રવાહ (આર્ટસ, કોમર્સ, સાયન્સ) ને ધ્યાને લેતાં શિક્ષકોના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક અંતર નથી. (૬) વ્યવસાય સંતોષના સંદર્ભમાં વ્યાવસાયિક વૃદ્ધિ, વ્યવસાય સુરક્ષા, વેતન, સ્વીકૃતિ, જવાબદારી, શાળા વહીવટ, આંતરવૈયક્તિક સંબંધો, પરિવાર કલ્યાણ, ઉચ્ચ સત્તા અને અભ્યાસક્રમ આંતરક્રિયા મધ્યમ જોવા મળી. (૭) વ્યવસાય સુરક્ષાને શિક્ષકોએ સૌથી વધુ અગત્યની ગણી છે. જયારે વેતન, વ્યાવસાયિક વૃદ્ધિ, જવાબદારી, શાળા વહીવટ, આંતરવૈયક્તિક સંબંધો, પરિવાર કલ્યાણ, અભ્યાસક્રમ આંતરક્રિયા, સ્વીકૃતિ અને ઉચ્ચ સત્તા ઉતરતા ક્રમમાં આવે છે.

**ઠક્કર, કે. જી. (૨૦૦૭)[૯] નો અભ્યાસ**

**સમસ્યા.** બનાસકાંઠા જિલ્લાના વિદ્યાસહાયકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** વિદ્યાસહાયકોના વ્યાવસાયિક સંતોષની લાયકાત, વિસ્તાર, જાતિના સંદર્ભમાં તુલના કરવી.

**અભ્યાસની યોજના.** બનાસકાંઠા જિલ્લાના વિદ્યાસહાયકોમાંથી ૩૨૦ વિદ્યાસહાયકોની પસંદગી સહેતુક નમૂના પસંદગીની રીતે કરાઈ. ઉપકરણ તરીકે સ્વ–રચિત વ્યવસાય સંતોષ માપદંડનો પ્રયોગ થયો હતો. સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અને પૃથક્કરણ ટી–કસોટીની મદદથી થયું હતું.

---

[૯] કે. જી. ઠક્કર. ***બનાસકાંઠા જિલ્લાના વિદ્યાસહાયકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા, ૨૦૦૭.

**અભ્યાસના તારણો.** (૧) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાસહાયકો પૈકી શહેરી વિસ્તારના વિદ્યાસહાયકોનો વ્યાવસાયિક સંતોષ ઊંચો જોવા મળે છે. (૨) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પુરુષ અને સ્ત્રી વિદ્યાસહાયકોનો વ્યાવસાયિક સંતોષ સમાન છે. (૩) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બી. એડ્. વિદ્યાસહાયકો પૈકી શહેરી વિસ્તારના વિદ્યાસહાયકોનો વ્યાવસાયિક સંતોષ ઊંચો જોવા મળે છે.

**પંચોલી, બી. કે. (૨૦૦૭)[૧૦] નો અભ્યાસ**

**સમસ્યા.** કેટલાક ચલોના સંદર્ભમાં શિક્ષકની અસરકારકતાનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) માધ્યમિક શાળાના શિક્ષકોની અસરકારકતા અને ચિન્તનાત્મક વિચાર સ્તર વચ્ચેનો સંબંધ જાણવો. (૨) માધ્યમિક શાળાના શિક્ષકોના રહેઠાણી વિસ્તાર અને વ્યાવસાયિક અનુભવના સંદર્ભમાં શિક્ષક અસરકારકતા જાણવી. (૩) માધ્યમિક શાળાના શિક્ષકોની અસરકારકતા પર તેમના ચિન્તનાત્મક વિચાર સ્તર, રહેઠાણ વિસ્તાર અને વ્યાવસાયિક અનુભવની અસર જાણવી.

**અભ્યાસની યોજના.** ભાવનગર જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારની તેમજ ખાનગી અને સરકારી ગુજરાતી માધ્યમવાળી માધ્યમિક શાળાઓમાં સેવારત વ્યાવસાયિક અનુભવી અને વ્યાવસાયિક બિનઅનુભવી શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરેલ છે. ૨૦૦ સેવારત શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં પદ્ધતિ દ્વારા નિદર્શમાં પસંદ કરાયા હતાં. ઉપકરણ મૂળ અંગ્રેજીમાં પ્રમોદકુમાર અને મુથા, ડી. એન. રચિત માપદંડનું પટેલ, ડી. એન. અને ડૉ. એ.વી. પટેલ દ્વારા ગુજરાતીમાં રૂપાંતરણ અને શિક્ષક અસરકારકતા માપદંડ, જે લિકર્ટ પ્રકારનો ક્રમમાપદંડ હતો તેનો પ્રયોગ થયો હતો. સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અને પૃથક્કરણ ટી–ગુણોત્તર તથા સહસંબંધ દ્વારા કરાયું હતું.

---

[૧૦] બી. કે. પંચોલી. ***કેટલાક ચલોના સંદર્ભમાં શિક્ષકની અસરકારકતાનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા, ૨૦૦૭.

**અભ્યાસના તારણો.** (૧) માધ્યમિક શાળામાં સેવારત શિક્ષકોની શિક્ષક અસરકારકતા સામાન્ય પ્રકારની છે. (૨) માધ્યમિક શાળામાં સેવારત શિક્ષકોની અસરકારકતા અને ચિન્તનાત્મક વિચાર સ્તરના સરેરાશ અંકો વચ્ચે સાર્થક સહસંબંધ જોવા મળે છે. (૩) માધ્યમિક શાળામાં સેવારત શિક્ષકોના ચિન્તનાત્મક વિચાર સ્તર પર રહેઠાણીય વિસ્તારની કોઈ અસર જોવા મળતી ન હતી. (૪) માધ્યમિક શાળામાં સેવારત શિક્ષકોના ચિન્તનાત્મક વિચાર સ્તર પર વ્યાવસાયિક અનુભવની કોઈ અસર જોવા મળતી નથી.

**યાદવ, લાલચંદ્રરાવ (૨૦૦૮)[૧૧] નો અભ્યાસ**

**સમસ્યા.** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર શિક્ષક–પ્રશિક્ષણ કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષનો તુલનાત્મક અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી (મુંબઈ) ની સ્વનિર્ભર બી. એડ્. કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષ વચ્ચેનું અંતર જાણવું. (૨) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની સ્વનિર્ભર બી. એડ્. કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષની તેમની જાતીયતા, વિશેષતાઓ અને તેમના વિસ્તારના સંદર્ભમાં તુલના કરવી.

**અભ્યાસની યોજના.** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ની ૪૩ બી. એડ્. કોલેજો અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી ની ૬૪ બી. એડ્. કોલેજોની ગુજરાતી માધ્યમની બી. એડ્. કોલેજોમાં વર્ષઃ ૨૦૦૭–૦૮ માં અધ્યાપનકાર્ય કરાવતા અધ્યાપકોમાંથી ૩૬ કોલેજોની પસંદગી સહેતુક રીતે કરવામાં આવેલી છે. ૩૦ વિધાનો ધરાવતી કાર્યસંતોષ માપન પ્રશ્નાવલિનો પ્રયોગ ઉપકરણ તરીકે થયો હતો કે જે અમરસિંઘ અને શર્મા, ટી. આર. રચિત પ્રમાણિત કસોટી હતી. સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ સંશોધન માટે થયો હતો અને પૃથક્કરણ ટી–ગુણોત્તર દ્વારા કરાયું હતું.

---

[૧૧] લાલચંદ્રરાવ યાદવ. ***હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર શિક્ષક–પ્રશિક્ષણ કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષનો તુલનાત્મક અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા, ૨૦૦૮.

**અભ્યાસના તારણો.** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર બી. એડ્. કોલેજોના અધ્યાપક ભાઈઓ અને બહેનોના કાર્યસંતોષ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. આ તફાવત બહેનોની તરફેણમાં છે. (૧) બી. એડ્. કોલેજોના વિજ્ઞાન અને વાણિજય વિદ્યાશાખાના અધ્યાપકોના કાર્યસંતોષ માપદંડના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. વિજ્ઞાન અને વાણિજય વિદ્યાશાખાના અધ્યાપકોના કાર્યસંતોષમાં સમાનતા જોવા મળે છે. (૨) શહેરી વિસ્તારોમાં આવેલ કોલેજો કરતાં ગ્રામીણ વિસ્તારોમાં આવેલ કોલેજોના અધ્યાપકોનો કાર્યસંતોષ ઉચ્ચ કક્ષાનો જોવા મળે છે.

### ૩.૩.૨ પીએચ. ડી. કક્ષાના સંશોધનોની સમીક્ષા

**અંજનેયુલુ, બી. એસ. આર. (૧૯૬૮)[૧૨] નો અભ્યાસ**

**સમસ્યા.** માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ અને તેની આંધ્રપ્રદેશ રાજયના વિશેષ સંદર્ભમાં વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર

**અભ્યાસના હેતુઓ.** (૧) જુદી જુદી સ્થિતિઓ હેઠળ કામ કરતા શિક્ષકોમાં અસંતોષ માટેના કારણો શોધી કાઢવા અને (૨) પ્રવર્તમાન સ્થિતિને સુધારવા માટેના રસ્તાઓ અને સાધનો સૂચવવા કે જેથી શિક્ષકોને સમર્પિત, ઉત્સાહી અને સંતુષ્ટ બનાવી શકાય.

**અભ્યાસની યોજના.** આંધ્રપ્રદેશના જુદાં જુદાં ભાગોમાં આવેલાં જુદાં જુદાં સંચાલક મંડળો નીચે ચાલતી ૧૦૨ માધ્યમિક શાળાઓમાં કાર્યરત ૧૦૦૦ શિક્ષકોને યાદચ્છિક સ્તરીકૃત નમૂના પદ્ધતિનો ઉપયોગ કરીને નમૂનામાં પસંદ કરાયા હતાં. શિક્ષકોમાં અસંતોષને લગતી માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ અને મુલાકાત પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને વ્યવસાય સંતોષની અસરના માપન માટે ક્રમ માપદંડનો ઉપયોગ થયો હતો. ૧૦૦૦ શિક્ષકોમાંથી ૬૧૭ શિક્ષકોએ પહેલી પ્રશ્નાવલિનો પ્રતિભાવ આપ્યો હતો. ઉપરાંત ૧૩૦ શિક્ષણવિદો જેવાં કે ખબરપત્રીઓ, અધિક્ષક ઓફિસરો, આચાર્યો અને નિવૃત્ત શિક્ષકોનો વ્યક્તિગત મુલાકાત માટે સંપર્ક કરવામાં આવ્યો હતો.

---

[૧૨] B. S. R. Anjaneyulu. A Study of Job Satisfaction in the Secondary School Teachers and its impact on the Education of Pupils with special reference to the state of Andhra Pradesh, 1968, Ph.D., Edu., M. S. University, Baroda, In Buch, M. B. (1974) ***Survey of Research in Education, CASE,*** p. 482.

**અભ્યાસના તારણો.** ૬૧૭ શિક્ષકોના ૩૭ % કે જેઓમાં વ્યવસાય સંતોષ જોવા મળ્યો હતો તેઓ હવે થોડા પાસાંઓ પર અસંતોષ દર્શાવતા હતાં, તેઓ ચોક્કસ કારકો પર પણ અસંતોષ ધરાવતાં હતાં. આ કારકો તેમની અસરમાં આશ્ચર્યકારક રીતે એવા તો જુદા પડે છે કે જેમાંથી શિક્ષકોના ૭૮% અસંતોષ ધરાવે છે. અસંતોષના કારકો ત્રણ પ્રકારોમાં વહેંચાયેલાં છે. (૧) સંપૂર્ણપણે અસંતોષી, (૨) અંશતઃ અસંતોષી, અને (૩) શરતી અસંતોષી. જો પરિસ્થિતિમાં પરિવર્તન કરાયું હોત તો અસંતોષીઓના ત્રીજા સમૂહમાં અસંતોષ ઉત્પન્ન થતો અટકાવી શકાયો હોત. ચોક્કસ સંચાલક મંડળોમાં વારંવારની બદલી, વિદ્યાર્થીઓનું નિમ્ન સ્તર, રાજકારણીઓની દખલગીરી જેવા કારકો ખાસ હતાં કે જેનાથી શરતી કે પરિસ્થિતિ જન્ય અસંતોષ પેદા થતો હતો. પદવીના તફાવતને બાદ કરતા અસંતોષના કારકોમાં અપૂરતું વેતન, શૈક્ષણિક સ્વતંત્રતાનો અભાવ અને કાર્યના ભારે બોજનો સમાવેશ થતો હતો. સમિતિ શાળાઓના શિક્ષકોમાં અસંતોષના કારણોમાં વ્યવસાય સુરક્ષાનો અભાવ, નોકરીની કડક અને ચુસ્ત શરતો અને સંચાલક મંડળનો વધારે પડતો પ્રભાવ જવાબદાર હતો, જયારે મિશન શાળાઓમાં વિદ્યાર્થીઓનું નિમ્ન સ્તર, વાલી સહકારનો અભાવ અને વ્યવસાયમાં ઉજ્જવળ ભાવિની આશાની ઊણપ જેવા કારકો અસંતોષ માટે જવાબદાર હતાં. સ્થાનિક બોર્ડ શાળાઓમાં નેતાઓની વધારે પડતી દખલગીરી, સામાજિક મોભાની ઊણપ, અનુકૂળ સગવડો, સાધનો અને ફર્નિચરની અપર્યાપ્તતા જેવા કારકો અસંતોષ માટે જવાબદાર હતાં, જયારે સરકારી શાળાઓમાં નોકરીની કડક અને ચુસ્ત શરતો, વાલી સહકારનો અભાવ અને દૂરના સ્થળે વારંવાર બદલી જેવા કારકો કારણભૂત હતાં.

સ્ત્રી શિક્ષકોના અસંતોષ માટેના કારકો તેમની સાથે નોકરી કરતાં પુરુષ શિક્ષકોના અસંતોષ માટેના કારકોથી જુદાં હતાં. વધારાની જવાબદારીઓ ધરાવતી અપરિણીત શિક્ષિકાઓ સામાજિક સંબંધો અને શૈક્ષણિક સ્થિતિઓ તરફ વધારે સંવેદનશીલ જોવા મળી. સંશોધનમાં અનુસ્નાતક શિક્ષકો, સ્નાતક શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો, પ્રાદેશિક ભાષાના શિક્ષકો અને વિશિષ્ટ શિક્ષકોમાં અસંતોષના કારકોમાં ઘણા તફાવતો જોવા મળ્યાં. અનુસ્નાતક શિક્ષકો ઊજળું ભાવિ અને સામાજિક મોભાની ઊણપને લીધે અસંતોષ અનુભવતા હતાં. સ્નાતક અને માધ્યમિક શિક્ષકોના અસંતોષનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓમાં અશિસ્ત અને સામાજિક મોભાની ઊણપ હતી. પ્રાદેશિક ભાષાના શિક્ષકોને વિદ્યાર્થીઓની અશિસ્ત અને વધારે પડતા કાર્યબોજનો સામનો કરવો પડતો હતો. સૌથી ખરાબ સ્થિતિ વિશિષ્ટ શિક્ષકોની હતી. તેમના અસંતોષના મુખ્ય કારણોમાં સામાજિક મોભાની ઊણપ, વિદ્યાર્થીઓમાં અશિસ્ત, અનુકૂળ સાધનો અને ફર્નિચરની

અપર્યાપ્તતાનો સમાવેશ થતો હતો. સંશોધન દર્શાવે છે કે અસંતોષી શિક્ષકો કરતાં સંતોષી શિક્ષકો વિદ્યાર્થીઓની ગુણવત્તા અને વર્તન ઉપર વધારે સંખ્યામાં ઉત્તમ, સારા અને સરેરાશ ક્રમોનો ફાળો આપે છે. અસંતોષી શિક્ષકો વધારે સંખ્યામાં નબળાં અને સરેરાશ કરતાં નીચેના ક્રમોનો ફાળો આપે છે.

**લવિંગિયા, કે. યુ. (૧૯૭૪)[૧૩] નો અભ્યાસ**

**સમસ્યા.** શાળા શિક્ષકોમાં વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) શિક્ષકોમાં વ્યવસાય સંતોષની માત્રાનું માપન કરવું. (૨) શિક્ષકોની સ્થિરતા ઉપર વ્યાવસાયિક સંતોષની અસરનો અભ્યાસ કરવો. (૩) પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકો વધારે સંતુષ્ટ છે કે કેમ ? તે જાણવું. (૪) શિક્ષકોના વ્યવસાય સંતોષ અને સ્થિરતા વચ્ચેનો સાર્થક સંબંધ જાણવો.

**અભ્યાસની યોજના.** ગુજરાત રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાંથી ૧૬૦૦ શિક્ષકોને નમૂનામાં સમાવાયા હતાં. માહિતીપ્રાપ્તિ માટે ક્રમમાપદંડનો ઉપયોગ થયો હતો. માપદંડની વિશ્વસનીયતા કસોટી–પુનઃકસોટી પદ્ધતિ દ્વારા મેળવવામાં આવી હતી.

**અભ્યાસના તારણો.** (૧) પ્રાથમિક શિક્ષકો માધ્યમિક શિક્ષકો કરતાં વધુ સંતોષી હતાં. (૨) સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં વધારે સંતુષ્ટ હતી. (૩) વ્યવસાય સામર્થ્યતા વ્યવસાય સંતોષ સાથે હકારાત્મક રીતે જોડાયેલી હતી. (૪) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના બંને સમૂહોમાંથી ૨૦ થી ૨૪ વર્ષની વયજૂથના યુવાન શિક્ષકો વધારે સંતુષ્ટ હતાં. (૫) અપરિણીત શિક્ષકો વધુ સંતોષી હતાં.

---

[૧૩] K. U. Lavingia.(1974). A Study of Job Satisfaction among School Teachers, 1974, Ph.D., Edu., Gujarat University, In Buch M. B. (1972-1978) ***Second Survey of Research in Education,*** Society for Educational Research and Development, Baroda, p. 438.

**નાયક, કે. ડી. (૧૯૮૨)[૧૪] નો અભ્યાસ**

**સમસ્યા.** પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષના સ્તરનો અભ્યાસ કરવો. (૨) ભિન્ન જ્ઞાતિના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષના તફાવતોનો અભ્યાસ કરવો. (૩) જુદાં જુદાં સ્તર (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા) ના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષના તફાવતોનો અભ્યાસ કરવો. (૪) શહેરી વિસ્તારના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ અને અનુકૂલનતામાં તફાવતોનો અભ્યાસ કરવો. (૫) ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ અને અધ્યાપન અભિયોગ્યતા વચ્ચેનો સંબંધોનો અભ્યાસ કરવો.

**અભ્યાસની યોજના.** નમૂનામાં જબલપુર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાંથી ૭૩૫ શિક્ષિકાઓનો  સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાંથી ૩૭૫ શિક્ષિકાઓ (ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત ૩૦૦ અને શહેરી વિસ્તારમાં કાર્યરત ૭૫ શિક્ષિકાઓ) પરિણીત હતી અને ૪૧૦ શિક્ષિકાઓ (શહેરી વિસ્તારમાં કાર્યરત ૩૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત ૧૧૦ શિક્ષિકાઓ) અપરિણીત હતી. ડૉ. પ્રમોદકુમાર અને ડી. એન. મુથા રચિત વ્યવસાય સંતોષ પ્રશ્નાવલિ, ડૉ. એ. કે. પી. સિંહા અને ડૉ. આર. પી. સિંઘ રચિત કોલેજ વિદ્યાર્થીઓ માટેની અનુકૂલન સંશોધનિકા અને ડૉ. જયપ્રકાશ અને આર. પી. શ્રીવાસ્તવ રચિત 'અધ્યાપન અભિયોગ્યતા કસોટી' નો ઉપકરણ તરીકે ઉપયોગ થયો હતો. માહિતીના પૃથક્કરણ માટે આવૃત્તિ વિતરણ, ટી–ટેસ્ટ અને સહસંબંધાંક જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ વચ્ચે સાર્થક તફાવત ન હતો. (૨) ગ્રામ્ય અને શહેરી

---

[૧૪] K. D. Nayak. A Study of Adjustment and Job Satisfaction of Married and Unmarried Lady Teachers, 1982, Ph. D., Psy., Jab.University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. I,*** NCERT, p.174.

વિસ્તારમાં કાર્યરત ભિન્ન જ્ઞાતિના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓની અધ્યાપન અભિયોગ્યતા વચ્ચે સાર્થક તફાવત ન હતો. (૩) નિમ્ન વિભાગની અપરિણીત શિક્ષિકાઓ અને ઉચ્ચ વિભાગની અપરિણીત શિક્ષિકાઓમાં અનુકૂલન સમસ્યાઓ જોવા મળી. જયારે અપરિણીત શિક્ષિકાઓમાં અનુકૂલન સમસ્યાઓ સાર્થક રીતે જોવા ન મળી. (૪) નિમ્ન વિભાગ અને ઉચ્ચ વિભાગના ગ્રામ્ય અને શહેરી શિક્ષિકાઓના અનુકૂલનમાં સાર્થક તફાવત જોવા ન મળ્યો. જયારે પરિણીત શિક્ષિકાઓને તેમના પર્યાવરણ સાથે અનુકૂલનની થોડી સમસ્યાઓ જોવા મળી. (૫) શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ સાથે અધ્યાપન અભિયોગ્યતા સાર્થક રીતે ધનાત્મક સંબંધ ધરાવતી જોવા મળી. (૬) શિક્ષિકાઓના અનુકૂલનને વ્યવસાય સંતોષ સાર્થક રીતે અસર કરતો નથી. (૭) ગ્રામ્ય અથવા શહેરી વિસ્તારમાં કાર્યરત ભિન્ન જ્ઞાતિની પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ વચ્ચે સાર્થક તફાવત ન જોવા મળ્યો.

### શાહ, કે. (૧૯૮૨)[૧૫] નો અભ્યાસ

**સમસ્યા.** પ્રાથમિક શાળાના શિક્ષકોની સામાજિક–આર્થિક પાર્શ્વભૂમિ : એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) પ્રાથમિક શાળાના શિક્ષકોની સામાજિક–આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવો. (૨) તેમના શૈક્ષણિક મોભાનો અભ્યાસ કરવો. (૩) પ્રેરણાત્મક પરિબળો શોધી કાઢવા (૪) વ્યવસાય પ્રત્યેની અભિરુચિની તપાસ કરવી. (૫) તેમના વ્યવસાયમાં તેમને સામનો કરવો પડતો હોય તેવી સમસ્યાઓ શોધી કાઢવી. (૬) તેમના વ્યવસાય સંતોષની તપાસ કરવી.

**અભ્યાસની યોજના.** વારાણસી કોર્પોરેશન વિસ્તારના નવ વોર્ડમાંથી ૧૫૫ પ્રાથમિક શાળાઓની નમૂના તરીકે પસંદગી થઈ હતી. સ્તરીકૃત યાદચ્છિક નમૂના પ્રયુક્તિના આધારે ૭૮ પ્રાથમિક શાળાઓમાંથી (ખાનગી અથવા કોર્પોરેશન દ્વારા ચાલતી શાળાઓ) અભ્યાસ માટે ૫૨૫ શિક્ષકો પસંદ કરાયા હતાં. આ ૫૨૫ શિક્ષકોમાંથી ૪૭૫ શિક્ષકોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યાં હતાં. સાદી ટકાવારીને આધારે માહિતીનું પૃથક્કરણ કરાયું હતું.

---

[૧૫] K. Shah.Socio-economic Background of Primary School Teachers and Job-satisfaction : A Sociological Study, 1982, Ph. D., Soc., Kashi Vishava Vidhyalaya., In Buch, M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. I,*** NCERT, New Delhi, pp. 195-196.

**અભ્યાસના તારણો.** (૧) લોકશાહીકરણની અસરને લીધે શૈક્ષણિક પ્રણાલિકા પર ઉચ્ચ જ્ઞાતિઓની પરંપરાગત પકડ ક્રમશઃ ઘટી રહી છે. જો કે હજુ પણ મોટાભાગના શિક્ષકો બ્રાહ્મણ જ્ઞાતિના જોવા મળે છે. (૩૮.૧%) બીજા નંબરે કાયસ્થ (૧૯.૬%) જોવા મળે છે. (૨) સામાન્ય રીતે પ્રતિભાવક નિમ્ન– મધ્યમ વર્ગ કે નિમ્ન વર્ગના જોવા મળે છે. કુટુંબનું શૈક્ષણિક સ્તર પણ ઘણું સામાન્ય કક્ષાનું જોવા મળે છે. (૩) ૬૦ % શિક્ષિકાઓ સંયુક્ત કુટુંબમાંથી આવે છે જયારે ૬૬.૩ % શિક્ષિકાઓ સંયુક્ત કુટુંબને મહત્ત્વ આપે છે. દરેક કુટુંબના સભ્યોની સરેરાશ સંખ્યા ૬.૭ હતી. (૪) મોટાભાગની શિક્ષિકાઓ હિન્દુ ધર્મની હતી. ત્યારબાદના ક્રમમાં મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખ શિક્ષિકાઓનો સમાવેશ થતો હતો. તેમાંથી બધી જ શિક્ષિકાઓ ધાર્મિક વિધિ–વિધાનો નિયમિત કરતી હતી. આધુનિકીકરણના ઘણા બધા સ્રોતો હોવા છતાં આ બાબત ધર્મની તેમના પરની પકડ સ્પષ્ટ કરે છે. (૫) મોટાભાગની શિક્ષિકાઓ (૮૮.૨%) તેમના વ્યવસાયથી સંતુષ્ટ હતી. (૬) મોટાભાગની શિક્ષિકાઓ તેમના નિમ્ન પગાર ધોરણથી અસંતુષ્ટ હતી છતાં પણ તેઓ આ વ્યવસાયમાં રહેવા ઈચ્છતી હતી. તેમને તેમનો વ્યવસાય ગમતો હતો. (૭) શિક્ષિકાઓએ પેન્શન, રહેઠાણ અને મેડિકલના લાભો આપવામાં આવતા નહોતાં. (૮) મોટાભાગની બધી શિક્ષિકાઓને ગૃહિણી અને શિક્ષિકાની ભૂમિકામાં સંતોષ મળતો હતો. (૯) જો કે, પ્રાથમિક શાળાની શિક્ષિકાઓને તેમના નિમ્ન પગાર ધોરણથી અસંતોષ હતો. છતાં તેમને તેમની નોકરી ગમતી હતી કારણ કે પરંપરાગત રીતે અધ્યાપન વ્યવસાયમાં ઉચ્ચ સમ્માન મળે છે. (૧૦) શિક્ષિકાઓએ તેમના વ્યવસાયને લગતી સમસ્યાઓની ચર્ચા કરી છે, જેમાં નિમ્ન પગાર, જુદાં જુદાં પ્રકારની ભૌતિક સુવિધાઓનો અભાવ, નબળા મકાનો અને નબળી અધ્યાપન સામગ્રી મુખ્ય હતાં.

### ગોયલ, જે. સી. (૧૯૮૦)[૧૬] નો અભ્યાસ

**સમસ્યા.** ભારતમાં શિક્ષક પ્રશિક્ષકોના વલણો, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસો વચ્ચેના સંબંધનો અભ્યાસ

---

[૧૬] J. C. Goyal. A Study of the Relationship among Attitudes, Job Satisfaction, Adjustment and Professional Interests of Teachers-educators in India, 1980, Ph.D. Edu., Delhi University, In Buch M.B. (1978-1988). ***Third Survey of Research in Education*** (NCERT), New Delhi, p. 805

**અભ્યાસના હેતુઓ.** (૧) જાતીયતા, વય, લાયકાત અને અનુભવના આધારે જુદાં જુદાં વર્ગોના શિક્ષક–પ્રશિક્ષકોના વલણો, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસોનું માપન કરવું (૨) જાતીયતા, વય, લાયકાત, અને અનુભવના આધારે શિક્ષક–પ્રશિક્ષકોના સમૂહોમાં વલણ, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસોમાં તફાવતો શોધી કાઢવા. (૩) જુદાં જુદાં વર્ગોના શિક્ષક–પ્રશિક્ષકોના વલણ, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવો. (૪) શિક્ષક–પ્રશિક્ષકોના વલણો, અનુકૂલન અને વ્યાવસાયિક રસોને સ્વતંત્ર ચલો તરીકે લઈને તેમના વ્યવસાય સંતોષની ધારણા કરવી.

**અભ્યાસની યોજના.** ૩૮ સંસ્થાઓમાં કાર્યરત ૩૧૪ શિક્ષક–પ્રશિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરાયો હતો, કે જેમાં જુદી જુદી વયજૂથના જુદી જુદી લાયકાત અને અનુભવ ધરાવતાં પુરુષ અને સ્ત્રી શિક્ષક–પ્રશિક્ષકોનો સમાવેશ થાય છે. ઉપકરણ તરીકે સ્વ–રચિત વલણ તુલા, ઈન્દીરસનની વ્યવસાય સંતોષ સંશોધનિકા, બેલની અનુકૂલન સંશોધનિકા અને શિક્ષક–પ્રશિક્ષકોના વ્યાવસાયિક રસો માટે સ્વ–રચિત પૂછપરછ પત્રકનો પ્રયોગ થયો હતો. અંકશાસ્ત્રીય પૃથક્કરણમાં સરાસરી, પ્રમાણિત વિચલન, ટી–કસોટી, વિચરણ પૃથક્કરણ, પરિબળ ગુણાકાર સહસંબંધ અને બહુગણિત રૈખિક પ્રતિગમન પૃથક્કરણનો ઉપયોગ થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) શિક્ષક–પ્રશિક્ષકોનો મોટોભાગ તેમના વ્યવસાય સાથે યોગ્ય રીતે જોડાયેલ છે અને આ વ્યવસાયથી સંતુષ્ટ છે. જોકે તેઓ બહુ સારી રીતે અનુકૂલિત નહોતા અને ઓછો વ્યાવસાયિક રસ ધરાવતાં હતાં. (૨) જુદાં જુદાં સમૂહોના વલણ અને વ્યવસાય સંતોષ સાર્થક રીતે અલગ પડતા નથી. (૩) મોટાભાગના શિક્ષક–પ્રશિક્ષકોને આ વ્યવસાયમાં ઓછો રસ હતો. (૪) ઉંમર વધવાની સાથે શિક્ષક–પ્રશિક્ષકોમાં સાંવેગિક સ્થિરતા જોવા મળી. (૫) શાળામાં અધ્યાપન અનુભવ વધે તેમ તેમ શિક્ષક–પ્રશિક્ષકોમાં વ્યાવસાયિક રસ પણ વધે છે. (૬) શિક્ષક–પ્રશિક્ષકોના વલણ, વ્યાવસાયિક સંતોષ અને શૈક્ષણિક અનુકૂલન એકબીજા સાથે જોડાયેલા હતાં જયારે સામાજિક અને સાંવેગિક અનુકૂલન અને વ્યાવસાયિક રસો અન્ય ચલો સાથે જોડાયેલા ન હતાં. (૭) વલણ અને શૈક્ષણિક અનુકૂલન દ્વારા વ્યવસાય સંતોષની ધારણા થઈ શકી પણ અન્ય ચલો દ્વારા આ ધારણા થઈ શકી ન હતી.

**મિસ્ત્રી, ટી. સી. (૧૯૮૫)[૧૭] નો અભ્યાસ**

**સમસ્યા.** તણાવ ભૂમિકા, નિયંત્રણસ્થાન અને શૈક્ષણિક વાતાવરણમાં ભાગીદારિતા કાર્ય તરીકે સિદ્ધિ જરૂરિયાત, વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરી : કોલેજ અને માધ્યમિક શાળાના શિક્ષકોનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) નિયંત્રણસ્થાન, પ્રેરણાત્મક વાતાવરણ, શૈક્ષણિક વાતાવરણમાં ભાગીદારિતા અને ઘણા બધા પ્રકારની તણાવ ભૂમિકાઓ કે જે અધ્યાપન ક્ષેત્રમાં સંકળાયેલાં લોકો અનુભવી રહ્યાં છે તે જાણવી. (૨) તેમના નિષ્પત્તિ ચલો તરીકે વ્યવસાય સંતોષ, વ્યવસાય સામેલગીરી અને સિદ્ધિ જરૂરિયાતને લઈ જ્ઞાનના ક્ષેત્રમાં રહેલા તફાવતને દૂર કરવો.

**અભ્યાસની યોજના.** આ અભ્યાસમાં માહિતી પ્રાપ્તિ માટે અલગ–અલગ છ સંશોધન ઉપકરણો લેવામાં આવ્યાં હતાં : પેસ્તનજી દ્વારા રચિત અને પ્રમાણિત 'નોકરીદાતાનો સંતોષ–અસંતોષ સંશોધનિકા' નો ઉપયોગ થયો હતો. રોટ્ટર દ્વારા રચિત અને હસન દ્વારા રૂપાંતરિત 'સામાજિક સંબંધ સંશોધનિકા'નો ઉપયોગ વ્યક્તિત્વના અંતર્મુખતા અને બહિર્મુખતા પરિમાણો શોધવા થયો હતો. પરિક દ્વારા રચિત 'તમારી ભૂમિકા માટેની તમારી લાગણીઓ' માપદંડનો પ્રયોગ તણાવભૂમિકાની માત્રાના માપન માટે થયો હતો. પરીક દ્વારા વિકસિત 'સંસ્થાનું પ્રેરણાત્મક પૃથક્કરણ (MAO) પ્રશ્નાવલિ' નો પ્રયોગ સંસ્થાકીય શૈક્ષણિક વાતાવરણના માપન માટે થયો હતો. પેસ્તનજી દ્વારા રચિત અને પ્રમાણિત 'મનોવૈજ્ઞાનિક ભાગીદારિતા સૂચિ' નો પ્રયોગ મનોવૈજ્ઞાનિક ભાગીદારીતાની માત્રાના માપન માટે થયો હતો. સામાન્ય માહિતી જેવી કે ઉંમર, હોદ્દો, સામાજિક–આર્થિક સ્થિતિ વગેરે અને વ્યવસાય સાથે સંકળાયેલી અન્ય માહિતી મેળવવા 'સામાન્ય સંશોધનિકા' નો પ્રયોગ થયો હતો. અમદાવાદની શાળાઓ અને કોલેજોમાંથી ૨૦૨ પાત્રોને પસંદ કરવામાં આવ્યાં હતાં. માહિતી વિશ્લેષણ માટે બહુગણિત પ્રતિગમન પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

---

[૧૭] T. C. Mistry. Need Achievement, Job Satisfaction, Job Involvement as a Function of Role Stress, Locus of Control and Participation in Academic Climate : A Study of College and Secondary Teachers, 1985, Ph. D., Psy., Gujarat University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education,*** Vol. II, NCERT, New Delhi, pp. 962-963.

**અભ્યાસના તારણો.** (૧) નિયંત્રણ સ્થાન અને વ્યવસાય સંતોષના વિવિધ પરિમાણો વચ્ચે સાર્થક સંબંધ જોવા ન મળ્યો. (૨) સમગ્ર સંતોષના પરિમાણોની જેમ જ વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરીના પરિમાણો શૈક્ષણિક પ્રેરણાના વાતાવરણ સાથે સાર્થક રીતે સંબંધ ધરાવે છે. (૩) સમગ્ર વ્યવસાય સંતોષ અને વ્યવસાય સંતોષ પાસાંઓ ઉપર નિયંત્રિત વાતાવરણ નિષેધાત્મક સહસંબંધ ધરાવે છે. (૪) વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરીના વિવિધ પાસાંઓ પર પરતંત્રતાના વાતાવરણની કોઈ અસર નથી. (૫) વ્યવસાય સંતોષના જુદાં જુદાં પાસાંઓ સાથે વ્યવસાય સામેલગીરી સાર્થક અને ધનાત્મક સંબંધ ધરાવે છે. (૬) વ્યવસાય સંતોષના બધા જ પરિમાણો સાથે સ્વ–ભૂમિકા અંતર સાર્થક પણ નકારાત્મક સહસંબંધ ધરાવતું જોવા મળ્યું. (૭) સામાજિક સંબંધ સિવાયના વ્યવસાય સંતોષના તમામ પરિમાણો સાથે આંતરિક–ભૂમિકા અંતર, ભૂમિકા–સ્થિરતા, ભૂમિકા–અસ્પષ્ટતા, વધુ કાર્યભાર ભૂમિકા, અપર્યાપ્ત ભૂમિકા અને તણાવ–ભૂમિકાની સમગ્ર સૂચિઓ નિષેધાત્મક જોવા મળી.

### વાર્શનેયા, પી. કે. (૧૯૮૧)[૧૮] નો અભ્યાસ

**સમસ્યા.** સંસ્થાકીય વાતાવરણ અને શિક્ષક અસરકારકતા વચ્ચેના સંબંધનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) વારાણસીની ચયનિત માધ્યમિક શાળાઓના સંસ્થાકીય વાતાવરણની તપાસ કરવી. (૨) કુમારોની અને કન્યાઓની શાળાઓના સંસ્થાકીય વાતાવરણમાં તફાવતો શોધી કાઢવા. (૩) સંસ્થાકીય વાતાવરણ અને શિક્ષક અસરકારકતાના નિષ્પત્તિ માનદંડના ઘટકો જેવા કે વિદ્યાર્થીનું શિક્ષક તરફનું વલણ, વિદ્યાર્થીનું શાળા તરફનું વલણ, વિદ્યાર્થીના વ્યક્તિગત મૂલ્યો અને શાળાકીય સિદ્ધિ વચ્ચેના સંબંધો શોધી કાઢવા. (૪) સંસ્થાકીય વાતાવરણ અને સંયુક્ત શિક્ષકની અસરકારકતા વચ્ચેના સંબંધો શોધી કાઢવા. (૫) સંયુક્ત શિક્ષકની અસરકારકતા અને સંસ્થાકીય વાતાવરણના દરેક પરિમાણ વચ્ચેના સંબંધો શોધી કાઢવા.

**અભ્યાસની યોજના.** નમૂનામાં વારાણસી જિલ્લાની ૧૭૦ માધ્યમિક શાળાઓમાંથી યાદચ્છિક રીતે ૨૫ કુમાર શાળાઓ અને ૨૫ કન્યા શાળાઓનો સમાવેશ થયો હતો. માહિતીની

---

[૧૮] P. K. Varshneya. A Study of Relationship between Organizational Environment and Teacher Effectiveness, 1981, Ph.D., Edu., Banaras Hindu University, In Buch M. B. (1978-1983) ***Third Survey of Research in Education,*** (NCERT), New Delhi, pp. 982-983.

પ્રાપ્તિ માટે દરેક શાળામાંથી દસ શિક્ષકો અને બાર વિદ્યાર્થીઓ યાદચ્છિક રીતે પસંદ કરાયા હતાં. અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલાં ઉપકરણોમાં હાલ્પિન અને ક્રોફ્ટ દ્વારા વિકસિત અને સંશોધક દ્વારા રૂપાંતરિત સંસ્થાકીય વાતાવરણ વર્ણન પ્રશ્નાવલિ, શિક્ષકો તરફના વિદ્યાર્થીઓના વલણો માપવાનો માપદંડ, શાળાઓ તરફના વિદ્યાર્થીઓના વલણો માપવાનો માપદંડ, વિદ્યાર્થીઓના વ્યક્તિગત મૂલ્યોના માપન માટે પ્રશ્નાવલિ અને શાળાકીય સિદ્ધિપત્રકનો સમાવેશ થતો હતો. અંકશાસ્ત્રીય પ્રયુક્તિઓમાં વિચરણ પૃથક્કરણ, પરિબળ–ગુણાકાર સહસંબંધાંક અને બહુચલીય પ્રતિગમન પૃથક્કરણનો ઉપયોગ થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) ખુલ્લાં વતાવરણવાળી શાળાઓ કરતાં બંધ વાતાવરણ હેઠળ આવતી શાળાઓની ટકાવારી થોડી ઉચ્ચ હતી. પચાસ શાળાઓમાંથી દસ શાળામાં સ્વતંત્ર વાતાવરણ, નવ શાળામાં નિયંત્રિત વાતાવરણ, ત્રણ શાળામાં સામાન્ય વાતાવરણ અને પાંચ શાળામાં પિતૃક વાતાવરણ હતું. (૨) શાળા વાતાવરણની બાબતને લાગે વળગે છે ત્યાં સુધી જાતીયતા બાબતે તફાવત ન હતો. (૩) ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓ શિક્ષકો તરફ વધારે અનુકૂળ વલણ પેદા કરે છે જયારે સામાન્ય વાતાવરણ શિક્ષકો તરફ ઓછું અનુકૂળ વલણ પેદા કરે છે. (૪) ભિન્ન સંસ્થાકીય વાતાવરણો વિદ્યાર્થીઓમાં તેમની શાળા તરફના વલણમાં સાર્થક તફાવત ઉત્પન્ન કરતા નથી પણ તેઓ વિદ્યાર્થીઓની શાળાકીય સિદ્ધિમાં સાર્થક તફાવત ઉત્પન્ન કરે છે. જયાં શાળાકીય વાતાવરણ સ્વતંત્ર અને સામાન્ય હતું ત્યાં શાળાકીય સિદ્ધિ ઉચ્ચત્તમ હતી અને જયાં શાળાકીય વાતાવરણ નિયંત્રિત અને પિતૃક હતું ત્યાં શાળાકીય સિદ્ધિ ઓછામાં ઓછી હતી. બંધ અને સ્વતંત્ર વાતાવરણો શાળાકીય સિદ્ધિ માટે મધ્યમસર અને સમાન રીતે અનુકૂળ હતાં. (૫) છ ભિન્ન સંસ્થાકીય વાતાવરણોની અંદરના દસ વ્યક્તિગત મૂલ્યોમાંથી ફક્ત સામાજિક મૂલ્યો જ સાર્થક રીતે અલગ પડે છે. (૬) વાતાવરણના અન્ય પ્રકારો કરતા ખુલ્લાં, સ્વતંત્ર અને નિયંત્રિત વાતાવરણો શિક્ષકની અસરકારકતા માટે વધારે અનુકૂળ હતાં. (૭) વિદ્યાર્થીઓના શિક્ષકો તરફના વલણો સંસ્થાકીય પર્યાવરણ સાથે સાર્થક અને હકારાત્મક રીતે જોડાયેલાં હતાં. (૮) સંસ્થાકીય વાતાવરણ શાળાકીય સિદ્ધિ સાથે સાર્થક અને હકારાત્મક રીતે જોડાયેલું હતું પણ વિદ્યાર્થીઓના શાળા તરફના વલણો સાથે તેના સંબંધો સાર્થક ન હતાં. જો કે, સામાજિક વાતાવરણ અને સંયુક્ત શિક્ષકની અસરકારકતા સાથે સંસ્થાકીય વાતાવરણ હકારાત્મક અને સાર્થક રીતે જોડાયેલું હતું.

**અગ્રવાલ, વી. (૧૯૮૩)[૧૯] નો અભ્યાસ**

**સમસ્યા.** આચાર્યોની વહીવટી અસરકારકતાના ધારકો તરીકે દબાણશીલતા, અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) આચાર્યોની દબાણશીલતા અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. (૨) આચાર્યોની અનુકૂલનતા અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. (૩) આચાર્યોના વ્યવસાય સંતોષ અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. (૪) આચાર્યોની દબાણશીલતા, અનુકૂલનતા અને વ્યવસાય સંતોષની સંયુક્ત અસર અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.

**અભ્યાસની યોજના.** ઈન્ટરમીડીએટ કોલેજોના ૪૨૩ આચાર્યોનો નમૂનામાં સમાવેશ થયો હતો. વહીવટી અસરકારકતા પરતંત્ર ચલ હતો અને તેનું માપન એ. ભટનાગરની 'વહીવટી અસરકારકતા તુલા' ની મદદથી થયું હતું, જેનો વિશ્વસનીયતા આંક ૦.૮૬ હતો. 'આચાર્ય વહીવટી દબાણશીલતા તુલા' સંશોધક દ્વારા બનાવવામાં આવી હતી અને તેનો પ્રયોગ આચાર્યોની દબાણશીલતા માપવા માટે થયો હતો. આચાર્યોની અનુકૂલનતાના માપન માટે 'આચાર્ય અનુકૂલનતા તુલા' રચવામાં આવી. જેનો વિશ્વસનીયતા આંક અર્ધવિભાજન પદ્ધતિથી ૦.૮૭ મળેલ હતો. આચાર્યોના વ્યવસાય સંતોષ માપન માટે બ્રેફિલ્ડ અને રોથની 'વ્યવસાય સંતોષ તુલા' ના રાઠોડ દ્વારા ઉપયોગમાં લેવાયેલ ભારતીય રૂપાંતરણનો ઉપયોગ થયો હતો. પ્રોડકટ મોમેન્ટ સહસંબંધના મદદથી તારણો શોધી કાઢવામાં આવ્યા હતાં.

**અભ્યાસના તારણો.** (૧) આચાર્યોની દબાણશીલતા તેમની વહીવટી અસરકારકતા સાથે સાર્થક રીતે જોડાયેલ નથી. (૨) આચાર્યોની શિક્ષક આધારિત દબાણશીલતા અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચે સંબંધ નથી. (૩) આચાર્યોની વહીવટી અસરકારકતા વિદ્યાર્થી

---

[૧૯] V. Agarwal. A Study of Stress Proneness, Adjustment and Job Satisfaction as Predictors of Administrative Effectiveness of Principals, 1983, Ph. D., Edu., Meerut University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, p. 1069

તરફથી ઉત્પન્ન થતી દબાણશીલતા સાથે સંબંધિત નથી. (૪) આચાર્યોની સમાજ આધારિત દબાણશીલતાની તેમની વહીવટી અસરકારકતા પર કોઈ અસર નથી. (૫) સરકારી કર્મચારીગણ આધારિત દબાણશીલતા આચાર્યોની વહીવટી અસરકારકતા માટે સાર્થક ધારક છે. (૬) સંચાલન આધારિત દબાણશીલતા આચાર્યોની કાર્યદક્ષતા સાથે સાર્થક રીતે જોડાયેલી જોવા મળી. (૭) ઉચ્ચ સત્તા આધારિત આચાર્યોની દબાણશીલતા તેમની વહીવટી સામર્થ્યતા સાથે જોડાયેલી ન હતી. (૮) આચાર્યોની અનુકૂલનતા તેમની વહીવટી અસરકારકતા માટે શક્તિશાળી ધારક તરીકે જોવા મળી. (૯) આચાર્યોની શિક્ષકો સાથેની અનુકૂલનતા તેમની વહીવટી અસરકારકતા માટે સાર્થક રીતે જોડાયેલી જોવા ન મળી. (૧૦) આચાર્યોની વિદ્યાર્થીઓ સાથેની અનુકૂલનતા તેમની વહીવટી અસરકારકતા સાથે ઉચ્ચ સંબંધ ધરાવે છે. આચાર્યોની અનુકૂલનતાના સંદર્ભે આવું જ પરિણામ સરકારી કર્મચારીઓની બાબતમાં પણ જોવા મળ્યું. (૧૧) આચાર્યોની સંચાલકો સાથેની અનુકૂલનતા તેમની વહીવટી અસરકારકતા સાથે જોડાયેલી જોવા મળી ન હતી.

**અમરસિંઘ, (૧૯૮૫)[૨૦] નો અભ્યાસ**

**સમસ્યા.** જુદાં જુદાં વ્યવસાયકારો વચ્ચેના વ્યવસાય સંતોષનો સહસંબંધ

**અભ્યાસના હેતુઓ.** (૧) 'વ્યવસાય સંતોષ તુલા' ની રચના કરી તેને પ્રમાણિત કરવું (૨) વ્યવસાયકારોમાં વ્યવસાય સંતોષના અસરની માત્રા શોધી કાઢવી. (૩) શિક્ષકો, ઈજનેરો, વકીલો અને દાકતરો વચ્ચે વ્યવસાય સંતોષની અસરની માત્રાની તુલના કરવી. (૪) વ્યવસાય આંતરિક ચલો અને વ્યવસાય બાહ્ય ચલો સાથે વ્યવસાય સંતોષનો સબંધ તપાસવો અને ઉંમર, અનુભવ, શૈક્ષણિક અને વ્યાવસાયિક સિદ્ધિ, માનસિક સ્થિતિ, પરિવારનું કદ અને જીવનસાથીની નોકરીનો વ્યવસાય સંતોષ સાથેનો સંબંધ જોવો. (૫) વ્યવસાય સંતોષનો વ્યક્તિત્વ પરિમાણો અને લક્ષણો જેવા કે સ્વ–અભિપ્રાય, બહિર્મુખતા અંતર્મુખતા, અકળામણ અને સાંવેગિક સ્થિરતા સાથેનો સંબંધ તપાસવો.

---

[૨૦] Amarsingh. Correlates of Job Satisfaction Among Different Professionals, 1985, Ph. D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, pp. 1069-1070.

**અભ્યાસની યોજના.** અભ્યાસને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં યાદચ્છિક રીતે પસંદ કરાયેલાં ૩૨૦ પાત્રોને નમૂનામા લેવાયાં હતાં. કોલેજ અથવા યુનિવર્સિટીના ૮૦ શિક્ષકો, ૮૦ ઈજનેરો, ૮૦ વકીલો અને ૮૦ દાકતરોનો પાત્રોમાં સમાવેશ થયો હતો. બીજા તબક્કામાં આ જ નમૂનામાંથી એવા શિક્ષકો, ઈજનેરો, વકીલો અને દાકતરોને પસંદ કરવાના હતાં કે જેમના વ્યવસાય સંતોષ તુલા પરના પ્રાપ્તાંક પ્રથમ ચતુર્થાંક જેટલા કે તેનાથી નીચે અને તૃતીય ચતુર્થાંક જેટલાં કે તેનાથી ઉપર હોય. રોઝનબર્ગની સ્વ–અભિપ્રાય તુલા અને આયઝનેકની વ્યક્તિત્વ સંશોધનિકાનો પ્રયોગ થયો હતો. આ બે કસોટી એવા ૭૫ પાત્રો પર સંચાલિત કરવામાં આવી હતી. જેઓ અસંતોષી સમૂહ તરીકે સ્થાન પામ્યાં હતાં. અને તેવી જ રીતે એવા ૮૭ પાત્રો કે જેઓ સંતોષી સમૂહ તરીકે સ્થાન પામ્યાં હતાં. 'વ્યવસાય સંતોષ તુલા' ની રચના સંશોધક દ્વારા કરાઈ હતી. જેમાં પંચબિંદુ ધરાવતાં ૩૦ વિધાનો હતાં. આ તુલાની વિશ્વસનીયતા કસોટી–પુનઃકસોટીની રીતે ૦.૯૭ અને મુથય્યાની સંતોષ પ્રશ્નાવલિ સામે પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરાઈ હતી, જે ૦.૮૪ હતી.

**અભ્યાસના તારણો.** (૧) જુદાં જુદાં વ્યવસાયકારો જેવા કે શિક્ષકો, ઈજનેરો, વકીલો અને દાકતરોના વ્યવસાય સંતોષ સાથે વ્યવસાય–આંતરિક ચલો ધનાત્મક અને સાર્થક સંબંધ ધરાવે છે. વ્યવસાય–આંતરિક ચલોના વ્યવસાય મૂર્ત અને વ્યવસાય અમૂર્ત પરિમાણો પણ વ્યવસાય સંતોષ સાથે ધનાત્મક અને સાર્થક રીતે જોડાયેલા જોવા મળ્યાં. (૨) વ્યવસાય બાહ્ય ચલો જેવા કે મનો–સામાજિક, આર્થિક અને સમાજ વૃદ્ધિ વ્યવસાયકારોના વ્યવસાય સંતોષ સાથે ધનાત્મક રીતે સંકળાયેલા જોવા મળ્યાં. ચાર મુખ્ય વ્યાવસાયિક સમૂહો કે જેઓ આ અભ્યાસના પાત્રો છે તેમનો વ્યાવસાયિક મોભો, સામાજિક મોભો, વેતન વગેરે એકસમાન જોવા મળ્યાં. વ્યવસાય સાથેના અને વ્યવસાય બહારના પરિબળો વ્યવસાય સંતોષને સમાન રીતે અસર કરતા જોવા મળ્યાં. (૩) વ્યવસાય સંતોષ સાથે ઉંમર ધનાત્મક સહસંબંધ ધરાવે છે. દાકતરો અને વકીલોના કિસ્સામાં ઉંમરનો વ્યવસાય સંતોષ સાથે ધનાત્મક સહસંબંધ જોવા મળ્યો. (૪) વકીલો અને દાકતરોના વ્યવસાય સંતોષ સાથે અનુભવ ધનાત્મક અને સાર્થક સહસંબંધ ધરાવે છે. પરંતુ શિક્ષકો અને ઈજનેરોના કિસ્સામાં અનુભવને વ્યવસાય સંતોષ સાથે સાર્થક સંબંધ નથી. (૫) બધા જ પ્રકારના વ્યવસાયકારોના કિસ્સામાં કુટુંબનું કદ વ્યવસાય સંતોષ સાથે ઋણાત્મક સહસંબંધ ધરાવે છે. (૬) વધારાનું શિક્ષણ કે વ્યાવસાયિક સિદ્ધિ ધરાવતા વ્યવસાયકારોમાં ઓછો વ્યવસાય સંતોષ જોવા મળ્યો હતો.

**કુલસુમ, યુ. (૧૯૮૫)[૨૧] નો અભ્યાસ**

**સમસ્યા.** બેંગ્લોર શહેરની માધ્યમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરી પર શાળા અને શિક્ષક ચલોનો પ્રભાવ

**અભ્યાસના હેતુઓ.** (૧) એક તરફ સ્વતંત્ર ચલો અને બીજી તરફ પરતંત્ર ચલોને લઈ તેમની વચ્ચેના સંબંધની તપાસ કરવી. (૨) વિષયો સાથે જોડાયેલ સ્વતંત્ર ચલોમાં (સરાસરી સ્તરથી ઉપર અને સરાસરી સ્તરથી નીચે) તફાવતો તેમના વ્યવસાય સંતોષ અને વ્યવસાય અનુક્રમ સ્તરોમાં સાર્થક તફાવતો બનશે કે નહીં તે જોવું. (૩) સ્વતંત્ર ચલોની કોઈ પણ બે પસંદિત જોડના સ્તરો વચ્ચેની આંતરક્રિયા અસર સાર્થક બનશે કે નહીં તે જોવું. (૪) સ્વતંત્ર ચલો કે જે વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરીના સાર્થક આગાહી સૂચકો તરીકે બહાર આવે છે તેમને ઓળખી કાઢવા અને આ બે પરતંત્ર ચલોના સંદર્ભમાં દરેક સ્વતંત્ર ચલો થકી વર્ણવાયેલ તફાવતોની માત્રા જાણવી. (૫) માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરી વિશેની આગાહી કરવા આગાહીસૂચક સમીકરણો વિકસિત કરવા. (૬) જો આ બધા ચલોને સાથે રાખવામાં આવે તો 'શાળા સામર્થ્યતા' માં વધારો થાય છે એવી ધારણા સાથે સ્વતંત્ર અને પરતંત્ર ચલોનું અવયવ પૃથક્કરણ કરવું.

**અભ્યાસની યોજના.** આ સહસંબંધાત્મક અભ્યાસમાં ઉંમર, જાતીયતા, વૈવાહિક દરજ્જો, અધ્યાપન અનુભવ, અધ્યાપન માધ્યમ, વ્યવસાયમાં દેખાવ, અધ્યાપન પ્રત્યેના અભિગમો, શિક્ષક અસરકારકતા, આચાર્યનું સંચાલકીય વર્તન, શાળાનું સંસ્થાકીય વાતાવરણ, શાળા સંચાલનનો પ્રકાર, શાળામાં શિક્ષકોની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા અને શાળાના વર્ષોને સ્વતંત્ર ચલો તરીકે જયારે શિક્ષકનો વ્યવસાય સંતોષ અને તેમની વ્યવસાય સામેલગીરીને પરતંત્ર ચલો તરીકે લેવાયાં છે. અભ્યાસના અંતિમ નમૂનામાં માધ્યમિક શાળાઓના ૫૮૬ શિક્ષકોને સપ્રમાણ સ્તરીકૃત યદચ્છ નમૂના પદ્ધતિનો ઉપયોગ કરી પસંદ કરાયા હતાં. ઈન્દીરસન (૧૯૭૪) ની 'વ્યવસાય સંતોષ સંશોધનિકા' અને 'વ્યવસાય સામેલગીરી તુલા' નો ઉપયોગ શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરીની ગુણવત્તાના અભ્યાસમાં કરાયો હતો. વાઈનર (૧૯૫૭) ની

---

[૨૧] U. Kulsum. Influence of School and Teacher Variables on the Job Satisfaction and Job Involvement of Secondary School Teachers in the city of Bangalore, 1985, Ph. D. Edu., Banglore University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, pp. 1090-92.

'નેતૃત્વ વર્તણૂક વર્ણન પ્રશ્નાવલિ' (LBQD) અને લોલર અને પોર્ટર (૧૯૬૭) ની 'વ્યવસાય દેખાવ તુલા' નો ઉપયોગ આચાર્યની નેતૃત્ત્વ વર્તણૂક અને શિક્ષકોના વ્યવસાય દેખાવના માપન માટે થયો હતો. સંશોધક દ્વારા 'અધ્યાપન વ્યવસાય અભિગમ તુલા' અને 'શિક્ષક અસરકારકતા તુલા' ની રચના અને પ્રમાણિકરણ કરાયું હતું અને તેનો ઉપયોગ વલણ અને અસરકારકતાના માપન માટે થયો હતો. શર્મા (૧૯૭૩) ના એસ. ઓ. સી. ડી. કયુ. (SOCDQ) નો ઉપયોગ શાળાના સંસ્થાકીય વાતાવરણની ગુણવત્તા તપાસવા થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) શિક્ષકોનું વેતન (r = ૦.૧૪), તેમનો વ્યવસાય દેખાવ (r = ૦.૧૮), તેમના અધ્યાપન તરફના વલણો (r = ૦.૬૫), તેમની અસરકારકતા (r = ૦.૫૩), આચાર્યોની શરૂઆતની ગોઠવણી (r = ૦.૨૫), આચાર્યોની વૈચારિક બાબતો (r = ૦.૨૭) અને શિક્ષકોની વ્યવસાય સામેલગીરી (r = ૦.૬૯) તેમના વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો સાથે ધનાત્મક અને સાર્થક રીતે જોડાયેલાં છે. (૨) કોર્પોરેશન શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકોના વ્યવસાય સંતોષનું સ્તર સૌથી વધારે (M = ૧૦૪.૨૯) જોવા મળ્યું. ત્યાર બાદ અનુક્રમે સરકારી શાળામાં કાર્યરત શિક્ષકો (M = ૯૯.૪૩), ખાનગી–અનુદાનિત શાળામાં કાર્યરત શિક્ષકો (M = ૯૪.૭૭) અને ખાનગી બિનઅનુદાનિત શાળામાં કાર્યરત શિક્ષકો (M = ૮૪.૨૩) માં વ્યવસાય સંતોષનું સ્તર જોવા મળ્યું. (૩) પરિચિત વાતાવરણવાળી શાળાઓમાં કાર્યરત શિક્ષકોમાં વ્યવસાય સંતોષનું સરાસરી પ્રમાણ (M = ૧૧૭.૮૧) સૌથી વધારે જોવા મળ્યું. ત્યારબાદ અનુક્રમે ખુલ્લાં વાતાવરણવાળી શાળાના શિક્ષકો (M = ૧૧૪.૭) અને સ્વયંશાસિત વાતાવરણવાળી શાળાના શિક્ષકો (M = ૭૧.૦૩) માં વ્યવસાય સંતોષનું સ્તર જોવા મળ્યું. (૪) પુરુષ શિક્ષકોની સરખામણીમાં સ્ત્રી શિક્ષકોમાં અને હંગામી શિક્ષકોની સરખામણીમાં કાયમી શિક્ષકોમાં ઉચ્ચ સ્તરનો વ્યવસાય સંતોષ જોવા મળ્યો. (૫) જાતીયતા અને વૈવાહિક દરજ્જાની આંતરક્રિયા અસર, જાતીયતા અને વ્યવસાય પ્રકારની આંતરક્રિયા અસર, જાતીયતા અને ઉંમરની આંતરક્રિયા અસર, શિક્ષકોની સંખ્યા અને શાળાના વર્ષ, અને વિદ્યાર્થીઓની સંખ્યા અને શાળાના વર્ષનો વ્યવસાય સંતોષના પ્રાપ્તાંકો સાથેનો સંબંધ સાર્થક જોવા મળ્યો.

**સમદ, અબ્દુલ (૧૯૮૬)[૨૨] નો અભ્યાસ**

**સમસ્યા.** ચંદીગઢ સરકારી માધ્યમિક શાળાઓના સંસ્થાકીય વાતાવરણનો અભ્યાસ અને તેની શિક્ષકોના વ્યવસાય સંતોષ પર અસર

**અભ્યાસના હેતુઓ.** (૧) શિક્ષકોના વ્યવસાય સંતોષની માત્રાની જેમ જ શાળાઓના વાતાવરણને ઓળખવું. (૨) શિક્ષકોના વ્યવસાય સંતોષ અને સંસ્થાકીય વાતાવરણ વચ્ચે સાર્થક સંબંધ છે કે નહીં તે નિશ્ચિત કરવું. (૩) જીવનચરિત્ર સંબંધી લાક્ષણિકતાઓ અને સંસ્થાકીય વાતાવરણની સમજ વચ્ચેનો સંબંધ શોધી કાઢવો. જીવનચરિત્ર સંબંધી લાક્ષણિકતાઓમાં જાતીયતા, ઉંમર, કુલ શૈક્ષણિક અનુભવ અને વર્તમાન શાળામાં શૈક્ષણિક અનુભવનો સમાવેશ થતો હતો.

**અભ્યાસની યોજના.** ચંદીગઢની ૨૮ સરકારી માધ્યમિક શાળાઓમાંથી ૧૭૫ શિક્ષકોને યદચ્છ રીતે પસંદ કરી માહિતી એકત્ર કરાઈ હતી. ઉપકરણો તરીકે 'ધ હેલ્પીન અને ક્રોફ્ટ સંસ્થાકીય વાતાવરણ તરેહ પ્રશ્નાવલિ' અને 'ધ ગાબા વ્યવસાય સંતોષ તુલા' નો પ્રયોગ થયો હતો.

**અભ્યાસના તારણો.** (૧) વધારે ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો વ્યવસાય સંતોષની બાબતમાં ઓછાં ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષ કરતાં વધારે આનંદિત છે. (૨) વધારે ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો તેમના આચાર્યોની બાબતમાં ઓછાં ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો કરતાં વધારે આનંદ અનુભવે છે. (૩) વધારે ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો તેમના સાથી શિક્ષકોની બાબતમાં ઓછાં ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો કરતાં વધારે આનંદ અનુભવે છે. (૪) વધારે ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો તેમને શાળાઓમાં આપવામાં આવતી સુવિધાઓની બાબતે ઓછાં ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો કરતાં વધારે આનંદ અનુભવે છે. (૫) વધારે ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો વિવિધ વ્યક્તિગત લાક્ષણિકતાઓની બાબતમાં ઓછાં ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓના શિક્ષકો કરતાં વધારે આનંદ અનુભવે છે. (૬) ખુલ્લાં

---

[૨૨] Abdul Samad. Study of Organisational Climate of Government High Schools of Chandigarh and its Effect on Job Satisfaction of Teachers, 1986, Ph.D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, p. 917.

વાતાવરણવાળી શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો અને ઓછા ખુલ્લાં વાતાવરણવાળી શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકો વચ્ચે પેટા પરિમાણો–સંચાલક, સમાજ, વેતન અને સવલતોની બાબતમાં સાર્થક તફાવત જોવા ન મળ્યો. (૭) નવરાશના પરિમાણ અને પેટા પરિમાણો–સંચાલક, સમાજ, વેતન અને સુવિધાઓ વચ્ચે સાર્થક સંબંધ ન હતો. (૮) વ્યવસાય સંતોષ તુલાના આઠે–આઠ પેટા પરિમાણો અને અંતરાય, આત્મીયતા અને એકલતા જેવા સંસ્થાકીય વાતાવરણ પરિમાણો વચ્ચે સાર્થક સહસંબંધ નથી.

**કૌર, બલવિંદર (૧૯૮૬)[૨૩] નો અભ્યાસ**

**સમસ્યા.** ગૃહવિજ્ઞાન શિક્ષકોનો વ્યવસાય સંતોષ : વ્યક્તિગત, વ્યાવસાયિક અને સંસ્થાગત લાક્ષણિકતાઓ સાથેનો તેમનો સંબંધ

**અભ્યાસના હેતુઓ.** (૧) ગૃહવિજ્ઞાન શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યક્તિગત ગુણો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. (૨) ગૃહવિજ્ઞાન શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યાવસાયિક ગુણો વચ્ચેના સંબંધની પ્રકૃત્તિનો અભ્યાસ કરવો. (૩) ગૃહવિજ્ઞાન શિક્ષકોના વ્યવસાય સંતોષ અને સંસ્થાગત ખાસિયતો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો. (૪) ગૃહવિજ્ઞાન શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યક્તિગત, વ્યાવસાયિક અને સંસ્થાકીય લાક્ષણિકતાઓ માટે પાયારૂપ અવયવ માળખાને ઓળખવું. (૫) આગાહીસૂચક ચલોની વ્યવસાય સંતોષના માનદંડ ચલો તરફની વ્યક્તિગત અને સંયુક્ત શક્યતાઓ શોધી કાઢવી અને મહત્તમ માનદંડ વિચરણને ધ્યાનમાં રાખી આગાહીકારક ચલોનું શ્રેષ્ઠ જોડાણ દર્શાવવું.

**અભ્યાસની યોજના.** આ અભ્યાસમાં પંજાબ, હરિયાણા અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં કામ કરતા ૨૪૫ ગૃહવિજ્ઞાન શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પદ્ધતિને અધારે પસંદ કરવામાં આવ્યાં હતાં. નમૂનાના પાત્રો પર નીચેના ઉપકરણોનું સંચાલન કરવામાં આવ્યું હતુ. (૧) રેવનની સ્ટાન્ડર્ડ પ્રોગ્રેસીવ મેટ્રેસીસ (૧૯૬૦), (૨) ધ જાલોટા સામાજિક–આર્થિક સ્થિતિ તુલા, (૩) ધ શ્રીવાસ્તવ જરૂરિયાત સંતોષ

[૨૩] Balwinder Kaur. Job Satisfaction of Home Science Teachers: Its Relationship with Personal, Professional and Organisational Characteristics, 1986, Ph.D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** (NCERT), New Delhi, pp. 919-920.

તુલા, (૪) ધ હેલ્પીન અને ક્રોફટ સંસ્થાકીય વાતાવરણ વર્ણન પ્રશ્નાવલિ, (૫) ધ હેલ્પીન નેતા વર્તણૂક વર્ણન પ્રશ્નાવલિ (૧૯૬૬) અને (૬) ધ ગુપ્તા અને શ્રીવાસ્તવ શિક્ષક વ્યવસાય સંતોષ તુલા (૧૯૮૦) માહિતીનું પૃથક્કરણ 'કારક પૃથક્કરણ' અને 'સ્ટેપ અપ પરાગતિ પૃથક્કરણ' દ્વારા કરાયું હતું.

**અભ્યાસના તારણો.** (૧) વ્યક્તિગત ચલો (ઉંમર, બુદ્ધિ, સામાજિક–આર્થિક સ્તર અને જરૂરિયાત સંતોષ) માંથી જરૂરિયાત સંતોષ (ભૌતિક સુરક્ષા, સામાજિક અહ્‌મ અને કુલ જરૂરિયાત સંતોષ) વ્યવસાય સંતોષ સાથે સંબંધિત જોવા મળ્યો. (૨) વ્યાવસાયિક લાક્ષણિકતાઓ (અનુભવ, વેતન અને લાયકાતો) વ્યવસાય સંતોષના સહસંબંધી તરીકે કાર્ય કરતી નથી. આવયવિક માળખાંમાં પણ તેઓ વ્યવસાય સંતોષ સાથે સાર્થક સામાન્ય વિચરણ ધરાવતાં નથી. આગાહીના હેતુ માટે તેમનો ઉપયોગ સ્ટેપ–અપ રીગ્રેશન એનાલિસિસ કરવા પણ થયો ન હતો. (૩) અગિયારમાંથી આઠ સંસ્થાકીય લાક્ષણિકતાઓ જેવી કે નવરાશ, અંતરાય, સંસ્થાકીય વફાદારી, તૃષ્ણા, વિચારણા, શરૂઆતનું માળખું, વિચારણા અને સમગ્ર નેતાકીય વર્તણૂક– એ વ્યવસાય સંતોષના સહસંબંધો તરીકે જોવા મળ્યાં. સ્ટેપ–અપ રીગ્રેશન એનાલિસિસમાં નવરાશ અને અંતરાય વ્યવસાય સંતોષના આગાહીકર્તા તરીકે બહાર આવ્યાં. બાકીની સંસ્થાકીય લાક્ષણિકતાઓ જેવી કે આત્મીયતા, ઉત્પાદન જુસ્સો અને એકલતા વ્યવસાય સંતોષના અસરકારક ચલ તરીકે જોવા ન મળી. (૪) સંસ્થાકીય અને વ્યાવસાયિક લાક્ષણિકતાઓ કરતાં વ્યવસાય સંતોષના માનદંડ ચલોની વ્યાવસાયિક લાક્ષણિકતાઓની આગાહીયુક્ત સામર્થ્યતા (વિચરણનો ટકાવારી ફાળો) ઊંચી હતી. (૫) વ્યવસાય સંતોષના આગાહીસૂચક ચલ તરીકે વ્યક્તિગત અને સંસ્થાકીય લાક્ષણિકતાઓ જયારે તેને જુદી જુદી લેવામાં આવે છે તેના કરતાં સંયુક્ત રીતે વધુ ઉચ્ચ જોવા મળી હતી.

**પદ્‌મનાભૈયાહ, એસ. (૧૯૮૬)[૨૪] નો અભ્યાસ**

**સમસ્યા.** માધ્યમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા

---

[૨૪] S. Padmanabhaiah. Job Satisfaction and Teaching Effectiveness of Secondary School Teachers, 1986, Ph. D., Edu., SVU, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, pp. 1034-1035.

**અભ્યાસના હેતુઓ.** (૧) માધ્યમિક શાળાના શિક્ષકોમાં અસંતોષના ધોરણના સામાન્ય સ્તરનો અંદાજ લગાવવો. (૨) શિક્ષકના વ્યવસાય સંતોષ અથવા અસંતોષ પર અસર કરતા વ્યક્તિગત અને બાહ્ય ચલો શોધી કાઢવા. (૩) વ્યવસાય સંતોષ અને વ્યવસાય સાથે સંકળાયેલાં ચલો, વ્યવસાય સંતોષ (વ્યવસાય ઘટક સૂચિ અને વ્યવસાય સંકલિતતા) અને સામાન્ય સંતોષ ચલો (પારિવારિક સંતોષ અને જીવન સંતોષ) વચ્ચેનો સંબંધ શોધી કાઢવો. (૪) શિક્ષકોના વ્યવસાય સંતોષના સ્તરને અસર કરતા વ્યક્તિત્વ પરિબળોને શોધી કાઢવા. (૫) અધ્યાપન અસરકારકતાના માપન માટેના ઉપકરણનો વિકાસ કરવો. (૬) અધ્યાપન અસરકારકતા પર અસર કરતા વ્યક્તિત્વ અને અન્ય ચલો શોધી કાઢવા. (૭) અધ્યાપન અસરકારકતા અને વ્યવસાય સાથે સંકળાયેલ દરેક ચલો અને સામાન્ય સંતોષ ચલો વચ્ચેનો સંબંધ શોધી કાઢવો. (૮) અધ્યાપન અસરકારકતાને અસર કરનાર અથવા તો તેમાં યોગદાન આપનાર વ્યક્તિત્વ લાક્ષણિકતાઓને ઓળખવી અને (૯) સ્વાતંત્ર ચલોના જુદાં–જુદાં સમૂહની મદદથી વ્યવસાય સંતોષ અને અધ્યાપન અસરકારકતાની ધારણા કરવા બહુગુણિત પ્રતિગમન સમીકરણનો વિકાસ કરવો.

**અભ્યાસની યોજના.** રાજયના ત્રણે ત્રણ પ્રદેશોમાંથી કુલ ૯૬૦ માધ્યમિક શાળાના શિક્ષકોને (ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આવેલ ૧૮૦ શાળાઓમાંથી) અભ્યાસના પાત્રો તરીકે પસંદ કરાયા. નમૂનામાં સંકળાયેલ ૯૬૦ શિક્ષકોની અસરકારકતા માપવા માટે સમગ્ર રીતે ૧૮૦ આચાર્યો અને ૨૧૬૦ વિદ્યાર્થીઓનો ઉપયોગ થયો. ઉપકરણ તરીકે (૧) વ્યવસાય સંતોષ તુલા, (૨) વ્યવસાય પૃથક્કરણ કોઠો, (૩) પરિવાર અને જીવન સંતોષ તુલા અને (૪) શિક્ષક અસરકારકતાના માપન માટે ક્રમમાપદંડનો પ્રયોગ થયો. આ બધા ઉપકરણોની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરીને સંશોધકે આ ઉપકરણોની રચના જાતે કરી હતી. કાઈ વર્ગ, ક્રાંતિક ગુણોત્તર (CR), એફ–ગુણોત્તર અને બહુચલીય નિયત સંબંધ જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિની મદદથી માહિતીનું વિશ્લેષણ કરાયું હતું.

**અભ્યાસના તારણો.** (૧) સામાન્ય રીતે મોટાભાગના શિક્ષકો (૭૨%) તેમના વ્યવસાયથી અસંતુષ્ટ હતાં. (૨) શિક્ષકો સામાન્ય રીતે વ્યવસાય સંતોષના ઘટકો જેવા કે ઉચ્ચ પ્રેરણા, અનુકૂલનતા, વિદ્યાર્થીઓ અને સાથી શિક્ષકો વગેરેથી સંતુષ્ટ હતાં જયારે નીતિવિષયક બાબતો, ભૌતિક સુવિધાઓ, સંચાલન નીતિ, કાર્યનો પ્રકાર અને બીજાઓની પ્રવૃત્તિઓ વગેરે ઘટકોથી

અસંતુષ્ટ હતાં. (૩) શિક્ષકની લાયકાતને બાદ કરતા તેમના વ્યક્તિગત અને અન્ય ચલો સંતોષના સ્તરને સાર્થક રીતે અસર કરે છે. પણ સંપૂર્ણ વ્યવસાય સંતોષને સાર્થક રીતે અસર કરતા નથી. (૪) પુરુષ અને સ્ત્રી શિક્ષકોના સંપૂર્ણ વ્યવસાય સંતોષ / અસંતોષના સ્તરની બાબતમાં સાર્થક રીતે તફાવત નથી. (૫) સમગ્ર રીતે જોતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કાર્યરત શિક્ષકોના વ્યવસાય સંતોષ / અસંતોષના સ્તરની બાબતમાં સાર્થક રીતે તફાવત નથી. પરંતુ આ બંને સમૂહો નીતિવિષયક બાબતો અને સંચાલન નીતિઓની બાબતમાં સાર્થક રીતે તફાવત ધરાવે છે. (૬) માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો ભૌતિક સુવિધાઓની બાબતમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકોની સરખામણીએ વધુ અસંતોષ ધરાવે છે. જેનું કારણ મોટાભાગની માધ્યમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓનો અભાવ હોઈ શકે. (૭) નીતિવિષય બાબતો, અનુકૂલનતા અને વિદ્યાર્થીઓની બાબતમાં પરિણીત અને અપરિણીત શિક્ષકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. (૮) નિમ્ન, મધ્યમ અને ઉચ્ચ તફાવતો ધરાવતાં શિક્ષકોના ત્રણ સમૂહો વચ્ચે તેમના બધા જ વ્યવસાય પરિબળોની જેમ સમગ્રતયા વ્યવસાય સંતોષના સ્તરની બાબતમાં સાર્થક રીતે તફાવત છે.

**શ્રીવાસ્તવ, એસ. (૧૯૮૬)[૨૫] નો અભ્યાસ**

**સમસ્યા.** પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યાવસાયિક પ્રામાણિકતાનો જરૂરી સૂચનો સાથે અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** (૧) પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાય સંતોષ અને વ્યાવસાયિક પ્રામાણિકતાની માત્રા તપાસવી. (૨) પ્રાથમિક શાળામાં ઉપરોક્ત સંદર્ભમાં અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા માટેના સૂચનો કરવા.

**અભ્યાસની યોજના.** નમૂનામાં યુનિવર્સિટી / કોલેજ શિક્ષકો, વહીવટી સ્ટાફ વગેરે ૧૦૦ શૈક્ષણિક નિષ્ણાતો અને ફૈઝાબાદ જિલ્લાના ભાગો ફૈઝાબાદ, ગોન્ડા, બેહરાઈચ, બારાબંકી, સુલતાનપુર અને પ્રતાપગઢના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં પ્રાથમિક શાળામાં કાર્યરત ૯૮૭

---

[૨૫] Shobha Srivastava. A Study of Job Satisfaction and Professional Honesty of Primary School Teachers with Necessary Suggestions, 1986, Ph. D., Edu., Avadh University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** NCERT, New Delhi, p. 996.

(૨૬૩ સ્ત્રી અને ૭૨૪ પુરુષ) પ્રાથમિક શિક્ષકોને વસતીના પ્રમાણને ધ્યાનમાં રાખી યાદચ્છિક રીતે પસંદ કરાયા હતાં. ઉપકરણોમાં 'વ્યવસાય સંતોષ સંશોધનિકા', 'વ્યાવસાયિક પ્રામાણિકતા પસંદગી સૂચિ', વ્યવસાય અસંતોષ માટેના પ્રતિભાવો પરની પ્રશ્નાવલિ, તથા પ્રાથમિક શિક્ષકોમાં વ્યાવસાયિક પ્રામાણિકતા માટે કારણભૂત પરિબળો માટેની ઓળખયાદીનો સમાવેશ થતો હતો. સંશોધકે પ્રમાણભૂત પ્રક્રિયા દ્વારા બધા જ ઉપકરણોની રચના જાતે કરી હતી. માહિતીને કોષ્ટકમાં વિભાજિત કરી અનુકૂળ આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓના ઉપયોગથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**અભ્યાસના તારણો.** (૧) આ વિસ્તારના પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વ્યાવસાયિક પ્રામાણિકતા ઊંચા જોવા મળ્યા. (૨) પુરુષ શિક્ષકોની સરખામણીએ સ્ત્રી શિક્ષકો, પરિણીત શિક્ષકોની સરખામણીએ અપરિણીત શિક્ષકો, ગ્રામ્ય શિક્ષકોની સરખામણીએ શહેરી શિક્ષકો અને બિનખેતી ધંધાવાળા પરિવારની પાર્શ્વભૂમિ ધરાવતાં શિક્ષકો વ્યાવસાયિક સંતોષ અને વ્યાવસાયિક પ્રામાણિકતા બાબતે સાર્થક રીતે ઉચ્ચ હતાં. (૩) મોટી વયના શિક્ષકોની સરખામણીએ યુવાન શિક્ષકો, સિનીયર શિક્ષકોની સરખામણીએ જુનિયર શિક્ષકો અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાં શિક્ષકો કરતાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા શિક્ષકો વ્યવસાય સંતોષની બાબતમાં સાર્થક રીતે ઉચ્ચ હતાં. (૪) જ્ઞાતિની વ્યવસાય સંતોષ પર સાર્થક અસર જોવા મળી. (૫) પ્રાથમિક શિક્ષકો વચ્ચેના વ્યવસાય અસંતોષના મુખ્ય પરિબળોમાં અપૂરતું વેતન, ભૌતિક સુવિધાઓનો અભાવ (જગ્યા, સાધનો વગેરે), એરિયર્સ મેળવવામાં પડતી મુશ્કેલીઓ, ઓફિસરો દ્વારા શોષણ વગેરે હતાં. (૬) પ્રાથમિક શિક્ષકોની વ્યાવસાયિક પ્રામાણિકતા માટેના કારણભૂત મુખ્ય પરિબળોમાં શિક્ષકનું મજબૂત અને સારૂ ચારિત્ર્ય, કામ પ્રત્યેની શિક્ષકની સચ્ચાઈ, શિક્ષકના સારા કાર્યની સ્વીકૃતિ અને કદર, શાળામાં સ્વસ્થ અને ખૂલ્લું વાતાવરણ, શિક્ષકની માનસિક તંદુરસ્તી વગેરે હતાં. (૭) શિક્ષકોના નમૂનામાં વ્યવસાય સંતોષ કરતા વ્યાવસાયિક પ્રામાણિકતા વધારે ઉચ્ચ હતી અને આ બંને ચલો વચ્ચેનો સહસંબંધાંક ૦.૨૫૬ હતો.

**વ્યાસ, એમ. વી. (૨૦૦૧)[૨૬] નો અભ્યાસ**

**સમસ્યા.** જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો કાર્ય સંતોષ

**અભ્યાસના હેતુઓ.** (૧) પ્રાથમિક શિક્ષકોનો કાર્યસંતોષ જાણવા 'કાર્યસંતોષ સંશોધનિકા' ની રચના કરવી. (૨) જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કાર્ય કરતા શિક્ષકોનો કાર્યસંતોષ જાણવો અને તેની તુલના તેમની જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં કરવી.

**અભ્યાસની યોજના.** પ્રસ્તુત અભ્યાસમાં વર્ષઃ ૧૯૯૯–૨૦૦૦ નાં શૈક્ષણિક વર્ષમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ગુજરાતી માધ્યમવાળી માન્ય પ્રાથમિક શાળાઓમાં અધ્યાપનકાર્ય કરતા ૩૫૨૩ પુરુષ શિક્ષકો અને ૨૪૭૫ સ્ત્રી શિક્ષકો મળી કુલ ૫૯૯૮ શિક્ષકોમાંથી ૫૦.૦૨ ટકા નિદર્શ લીધેલ હતો. સંશોધન ઉપકરણ તરીકે સ્વરચિત 'કાર્યસંતોષ સંશોધનિકા' નો ઉપયોગ કર્યો હતો. સર્વેક્ષણ પદ્ધતિમાં સ્તરીકૃત આકસ્મિક નમૂના પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. સરાસરી, મધ્યસ્થ, પ્રમાણિત વિચલન, પાદસ્થ વિચલન, વિરૂપતા, કકુદતા, કાઈ વર્ગ, ક્રાંતિક ગુણોત્તર અને આંશિક સહસંબંધાંક દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**અભ્યાસના તારણો.** (૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના કાર્યસંતોષમાં અર્થસૂચક તફાવત જોવા મળ્યો. (૨) કાર્યસંતોષ પર જાતીયતાની અસર જોવા ન મળી. (૩) વિભિન્ન જિલ્લાઓના સમાનજાતિના એટલે કે પુરુષ–પુરુષ અને સ્ત્રી–સ્ત્રી શિક્ષકોના કાર્યસંતોષ પર અસર જોવા મળી. (૪) શિક્ષકોના કાર્યસંતોષ પર વૈવાહિક દરજ્જાની અસર જોવા મળી (૫) સમાન વૈવાહિક દરજ્જા સંદર્ભે જાતીયતાની કાર્યસંતોષ પર અસર ન જોવા મળી. (૬) સમાન વૈવાહિક દરજ્જો એટલે કે પરિણીત શિક્ષકોના કાર્યસંતોષમાં વિભિન્ન જિલ્લાઓની અસર જોવા મળી, જયારે અપરિણીત શિક્ષકોના કાર્યસંતોષમાં વિભિન્ન જિલ્લાઓની

---

[૨૬] એમ. વી. વ્યાસ. ***જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો કાર્ય સંતોષ.*** અપ્રકાશિત પીએચ. ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૧.

અસર જોવા ન મળી. (૭) શૈક્ષણિક લાયકાતની કાર્યસંતોષ પર અસર જોવા ન મળી. (૮) સમાન જાતિના એટલે કે સ્ત્રી–સ્ત્રી શિક્ષકો અને પુરુષ–પુરુષ શિક્ષકોના કાર્યસંતોષ પર શૈક્ષણિક લાયકાતની અસર જોવા ન મળી. (૯) એક સમાન લાયકાત એટલે કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોના કાર્યસંતોષ પર વિભિન્ન જિલ્લાઓની અસર જોવા મળી ન હતી અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોના કાર્યસંતોષ પર વિભિન્ન જિલ્લાઓની અસર જોવા મળી.

**આસોંદરિયા, ડી. ડી. (૨૦૦૮)[૨૭] નો અભ્યાસ**

**સમસ્યા.** સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાસહાયક શિક્ષકોનાં સિદ્ધિ પ્રેરણા, અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ

**અભ્યાસના હેતુઓ.** વિદ્યાસહાયક શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા અનુકૂલન અને વ્યવસાય સંતોષનો તેમની જાતીયતા, શાળાનો વિસ્તાર, જ્ઞાતિ, કુટુંબનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક દરજ્જો (સ્થિર), ઉંમર, શિક્ષણ પ્રવાહ, નોકરીનું સ્થળ અને શૈક્ષણિક સ્ટાફની સ્થિતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**અભ્યાસની યોજના.** સૌરાષ્ટ્ર અને કચ્છના જુદાં–જુદાં જિલ્લાઓમાંથી ૭૦૫ વિદ્યાસહાયક શિક્ષકોને (૨૦૦૬–૦૭) નમૂના તરીકે લેવામાં આવ્યા હતાં. ઉપકરણ તરીકે સ્વરચિત અને પ્રમાણિત વ્યવસાય સંતોષ પ્રશ્નાવલિ, પ્રમાણિત અનુકૂલન કસોટી અને સિદ્ધિપ્રેરણા કસોટીનો ઉપયોગ કર્યો હતો. પીયર્સન કો. એફીસીયન્ટ ઓફ કોરીલેશન (પ્રોડકટ મોમેન્ટ મેથડ) ટી–કસોટીનો ઉપયોગ કર્યો હતો.

**અભ્યાસના તારણો.**(૧) જાતીયતાની વિદ્યાસહાયક શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા પર અસર થતી નથી. (૨) ગ્રામ્ય વિસ્તારના વિદ્યાસહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા શહેરી વિસ્તારના વિદ્યાસહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા કરતાં ઊંચી જોવા મળી. (૩) સિદ્ધિપ્રેરણા પર જ્ઞાતિ, કુટુંબનું

---

[૨૭] ડી. ડી. આસોંદરિયા. ***સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાસહાયક શિક્ષકોનાં સિદ્ધિ પ્રેરણા, અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત પીએચ. ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૮.

કદ, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક સ્થિતિ, ઉંમર, શિક્ષણપ્રવાહ, કાર્યસ્થળ કે સ્ટાફની સંખ્યાની કોઈ અસર થતી નથી. (૪) વિદ્યાસહાયક પુરુષ શિક્ષકો કરતાં વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકોની અનુકૂલનતા વધારે ઊંચી જોવા મળે છે. વળી, અપરિણીત વિદ્યાસહાયક શિક્ષકોનું અનુકૂલન પરિણીત વિદ્યાસહાયક શિક્ષક કરતાં ઊંચું જોવા મળે છે. (૫) વિદ્યાસહાયક શિક્ષકોના વિસ્તાર, જ્ઞાતિ, કુટુંબનું કદ, શૈક્ષણિક લાયકાત, ઉંમર, શિક્ષણપ્રવાહ, કાર્યક્ષેત્ર કે સ્ટાફની સંખ્યાની તેમના અનુકૂલન પર અસર થતી નથી. (૬) વિદ્યાસહાયક શિક્ષકોની વ્યવસાય સામેલગીરી પર તેમની જાતીયતા, વિસ્તાર, જ્ઞાતિ, કુટુંબનો પ્રકાર, વૈવાહિક દરજ્જો, ઉંમર, શિક્ષણપ્રવાહ, કાર્યક્ષેત્ર કે સ્ટાફની સંખ્યાની અસર થતી નથી. પરંતુ શૈક્ષણિક લાયકાતની અસર થાય છે. પી. ટી. સી. કરેલ વિદ્યાસહાયક શિક્ષકોની વ્યવસાય સામેલગીરી બી. એડ્. કરેલ વિદ્યાસહાયક શિક્ષકો કરતાં વધારે જોવા મળી. (૭) વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ પર તેમની જાતીયતા, વિસ્તાર, જ્ઞાતિ, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક સ્થિતિ, ઉંમર, શિક્ષણ પ્રવાહ કે શૈક્ષણિક સ્ટાફની સંખ્યાની અસર થતી નથી. પરંતુ કુટુંબનો પ્રકાર અને નોકરીના સ્થળની અસર થાય છે. સંયુક્ત કુટુંબમાં રહેતા વિદ્યાસહાયક શિક્ષકોનો વ્યવસાય સંતોષ વિભક્ત કુટુંબમાં રહેતા વિદ્યાસહાયક શિક્ષકો કરતાં ઊંચો છે જયારે પોતાના જ જિલ્લામાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકોનો વ્યવસાય સંતોષ બહારના જિલ્લામાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ કરતાં વધુ જોવા મળે છે. (૮) વિદ્યાસહાયક શિક્ષકોની વ્યવસાય પ્રેરણા પર તેમના વિસ્તાર, જ્ઞાતિ, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક દરજ્જો, ઉંમર, શિક્ષણ પ્રવાહ, કાર્યક્ષેત્ર કે સ્ટાફ સંખ્યાની અસર થતી નથી, પરંતુ જાતીયતા અને કુટુંબના પ્રકારની અસર જોવા મળે છે.

## ૩.૪ પ્રાપ્ય સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષા

પટેલ, એચ. પી. (૨૦૦૦) એ પ્રાથમિક શાળાઓના શિક્ષકોની જાતીયતા, શૈક્ષણિક લાયકાત અને શિક્ષણકાર્યના અનુભવના સંદર્ભમાં વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. જયારે વાઢેર, એસ. ડી. (૨૦૦૨) એ પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો, પી. ટી. સી. થયેલાં અને પી. ટી. સી. ન થયેલાં શિક્ષકોના વ્યવસાય કાર્યસંતોષમાં તફાવત જાણવાનો અભ્યાસ કર્યો હતો. ઉપાધ્યાય, એન. બી. (૨૦૦૬) એ વિદ્યાસહાયકોની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ જાણવાનો અભ્યાસ કર્યો હતો. જયારે ઠક્કર, કે. જી. (૨૦૦૭) એ વિદ્યાસહાયકોના વ્યાવસાયિક સંતોષની લાયકાત, વિસ્તાર, જાતિના સંદર્ભમાં તુલના કરવાનો અભ્યાસ કર્યો હતો.

બૌરાઈ, વાય. (૨૦૦૧) એ હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષના સ્તરને તેમની જાતીયતા, વૈવાહિક દરજજો, ઉંમર, કુટુંબનો પ્રકાર, અનુભવ, નેટ અને બિન–નેટ તથા લાયકાતના સંદર્ભમાં શોધી તેને સુધારવા માટે સૂચનો આપવાનો અભ્યાસ કર્યો હતો. જયારે યાદવ, લાલચંદ્રરાવ (૨૦૦૮) એ સ્વનિર્ભર બી. એડ્. કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષની તેમની જાતીયતા, વિશેષતાઓ અને તેમના વિસ્તારના સંદર્ભમાં તુલના કરવાનો અભ્યાસ કર્યો હતો.

સોલંકી, જે. (૨૦૦૫) એ કોમર્સ વિષયો ભણાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ જુદાં જુદાં વ્યવસાય કારકો જેવા કે પ્રગતિ / વ્યવસાયમાં વૃદ્ધિ, વ્યક્તિગત વિકાસ, આંતરવૈયક્તિક સંબંધો, વ્યવસાય સુરક્ષા, વેતન, વ્યક્તિગત જીવન, સ્વીકૃતિ / કદર, જવાબદારી, શાળા વહીવટ અને કાર્યસ્થિતિઓ, સ્વયં કાર્યના સંદર્ભમાં કર્યો હતો. જયારે મિસ્ત્રી, એમ. ડી. (૨૦૦૬) એ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષની કક્ષા પર શાળા પ્રકાર, જાતિ અને શૈક્ષણિક અનુભવની અસર તપાસવાનો અભ્યાસ કર્યો હતો.

મેટાલિયા, બી. એમ. (૨૦૦૬) એ નવોદય વિદ્યાલયના શિક્ષકોના વ્યવસાય સંતોષને જુદાં જુદાં વ્યવસાય કારકો જેવા કે વ્યાવસાયિક વૃદ્ધિ, વ્યવસાય સુરક્ષા, વેતન, સ્વીકૃતિ, જવાબદારી, શાળા વહીવટ, આંતરવૈયક્તિક સંબંધો, પરિવાર કલ્યાણ, ઉચ્ચ સત્તા અને અભ્યાસક્રમ આંતરક્રિયાના સંદર્ભમાં તપાસવાનો અભ્યાસ કર્યો હતો. પંચોલી, બી. કે. (૨૦૦૭) એ માધ્યમિક શાળાના શિક્ષકોની અસરકારકતા અને ચિન્તનાત્મક વિચાર સ્તર વચ્ચેનો સંબંધ જાણવાનો અને શિક્ષકોની અસરકારકતા પર તેમના ચિન્તનાત્મક વિચાર સ્તર, રહેઠાણ વિસ્તાર અને વ્યાવસાયિક અનુભવની અસર જાણવાનો અભ્યાસ કર્યો હતો.

અંજનેયુલુ, બી. એસ. આર. (૧૯૬૮) એ માધ્યમિક શાળાઓમાં જુદી જુદી સ્થિતિઓ હેઠળ કામ કરતા શિક્ષકોમાં અસંતોષ માટેના કારણો શોધવા અને પ્રવર્તમાન સ્થિતિને સુધારવા માટેના સૂચનો કરવાનો અભ્યાસ કર્યો હતો. વાર્શનેયા, પી. કે. (૧૯૮૧) એ માધ્યમિક શાળાઓના સંસ્થાકીય વાતાવરણ અને શિક્ષક અસરકારકતાના નિષ્પત્તિના ઘટકો જેવા કે વિદ્યાર્થીનું શિક્ષક તરફનું વલણ, વિદ્યાર્થીનું શાળા તરફનું વલણ, વિદ્યાર્થીના વ્યક્તિગત મૂલ્યો અને શાળાકીય સિદ્ધિ વચ્ચેના સંબંધો શોધવાનો અભ્યાસ કર્યો હતો. કુલસુમ, યુ. (૧૯૮૫) એ માધ્યમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષ, વ્યવસાય સામેલગીરી પર શાળા તેમજ શિક્ષક ચલોનો પ્રભાવ અને

તેની માત્રા જાણવાનો અભ્યાસ કર્યો હતો. પદ્મનાભૈયાહ, એસ. (૧૯૮૬) એ માધ્યમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા પર અસર કરતા ચલો શોધવા, વ્યવસાય સંતોષ અને સામાન્ય સંતોષ ચલો વચ્ચેનો સંબંધ શોધવા અને વ્યવસાય સંતોષના સ્તરને અસર કરતા વ્યક્તિત્વ પરિબળોને શોધવાનો અભ્યાસ કર્યો હતો. સમદ, અબ્દુલ (૧૯૮૬) એ સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને સંસ્થાકીય વાતાવરણ વચ્ચેનો સંબંધ જાણવા ઉપરાંત જીવનચરિત્ર સંબંધી લાક્ષણિકતાઓ જેમ કે જાતીયતા, ઉંમર, શૈક્ષણિક અનુભવનો સંસ્થાકીય વાતાવરણ સાથેનો સંબંધ જાણવાનો અભ્યાસ કર્યો હતો.

લવિંગિયા, કે. યુ. (૧૯૭૪) એ શિક્ષકોની સ્થિરતા ઉપર વ્યાવસાયિક સંતોષની અસર, તે વચ્ચેનો સંબંધ અને તે સંદર્ભે પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકો વધારે સંતુષ્ટ છે કે કેમ ? તે જાણવાનો અભ્યાસ કર્યો હતો. નાયક, કે. ડી. (૧૯૮૨) એ ભિન્ન જ્ઞાતિ, જુદાં જુદાં સ્તર (પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા) ના પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓના વ્યવસાય સંતોષ, અનુકૂલનતા અને અધ્યાપન અભિયોગ્યતા વચ્ચેના સંબંધો જાણવાનો અભ્યાસ કર્યો હતો. મિસ્ત્રી, ટી. સી. (૧૯૮૫)એ કોલેજ અને માધ્યમિક શાળાના શિક્ષકોની તણાવ ભૂમિકા, નિયંત્રણસ્થાન અને શૈક્ષણિક વાતાવરણમાં ભાગીદારી, કાર્ય તરીકે સિદ્ધિ જરૂરિયાત, વ્યવસાય સંતોષ અને વ્યવસાય સામેલગીરી સંદર્ભે અભ્યાસ કર્યો હતો.

શાહ, કે. (૧૯૮૨) એ પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ પર સામાજિક–આર્થિક સ્થિતિ, શૈક્ષણિક મોભો, વ્યવસાય પ્રત્યેની અભિરુચિની અસર અને સમસ્યાઓ શોધવાનો અભ્યાસ કર્યો હતો. શ્રીવાસ્તવ, એસ. (૧૯૮૬) એ પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યવસાય સંતોષ અને વ્યાવસાયિક પ્રામાણિકતાની માત્રા તપાસવા તેમજ અનુકૂળ વાતાવરણ માટેના સૂચનો કરવાનો અભ્યાસ કર્યો હતો. વ્યાસ, એમ. વી. (૨૦૦૧) એ પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો કાર્ય સંતોષ જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભે તપાસવાનો અભ્યાસ કર્યો હતો. આસોંદરિયા, ડી. ડી. (૨૦૦૮) એ વિદ્યાસહાયક શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા અનુકૂલન અને વ્યવસાય સંતોષનો તેમની જાતીયતા, શાળા વિસ્તાર, જ્ઞાતિ, કુટુંબનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક દરજ્જો, ઉંમર, શિક્ષણ પ્રવાહ, નોકરીનું સ્થળ અને શૈક્ષણિક સ્ટાફની સ્થિતિના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

ગોયલ, જે. સી. (૧૯૮૦) એ શિક્ષક–પ્રશિક્ષકોના વલણો, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસો વચ્ચેના સંબંધ તેમજ જાતીયતા, વય, લાયકાત અને અનુભવના આધારે જુદા જુદા વર્ગોના શિક્ષક–પ્રશિક્ષકોના વલણો, વ્યાવસાયિક સંતોષ, અનુકૂલન અને વ્યાવસાયિક રસોનું માપન કરવાનો અભ્યાસ કર્યો હતો. અગ્રવાલ, વી. (૧૯૮૩) એ આચાર્યોની દબાણશીલતા અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેનો સંબંધ, અનુકૂલનતા અને વ્યવસાય સંતોષની સંયુક્ત અસર અને તેમની વહીવટી અસરકારકતા વચ્ચેના સંબંધ જાણવાનો અભ્યાસ કર્યો હતો. કૌર, બલવિંદર (૧૯૮૬) એ ગૃહવિજ્ઞાન શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને વ્યક્તિગત ગુણો વચ્ચેનો સંબંધ તેમજ શિક્ષકોના વ્યવસાય સંતોષ માટે પાયારૂપ અવયવ માળખાંને ઓળખવાનો અભ્યાસ કર્યો હતો.

અમરસિંઘ, (૧૯૮૫) એ શિક્ષકો, ઈજનેરો, વકીલો અને દાકતરો વચ્ચે વ્યવસાય સંતોષની અસરની માત્રાની તુલના કરવાનો અને ઉંમર, અનુભવ, શૈક્ષણિક અને વ્યાવસાયિક સિદ્ધિ, માનસિક સ્થિતિ, પરિવારનું કદ અને જીવનસાથીની નોકરીનો વ્યવસાય સંતોષ સાથેનો સંબંધ તપાસવાનો અભ્યાસ કર્યો હતો.

સમીક્ષા દ્વારા જાણવા મળ્યું હતું કે પૂર્વે થયેલાં અભ્યાસોમાં નીચે મુજબના તૈયાર ઉપકરણોનો ઉપયોગ થયો હતો.

પૂર્વે થયેલાં અભ્યાસોમાં પ્રમોદકુમાર અને ડી. એન. મુથા રચિત વ્યવસાય સંતોષ પ્રશ્નાવલિ, પ્રમોદકુમાર અને ડી. એન. મુથા રચિત શિક્ષક અસરકારકતા માપદંડ, જયપ્રકાશ અધ્યાપન અભિયોગ્યતા કસોટી, ઈન્દીરસનની વ્યવસાય સંતોષ સંશોધનિકા, ધ ગાબા વ્યવસાય સંતોષ તુલા, બ્રેફિલ્ડ અને રોથની વ્યવસાય સંતોષ તુલા, ધ શ્રીવાસ્તવ જરૂરિયાત સંતોષ તુલા, પેસ્તનજી રચિત નોકરીદાતાનો સંતોષ–અસંતોષ સંશોધનિકા, અમરસિંઘ અને ટી. આર. શર્મા રચિત કાર્યસંતોષ માપન પ્રશ્નાવલિ, કે. યુ. લવિંગિયા રચિત વ્યવસાય સંતોષ સંશોધનિકા, ધ ગુપ્તા અને શ્રીવાસ્તવ શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડ, ગુપ્તા અને શર્મા રચિત શિક્ષક અસરકારકતા કસોટી, વૈયક્તિક માહિતીપત્રક અને બિનમાળખાંગત મુલાકાત જેવા તૈયાર ઉપકરણોનો ઉપયોગ થયો હતો.

સમીક્ષા દ્વારા જાણવા મળ્યું હતું કે પૂર્વે થયેલાં અભ્યાસોમાં નીચે મુજબના સ્વ–રચિત ઉપકરણોનો ઉપયોગ થયો હતો.

પૂર્વે થયેલાં અભ્યાસોમાં અમરસિંધ (૧૯૮૫) રચિત વ્યવસાય સંતોષ તુલા, કુલસુમ, યુ. (૧૯૮૫) રચિત શિક્ષક અસરકારકતા તુલા, પદ્‌મનાભૈયાહ, એસ. (૧૯૮૬) રચિત શિક્ષક અસરકારકતા ક્રમમાપદંડ અને વ્યવસાય સંતોષ તુલા, શ્રીવાસ્તવ, એસ. (૧૯૮૬) રચિત વ્યવસાય સંતોષ સંશોધનિકા, વ્યાસ, એમ. વી. (૨૦૦૧) રચિત કાર્યસંતોષ સંશોધનિકા, મિસ્ત્રી, એમ. ડી. (૨૦૦૬) રચિત વ્યવસાય કાર્યસંતોષ સંશોધનિકા, ઠક્કર, કે. જી. (૨૦૦૭) રચિત વ્યવસાય સંતોષ માપદંડ, આસોંદરિયા, ડી. ડી. (૨૦૦૮) રચિત વ્યવસાય સંતોષ પ્રશ્નાવલિ જેવા સ્વ–રચિત ઉપકરણોનો ઉપયોગ થયો હતો.

## ૩.૫ પૂર્વે થયેલાં સંશોધનોના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનની સાર્થકતા

સંશોધનોની સંયોજનાત્મક સમીક્ષામાં સંશોધકને પુરોગામી સંશોધકોના અભ્યાસ વિશે માહિતી મળતી હોય છે. દરેક ક્ષેત્રમાં થતાં સંશોધનો કંઈક સાર્થકતા ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસની સાર્થકતા આ પ્રમાણે છે :

પૂર્વે થયેલાં અભ્યાસોમાં શિક્ષકોના વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા સંદર્ભે જે અભ્યાસો જોવા મળ્યાં હતાં તે અભ્યાસોમાં સામાન્ય રીતે જે તે કક્ષા અથવા ભિન્ન કક્ષાના શિક્ષકો પર અભ્યાસો હાથ ધરાયાં હતાં. જયારે પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા કોઈ એક જ કક્ષામાં શિક્ષકો કાર્ય કરતા હોય છતાં પણ તેમની ઓળખ અલગ થતી હોય, સમાન કાર્યબોજ માટે ભિન્ન વેતન ધોરણ હોય તેવા શિક્ષકો પાસેથી વ્યવસાય સંતોષ અને તેની અસરકારકતા જાણવાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળા કક્ષાએ વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો આ બંને પ્રકારના શિક્ષકોએ સમાન સમયમાં એક સરખું જ શિક્ષણકાર્ય કરવાનું હોય અને તેમના વેતન વચ્ચે લગભગ ત્રણ ગણાથી પણ વધુનો તફાવત જોવા મળતો હોય ત્યારે બંને પ્રકારના શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને તેમની શિક્ષક અસરકારકતા જાણવી સાર્થક બની જાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષ જેવા ઘટકોને આધારે શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના ધોરણ ૫, ૬ અને ૭ ના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા હોય તેવા શિક્ષકોના વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની સરાસરીને આધારે તે શિક્ષકની અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નિધાર્રિત કરવામાં આવી હતી. આથી પ્રસ્તુત અભ્યાસ સાર્થક છે તેમ કહી શકાય.

પૂર્વે થયેલાં અભ્યાસોમાં શિક્ષકોના વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા પર તેના સ્વતંત્ર ચલની અસર તપાસવામાં આવી હતી. જયારે પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતાને પરતંત્ર ચલો તરીકે સ્વીકારવામાં આવ્યાં હતાં. જયારે સ્વતંત્ર ચલો તરીકે પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સમાવેશ કર્યો હતો અને શિક્ષકોની જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી જેવા પરિવર્તક ચલોને ધ્યાનમાં રાખી તેમના વ્યવસાય સંતોષ અને અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપની પ્રાથમિક અજમાયશને આધારે કલમ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક સ્વરૂપની દ્વિતીય અજમાયશ પર ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીને આધારે કલમોની સાર્થકતા જાણવામાં આવી હતી. અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા અને યથાર્થતા તેમજ માપદંડ પરના પ્રાપ્તાંકોની યથાર્થતાને ઘટક યથાર્થતા દ્વારા જાણવામાં આવી હતી. જેમાં અવયવ નિષ્કર્ષણ અને અવયવ પરિભ્રમણનો ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસ દ્વારા ભાવિ સંશોધકોને પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટે પ્રમાણિત માપદંડ ઉપલબ્ધ બની રહેશે. આમ, પ્રસ્તુત અભ્યાસને સાર્થક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# પ્રકરણ ૪
# સંશોધન યોજના અને તેના આધારો


૪.૦ પ્રસ્તાવના

૪.૧ વિષય ઉદ્‌ગમ

૪.૨ સંશોધનનું વ્યાપવિશ્વ

૪.૩ નમૂના પસંદગી

૪.૪ સંશોધન પદ્ધતિ

૪.૫ સંશોધનના ઉપકરણો

૪.૬ માહિતી એકત્રીકરણ

૪.૭ પ્રાપ્ત માહિતી

૪.૮ માહિતીનું પૃથક્કરણ

# પ્રકરણ ૪
# સંશોધન યોજના અને તેના આધારો

## ૪.૦ પ્રસ્તાવના

સંશોધન એ વૈજ્ઞાનિક, વ્યવસ્થિત અને તર્કબદ્ધ પ્રક્રિયા છે. સંશોધન અહેવાલને સમજવા માટે સંશોધન યોજનાનું વર્ણન અત્યંત જરૂરી છે. વાચક સ્પષ્ટપણે સમજી શકે તે માટે સંશોધક ચોક્કસ કાર્ય યોજના, સંશોધન પ્રક્રિયાના તબક્કાઓનો નિર્દેશ કરે છે તેમજ વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ રીતે સમસ્યાના સંદર્ભમાં આગળ વધવાના ક્રમિક તબક્કાઓનો નિર્દેશ કરે છે. સંશોધનાત્મક અભ્યાસમાં ઉદ્દેશોની પ્રાપ્તિ માટે યોગ્ય પદ્ધતિ અને પ્રક્રિયા મહત્ત્વનો ફાળો આપે છે.

આયોજન વિનાનું કાર્ય સફળતા મેળવી શકતું નથી. માટે સંશોધનમાં આયોજન મહત્ત્વનો ભાગ ભજવે છે. આયોજનથી નીચેના લાભ થાય છે.

૧. સમસ્યા પરના પ્રત્યક્ષકાર્યમાં ઊભી થનાર સમસ્યાઓનો ખ્યાલ આવી શકે છે.

૨. સંશોધન કાર્ય સરળ અને ઝડપી બને છે.

૩. સંશોધન દરમ્યાન ઊભી થનાર મુશ્કેલીઓ નિવારવા વિચાર કરી શકાય છે.

૪. સંશોધન અંગે ચોક્કસ દિશાસૂચન મળે છે.

૫. સમય, શક્તિ અને નાણાનો દુર્વ્યય થતો અટકાવી શકાય છે.

સંશોધકને પોતાની સમસ્યા અંગેના પ્રત્યક્ષ કાર્યનો ખ્યાલ પણ સંશોધન યોજના દ્વારા જ મળે છે. સંશોધન યોજનાના કારણે સંશોધક માટે સંશોધનનું કાર્ય સરળ બને છે, હેતુસર બને છે ઉપરાંત ઝડપી બને છે. આમ, કોઈ પણ ક્ષેત્રે સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં સંશોધકે પસંદ કરેલ સમસ્યાને અનુરૂપ સંશોધન યોજના બનાવવી તે અત્યંત મહત્ત્વની બાબત છે.

પ્રસ્તુત પ્રકરણમાં વિષય ઉદ્‌ગમ, સંશોધનનું વ્યાપવિશ્વ, નમૂના પસંદગી, સંશોધનનું ઉપકરણ, માહિતી એકત્રીકરણ, પ્રાપ્ત માહિતી અને માહિતીના પૃથક્કરણની સ્પષ્ટતા કરવામાં આવી છે.

## ૪.૧ વિષય ઉદ્‌ગમ

રીજનલ કોલેજ, ભોપાલમાં સંશોધકના એમ. એડ્. ના અભ્યાસ દરમિયાન લઘુ શોધનિબંધ વિષય પસંદગી પરના સેમિનારમાં 'પેરા ટીચર્સ' પર કોણ સંશોધન કાર્ય કરશે ? એવા પ્રશ્નનો સંશોધકે હકારમાં જવાબ આપતા એમ. એડ્. લઘુ શોધનિબંધમાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાને પરતંત્ર ચલ તરીકે લઈ તેમજ વ્યવસાય સંતોષ તથા અન્ય ચલોને સ્વતંત્ર ચલ તરીકે લઈ સંશોધન કાર્ય કર્યુ હતું.

વળી, સંશોધક હાલ 'બી. ડી. શાહ કોલેજ ઓફ એજયુકેશન, સી. ટી. ઈ., મોડાસામાં 'અધ્યાપક સહાયક' તરીકે ફરજ બજાવે છે. સહાયકોને પોતાની સમસ્યાઓ હોય છે. સંશોધકને પોતાની ફરજ દરમ્યાન લાગ્યું કે જો પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અને ફિકસ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતાનો અભ્યાસ પીએચ. ડી. કક્ષાએ કરવામાં આવે તો તેનાથી પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષને અને શિક્ષક અસરકારકતાને લગતી ચોક્કસ બાબતો શિક્ષણ જગત સમક્ષ આવી શકે અને આ શિક્ષકોના વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતા જાણી તે વધુ કે ઓછાં હોવાના ચોક્કસ કારણો જાણી શકાય. તેથી જ સંશોધકે પ્રસ્તુત સમસ્યામાં શિક્ષક વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતાને પરતંત્ર ચલો તરીકે અને પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર ધરાવતા શિક્ષકોને સ્વતંત્ર ચલો તરીકે લઈ પીએચ. ડી. કક્ષાએ તેનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું હતું.

## ૪.૨ સંશોધનનું વ્યાપવિશ્વ

વ્યાપવિશ્વ એ સંશોધનનું આગવું પાસું છે. વ્યાપવિશ્વ એટલે વ્યક્તિઓનું એવું જૂથ કે જેની એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ સામાન્ય હોય છે. વ્યાપવિશ્વ એ વિશિષ્ટ પ્રકારની બધી જ વ્યક્તિઓનું બનેલું હોય છે કે પછી તે જૂથનો એક વધુ મર્યાદિત ભાગ હોય છે.

પાન્ડે, કે. પી. (૧૯૮૩)[૧] ના મત મુજબ વ્યાપવિશ્વ એટલે સામાન્ય અર્થમાં કોઈ પણ સુવ્યાખ્યાયિત કરાયેલાં વર્ગના લોકો, બનાવો કે વસ્તુઓના બધા જ સભ્યો. આમ, સંશોધક વ્યાપવિશ્વને સાચી રીતે વ્યાખ્યાયિત કરી તે પોતાના સંશોધન માટે ક્યાં, કેવાં અને કેટલાં

---

[૧] K. P. Pandey, ***Fundamentals of Educational Research.*** Delhi : Amitabh Prakashan, 1983.

પાત્રો પસંદ કરવા ? તે નક્કી કરી શકે છે. વ્યાપવિશ્વ એટલે સામાન્ય અર્થમાં કોઈ પણ સુવ્યાખ્યાયિત કરાયેલાં વર્ગના લોકો, બનાવો કે વસ્તુઓના બધા જ સભ્યો. સંશોધન જેને માટે કરાયું હોય, એટલે કે સંશોધનના તારણો જે સમૂહને લાગુ પાડવાની ધારણા હોય, તે સમૂહને સમષ્ટિ કહે છે.

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓનો સમાવેશ થયો હતો. સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ તેર (૧૩) તાલુકાઓમાં કુલ ૨,૪૪૮ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ તાલુકા દીઠ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા સારણી ૪.૧ માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૪.૧**

**તાલુકા દીઠ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા**

| ક્રમ | બ્લોકનું નામ | સરકારી શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧. | ખેડબ્રહ્મા | ૨૭૦ |
| ૨. | વિજયનગર | ૧૨૬ |
| ૩. | વડાલી | ૧૦૯ |
| ૪. | ઈડર | ૨૦૫ |
| ૫. | ભિલોડા | ૨૫૭ |
| ૬. | મેઘરજ | ૨૪૫ |
| ૭. | હિંમતનગર | ૨૧૫ |
| ૮. | પ્રાંતિજ | ૧૧૩ |
| ૯. | તલોદ | ૧૫૭ |
| ૧૦. | મોડાસા | ૨૧૩ |
| ૧૧. | ધનસુરા | ૧૩૯ |
| ૧૨. | માલપુર | ૧૪૯ |
| ૧૩. | બાયડ | ૨૫૦ |
| | કુલ | ૨,૪૪૮ |

આમ, શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં આવેલી ૨,૪૪૮ સરકારી પ્રાથમિક શાળામાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો. આ શાળાઓની વિસ્તૃત સ્પષ્ટતા પરિશિષ્ટ ૫ માં કરવામાં આવી છે.

## ૪.૩ નમૂના પસંદગી

અભ્યાસના હેતુઓને અનુરૂપ સમગ્ર વિશે અનુમાન કરવા માટે તેના પ્રતિનિધિરૂપ નાના ભાગને પસંદ કરવાની પ્રક્રિયાને નમૂના પસંદગી કહે છે.  નમૂનો વ્યાપવિશ્વના પ્રમાણમાં યોગ્ય રીતે પસંદ થયેલો અને યોગ્ય કદનો હોવો જોઈએ. સમગ્ર વ્યાપવિશ્વના લક્ષણો અંગે અનુમાન કરવા માટે સંશોધક વ્યાપવિશ્વના નાના ભાગની પસંદગી કરે છે. આ પ્રક્રિયાને નમૂના પસંદગી કહેવામાં આવે છે. કર્લિંગર (૧૯૭૩)[૨] ના મત મુજબ નમૂનો વ્યાપવિશ્વનો એવો ભાગ છે કે જે વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરતો હોય. બોર્ગ (૧૯૬૩)[3] ના મત મુજબ નમૂનો એ સંશોધનનું એવું અવિભાજય અંગ છે કે જેમાં પૂરતી વૈજ્ઞાનિક ઢબે કાળજી લેવાવી જોઈએ. સારો નમૂનો બેકાળજી, પક્ષપાત, ઉતાવળ અને ભૂલોથી મુક્ત હોવો જરૂરી છે.'

The selected respondents constitute a sample and the selection process is called 'sampling techniques' or 'sampling design'. આમ, નમૂના પસંદ કરવા માટેની નમૂના પસંદગીની પદ્ધતિઓને આકૃતિ ૪.૧ માં રજૂ કરવામાં આવી છે.




**આકૃતિ ૪.૧**

**નમૂના પસંદગીની પદ્ધતિઓ**

---

[૨] F. N. Kerlinger. ***Foundation of Behavioral Research. (2nd Edition).*** New York : Holt, Rinehart and Winston. Inc, 1973.

[3] W. R. Borg. ***Educational Research***. Longman Green & Company, 1963, p.167.

આકૃતિ ૪.૧ માં દર્શાવેલ નમૂના પસંદગી પદ્ધતિઓને આધારે કહી શકાય કે નમૂનો સંભાવ્ય કે અસંભાવ્ય પ્રકારનો હોઈ શકે. 'સંભાવ્ય નમૂના પસંદગી' માં દરેક પાત્રને યાદચ્છિક રીતે પસંદ થવાની સરખી સંભાવ્યતા રહે છે. 'યાદચ્છિક' નો અર્થ આડેધડ કે અસ્તવ્યસ્ત રીતે પસંદગીનો નથી. પરંતુ એ તો નમૂનાના સભ્યો કે પાત્રોને પસંદગી માટેની તકો પૂરી પાડવાની કાર્યરીતિ દર્શાવે છે. અસંભાવ્ય કે સંશોધક પસંદિત નમૂના પસંદગીની રીતમાં સંશોધકની સાનુકૂળતા કે સંશોધકના નિર્ણય પર પાત્ર પસંદગી પામે છે.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરવા માટે અભ્યાસકે 'સંભાવ્ય નમૂના પસંદગી' અંતર્ગત 'સ્તરીકૃત યાદચ્છિક નમૂના પદ્ધતિ' નો ઉપયોગ કર્યો હતો. સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં નમૂના પસંદગી દ્વારા નમૂનામાં સમાવેશ થયો હતો.

માહિતી એકત્રીકરણ વખતે ગેરહાજર રહેલાં શિક્ષકો અને જે શિક્ષકો એ એક જ કલમના બે થી ત્રણ ખાનાંમાં પોતાની સંમતિ દર્શાવી હતી તેથી તેમને નમૂનામાંથી રદ કરવામાં આવ્યાં હતાં. આમ, કુલ ૧,૫૪૬ શિક્ષકોની નમૂનામાં પસંદગી થઈ હતી. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા અને તેમાંથી નમૂનામાં પસંદ પામેલ શિક્ષકોની સંખ્યાને સારણી ૪.૨ માં રજૂ કરેલ છે.

### સારણી ૪.૨

### વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શિક્ષકો અને નમૂનામાં પસંદ પામેલ શિક્ષકોની સંખ્યા

| તાલુકો | વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શિક્ષકો | | | નમૂનામાં પસંદ થયેલાં શિક્ષકો | | |
|---|---|---|---|---|---|---|
| | વિદ્યાસહાયક શિક્ષકો | પૂર્ણ પગારવાળા શિક્ષકો | કુલ શિક્ષકો | વિદ્યાસહાયક શિક્ષકો | પૂર્ણ પગારવાળા શિક્ષકો | કુલ શિક્ષકો |
| ખેડબ્રહ્મા | 188 | 937 | 1125 | 83 | 39 | 122 |
| વિજયનગર | 38 | 499 | 537 | 16 | 94 | 110 |
| વડાલી | 25 | 378 | 403 | 19 | 94 | 113 |
| ઈડર | 6 | 887 | 893 | 3 | 134 | 137 |
| ભિલોડા | 21 | 1103 | 1124 | 6 | 110 | 116 |
| મેઘરજ | 83 | 847 | 930 | 34 | 101 | 135 |
| હિંમતનગર | 27 | 1022 | 1049 | 10 | 105 | 115 |
| પ્રાંતિજ | 26 | 612 | 638 | 14 | 104 | 118 |
| તલોદ | 20 | 728 | 748 | 16 | 88 | 104 |
| મોડાસા | 22 | 889 | 911 | 17 | 115 | 132 |
| ધનસુરા | 15 | 511 | 526 | 9 | 99 | 108 |
| માલપુર | 61 | 488 | 549 | 29 | 70 | 99 |
| બાયડ | 146 | 879 | 1025 | 50 | 87 | 137 |
| | 678 | 9780 | 10458 | 306 | 1240 | 1546 |
| | 10458 | | | 1546 | | |

સારણી ૪.૨ પરથી સ્પષ્ટ થાય છે કે વ્યાપવિશ્વમાં ૬૭૮ વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા ૯૭૮૦ શિક્ષકો મળીને કુલ ૧૦૪૫૮ શિક્ષકોનો સમાવેશ થયો હતો. જેમાંથી ૩૦૬ વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા ૧૨૪૦ શિક્ષકો મળીને કુલ ૧૫૪૬ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ થયો હતો.

નમૂનામાં સમાવિષ્ટ વિદ્યાસહાયક શિક્ષકોની જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી મુજબ સંખ્યા સારણી ૪.૩ માં દર્શાવેલ છે.

## સારણી ૪.૩

## નમૂનામાં સમાવિષ્ટ વિદ્યાસહાયક શિક્ષકોનું વિવિધ ચલો અનુસાર વર્ગીકરણ

| ક્રમ | તાલુકાનું નામ | જાતીયતા | | સામાજિક સંવર્ગ | | શાળા વિસ્તાર | | વ્યાવસાયિક લાયકાત | | શ્રેણી | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | અનામત | બિનઅનામત | શહેરી | ગ્રામ્ય | પી. ટી. સી. | બી. એડ્. | ધોરણ ૫ | ધોરણ ૬ | ધોરણ ૭ | |
| 1. | ખેડબ્રહ્મા | 42 | 41 | 60 | 23 | 21 | 62 | 72 | 11 | 33 | 29 | 21 | 83 |
| 2. | વિજયનગર | 9 | 7 | 8 | 8 | 2 | 14 | 11 | 5 | 0 | 3 | 13 | 16 |
| 3. | વડાલી | 10 | 9 | 14 | 5 | 1 | 18 | 15 | 4 | 6 | 4 | 9 | 19 |
| 4. | ઈડર | 0 | 3 | 2 | 1 | 0 | 3 | 3 | 0 | 1 | 1 | 1 | 3 |
| 5. | ભિલોડા | 6 | - | 4 | 2 | 1 | 5 | 4 | 2 | 3 | 0 | 3 | 6 |
| 6. | મેઘરજ | 14 | 20 | 25 | 9 | 2 | 32 | 31 | 3 | 15 | 12 | 7 | 34 |
| 7. | હિંમતનગર | 8 | 2 | 9 | 1 | 1 | 9 | 10 | 0 | 3 | 2 | 5 | 10 |
| 8. | પ્રાંતિજ | 5 | 9 | 13 | 1 | 1 | 13 | 10 | 4 | 2 | 3 | 9 | 14 |
| 9. | તલોદ | 11 | 5 | 15 | 1 | 2 | 14 | 16 | 0 | 5 | 5 | 6 | 16 |
| 10. | મોડાસા | 11 | 6 | 14 | 3 | 2 | 15 | 15 | 2 | 4 | 4 | 9 | 17 |
| 11. | ધનસુરા | 5 | 4 | 7 | 2 | 1 | 8 | 8 | 1 | 2 | 2 | 5 | 9 |
| 12. | માલપુર | 18 | 11 | 23 | 6 | 2 | 27 | 26 | 3 | 10 | 4 | 15 | 29 |
| 13. | બાયડ | 34 | 16 | 46 | 4 | 1 | 49 | 43 | 7 | 22 | 14 | 14 | 50 |
| | કુલ | 173 | 133 | 240 | 66 | 37 | 269 | 264 | 42 | 106 | 83 | 117 | 306 |
| | કુલ | 306 | | 306 | | 306 | | 306 | | 306 | | | |

સારણી ૪.૩ પરથી જણાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોમાં ખેડબ્રહ્મા તાલુકાના ૮૩ વિદ્યાસહાયક શિક્ષકો, વિજયનગર તાલુકાના ૧૬ વિદ્યાસહાયક શિક્ષકો, વડાલી તાલુકાના ૧૯ વિદ્યાસહાયક શિક્ષકો, ઈડર તાલુકાના ૩ વિદ્યાસહાયક શિક્ષક, ભિલોડા તાલુકાના ૬ વિદ્યાસહાયક શિક્ષકો, મેઘરજ તાલુકાના ૩૪ વિદ્યાસહાયક શિક્ષકો, હિંમતનગર તાલુકાના ૧૦ વિદ્યાસહાયક શિક્ષકો, પ્રાંતિજ તાલુકાના ૧૪ વિદ્યાસહાયક શિક્ષકો, તલોદ તાલુકાના ૧૬ વિદ્યાસહાયક શિક્ષકો, મોડાસા તાલુકાના ૧૭ વિદ્યાસહાયક શિક્ષકો, ધનસુરા તાલુકાના ૯ વિદ્યાસહાયક શિક્ષકો, માલપુર તાલુકાના ૨૯ વિદ્યાસહાયક શિક્ષકો અને બાયડ તાલુકાના ૫૦ વિદ્યાસહાયક શિક્ષકો મળીને કુલ ૩૦૬ વિદ્યાસહાયક શિક્ષકોનો નમૂના તરીકે સમાવેશ થયો હતો.

નમૂનામાં સમાવિષ્ટ વિદ્યાસહાયક શિક્ષકોને જાતીયતાની દૃષ્ટિએ જોવામાં આવે તો વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૭૩ અને ૧૩૩ હતી. સામાજિક સંવર્ગની દૃષ્ટિએ જોવામાં આવે તો વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૨૪૦ અને ૬૬ હતી. શાળા વિસ્તારની દૃષ્ટિએ જોવામાં આવે તો શહેરી વિસ્તારની શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૩૭ અને ૨૬૯ હતી. વ્યાવસાયિક લાયકાતની દૃષ્ટિએ જોવામાં આવે તો પી. ટી. સી. ની લાયકાત ધરાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૨૬૪ અને ૪૨ હતી. શ્રેણીની દૃષ્ટિએ જોવામાં આવે તો ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકો, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકો અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૦૬, ૮૩ અને ૧૧૭ હતી.

નમૂનામાં સમાવિષ્ટ પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની જાતીયતા, સામાજિક સંવર્ગ, શાળા વિસ્તાર, વ્યાવસાયિક લાયકાત અને શ્રેણી મુજબ સંખ્યા સારણી ૪.૪ માં દર્શાવેલ છે.

## સારણી ૪.૪

### નમૂનામાં સમાવિષ્ટ પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનું વિવિધ ચલો અનુસાર વર્ગીકરણ

| ક્રમ | તાલુકાનું નામ | જાતીયતા | | સામાજિક સંવર્ગ | | શાળા વિસ્તાર | | વ્યાવસાયિક લાયકાત | | શ્રેણી | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | અનામત | બિનઅનામત | શહેરી | ગ્રામ્ય | પી. ટી. સી. | બી. એડ્. | ધોરણ ૫ | ધોરણ ૬ | ધોરણ ૭ | |
| 1. | ખેડબ્રહ્મા | 14 | 25 | 21 | 18 | 9 | 30 | 36 | 3 | 14 | 15 | 10 | 39 |
| 2. | વિજયનગર | 38 | 56 | 36 | 58 | 41 | 53 | 84 | 10 | 38 | 35 | 21 | 94 |
| 3. | વડાલી | 37 | 57 | 60 | 34 | 11 | 83 | 89 | 5 | 36 | 34 | 24 | 94 |
| 4. | ઈડર | 54 | 80 | 111 | 23 | 10 | 124 | 120 | 14 | 47 | 45 | 42 | 134 |
| 5. | ભિલોડા | 44 | 66 | 55 | 55 | 6 | 104 | 107 | 3 | 38 | 38 | 34 | 110 |
| 6. | મેઘરજ | 23 | 78 | 42 | 59 | 4 | 97 | 89 | 12 | 31 | 34 | 36 | 101 |
| 7. | હિંમતનગર | 47 | 58 | 87 | 18 | 6 | 99 | 97 | 8 | 35 | 36 | 34 | 105 |
| 8. | પ્રાંતિજ | 39 | 65 | 96 | 8 | 10 | 94 | 95 | 9 | 38 | 36 | 30 | 104 |
| 9. | તલોદ | 39 | 49 | 85 | 3 | 4 | 84 | 80 | 8 | 30 | 31 | 27 | 88 |
| 10. | મોડાસા | 59 | 56 | 101 | 14 | 20 | 95 | 113 | 2 | 41 | 39 | 35 | 115 |
| 11. | ધનસુરા | 41 | 58 | 88 | 11 | 8 | 91 | 86 | 13 | 37 | 35 | 27 | 99 |
| 12. | માલપુર | 16 | 54 | 55 | 15 | 4 | 66 | 65 | 5 | 28 | 29 | 13 | 70 |
| 13. | બાયડ | 36 | 51 | 75 | 12 | 9 | 78 | 79 | 8 | 28 | 32 | 27 | 87 |
| | કુલ | 487 | 753 | 912 | 328 | 142 | 1098 | 1140 | 100 | 441 | 439 | 360 | 1240 |
| | કુલ | 1240 | | 1240 | | 1240 | | 1240 | | 1240 | | | |

સારણી ૪.૪ પરથી જણાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોમાં ખેડબ્રહ્મા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૩૯ શિક્ષકો, વિજયનગર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૪ શિક્ષકો, વડાલી તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૪ શિક્ષકો, ઈડર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૩૪ શિક્ષકો, ભિલોડા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૧૦ શિક્ષકો, મેઘરજ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૧ શિક્ષકો, હિંમતનગર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૫ શિક્ષકો, પ્રાંતિજ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૪ શિક્ષકો, તલોદ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૮૮ શિક્ષકો, મોડાસા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૧૫ શિક્ષકો, ધનસુરા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૯ શિક્ષકો, માલપુર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૭૦ શિક્ષકો અને બાયડ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૮૭ શિક્ષકો મળીને પૂર્ણ પગાર મેળવતા કુલ ૧૨૪૦ શિક્ષકોનો નમૂના તરીકે સમાવેશ થયો હતો.

નમૂનામાં સમાવિષ્ટ પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોને જાતીયતાની દૃષ્ટિએ જોવામાં આવે તો પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૪૮૭ અને ૭૫૩ હતી. સામાજિક સંવર્ગની દૃષ્ટિએ જોવામાં આવે તો પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૯૧૨ અને ૩૨૮ હતી. શાળા વિસ્તારની દૃષ્ટિએ જોવામાં આવે તો શહેરી વિસ્તારની શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૪૨ અને ૧૦૯૮ હતી. વ્યાવસાયિક લાયકાતની દૃષ્ટિએ જોવામાં આવે તો પી. ટી. સી. ની લાયકાત ધરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૧૧૪૦ અને ૧૦૦ હતી. શ્રેણીની દૃષ્ટિએ જોવામાં આવે તો ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા અનુક્રમે ૪૪૧, ૪૩૯ અને ૩૬૦ હતી.

## ૪.૪ સંશોધન પદ્ધતિ

શૈક્ષણિક સમસ્યાની અર્થપૂર્ણ ઓળખ કરી શાસ્ત્રીય, વ્યવહારુ કે ક્રિયાત્મક સંશોધન સાથે તેનો સંબંધ સ્થાપ્યાં બાદ તેનો ઉત્તર વિવિધ રીતે આપી શકાય છે. આ ઉકેલ મેળવવા માટેની વિવિધ પદ્ધતિઓને સંશોધન પદ્ધતિ કહે છે. આ પદ્ધતિઓ ચિંતનપ્રધાન વિચારસરણી કે વૈજ્ઞાનિક પદ્ધતિમાંથી આવિર્ભાવ પામી છે. સંશોધન પદ્ધતિના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. જે આકૃતિ ૪.૨ માં રજૂ કરેલ છે.




**આકૃતિ ૪.૨**

**સંશોધન પદ્ધતિઓ**

**ઐતિહાસિક સંશોધન પદ્ધતિ.** ઐતિહાસિક સંશોધનમાં ભૂતકાળના બનાવોની તપાસ કરી, નોંધ કરી અને તેનું અર્થઘટન કરવામાં આવે છે. વાન ડેલન (૧૯૭૯)[૪] ના મત મુજબ, જયારે ભૂતકાળના કોઈ પ્રસંગ, વિકાસ કે અનુભવ સામે પ્રશ્ન ઉઠે છે ત્યારે ઐતિહાસિક સંશોધનની શરૂઆત થાય છે.

**વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ.** વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે વર્ણન અને અર્થઘટન કરવા માટેની સંશોધન પદ્ધતિઓ આ વિભાગમાં આવે છે. આ સંશોધન પદ્ધતિઓમાં વર્તમાન કાળનો સંદર્ભ છે. આ વિભાગમાં સંબંધાત્મક પદ્ધતિ, વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ, સર્વેક્ષણ પદ્ધતિ જેમાં શાળા સર્વેક્ષણ, વ્યવસાય પૃથક્કરણ, જનમત સર્વેક્ષણ, સમાજ સર્વેક્ષણ અને વિકાસાત્મક પદ્ધતિનો સમાવેશ થાય છે.

---

[૪] D. B. Van Dalen, ***Understanding Educational Research : An Introduction (4th Edition).*** New York : McGraw Hill Book Company, 1979.

**પ્રાયોગિક સંશોધન પદ્ધતિ.** આ પદ્ધતિમાં પ્રથમ સમસ્યાનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. જેમાં સમસ્યાને ઉત્કલ્પનાઓ અને તેમાંથી નીપજતી શક્યતાઓ સ્વરૂપે વ્યક્ત કરવી પડે છે. ત્યાર બાદ કસોટી દ્વારા એ નક્કી કરવાનું હોય છે કે આપેલી નીપજો ઉદ્દ્ભવે છે કે નહીં ? તે માટે તેનું પૃથક્કરણ પ્રાયોગિક રીતે કરવામાં આવે છે. બેસ્ટ, જહોન. ડબ્લ્યૂ. (૧૯૭૦)[૫] ના મત મુજબ, પ્રયોગ એ વૈજ્ઞાનિક પ્રયોગશાળાની શાસ્ત્રીય પદ્ધતિ છે કે જયાં તત્ત્વોનું નિયમન થાય અને અવલોકિત અસરનું નિયંત્રણ થાય.

ઉપર્યુક્ત ચર્ચાને આધારે તેમ કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પદ્ધતિનો હતો.

### ૪.૫ સંશોધનના ઉપકરણો

સંશોધન અંગેની માહિતી એકત્રિત કરવા જે સાધન વપરાય છે તેને સંશોધન ઉપકરણ કહે છે. સંશોધનની સફળતાનો મુખ્ય આધાર પસંદ કરેલ સંશોધનના ઉપકરણ પર રહેલો છે. જેના આધારે સંશોધન માટે માહિતીનું એકત્રીકરણ કરવું પડે છે.

જે પ્રકારની માહિતી મેળવવાની હોય એ પ્રકારના ઉપકરણની સંશોધકને જરૂર પડે છે. સંશોધનને અનુરૂપ ઉપકરણની પસંદગી કરવી ખૂબ જ આવશ્યક છે. સંશોધનમાં માહિતી એકત્રિત કરવા માટે વિવિધ પ્રકારના ઉપકરણોનો ઉપયોગ થાય છે. જેવાં કે પ્રશ્નાવલિ, અભિપ્રાયાવલિ, વલણ માપદંડ, મનોવૈજ્ઞાનિક કસોટીઓ અને મુલાકાત પત્રક.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના ઉપકરણની રચના કરવામાં આવી હતી. જેમ કે,

૧. વ્યવસાય સંતોષ માપદંડ

---

[૫] J. W. Best, ***Research in Education (7th Edition).*** New Delhi : Prentice Hall of India Private Limited, 1970.

**વ્યવસાય સંતોષ માપદંડ.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના ઘટકો જેમ કે (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષને આધારે સંશોધકે વ્યવસાય સંતોષ માપદંડની રચના કરી હતી.

વ્યવસાય સંતોષ માપદંડની રચના માટે લિકર્ટ પદ્ધતિ અનુસાર પંચબિંદુને ન્યાય આપતી હકારાત્મક અને નકારાત્મક પ્રકારની કલમોની રચના કરવામાં આવી હતી. દરેક કલમોની સામે સંપૂર્ણ સહમત, સહમત, તટસ્થ, અસહમત અને સંપૂર્ણ અસહમત એવા પંચબિંદુઓ (વિકલ્પો) રાખવામાં આવ્યાં હતાં. ઉપકરણ સંરચના અને તેના યથાર્થીકરણની વિગતવાર ચર્ચા પ્રકરણ–૪ માં કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતા જાણવા માટે પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકોના જે તે વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારી મેળવવામાં આવી હતી. આ ટકાવારીની સરાસરી શોધવામાં આવી હતી. આ સરાસરીને શિક્ષકની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) તરીકે મૂલવવામાં આવી હતી. આમ, વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીને શિક્ષકની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવા માટે ઉપકરણ તરીકે સ્વીકારવામાં આવી હતી.

### ૪.૬ માહિતી એકત્રીકરણ

માહિતીનું એકત્રીકરણ એ કોઈ પણ સંશોધન માટે અગત્યની અને અનિવાર્ય બાબત ગણાય છે. સંશોધક વ્યાપવિશ્વ સંદર્ભે નમૂનાનાં પાત્રો પાસેથી ઉપકરણ વડે માહિતી મેળવે છે. માહિતી પૂર્ણ, વિશ્વસનીય અને સાચી મળે રહે તે માટે નમૂનાના પાત્રો સાથે સાહજિકતા અને સાયુજયપૂર્ણ સંબંધ સ્થાપવો જરૂરી છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ઉપકરણના પ્રમાણીકરણ માટે પૂર્વ અને દ્વિતીય પૂર્વેક્ષણ તેમજ અંતિમ પૂર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ત્રણ વખત માહિતી એકત્રિત કરી હતી. આ માટે જે તે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ પાસેથી શિક્ષકોના પ્રતિચારો મેળવવા માટે પૂર્વ પત્રવ્યવહાર અને ટેલિફોનથી પૂર્વમંજૂરી મેળવવામાં આવી હતી. નિર્ધારિત દિવસે માહિતી એકત્રીકરણ માટે સંશોધક તેના સહકાર્યકરોની મદદ દ્વારા ઉપકરણ સંચાલનના નિયમોને અનુસરીને પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો પાસેથી માહિતી એકત્રિત કરી હતી. ઉપકરણ પર પ્રતિચારો આપવા માટે આશરે ૪૫ મિનિટ જેટલો સમય આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શિક્ષક અસરકારકતાના માપન માટે તેમના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનું પરિણામ નોંધવા માટે જે તે શિક્ષકોને સંશોધક દ્વારા નિર્મિત પત્રક આપવામાં આવ્યું હતું.

### ૪.૭ પ્રાપ્ત માહિતી

સંશોધક દ્વારા માહિતી એકત્રીકરણ માટે પ્રશિક્ષણાર્થીઓને ચિંતનાત્મક પાઠ આયોજન માપદંડ અને ચિંતનાત્મક પાઠ આયોજન પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી તે માહિતીમાં મુખ્યત્વે :

૧. વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ કુલ ૧૧૬ કલમો પર કુલ ૧,૫૪૬ શિક્ષકો પાસેથી પ્રતિચારો મેળવી શકાયાં હતાં.

૨. શિક્ષકોની સામાન્ય માહિતી પણ મેળવવામાં આવી હતી. જેમાં શિક્ષકોની જાતીયતા (સ્ત્રી અને પુરુષ), સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત), શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય), વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) અને શ્રેણી (ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭) સંદર્ભે માહિતી મેળવવામાં આવી હતી.

### ૪.૮ માહિતીનું પૃથક્કરણ

માહિતીનું પૃથક્કરણ એટલે માહિતીના જૂથો વચ્ચે પ્રવર્તતી સંબંધોની તરેહ શોધવા કેટલાક માપનોની ગણતરી. ખાસ કરીને સર્વેક્ષણ માહિતીઓના કિસ્સામાં પૃથક્કરણ એ અનુમાનો તારવવા માટે ઉત્કલ્પનાઓની ચકાસણી કરવી તે છે.

સંશોધકે એકત્રિત કરેલી માહિતી પૈકી શિક્ષકોની જાતીયતા (સ્ત્રી અને પુરુષ), સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત), શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય), વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) અને શ્રેણી (ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭) એમ આ પાંચ પરિવર્તક ચલને ધ્યાનમાં રાખીને માહિતીનું પૃથક્કરણ કર્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં NRT 2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા કલમ પૃથક્કરણ, વિશ્વસનીયતા અને યથાર્થતા, પ્રાપ્તાંકોના આધારે ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત, વિધાનોનું ગુણાંકન, અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા અને ભેદપરખ મૂલ્ય, વિશ્વસનીયતા, ક્રોનબેક આલ્ફા અંક, અર્ધ વિચ્છેદન વિશ્વસનીયતા અને યથાર્થતા શોધવામાં આવી હતી. આ ઉપરાંત આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું હતું. આવૃત્તિ વિતરણ પરથી સરાસરી, પ્રમાણવિચલન, વિરૂપતા અને કકુદતાની ગણતરીઓ કરવામાં આવી હતી. ત્યાર બાદ માપદંડની ઘટક યથાર્થતા જાણવા માટે અવયવ નિષ્કર્ષણ અને અવયવ પરિભ્રમણ તેમજ ઉત્કલ્પનાઓની ચકાસણી માટે t–ગુણોત્તર અને F–ગુણોત્તરની ગણતરી કરવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSS નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## પ્રકરણ ૫

# ઉપકરણ સંરચના અને તેનું યથાર્થીકરણ


૫.૦ પ્રસ્તાવના

૫.૧ ઉપકરણ સંરચના

૫.૧.૧ વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ વિષયવસ્તુ વિશ્લેષણ

૫.૧.૨ કલમોની રચના અને તેનું સંપાદન

૫.૧.૨.૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧ વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૨ પરિવાર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૩ સામાજિક સંબંધ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૪ વિદ્યાર્થી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૫ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૫ કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૬ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૬ વાલી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૭ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૭ સાથી શિક્ષકો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૮ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૮ આચાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૯ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૯ અધિકારી વર્ગ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૧૦ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧૦ શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૧૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧૧ શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૧૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧૨ વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૧૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧૩ સરકારશ્રીના નીતિ-નિયમો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૨.૧૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક-૧૪ આર્થિક વળતર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના

૫.૧.૩ શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપની રચના

૫.૧.૪ વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપ પર તજજ્ઞોના અભિપ્રાયો અને સૂચનો

૫.૧.૫ વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશ

૫.૧.૬ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ

૫.૧.૬.૧ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું કલમ પૃથક્કરણ

૫.૧.૬.૨ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા

૫.૧.૭ વ્યવસાય સંતોષ માપદંડની દ્વિતીય અજમાયશ

૫.૧.૭.૧ દ્વિતીય સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ

૫.૧.૭.૧.૧ કલમોનું ગુણાંકન

૫.૧.૭.૧.૨ ઉપલું જૂથ અને નીચલું જૂથ પસંદ કરવું

૫.૧.૭.૧.૩ વ્યવસાય સંતોષ માપદંડના કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત

પ.૧.૭.૧.૩.૧ વ્યવસાય સંતોષ માપદંડની હકારાત્મક કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત

પ.૧.૭.૧.૩.૨ વ્યવસાય સંતોષ માપદંડની નકારાત્મક કલમો પરના ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત

પ.૧.૮ વ્યવસાય સંતોષ માપદંડનું અંતિમ સ્વરૂપ

પ.૧.૯ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અંતિમ અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ

પ.૧.૯.૧ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય

પ.૧.૯.૨ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા

પ.૧.૯.૨.૧ ક્રોનબેક આલ્ફા અંક પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા

પ.૧.૯.૨.૨ અર્ધ વિચ્છેદન પદ્ધતિ દ્વારા વિશ્વસનીયતા

પ.૧.૯.૩ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની યથાર્થતા

પ.૧.૧૦ અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની યથાર્થતા.

પ.૧.૧૦.૧ અવયવ નિષ્કર્ષણ

પ.૧.૧૦. અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડના અવયવ નિષ્કર્ષણની અંતિમ સાંખ્યિકીઓ : ઈજેન મૂલ્યો અને શતમાન

પ.૧.૧૦.૩ પરિભ્રમણ

# પ્રકરણ ૫
# ઉપકરણ સંરચના અને તેનું યથાર્થીકરણ

## ૫.૦ પ્રસ્તાવના

જ્ઞાનની શોધ, વિકાસ અને ચકાસણી માટેનું સાહસ એટલે સંશોધન. તે એક બૌદ્ધિક પ્રક્રિયા છે અને ઘણા વર્ષો પુરાણી છે. છતાં તેના હેતુઓ અને સ્વરૂપ સતત બદલાતાં રહે છે અને તે હંમેશા સત્યની શોધ માટે આરંભાતું હોય છે. સંશોધક કોઈ એક સમસ્યા સંદર્ભિત હકીકતો અને તેના અર્થો કે ઉપયોગિતા માટેની પ્રામાણિક, ઊંડાણપૂર્વક અને બૌદ્ધિક તપાસ હાથ ધરે છે. સંશોધકે પોતાના પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે વિવિધ માહિતી એકઠી કરવી પડે છે. આ માટે સંશોધકને માહિતી એકત્ર કરવા ઉપકરણની જરૂર પડે છે. શૈક્ષણિક સંશોધનમાં માહિતી એકત્રીકરણના ઉપકરણો સંખ્યાત્મક કે ગુણાત્મક પરિણામો પૂરાં પાડે છે. વર્ણનાત્મક પદ્ધતિ કે અનુમાનજન્ય આંકડાશાસ્ત્ર દ્વારા સંખ્યાત્મક પરિણામોની સારણીબદ્ધતા, વર્ગીકરણ અને આલેખાત્મક રજૂઆત થઈ શકે છે જયારે ગુણાત્મક પરિણામોનું સરળ તાર્કિક પ્રક્રિયાઓ દ્વારા તથા વિશ્લેષણ અને સંશ્લેષણની પદ્ધતિઓનો ઉપયોગ કરીને અર્થઘટન થઈ શકે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ અંગેની સંખ્યાત્મક માહિતી મેળવવા માટે 'વ્યવસાય સંતોષ માપદંડ' ની જાતે રચના કરી હતી. પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણની સંરચના સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ વિષયવસ્તુ વિશ્લેષણ આધારિત કલમોની રચના અને સંપાદન, વ્યવસાય સંતોષ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ, નિષ્ણાતોના અભિપ્રાયો, પ્રાથમિક અજમાયશ, પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ જેમાં કલમ પૃથક્કરણ અને વિશ્વસનીયતા, પ્રાપ્તાંકોના આધારે ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત, કલમોનું ગુણાંકન, ઉપલું જૂથ અને નીચલું જૂથ પસંદ કરવું, અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોનું સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય, વિશ્વસનીયતા–ક્રોનબેક આલ્ફા અંક વિશ્વસનીયતા, અર્ધ વિચ્છેદન વિશ્વસનીયતા અને યથાર્થતા તેમજ પૂર્વેક્ષણ દરમિયાન પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોને આધારે અવયવ નિષ્કર્ષણ અને પરિભ્રમણ જેવી પ્રયુક્તિઓ દ્વારા ઘટક યથાર્થતાનું માપન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પ્રકરણમાં જરૂરી જણાય ત્યાં આલેખાત્મક રજૂઆત પણ કરવામાં આવી છે.

## ૫.૧ ઉપકરણ સંરચના

ઉપકરણ એટલે એક એવું સાધન જેના દ્વારા વિશિષ્ટ પ્રકારની માહિતી એકત્ર કરી શકાય છે. સંશોધન કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી માહિતી પ્રાપ્ત કરવા ઉપયોગમાં લેવાતા સાધનને ઉપકરણ કહેવામાં આવે છે. જો યોગ્ય ઉપકરણ પ્રાપ્ત ન હોય તો અભ્યાસની જરૂરિયાત અનુસાર ઉપકરણની રચના કરવી જોઈએ. સામાન્ય રીતે સર્વેક્ષણ સંશોધન પદ્ધતિમાં આ મુજબના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે :

૧. પ્રશ્નાવલિ

૨. અભિપ્રાયાવલિ

૩. મુલાકાત પત્રક

૪. ક્રમ માપદંડ

૫. મનોવૈજ્ઞાનિક કસોટીઓ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ અંગેની સંખ્યાત્મક માહિતી મેળવવા માટે ક્રમ માપદંડની સંરચના કરવી ઉચિત જણાઈ હતી.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે આ ઉપકરણની સંરચના કરી હતી.

૧. વ્યવસાય સંતોષ માપદંડ

સંશોધકે શિક્ષકોના વ્યવસાય સંતોષને માપવા ગુજરાતી ભાષામાં ઉપકરણ રચવાનું નક્કી કર્યુ હતું. આ માટે સંશોધકે પોતાના માર્ગદર્શકના માર્ગદર્શન અનુસાર પ્રાથમિક શાળાઓના શિક્ષકો, આચાર્યો, સંશોધન નિષ્ણાતો સાથે ચર્ચા કરી 'વ્યવસાય સંતોષ માપદંડ' બનાવવા માટે આ મુજબની પ્રવિધિ નક્કી કરી હતી :

૧. શિક્ષક વ્યવસાય સંતોષની સંકલ્પના અંગે સ્પષ્ટ થવું.

૨. શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડ માટે ઘટકો નક્કી કરવા.

૩. ઘટકોને સંગત કલમો રચવી, કલમોનું સંપાદન અને એકત્રીકરણ કરવું.

૪. શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડનું પૂર્વ પ્રાથમિક માળખું તૈયાર કરવું.

૫. શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડના પૂર્વ પ્રાથમિક સ્વરૂપ અંગે નિષ્ણાતોના અભિપ્રાય પ્રાપ્ત કરવા.

૬. શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ તૈયાર કરવું.

૭. માપદંડના પ્રાથમિક સ્વરૂપની અજમાયશ નાના નમૂના પર કરવી.

૮. પ્રાથમિક સ્વરૂપના કલમોનું કલમ પૃથક્કરણ કરવું.

૯. અન્ય નમૂના પર દ્વિતીય અજમાયશ કરી ઉપલાં જૂથ અને નીચલાં જૂથ વચ્ચેનો તફાવત નક્કી કરવો.

૧૦. માપદંડનું અંતિમ સ્વરૂપ તૈયાર કરવું.

૧૧. ઉપકરણની વિશ્વસનીયતા નક્કી કરવી.

૧૨. ઉપકરણની પ્રમાણભૂતતા નક્કી કરવી.

ઉપર્યુક્ત બાબતો અનુસાર સંશોધકે સૌ પ્રથમ કલમોની રચના કરવા શિક્ષકોના વ્યવસાય સંતોષના વિષયવસ્તુનું વિશ્લેષણ કર્યુ હતું.

**૫.૧.૧ વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ વિષયવસ્તુ વિશ્લેષણ.** પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષ જેવા ઘટકોને આધારે વ્યવસાય સંતોષ માપદંડની રચના કરી હતી.

**૫.૧.૨ કલમોની રચના અને તેનું સંપાદન.** કોઈ પણ ઉપકરણની કલમોની રચના એ પાયાનું કાર્ય છે. તે માટે ત્રણ બાબતો ખુબ મહત્ત્વની છે.

૧. જે વિષય અંગે કલમોની રચના કરવી હોય તે વિષય અંગેનું સૈદ્ધાંતિક વાચન કરવું.

૨. વિષયવસ્તુ કે વર્તનો વિશેના પાત્રોના અનુભવો મેળવવા.

૩. પોતાની જાતને પાત્રોના સ્થાને કલ્પીને જે તે પરિસ્થિતિ કે વર્તન અંગે તર્કયુક્ત વિચારણા કરવી.

સંશોધકે વ્યવસાય સંતોષ ઉપકરણની કલમોની રચના કરવા સંશોધન સામયિકો, વિવિધ શૈક્ષણિક સંશોધનો, વિવિધ યુનિવર્સિટીના પુસ્તકાલયોમાંથી જરૂરી માહિતીનો અભ્યાસ કરીને સૈદ્ધાંતિક માહિતી ઊંડાણપૂર્વક અને વિસ્તૃત રીતે મેળવી હતી.

શિક્ષક વ્યવસાય સંતોષ સંબંધિત ઘટકો અનુરૂપ કલમોની રચના કરવા પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓના અનુભવો મેળવવામાં આવ્યાં હતાં. શિક્ષકોની વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા કેવી છે ? તેઓ શા માટે આ ક્ષેત્રમાં આવ્યાં છે ? તેમનો વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજ, સાથી, શિક્ષકો, આચાર્ય સંબંધિત સંતોષ કેવો છે ? તેઓએ આ વ્યવસાયની પસંદગી શા માટે કરી છે ? તથા અન્ય મુદ્દાઓ સંબંધિત માહિતી મેળવી તે સંદર્ભે ખુલ્લાં મને ચર્ચા કરી ઉપકરણની રચના માટે તૈયારી કરી હતી.

સંશોધકે પોતાની જાતને પ્રાથમિક શિક્ષકોના સ્થાને કલ્પીને ઉપર્યુક્ત બાબતો અંગે પોતે શું અનુભવે છે ? તેવી બાબતો, કલ્પના કે તર્કને આધારે વિચારીને ઉપકરણ રચના માટે ચૌદ ઘટકો નક્કી કર્યા હતાં. જે આ મુજબ છે :

૧. વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ
૨. પરિવાર સંબંધિત સંતોષ
૩. સામાજિક સંબંધ સંબંધિત સંતોષ
૪. વિદ્યાર્થી સંબંધિત સંતોષ
૫. કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ
૬. વાલી સંબંધિત સંતોષ
૭. સાથી શિક્ષકો સંબંધિત સંતોષ
૮. આચાર્ય સંબંધિત સંતોષ
૯. અધિકારી વર્ગ સંબંધિત સંતોષ
૧૦. શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ
૧૧. શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ
૧૨. વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ
૧૩. સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ
૧૪. આર્થિક વળતર સંબંધિત સંતોષ

**૫.૧.૨.૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧ વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** સંશોધક દ્વારા ઘટક–૧ ની કલમોની રચના માટે શિક્ષકે તેના વ્યવસાયની પસંદગી શા માટે કરી છે ? તેને લગતા હકારાત્મક અને નકારાત્મક એમ બંને પ્રકારની કલમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વ્યવસાય પસંદગી માટેના કારણો અલગ તારવવામાં આવ્યાં હતાં. જેના પરથી કલમોની રચના કરવામાં આવી હતી.

**વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. આદર્શ વ્યવસાય

૨. વ્યવસાય માટે ગર્વ

૩. વ્યવસાયમાં સફળ થવાની ખાતરી

૪. અનાયાસે વ્યવસાય પસંદગી

૫. વધુ રજાઓ મળતી હોઈ

૬. જ્ઞાનને નવીનતમ રાખનાર વ્યવસાય

**૫.૧.૨.૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૨ પરિવાર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** પ્રાથમિક શાળાના શિક્ષકોને દૂરના જિલ્લાઓમાં નોકરી માટે જવું પડતું હોય છે. ત્યાં તેમને મકાન ભાડે રાખવું પડે છે. પરિવારથી દૂર જવાથી અને મર્યાદિત પગાર હોવાથી ખર્ચની દૃષ્ટિએ પણ સાચવવું પડે છે. આવા સંજોગોમાં તેમનો પરિવાર સંબંધિત સંતોષ કેટલા પ્રમાણમાં છે ? તે જાણવા માટે આ ઘટકને સંલગ્ન કારણો અલગ તારવવામાં આવ્યાં હતાં. જેના પરથી કલમોની રચના કરવામાં આવી હતી.

**પરિવાર સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. વતનથી દૂર

૨. વિભક્ત કુટુંબ

૩. મકાન ભાડે રાખવું પડે

૪. કૌટુંબિક પ્રસંગોમાં હાજરી

૫. ખર્ચની દૃષ્ટિએ ન પોષાય

૬. જીવનધોરણમાં સ્થિરતા

**૫.૧.૨.૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૩ સામાજિક સંબંધ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** કેટલીક વાર શિક્ષકો એવું અનુભવે છે કે નોકરીના લીધે તેઓ સામાજિક પ્રસંગોમાં હાજર રહી શકતા નથી. શિક્ષક તરીકે ઓળખાણ આપતા સંકોચ અનુભવે છે. જયારે કેટલાક શિક્ષકો માને છે કે નોકરીને લીધે તેમનો માન–મોભો સમાજમાં વધ્યો છે. આમ સંતોષ કે અસંતોષની અસર તેમના અધ્યાપન કાર્ય પર થાય છે. આવા કારણો અલગ તારવી તેના પરથી કલમોની રચના કરવામાં આવી હતી.

**સામાજિક સંબંધ સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. સામાજિક સંબંધો વધુ સારા થવા
૨. સ્થાનિક પ્રસંગે માન મળે
૩. સમાજમાં શિક્ષકનું મહત્ત્વ
૪. સમાજની શિક્ષક પાસે અપેક્ષા
૫. સામાજિક પ્રસંગોમાં ભૂમિકા
૬. સમાજમાં શિક્ષકનું સ્થાન

**૫.૧.૨.૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૪ વિદ્યાર્થી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** શિક્ષકોને સામાન્ય રીતે એવી અપેક્ષાઓ હોય છે કે તેના પાસે અભ્યાસ માટે આવતો વિદ્યાર્થી નિયમિત હોય, હોંશિયાર હોય, જિજ્ઞાસુ હોય, ઉદ્યમી હોય. જો એવા વિદ્યાર્થીઓ હોય તો શિક્ષકને કામ કરવામાં સુગમતા રહે છે, સંતોષની પ્રાપ્તિ થાય છે, પરંતુ જો વિદ્યાર્થીઓ અનિયમિત, નબળાં અને આળસુ હોય તો શિક્ષકોને કાર્ય કરવામાં સુગમતા રહેતી નથી. તેઓને પોતાના વ્યવસાય પ્રત્યે અસંતોષની લાગણી થાય છે. આમ, શિક્ષકોનો તેમના વિદ્યાર્થીઓ સંબંધિત સંતોષ કેટલા પ્રમાણમાં છે ? તે જાણવા માટે આ ઘટકને સંલગ્ન કારણો અલગ તારવી કલમોની રચના કરવામાં આવી હતી.

**વિદ્યાર્થી સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. શાળામાં વિદ્યાર્થીની નિયમિતતા
૨. વિદ્યાર્થીઓનો વર્ગખંડમાં સહકાર
૩. વિદ્યાર્થીઓની અધ્યયન પ્રત્યે ઉત્કંઠા

૪. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ભાગીદારી
૫. વિદ્યાર્થીની ગૃહકાર્યમાં નિયમિતતા
૬. શિક્ષક તરફથી વિદ્યાર્થીઓને પ્રેમ, હૂંફ, લાગણી મળવી
૭. શિક્ષકનો વિદ્યાર્થી પ્રત્યેનો વ્યવહાર

**૫.૧.૨.૫ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૫ કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** શિક્ષકોને પોતાના વ્યવસાય પ્રત્યે, શિક્ષણકાર્ય પ્રત્યે કેટલી તત્પરતા છે ? તેના ઉપરથી પણ તેમનો વ્યવસાય સંતોષ જાણી શકાય છે. વ્યવસાય પ્રત્યે સંતોષ ધરાવતા શિક્ષકો શિક્ષણકાર્ય માટે તત્પર હોય છે. જયારે વ્યવસાય પ્રત્યે અસંતોષ ધરાવતા શિક્ષકોની શિક્ષણકાર્ય માટેની તત્પરતા ઓછી હોય છે. આ ઘટકને લગતી કલમોની રચના નીચે મુજબના કારણોને આધારે કરવામાં આવી હતી.

**કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. વિષયવસ્તુની અગાઉથી તૈયારી કરવી
૨. શિક્ષણ સામગ્રીની સજ્જતા
૩. ગૃહકાર્ય ચકાસવાનું કાર્ય
૪. વ્યવસાય તરફનો લગાવ
૫. પાઠયક્રમ પૂર્ણ કરવો
૬. વર્ગખંડમાં સમયસર જવું
૭. વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવાની તમન્ના

**૫.૧.૨.૬ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૬ વાલી સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** દરેક વિદ્યાર્થીની પ્રગતિમાં તેના માતાપિતાનો ફાળો અનન્ય છે અને જે વાલી પોતાના સંતાનના શિક્ષણ પ્રત્યે સભાન રહે છે તેમના સંતાનો અભ્યાસ પ્રત્યે વધુ સક્રિય રહે છે. વાલીની તેમના સંતાનના શિક્ષણ પ્રત્યેની જાગૃતતાથી શિક્ષકને પણ કામ કરવાનો ઉત્સાહ રહે છે. આમ, વાલીઓની જાગૃતતા પણ શિક્ષકના વ્યવસાય સંતોષ–અસંતોષ પર અસર કરે છે. આ ઘટકને લગતી કલમોની રચના આ મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી :

**વાલી સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. શાળામાં વાલીમંડળની રચના

૨. વાલીઓની મીટીંગમાં હાજરી

૩. શાળેય પ્રવૃત્તિઓમાં વાલીઓનો રસ

૪. પોતાના બાળકોની પ્રગતિ પ્રત્યે સજાગ

૫. વાલીનો શિક્ષક પ્રત્યેનો વ્યવહાર

**૫.૧.૨.૭ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૭ સાથી શિક્ષકો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** દરેક શિક્ષક એવી અપેક્ષા રાખે છે કે તેના સાથી શિક્ષકો તેની સાથે માનપૂર્વક વર્તે, યોગ્ય સાથ સહકાર આપે પરંતુ જો તેને સાથી શિક્ષકો પાસેથી આદર, સાથ સહકાર ન મળે તો તેને પોતાના વ્યવસાય પરત્વે ઓછો સંતોષ રહે છે. આ ઘટકને લગતી કલમોની રચના નીચે મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી.

**સાથી શિક્ષકો સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. સાથી શિક્ષકો તરફથી આદર

૨. સાથી શિક્ષકોનો સાથ સહકાર

૩. સાથી શિક્ષકો સાથે ઘર્ષણ

૪. સાથી શિક્ષકો પાસેથી યોગ્ય માર્ગદર્શન મળે

૫. સાથી શિક્ષકો સાથે શિક્ષણના પ્રશ્નોની ચર્ચા

૬. સાથી શિક્ષકો સાથે કાર્ય કરવાનો ઉત્સાહ

**૫.૧.૨.૮ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૮ આચાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** જે શાળાના આચાર્ય જ્ઞાની, નિરાભિમાની, કુશળ વહીવટદાર, લોકશાહી દૃષ્ટિકોણવાળા અને નવી શિક્ષણ પદ્ધતિઓના હિમાયતી હોય તે શાળાના શિક્ષકો ઉત્સાહપૂર્વક કાર્ય કરે છે. એથી વિરુદ્ધ, જો આચાર્ય સરમુખત્યારશાહી દૃષ્ટિકોણ ધરાવતા હોય તો શિક્ષકોને પણ પોતાના કામ પ્રત્યે ઉમંગ રહેતો નથી અને તેમનામાં અસંતોષ જન્મે છે. આવા સંજોગોમાં શિક્ષકોનો આચાર્ય સંબંધિત સંતોષ કેટલા પ્રમાણમાં છે ? તે જાણવા માટે આ ઘટકને સંલગ્ન કારણો અલગ તારવવામાં આવ્યાં હતાં અને કલમોની રચના કરવામાં આવી હતી.

**આચાર્ય સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. આચાર્યનો સહકાર

૨. દરેક શિક્ષક સાથેનો વર્તાવ

૩. સંચાલન પ્રણાલી

૪. કાર્યની સમાન વહેંચણી

૫. શિક્ષકોના સૂચનોનો અમલ

૬. શાળાની સ્વચ્છતા, પ્રગતિ પ્રત્યે સજાગ

**૫.૧.૨.૯ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૯ અધિકારી વર્ગ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** શિક્ષકોની એવી અપેક્ષાઓ હોય છે કે શાળાના અધિક્ષણ કે નિરીક્ષણમાં આવતા અધિકારીઓનું શિક્ષકો સાથેનું વર્તન સારું હોય. શિક્ષકો આવા અધિકારીઓનો ગમે ત્યારે સંપર્ક કરી તેમનું માર્ગદર્શન મેળવી શકે. જયારે અપેક્ષાઓ સંતોષાતી નથી ત્યારે તેમને પોતાના વ્યવસાય તરફ અસંતોષ પેદા થાય છે. આવા સંજોગોમાં શિક્ષકોનો અધિકારીવર્ગ સંબંધિત સંતોષ કેટલા પ્રમાણમાં છે ? તે જાણવા માટે આ ઘટકને સંલગ્ન કારણો અલગ તારવવામાં આવ્યાં હતાં. જેના પરથી કલમોની રચના કરવામાં આવી હતી.

**અધિકારી વર્ગ સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. અધિકારી તરફથી યોગ્ય માર્ગદર્શન

૨. અધિકારીઓની વર્તણૂક

૩. સમયાંતરે શાળાની મુલાકાત

૪. હકારાત્મક સૂચનો

૫. શિક્ષણની નવી ઘટનાઓથી શિક્ષકોને પરિચિત કરવા

**૫.૧.૨.૧૦ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૦ શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** કોઈ પણ વ્યક્તિના વ્યવસાય સંતોષનો મોટો આધાર તેને વ્યવસાય સ્થળે મળતી સુવિધાઓ પર પણ રહેલો છે. શિક્ષકને પણ એવી અપેક્ષા હોય છે કે તેના વ્યવસાયનું સ્થળ સુવિધાઓથી સજ્જ હોય. આ ઘટકને લગતી કલમોની રચના આ મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી :

**શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. શાળાનું મકાન, ઓરડાઓ

૨. શાળામાં પાણીની સગવડ

૩. શૈક્ષણિક સાધનોની ઉપલબ્ધિ

૪. વિદ્યાર્થીઓની બેસવાની સગવડ

૫. પ્રાથમિક આરોગ્ય વિષયક સુવિધા

૬. ગ્રંથાલયની સુવિધા

૭. લાઈટ, પંખા વગેરેની સુવિધા

૮. રમતનું મેદાન

**૫.૧.૨.૧૧ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૧ શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** જે તે શાળાનું વહીવટી કાર્ય પણ વત્તે ઓછે અંશે શિક્ષકોના વ્યવસાય સંતોષ પર અસર કરે છે કારણ કે પ્રાથમિક શાળામાં કારકુન ન હોવાને લીધે વહીવટી કાર્યનો બોજ પણ શિક્ષકો અને આચાર્ય પર રહે છે, જે શિક્ષકોને અન્ય શિક્ષકો કરતાં વધુ વહીવટી કાર્ય સોંપવામાં આવતું હોય તેમના વ્યવસાય સંતોષ પર તેની અસર પડી શકે છે. આ ઘટકોને લગતી કલમોની રચના નીચે મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી.

**શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. વહીવટી કામે બહારગામ જવું પડે

૨. બહારગામ જવા માટે ભથ્થા–પ્રાપ્તિ

૩. સૌ કોઈના સહકારથી વહીવટી કાર્યવાહી

૪. વહીવટી કાર્ય કંટાળાયુક્ત

૫. વહીવટી કાર્યનું ભારણ વધુ

૬. સ્થાનિક પંચાયતનો સહકાર યોગ્ય

**૫.૧.૨.૧૨ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૨ વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** શિક્ષકોને નોકરીમાં જોડાતા પહેલાં અને નોકરીમાં જોડાયાં પછી પણ તેમના વ્યવસાયની તાલીમ લેવાની હોય છે. શિક્ષકોને જો આવી તાલીમ યોગ્ય સ્થળે, યોગ્ય સમયે અને યોગ્ય નિષ્ણાતો દ્વારા આપવામાં આવે તેમજ આવી તાલીમોમાં શિક્ષકોને યોગ્ય સુવિધાઓ, ભથ્થુ આપવામાં આવે તો તેઓ તાલીમથી સંતોષ પામે છે અને તેની સીધી અસર વર્ગશિક્ષણ કાર્ય પર પડે છે. આ ઘટકોને લગતી કલમોની રચના નીચે મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી.

**વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. વારંવાર તાલીમમાં જવું પડે

૨. તાલીમી કાર્યક્રમો ભારરૂપ

૩. તાલીમી કાર્યક્રમો જ્ઞાનવર્ધક

૪. તાલીમમાં જવા–આવવાનું ભથ્થું

૫. તાલીમ વેકેશનમાં યોજાય

**૫.૧.૨.૧૩ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૩ સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** સરકારી નીતિ–નિયમો પણ શિક્ષકોના વ્યવસાય સંતોષને અસર કરે છે. નિમણૂકના પ્રથમ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર, નોકરીના અંતે પેન્શન નહીં અને બદલી–બઢતીના નિયમો શિક્ષકોના વ્યવસાય સંતોષને અસર કરે છે. આ ઘટકને લગતી કલમોની રચના નીચે મુજબના કારણોને આધારે નક્કી કરવામાં આવી હતી.

**સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. ભરતી–બદલી પ્રક્રિયા

૨. બઢતી–બદલીના નિયમો

૩. પ્રાથમિક શિક્ષકો માટેની લાયકાત

૪. ચૂંટણી, વસતી ગણતરી જેવા કાર્યો ફરજિયાત કરવા પડે

૫. રજાઓનું ધોરણ

૬. પ્રથમ પાંચ વર્ષ સુધી ફિક્સ પગારનો નિયમ

૭. પેન્શનના નિયમો

**૫.૧.૨.૧૪ વ્યવસાય સંતોષ માપદંડના ઘટક–૧૪ આર્થિક વળતર સંબંધિત સંતોષ અંગેની કલમોની રચના.** શિક્ષકોને તેમના કાર્યના પ્રમાણમાં મળતું આર્થિક વળતર પણ તેમના કાર્યસંતોષ પર અસર કરે છે. જો યોગ્ય આર્થિક વળતર ન મળે તો શિક્ષકો આવકના અન્ય સ્રોતો શોધે છે. શિક્ષકમાં વ્યવસાય પ્રત્યે અસંતોષ જાગે છે અને શિક્ષકની અસરકારકતા પર પણ અસર પડે છે. શિક્ષકોમાં આર્થિક વળતર સંબંધિત સંતોષ કેટલા પ્રમાણમાં છે ? તે જાણવા માટે આ ઘટકને સંલગ્ન કારણો અલગ તારવવામાં આવ્યાં હતાં. જેના પરથી કલમોની રચના કરવામાં આવી હતી.

**આર્થિક વળતર સંબંધિત સંતોષ સંલગ્ન કારણો**

૧. કાર્યના પ્રમાણમાં મળતું વળતર

૨. ઉપાધિ (પદવી) ના પ્રમાણમાં મળતું વળતર

૩. વધારાની કમાણી માટે અન્ય કામ કરવું

૪. શિક્ષકોનું આર્થિક શોષણ થતું હોય તેવી અનુભૂતિ

૫. નોકરી દરમિયાન મળતા વિશેષ આર્થિક લાભ

૬. કુટુંબનું ભરણપોષણ સારી રીતે થાય

**૫.૧.૩ શિક્ષક વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપની રચના.** આ માપદંડના ચૌદ ઘટકોની કલમોનું સંપાદન કર્યા બાદ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું હતું. માપદંડના પ્રથમ પાના પર માપદંડનું નામ, માર્ગદર્શક તથા સંશોધકનું નામ તેમજ શિક્ષકોએ પોતાની સંમતિ કઈ રીતે રજૂ કરવી ? તે સમજાવતું એક ઉદાહરણ તથા માપદંડને લગતી માહિતી રજૂ કરવામાં આવી હતી. પ્રાથમિક સ્વરૂપના માપદંડમાં ઘટક પ્રમાણે ક્રમાનુસાર રજૂ થયેલી કલમો પર તજજ્ઞો મુજબ તે કલમની યોગ્યતા નક્કી કરવા તેમના અભિપ્રાયો અને સૂચનો મેળવ્યાં હતાં. આ માપદંડને પરિશિષ્ટ ૧ માં રજૂ કરેલ છે.

**૫.૧.૪ વ્યવસાય સંતોષ માપદંડના પ્રાથમિક સ્વરૂપ પર તજજ્ઞોના અભિપ્રાયો અને સૂચનો.** પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડને સંશોધકે તજજ્ઞોને તપાસવા માટે આપ્યો હતો. વ્યવસાય સંતોષ માપદંડ પર શિક્ષણ પારંગત વિભાગના તજજ્ઞોના પ્રતિભાવો મેળવવા માટે નીચે જણાવેલાં તજજ્ઞોને વ્યવસાય સંતોષ માપદંડમાં સમાવિષ્ટ કલમોના ઘટકોની યાદી પત્રવ્યવહાર દ્વારા મોકલવામાં આવી હતી.

| **તજજ્ઞનું નામ** | **સંસ્થા / કોલેજનું નામ** |
|---|---|
| ડૉ. રમેશચંદ્ર કોઠારી | પ્રોફેસર, CASE, વડોદરા |
| ડૉ. એમ. એલ. જોષી | નિવૃત્ત પ્રોફેસર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. એમ. કે. યાજ્ઞિક | પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ડૉ. જે. પી. મૈયાણી | પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર |
| ડૉ. બી. એસ. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન, શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ |
| ડૉ. એ. બી. કગથરા | રીડર, શિક્ષણશાસ્ત્ર ભવન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર |
| ડૉ. એલ. એન. પટેલ | પ્રિન્સિપાલ, બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| ડૉ. એન. એમ. જયસ્વાલ | રીડર, પી. જી. ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| ડૉ. બી. ડી. પટેલ | પ્રિન્સિપાલ, દરામલી કોલેજ ઓફ એજ્યુકેશન, દરામલી |
| ડૉ. જી. પી. રાવલ | વ્યાખ્યાતા, બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| ડૉ. એન. એ. મકવાણા | વ્યાખ્યાતા, બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| પ્રા. જી. એન. પટેલ | વ્યાખ્યાતા, બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, મોડાસા |
| ડૉ. કલ્યાણજી એ. ચોરાડા | ઈ. પ્રિન્સીપાલ, શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ. એડ્. મહિલા કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, અમરેલી |
| ડૉ. હીના જે. પાંધી | વ્યાખ્યાતા, શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ. એડ્. મહિલા કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, અમરેલી |

તજજ્ઞો તરફથી નાની મોટી પરંતુ મહત્ત્વની ક્ષતિઓ તરફ સંશોધકનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેઓના બધા જ સૂચનોની યાદી બનાવી, તેમાંથી મહત્ત્વના સૂચનો અલગ તારવવામાં આવ્યાં હતાં. જે આ પ્રમાણે હતા :

**ઘટક–૧. વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧ માં 'હું શિક્ષકના વ્યવસાયને આદર્શ વ્યવસાય માનું છું.' ને બદલે 'હું શિક્ષકના વ્યવસાયને અતિ પવિત્ર વ્યવસાય સમજુ છું.'

કલમ–૪ માં 'મને લાગે છે કે હું અનાયાસે શિક્ષણના વ્યવસાયમાં આવી ગયેલ છું.' ને બદલે 'મને અન્ય વ્યવસાય ન મળતા શિક્ષણનો વ્યવસાય પસંદ કર્યો છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- મને અન્ય સારી નોકરી મળતી હતી તેમ છતાં મેં શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો છે.
- શિક્ષણકાર્ય કરવામાં મને રસ છે.
- શિક્ષણનો વ્યવસાય ઉમદા વ્યવસાય હોવાથી તે મેં પસંદ કર્યો છે.
- શિક્ષકના વ્યવસાયમાં 'ઓછું કામ, વધુ દામ' નો મારો હેતુ છે.
- મારા કુટુંબીજનો પણ આ વ્યવસાયમાં છે તેથી પ્રેરણા મળી છે.
- હું શિક્ષકના વ્યવસાયને સ્વાર્થ સાથે નિઃસ્વાર્થ સેવા તરીકે માનું છું.
- શિક્ષકનો વ્યવસાય રાષ્ટ્ર ઘડતરમાં મદદરૂપ થાય છે તેથી આ વ્યવસાય પસંદ કર્યો છે.
- શિક્ષકનો વ્યવસાય કુટુંબીજનોના દબાણથી પસંદ કરેલ છે.
- મારી સારી શૈક્ષણિક સિદ્ધિને સંતોષજનક ક્ષેત્ર મળી રહે તે માટે મેં આ વ્યવસાયની પસંદગી કરી છે.

**ઘટક–૨. પરિવાર સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૩, ૪, ૫, ૬, ૭ અને ૮ રદ કરવી.

કલમ–૨ માં 'વતનથી દૂર રહેવું પડે છે.' ને બદલે 'વતનથી દૂર રહેવું પડતું હોવાથી પરિવાજનોનો વિરહ સાલે છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૨ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– આ વ્યવસાયથી પરિવારમાં મારી પ્રતિષ્ઠા વધી છે જેનો મને સંતોષ છે.
– આ વ્યવસાયથી હું પરિવારના અન્ય સભ્યોને શિક્ષણમાં ઉપયોગી થઈ શકું છું.
– નોકરી મળવાથી કૌટુંબિક અને પારિવારિક સ્થૈર્ય ઊભું થયું છે જેનો મને સંતોષ છે.
– મારા બાળકોના શિક્ષણ પર વધુ સારી રીતે ધ્યાન આપી શકાય છે.
– મારા પરિવારજનો ઈચ્છે છે કે આ વ્યવસાયને બદલે અન્ય વ્યવસાય મળે તો તે મારે પસંદ કરવો જોઈએ.
– પરિવાજનોને મારો આ વ્યવસાય ગમતો નથી.
– મારા પરિવારજનોની અપેક્ષાઓને સંતોષી શકું છું.
– મારા પરિવારજનોને મારા આ વ્યવસાયથી સંતોષ છે.

**ઘટક–૩. નું નામ 'સમાજ સંબંધિત સંતોષ' ને બદલે 'સામાજિક સંબંધ સંબંધિત સંતોષ' કરવું. તે માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**
કલમ–૩, ૪ અને ૫ રદ કરવી.

કલમ–૨ માં 'ગામમાં સ્થાનિક પ્રસંગે માન મળે છે.' ને બદલે 'ગામમાં વિવિધ સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય પ્રસંગે માન મળે છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૩ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– સમાજ પ્રાથમિક શિક્ષકના વ્યવસાયને હલકો વ્યવસાય ગણે છે.
– સમાજમાં પ્રાથમિક શિક્ષકને ઓછું મહત્ત્વ અપાય છે.
– શિક્ષક તરીકેનો આ વ્યવસાય સમાજના અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની રહે છે.
– શિક્ષક પાસે સમાજની અપેક્ષાઓ વધુ પડતી છે એમ હું માનું છું.
– શિક્ષકના વ્યવસાયથી સમાજની સેવા કરવાની મળતી તકોથી સંતુષ્ટ છે.
– સમાજમાંથી દૂષણો દૂર કરવાના મારા પ્રયત્નોથી સંતુષ્ટ છે.
– સમાજમાં શિક્ષકો પ્રત્યેનો અહોભાવ સંતોષ પેદા કરનારો છે.

**ઘટક–૪. વિદ્યાર્થી સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૩, ૪, ૭ અને ૧૦ રદ કરવી.

કલમ–૨ માં 'મારા વર્ગમાં વિદ્યાર્થીઓ હાજર રહેતા નથી.' ને બદલે 'મારા વર્ગમાં વિદ્યાર્થીઓની નબળી હાજરી ચિંતાનો વિષય છે.'

કલમ–૫ માં 'વિદ્યાર્થીઓ સોંપાયેલું ગૃહકાર્ય લાવે છે.' ને બદલે 'મારા વર્ગમાં વિદ્યાર્થીઓ નિયમિત ગૃહકાર્ય લાવે છે.'

કલમ–૬ માં 'વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા તેમને ઈનામો આપું છું.' ને બદલે 'વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ જગાવવાના મારા પ્રયત્નોથી મને સંતોષ છે'

કલમ–૮ માં 'વિદ્યાર્થીઓએ સૂચવેલી મારી ખામીનો સહર્ષ સ્વીકાર કરું છું.' ને બદલે 'મારા વર્ગના વિદ્યાર્થીઓની લાગણીઓને સ્વીકારું છું.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૪ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- વિદ્યાર્થીઓની મારી પ્રત્યેની વર્તણૂકથી મને સંતોષ છે.
- વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવું ગમતું નથી.
- વિદ્યાર્થીઓનો મારા પ્રત્યેનો પ્રેમ મારે મન મોટો સંતોષ છે.
- મારા વર્ગના વિદ્યાર્થીઓને ભણવામાં ઓછો રસ છે.
- વિદ્યાર્થીઓને સાથી દિશાનું માર્ગદર્શન આપતા આત્મસંતોષ અનુભવું છું.

**ઘટક–૫. નું નામ 'શિક્ષણકાર્ય તત્પરતા / વ્યવસાય નિષ્ઠા' ને બદલે 'કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ' કરવું. તે માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧, ૮, ૯ અને ૧૦ રદ કરવી.

કલમ–૩ 'શાળામાં શીખવવાનું વિષયવસ્તુ હું અગાઉથી વાંચી લઉ છું.' ને બદલે 'શાળામાં શીખવવાના વિષયવસ્તુનું અગાઉથી અધ્યયન કરી લઉ છું.'

કલમ–૪ માં 'જરૂરી શિક્ષણસામગ્રી પહેલેથી જ તૈયાર કરી લઉ છું.' ને બદલે 'અધ્યાપન માટે જરૂરી શિક્ષણસામગ્રી પહેલેથી જ તૈયારી કરી લઉ છું.'

કલમ–૫ માંથી 'નોંધપોથીઓ' શબ્દ રદ કરવો.

કલમ–૭ માં 'નોકરી દરમિયાન ફાળવવામાં આવેલ કાર્ય તેમજ જવાબદારીને નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવા પ્રયાસ કરું છું' ને બદલે 'મારું કાર્ય હું પૂરી નિષ્ઠાથી કરવા સતત પ્રયત્નશીલ રહું છું.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૫ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– મારા શિક્ષણકાર્યમાં હું નવી–નવી પદ્ધતિઓ અને નવા સાધનો વાપરવાના પ્રયોગ કરું છું.
– હું વર્ગખંડના અને શાળાકીય બધા જ કાર્યો નિયમિત અને સમયસર પૂર્ણ કરું છું.
– મારા ફાળે આવતા અધ્યાપનકાર્યથી મને સંતોષ છે.
– શાળામાં કોઈ કારણસર ઓચિંતી રજા જાહેર થાય તો તે મને ગમે છે.
– શાળામાં વેકેશન પડે તે મને ખૂબ જ ગમે છે.

**ઘટક–૬. વાલી સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧, ૨ અને ૬ રદ કરવી.

કલમ–૫ માં 'વાલીઓ તેમના બાળકોની પ્રગતિ પ્રત્યે સજાગ નથી.' ને બદલે 'વાલીઓની તેમના બાળકોના અભ્યાસ પ્રત્યેની જાગરૂકતાથી સંતોષ છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૬ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– વાલીઓ તેમના બાળકોની પ્રગતિ પ્રત્યે સજાગ નથી.
– વાલીઓ પોતાના બાળક માટે કંઈક પૂછવા આવે તો તે મને ગમે છે.

– વાલીઓ ભાગ્યે જ શાળામાં આવે છે.
– વાલીઓ શાળામાં આવી શિક્ષકો સાથે ઝઘડા કરે છે.
– વાલીઓ શાળામાં સક્રિય બને તેવા પ્રયત્નો કરું છું.
– વાલી તરફથી શિક્ષકોને અપાતા માનથી સંતોષ છે.
– વાલીઓ તેમના બાળકોને નિયમિત શાળાએ મોકલે છે.

**ઘટક–૭. સાથી શિક્ષકો સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૪, ૫ અને ૬ રદ કરવી.

કલમ–૨ માં 'અન્ય શિક્ષકોનો સાથ–સહકાર પૂરતા પ્રમાણમાં મળી રહે છે.' ને બદલે 'સાથી શિક્ષકો તરફથી શાળામાં મળતા સાથ–સહકારથી સંતોષ છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૭ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– સાથી શિક્ષકો પાસેથી જોઈતું શૈક્ષણિક માર્ગદર્શન મળી રહે છે.
– શિક્ષકોમાં 'ટીમવર્ક' જેવું કાંઈ જોવા મળતું નથી.
– મારા સહકર્મચારીઓ સુખ–દુઃખના પ્રસંગે મારી સાથે રહે છે.
– સાથી શિક્ષકો દ્વારા મારા વખાણ અને કદરના પ્રમાણથી સંતોષ છે.
– સ્ટાફરૂમમાં શૈક્ષણિક ચર્ચાઓને બદલે ઈતર ચર્ચા વધુ થાય છે.
– સાથી શિક્ષકોમાં દ્વેષ–વૃત્તિનું પ્રમાણ વધું છે.
– સાથી શિક્ષકો ક્યારેક મારી હાંસી ઉડાવે છે.
– સાથી શિક્ષકોમાં એકતાના પ્રમાણથી સંતોષ છે.

**ઘટક–૮. આચાર્ય સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૪ અને ૫ રદ કરવી.

કલમ–૨ માં 'શાળાના આચાર્ય દરેક શિક્ષક સાથે સમાન વર્તન રાખે છે.' ને બદલે 'શાળામાં આચાર્ય દરેક શિક્ષક સાથે સમાન વ્યવહાર રાખે છે.'

કલમ–૩ માં 'મારા સારા સૂચનો આચાર્યશ્રી દ્વારા સ્વીકારાય છે.' ને બદલે 'મારા સારા સૂચનો આચાર્યશ્રી દ્વારા સ્વીકારાતા નથી.'

કલમ–૬ માં 'આચાર્યની સંચાલન પ્રણાલીથી મને સંતોષ છે' ને બદલે 'આચાર્યશ્રીની શાળા સંચાલન પ્રણાલીથી મને સંતોષ નથી.'

કલમ–૩, ૬ અને ૮ ને નકાર કલમમાં ફેરવવી.

કલમ–૯ માં 'શાળાનું દરેક કાર્ય શ્રેષ્ઠત્તમ થાય અને સમયસર થાય તે માટે આચાર્યશ્રી પ્રયત્નશીલ રહે છે.' ને બદલે 'આચાર્યશ્રી ઉત્તમ નેત્તૃત્વ પૂરું પાડે છે.'

કલમ–૧૦ માં આચાર્યશ્રી દ્વારા દરેક શિક્ષકોને કામની સમાન વહેંચણી થાય છે' ને બદલે 'આચાર્યશ્રી દ્વારા દરેક શિક્ષકોને કામની સમાન વહેંચણી માત્ર કાગળ પર જ થાય છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૮ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– આચાર્યશ્રી મારી ભૂલ સહજતાપૂર્વક સમજાવે છે.
– આચાર્યશ્રી મારી પાસેથી જે રીતે કામ લે છે તેનાથી સંતોષ નથી.
– આચાર્યશ્રીનો સારો સ્વભાવ શૈક્ષણિક કાર્ય માટે પ્રેરણાદાયક બને છે.

**ઘટક–૯. અધિકારી વર્ગ સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૩ અને ૪ રદ કરવી.

કલમ–૧ માં 'કેળવણી નિરીક્ષક, બી. આર. સી., સી.આર.સી. તથા અન્ય ઉપરી અધિકારીઓ દ્વારા સમયાંતરે શાળાનું નિરીક્ષણ, અધિક્ષણ થાય છે.' ને બદલે નિરીક્ષકો સમયાંતરે શાળાની મુલાકાત લઈ અમને પ્રોત્સાહન આપે છે.'

કલમ–૪ માં 'અધિકારીઓ પ્રત્યે માન ઉપજે તેવો વ્યવહાર તેઓ શિક્ષકો સાથે કરે છે.' ને બદલે 'અધિકારીઓ શિક્ષકો સાથે તોછડાઈપૂર્વક વર્તે છે.'

તજ્જ્ઞોના સૂચનો મુજબ ઘટક–૯ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- અધિક્ષકો શાળાનું અધિક્ષણ કરવા આવે ત્યારે દરેક શિક્ષકને સંતોષપૂર્ણ માર્ગદર્શન આપે છે.
- મારા ઉપરી અધિકારીઓની વર્તણૂકથી મને સંતોષ છે.
- અધિકારીઓના સૂચનો હંમેશા ટીકાત્મક હોય છે.
- અધિકારીઓ શિક્ષકોને માત્ર ગુનેગાર સમજીને શાળા તપાસનું કામ કરતા હોય છે.
- અધિકારીઓ અને શિક્ષકો વચ્ચે મૈત્રીપૂર્ણ વ્યવહાર ઓછો હોય છે.
- અધિકારીઓ શિક્ષણની નવી વાતો શિક્ષકો સામે મૂકે છે.

**ઘટક–૧૦. શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૩, ૪, ૫, ૬ અને ૭ રદ કરવી.

કલમ–૧ માં 'શાળામાં પૂરતી શૈક્ષણિક સુવિધાઓનો અભાવ છે.' ને બદલે 'શાળાનું મકાન શાળા માટે યોગ્ય નથી.'

કલમ–૨ માં 'શાળામાં પૂરતી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે' ને બદલે 'શાળામાં પૂરતાં પ્રમાણમાં ઓરડાઓ છે.'

તજ્જ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧૦ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- શાળામાં શૈક્ષણિક સાધનો પૂરતાં પ્રમાણમાં છે.
- શાળામાં પીવાના પાણીની સગવડ સંતોષજનક છે.
- શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટેની યોગ્ય સગવડ નથી.
- શાળામાં 'ફર્સ્ટ એઈડ બોકસ' જેવી આરોગ્ય વિષયક સુવિધાઓનો અભાવ છે.
- શાળામાં સફાઈનું પ્રમાણ સંતોષકારક છે.
- શાળામાં ગ્રંથાલય નથી.

– શાળામાં લાઈટ, પંખો વગેરે ભૌતિક સુવિધાઓની સગવડથી સંતોષ છે.
– શાળામાં વૃક્ષોનું પ્રમાણ સંતોષજનક છે.
– શાળામાં રમતનું મેદાન નથી.

**ઘટક–૧૧. નું નામ 'શાળાના સ્થાનિક વહીવટ સંબંધિત સંતોષ' ને બદલે 'શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ' કરવું. તે માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧ અને ૫ રદ કરવી.

કલમ–૩ માં 'શાળાના શૈક્ષણિક તેમજ વહીવટી કામે માટે બહાર જવું પડે છે.' ને બદલે 'શાળાના વહીવટી કામે બહારગામ જવું પડે છે.'

કલમ–૪ માં 'શાળાના શૈક્ષણિક કે વહીવટી કામે જવાનું મને પૂરતું ભથ્થું મળે છે.' ને બદલે 'શાળાના વહીવટી કામે જવાનું પૂરતું ભથ્થું સમયસર મળી રહે છે.'

કલમ–૬ માં 'શાળાનો સ્થાનિક વહીવટ એ સહું શિક્ષકો અને આચાર્યનો સહિયારો પ્રયાસ છે.' ને બદલે 'શાળાની વહીવટી કાર્યવાહી એ સહુ શિક્ષકો અને આચાર્યનો સહિયારો પ્રયાસ છે એમ હું માનું છું.'

કલમ–૭ માં 'શાળાના સ્થાનિક વહીવટમાં સરપંચની દખલગીરી વધુ રહે છે.' ને બદલે 'શાળાનાં વહીવટમાં સ્થાનિક પંચાયતનો યોગ્ય સહકાર મળી રહે છે.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧૧ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– મારા પર વહીવટી કાર્યવાહીનું ભારણ વધુ રહે છે એમ હું માનું છું.
– શાળાનું વહીવટી કાર્ય મારા માટે કંટાળો ઉપજાવનારું છે.
– શાળાના વહીવટી કાર્ય માટે અલગ કર્મચારીની નિમણૂક થવી જોઈએ એમ હું માનું છું.
– શાળાનું વહીવટી કાર્ય હોંશે હોંશે કરું છું.
– શાળામાં શૈક્ષણિક કાર્યને બદલે વહીવટી કાર્યનું ભારણ વધુ રહે છે.

**ઘટક–૧૨. વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧, ૨, ૩, ૪ અને ૬ રદ કરવી.

કલમ–૫ માં 'વ્યવસાયી તાલીમમાં જવા–આવવાનું વધારાનું ભથ્થું મળે છે.' ને બદલે 'સેવાકાલિન તાલીમમાં જવા–આવવાનું ભથ્થું અમારા હાથમાં આવતું જ નથી.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧૨ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- શિક્ષણમાં વ્યવસાય પૂર્વે અપાતી તાલીમ (પી. ટી. સી., બી. એડ્.) થી મને સંતોષ છે.
- શિક્ષણના વ્યવસાય માટે અપાતી સેવાકાલિન તાલીમથી મને સંતોષ છે.
- ચાલુ શાળાએ તાલીમમાં જવાથી વિદ્યાર્થીઓનો સમય બગડે છે.
- સેવાકાલિન પ્રશિક્ષણમાં સમયનો વ્યય થતો હોય તેવું લાગે છે.
- સેવાકાલિન તાલીમી કાર્યક્રમોમાં યોગ્ય તજજ્ઞો આવતા નથી.
- સેવાકાલિન તાલીમી કાર્યક્રમોમાં કશું નવું શીખવા મળતું નથી.
- સેવાકાલિન તાલીમી કાર્યક્રમો નિરસ અને બિનઉપયોગી જણાય છે.
- આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ અને સાધન–સામગ્રીઓનો તાલીમમાં ઉપયોગ થાય છે.
- મોટાભાગના શિક્ષકો તાલીમ સમયે બેધ્યાન હોય છે.
- તાલીમી કાર્યક્રમો કરવા ખાતર કરતા હોય તેવું લાગે છે.
- સેવાકાલિન પ્રશિક્ષણ દરમ્યાન મારી ઘણી બધી સમસ્યાઓ હલ થાય છે.
- સેવાકાલિન તાલીમ પછીની ફલશ્રુતિ–પરિણામ બહુ જ ઓછું જોવા મળે છે.
- તાલીમી કાર્યક્રમો વેકેશનમાં યોજાય તે જરૂરી છે.

**ઘટક–૧૩. સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૧, ૨, ૪, ૫, ૭, ૮ અને ૧૨ રદ કરવી.

કલમ–૩ માં 'પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા સ્વચ્છ રીતે થાય છે.' ને બદલે 'પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા સંતોષકારક છે.'

કલમ–૧૦ માં 'પ્રાથમિક શાળાનું શિક્ષણ ધોરણ ૧ થી ૮ સુધીનું હોવું જોઈએ.' ને બદલે 'પ્રાથમિક શાળાનું શિક્ષણ ધોરણ ૧ થી ૭ ને બદલે ધોરણ ૧ થી ૮ નું હોવું જોઈએ એમ હું માનું છું.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧૩ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

- શિક્ષકના વ્યવસાયમાં મળતા સલામતીના પ્રમાણથી સંતોષ છે.
- વિદ્યાસહાયકોને ચૂકવાતા પગારના નિયમો સંતોષજનક નથી.
- ત્રણ વર્ષ પછી તાલુકા ફેરબદલીનો નિયમ સંતોષકારક છે.
- પાંચ વર્ષ પછી જિલ્લા ફેરબદલીનો નિયમ સંતોષકારક નથી.
- શિક્ષક પેન્શન યોજનાના નિયમો સંતોષજનક નથી.
- સરાકરશ્રી દ્વારા શિક્ષકોને હંમેશા અન્યાય જ થાય છે એવું અનુભવું છું.

**ઘટક–૧૪. આર્થિક વળતર સંબંધિત સંતોષ માટે આ મુજબના સૂચનો મળ્યાં હતાં :**

કલમ–૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૨ રદ કરવી.

કલમ–૧ માં 'શૈક્ષણિક કાર્યના પ્રમાણમાં મળતા વળતરથી સંતોષ છે.' ને બદલે 'શિક્ષકના વ્યવસાયમાં મળતા પગારથી સંતોષ છે.'

કલમ–૩ માં 'હાલ પ્રાપ્ત સેવાના મહેનતાણામાં મારા કુટુંબનું ભરણ–પોષણ કરવું મુશ્કેલ છે.' ને બદલે 'હાલ પ્રાપ્ત સેવાના મહેનતાણામાં મારા કુટુંબનું ભરતપોષણ સંતોષજનક રીતે થઈ શકે છે.'

કલમ–૧૦ માં 'સરકારી વહીવટી તંત્ર દ્વારા અમારું આર્થિક શોષણ થતું હોય તેવું અનુભવીએ છીએ' ને બદલે 'સરકારી વહીવટીતંત્ર દ્વારા શિક્ષકોનું આર્થિક શોષણ થતું હોય તેવું અનુભવું છું.'

તજજ્ઞોના સૂચનો મુજબ ઘટક–૧૪ માં નીચેની કલમો ઉમેરવામાં આવી હતી.

– વિદ્યાસહાયકોને મળતો માસિક ઉચ્ચક પગાર પૂરતો નથી.
– ફિક્સ પગાર અને પૂર્ણ પગાર વચ્ચેનું અંતર ઘણુ વધુ છે એમ હું માનું છું.
– ફિક્સ પગાર માટેનો પાંચ વર્ષનો સમયગાળો વધુ હોય તેવા શિક્ષકોનો કામ કરવાનો ઉત્સાહ ઘટે છે તેમ હું માનું છું.
– નિવૃત્તિ બાદ દરેકને પેન્શન મળવું જોઈએ એમ હું માનું છું.

પ્રાથમિક સ્વરૂપના માપદંડને આખરી ઓપ આપતાં પહેલાં તજજ્ઞોના સૂચનોને આવરી લેવામાં આવ્યાં હતાં અને માપદંડમાં જરૂરી સુધારા–વધારા કરવામાં આવ્યાં હતાં.

**૫.૧.૫ વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશ.** પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના પ્રાથમિક સ્વરૂપના માપદંડને વધારે ચોક્કસ અને સ્પષ્ટ બનાવવા માટે તેની પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. સંશોધનની યોજનામાં માપદંડને વધુ અસરકારક બનાવવા પ્રાથમિક અજમાયશ માટે યોગ્ય નમૂનાની પસંદગી કરવી જોઈએ. પ્રાથમિક અજમાયશ માટે નમૂનો પસંદ કરતી વખતે નીચેની બાબતો પર ધ્યાન રાખવામાં આવ્યું હતું :

૧. નમૂનો પ્રતિનિધિરૂપ હોવો જોઈએ.
૨. તે શહેરી અને ગ્રામ્ય વિસ્તારને સાંકળતો હોવો જોઈએ.
૩. જાતીયતાને પ્રતિનિધિત્વ મળવું જોઈએ.

પ્રાથમિક અજમાયશ માટે ઉપર્યુક્ત બાબતોને લક્ષમાં રાખીને સંશોધકે વ્યાપવિશ્વની પ્રાથમિક શાળાઓના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની પસંદગી કરી હતી. યાદચ્છિક રીતે પસંદ કરાયેલ પ્રાથમિક શાળાઓમાં 'વ્યવસાય સંતોષ માપદંડ' ની પ્રાથમિક અજમાયશ માટે પસંદ થયેલ શિક્ષકોની વિગત સારણી ૫.૧માં દર્શાવેલ છે.

**સારણી ૫.૧**

**પ્રારંભિક અજમાયશમાં સમાવિષ્ટ શિક્ષકોની સંખ્યા સારણી**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | વિદ્યાસહાયક શિક્ષકની સંખ્યા | પૂર્ણ પગાર શિક્ષકની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | મોડાસા | ગારૂડી | 1 | 2 | 3 |
| | | ગોખરવા | 1 | 3 | 4 |
| | | નવી ગારૂડી | 1 | 3 | 4 |
| | | મોડાસા | 1 | 1 | 2 |
| | | માધુપુર | - | 2 | 2 |
| | | મદની | 1 | 1 | 2 |
| | | ઈટાડી | - | 1 | 1 |
| | | જામાના છાપરા | 1 | 1 | 2 |
| 2. | ઈડર | ભદ્રેસર | - | 2 | 2 |
| | | ડુંગરી | 1 | 1 | 2 |
| | | જેઠીપુરા | 1 | 1 | 2 |
| 3. | તલોદ | તલોદ ગામ | 1 | 2 | 3 |
| | | પુંસરી | - | 2 | 2 |
| | | ગુલાબપુરા | 1 | 1 | 2 |
| | | ભરડિયા | 1 | 1 | 2 |
| | | મોઢુકા | 1 | 1 | 2 |
| | | કૃષ્ણપુરા | 1 | 1 | 2 |
| 4. | હિંમતનગર | ચાંપલાનાર | 1 | 3 | 4 |
| | | મુનપુર | - | 3 | 3 |
| | | મોતીપુરા | 1 | 1 | 2 |
| | | લોલાસણ | 1 | 1 | 2 |
| 5. | વિજયનગર | મસોત | - | 1 | 1 |
| 6. | પ્રાંતિજ | વાઘરોટા | 1 | 2 | 3 |
| | | નનાનપુર | 1 | 6 | 7 |

**(સારણી ૫.૧ ચાલુ)**

**(સારણી ૫.૧ ચાલુ)**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | વિદ્યાસહાયક શિક્ષકની સંખ્યા | પૂર્ણ પગાર શિક્ષકની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| 7. | ધનસુરા | રમોસ | 2 | 5 | 7 |
| | | કાશીપુરા | 1 | 1 | 2 |
| | | લાલપુર | 1 | 1 | 2 |
| | | ચાંપેલા | 1 | 1 | 2 |
| | | રોઝડ | - | 1 | 1 |
| | | કનાલ | - | 2 | 2 |
| | | દેવપુરા | - | 1 | 1 |
| | | વડાગામ | 1 | 1 | 2 |
| 8. | બાયડ | ફતાજીના મુવાડા | 1 | 2 | 3 |
| 9. | માલપુર | પરપોટિયા | 1 | 1 | 2 |
| | | પીપરાણા મુવાડા | - | 1 | 1 |
| 10. | ખેડબ્રહ્મા | ટેબડી | - | 1 | 1 |
| | | ખરણિયા | 1 | 1 | 2 |
| | | ટેકરા મોડ | - | 2 | 2 |
| | | ધુણિયારા ફળો | 1 | 1 | 2 |
| 11. | ભિલોડા | માંધરી | 1 | 1 | 2 |
| | | નાંદોજ | - | 2 | 2 |
| | | **કુલ** | 29 | 68 | 97 |

સારણી ૫.૧ નું અવલોકન કરતા જણાય છે કે પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશ માટે કુલ ૯૭ પાત્રોની પસંદગી થઈ હતી, જેમાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા ૬૮ અને વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા ૨૯ હતી.

**૫.૧.૬ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની પ્રાથમિક અજમાયશનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અજમાયશ દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને આધારે પ્રતિચારોનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડને પરિશિષ્ટ–૨ માં રજૂ કરેલ છે. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે આ બે સોપાનોને અનુસરવામાં આવ્યાં હતાં :

૧. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું કલમ પૃથક્કરણ

૨. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા

**૫.૧.૬.૧ પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડનું કલમ પૃથક્કરણ.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની અજમાયશ દ્વારા પ્રાપ્ત થયેલાં પ્રતિચારોને આધારે માપદંડની કુલ ૧૫૪ કલમોનું કલમ પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. કલમ પૃથક્કરણ અંતર્ગત કલમોનું સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય શોધવામાં આવ્યું હતું. આ માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ NRT-2000 નો ઉપયોગ કર્યો હતો. આ માપદંડની અજમાયશ દ્વારા પ્રાપ્ત થયેલાં પ્રતિચારોને આધારે કલમોના સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય સારણી ૫.૨ માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૫.૨**

**પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના**

**સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્ય**

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 1 | 0.58 | 0.12 |
| 2 | 0.57 | 0.22 |
| 3 | 0.60 | 0.11 |
| 4 | 0.60 | 0.16 |
| 5 | 0.57 | 0.08 |
| 6 | 0.58 | 0.05 |
| 7 | 0.58 | 0.31 |

**(સારણી ૫.૨ ચાલુ)**

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 8 | 0.58 | 0.20 |
| 9 | 0.61 | 0.26 |
| 10 | 0.60 | 0.28 |
| 11 | 0.60 | 0.26 |
| 12 | 0.59 | 0.20 |
| 13 | 0.58 | 0.16 |
| 14 | 0.56 | 0.19 |
| 15 | 0.61 | 0.19 |
| 16 | 0.59 | 0.21 |
| 17 | 0.59 | 0.30 |
| 18 | 0.56 | 0.30 |
| 19 | 0.55 | 0.35 |
| 20 | 0.59 | 0.22 |
| 21 | 0.56 | 0.17 |
| 22 | 0.59 | 0.35 |
| 23 | 0.54 | 0.27 |
| 24 | 0.59 | 0.31 |
| 25 | 0.58 | 0.33 |
| 26 | 0.57 | 0.17 |
| 27 | 0.56 | 0.21 |
| 28 | 0.59 | 0.30 |
| 29 | 0.59 | 0.30 |
| 30 | 0.56 | 0.32 |
| 31 | 0.58 | 0.18 |
| 32 | 0.61 | 0.22 |
| 33 | 0.61 | 0.26 |

(સારણી ૫.૨ ચાલુ)

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 34 | 0.56 | 0.32 |
| 35 | 0.60 | 0.24 |
| 36 | 0.62 | 0.32 |
| 37 | 0.60 | 0.38 |
| 38 | 0.59 | 0.33 |
| 39 | 0.55 | 0.16 |
| 40 | 0.60 | 0.43 |
| 41 | 0.57 | 0.32 |
| 42 | 0.59 | 0.25 |
| 43 | 0.55 | 0.37 |
| 44 | 0.60 | 0.46 |
| 45 | 0.59 | 0.45 |
| 46 | 0.54 | 0.27 |
| 47 | 0.58 | 0.26 |
| 48 | 0.54 | 0.32 |
| 49 | 0.58 | 0.45 |
| 50 | 0.56 | 0.26 |
| 51 | 0.59 | 0.27 |
| 52 | 0.58 | 0.35 |
| 53 | 0.57 | 0.37 |
| 54 | 0.58 | 0.10 |
| 55 | 0.58 | 0.21 |
| 56 | 0.61 | 0.29 |
| 57 | 0.56 | 0.27 |
| 58 | 0.59 | 0.42 |
| 59 | 0.57 | 0.43 |

(સારણી ૫.૨ ચાલુ)

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 60 | 0.57 | 0.44 |
| 61 | 0.59 | 0.39 |
| 62 | 0.54 | 0.31 |
| 63 | 0.56 | 0.32 |
| 64 | 0.54 | 0.34 |
| 65 | 0.60 | 0.30 |
| 66 | 0.56 | 0.50 |
| 67 | 0.51 | 0.27 |
| 68 | 0.55 | 0.28 |
| 69 | 0.56 | 0.32 |
| 70 | 0.55 | 0.23 |
| 71 | 0.56 | 0.29 |
| 72 | 0.59 | 0.39 |
| 73 | 0.57 | 0.37 |
| 74 | 0.58 | 0.28 |
| 75 | 0.56 | 0.34 |
| 76 | 0.59 | 0.19 |
| 77 | 0.59 | 0.35 |
| 78 | 0.59 | 0.35 |
| 79 | 0.56 | 0.33 |
| 80 | 0.58 | 0.21 |
| 81 | 0.60 | 0.45 |
| 82 | 0.56 | 0.37 |
| 83 | 0.57 | 0.33 |
| 84 | 0.55 | 0.41 |
| 85 | 0.59 | 0.50 |

(સારણી ૫.૨ ચાલુ)

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 86 | 0.54 | 0.46 |
| 87 | 0.56 | 0.24 |
| 88 | 0.55 | 0.37 |
| 89 | 0.51 | 0.32 |
| 90 | 0.55 | 0.43 |
| 91 | 0.52 | 0.26 |
| 92 | 0.57 | 0.30 |
| 93 | 0.55 | 0.45 |
| 94 | 0.56 | 0.51 |
| 95 | 0.53 | 0.23 |
| 96 | 0.55 | 0.22 |
| 97 | 0.59 | 0.36 |
| 98 | 0.56 | 0.36 |
| 99 | 0.55 | 0.34 |
| 100 | 0.58 | 0.39 |
| 101 | 0.58 | 0.47 |
| 102 | 0.55 | 0.41 |
| 103 | 0.56 | 0.30 |
| 104 | 0.58 | 0.36 |
| 105 | 0.56 | 0.33 |
| 106 | 0.57 | 0.34 |
| 107 | 0.59 | 0.49 |
| 108 | 0.57 | 0.46 |
| 109 | 0.57 | 0.37 |
| 110 | 0.59 | 0.45 |
| 111 | 0.53 | 0.19 |

(સારણી ૫.૨ ચાલુ)

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 112 | 0.57 | 0.20 |
| 113 | 0.58 | 0.36 |
| 114 | 0.58 | 0.37 |
| 115 | 0.56 | 0.26 |
| 116 | 0.58 | 0.41 |
| 117 | 0.60 | 0.22 |
| 118 | 0.55 | 0.22 |
| 119 | 0.59 | 0.26 |
| 120 | 0.58 | 0.34 |
| 121 | 0.56 | 0.26 |
| 122 | 0.62 | 0.47 |
| 123 | 0.57 | 0.24 |
| 124 | 0.61 | 0.29 |
| 125 | 0.58 | 0.49 |
| 126 | 0.59 | 0.42 |
| 127 | 0.55 | 0.26 |
| 128 | 0.63 | 0.31 |
| 129 | 0.59 | 0.32 |
| 130 | 0.55 | 0.04 |
| 131 | 0.56 | 0.30 |
| 132 | 0.54 | 0.21 |
| 133 | 0.60 | 0.19 |
| 134 | 0.55 | 0.22 |
| 135 | 0.61 | 0.23 |
| 136 | 0.56 | 0.23 |
| 137 | 0.60 | 0.07 |

(સારણી ૫.૨ ચાલુ)

(સારણી ૫.૨ ચાલુ)

| કલમ ક્રમાંક | સરળતા મૂલ્ય | ભેદપરખ મૂલ્ય |
|---|---|---|
| 138 | 0.60 | 0.35 |
| 139 | 0.57 | 0.18 |
| 140 | 0.57 | 0.26 |
| 141 | 0.57 | 0.13 |
| 142 | 0.61 | 0.20 |
| 143 | 0.56 | 0.23 |
| 144 | 0.62 | 0.31 |
| 145 | 0.62 | 0.20 |
| 146 | 0.58 | 0.12 |
| 147 | 0.58 | 0.18 |
| 148 | 0.61 | 0.37 |
| 149 | 0.62 | 0.13 |
| 150 | 0.58 | 0.12 |
| 151 | 0.59 | 0.29 |
| 152 | 0.58 | 0.23 |
| 153 | 0.59 | 0.13 |
| 154 | 0.60 | 0.17 |

સારણી ૫.૨ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા મૂલ્યનો વિસ્તાર ૦.૫૧ થી ૦.૬૩ જોવા મળ્યો હતો. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમો પૈકી સૌથી ઓછું સરળતા મૂલ્ય કલમ ક્રમાંક ૬૭ અને ૮૯ નું જોવા મળ્યું હતું, જે ૦.૫૧ હતું. જયારે સૌથી વધુ સરળતા મૂલ્ય કલમ ક્રમાંક ૧૨૮ નું જોવા મળ્યું હતું, જે ૦.૬૩ હતું.

સારણી ૫.૨ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના ભેદપરખ મૂલ્યનો વિસ્તાર ૦.૦૪ થી ૦.૫૧ જોવા મળ્યો હતો. પ્રાથમિક સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમો પૈકી સૌથી ઓછું ભેદપરખ મૂલ્ય કલમ ક્રમાંક ૧૩૦ નું જોવા મળ્યું હતું, જે ૦.૦૪ હતું. જયારે સૌથી વધુ ભેદપરખ મૂલ્ય કલમ ક્રમાંક ૯૪ નું જોવા મળ્યું હતું, જે ૦.૫૧ હતું.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય સંતોષ માપદંડ લિકર્ટ પદ્ધતિ દ્વારા પંચબિંદુ આધારિત તૈયાર કરવામાં આવ્યો હતો. વ્યવસાય સંતોષ માપદંડમાં હકારાત્મક અને નકારાત્મક બન્ને પ્રકારની કલમો હતી. જેમાં પ્રત્યેક કલમ સામે સંપૂર્ણ સહમત, સહમત, તટસ્થ, અસહમત અને સંપૂર્ણ અસહમત એવા પાંચ વિકલ્પો આપવામાં આવ્યાં હતાં. જેમાં હકારાત્મક કલમોનું ગુણાંકન સંપૂર્ણ સહમત થી લઈને સંપૂર્ણ અસહમત માટે ૫, ૪, ૩, ૨ અને ૧ મુજબ કરવામાં આવ્યું હતું અને નકારાત્મક કલમોનું ગુણાંકન સંપૂર્ણ સહમત થી લઈને સંપૂર્ણ અસહમત માટે ૧, ૨, ૩, ૪ અને ૫ મુજબ કરવામાં આવ્યું હતું. પ્રત્યેક કલમ સામે આપેલાં પાંચ વિલ્કપોમાંથી યોગ્ય વિકલ્પ ઉપર પ્રાથમિક શાળાના શિક્ષકોને સહમતી દાખવવા "✓" ની નિશાની કરવાની હતી.

**૬.૧.૧ શિક્ષકોના પ્રતિચારોનું ગુણાંકન.** વ્યવસાય સંતોષ માપદંડ પર કુલ ૧૫૪૬ શિક્ષકો દ્વારા પ્રાપ્ત થયેલાં પ્રતિચારોનું ગુણાંકન (Scoring) કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોના વ્યવસાય સંતોષ સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના પ્રતિચારો મેળવવામાં આવ્યાં હતાં. શિક્ષકોના પ્રતિચારોને પૂર્વ નિર્ધારિત નિયમો પ્રમાણે સંખ્યાઓનું પ્રદાન કરવામાં આવ્યું હતું.

દરેક કલમો સાથે સંમતિની પાંચ માત્રાઓમાંથી શિક્ષકોએ પસંદ કરેલ હકારાત્મક કલમોનું ગુણાંકન સંપૂર્ણ સહમત થી લઈને સંપૂર્ણ અસહમત માટે ૫, ૪, ૩, ૨ અને ૧ મુજબ કરવામાં આવ્યું હતું અને નકારાત્મક કલમોનું ગુણાંકન સંપૂર્ણ સહમત થી લઈને સંપૂર્ણ અસહમત માટે ૧, ૨, ૩, ૪ અને ૫ મુજબ કરવામાં આવ્યું હતું.

વ્યવસાય સંતોષ માપદંડમાં કુલ ૧૧૬ કલમો હોવાથી આ માપદંડ પર (કલમ) × (મહત્તમ ગુણ) એટલે કે ૧૧૬ × ૫ = ૫૮૦ મહત્તમ પ્રાપ્તાંક મળે તેવી સંભાવના હતી. અર્થાત્ વ્યવસાય સંતોષ માપદંડના સ્વરૂપ પર પ્રાપ્તાંકોનો વિસ્તાર ૧૧૬ થી ૫૮૦ સંભવિત હતો.

**૬.૧.૨ પ્રાપ્તાંકોનું વિશ્લેષણ.** વ્યવસાય સંતોષ માપદંડ માટે કલમોનું વિશ્લેષણ કરવું જરૂરી હતું. આ માટે કુલ ૧૫૪૬ શિક્ષકોના ૧૧૬ કલમો પરના પ્રાપ્તાંકોના સ્વરૂપમાં રહેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ વિશ્લેષણ કરવા માટે ૧૫૪૬ (શિક્ષકો) × ૧૧૬ (કલમો) = ૧,૭૯,૩૩૬ માહિતી બિંદુઓ (Data Points) વાળો વ્યક્તિ એક્સ કલમ શ્રેણિક (Person x Item Matrix) તૈયાર કરવામાં આવ્યો હતો.

NRT 2000 અને SPSS નામના કમ્પ્યૂટર પ્રોગ્રામની મદદથી વ્યક્તિ એક્સ કલમ શ્રેણિકમાં રહેલી પ્રાપ્તાંકોની માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની માહિતી દ્વારા પ્રાપ્ત થયેલાં પરિણામો અને તેના અર્થઘટનો આ પ્રકરણના બાકીના જુદાં જુદાં વિભાગોમાં ક્રમશઃ રજૂ કરવામાં આવ્યાં છે.

## ૬.૨ માહિતીનું સાંકેતીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના કુલ ૧૫૪૬ શિક્ષકોના સંદર્ભે વિવિધ ચલોના આધારે આ મુજબના સંકેતોમાં દર્શાવવામાં આવ્યાં હતાં. જે સારણી ૬.૧માં દર્શાવેલ છે.

**સારણી ૬.૧**

**શિક્ષકો સંદર્ભે વિવિધ ચલોનું તેની કક્ષા અનુસાર સાંકેતીકરણ**

| ચલ | ચલની કક્ષા | સાંકેતીકરણ |
|---|---|---|
| જાતીયતા | સ્ત્રી | ૦ |
| | પુરુષ | ૧ |
| સામાજિક સંવર્ગ | અનામત | ૦ |
| | બિનઅનામત | ૧ |
| શાળા વિસ્તાર | શહેરી | ૦ |
| | ગ્રામ્ય | ૧ |
| વ્યાવસાયિક લાયકાત | પી. ટી. સી. | ૦ |
| | બી. એડ્. | ૧ |
| શ્રેણી | ધોરણ ૫ | ૦ |
| | ધોરણ ૬ | ૧ |
| | ધોરણ ૭ | ૨ |

સારણી ૬.૧ પરથી જાણવા મળે છે કે પ્રાથમિક શાળાના શિક્ષકોને જાતીયતા સંદર્ભે વિભાજિત કરતા સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોને અનુક્રમે ૦ અને ૧ સંકેતો આપવામાં આવ્યાં હતાં. સામાજિક સંવર્ગ મુજબ અનામત વર્ગના શિક્ષકો અને બિનઅનામત વર્ગના શિક્ષકોને અનુક્રમે ૦ અને ૧ સંકેત આપવામાં આવ્યાં હતાં. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોને અનુક્રમે ૦ અને ૧ સંકેતો આપવામાં આવ્યાં હતાં. વ્યાવસાયિક લાયકાત મુજબ પી. ટી. સી. અને બી. એડ્. કરેલા શિક્ષકોને અનુક્રમે ૦ અને ૧ સંકેત આપવામાં આવ્યાં હતાં. શ્રેણી મુજબ ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭ ના શિક્ષકોને અનુક્રમે ૦, ૧ અને ૨ સંકેત આપવામાં આવ્યાં હતાં.

## ૬.3 શિક્ષકોનો વ્યવસાય સંતોષ

નમૂનામાં સમાવિષ્ટ પાત્રોના પ્રાપ્તાંકોના આધારે શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવાનો હતો. તે માટે NRT 2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા આવૃત્તિ વિતરણ અને અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ સંદર્ભે નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પાસેથી મળેલાં પ્રતિચારોને આધારે આવૃત્તિ વિતરણ અને સંખ્યાત્મક અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. શિક્ષકોના પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય ગણતરીઓ સારણી ૬.૨ માં રજૂ કરવામાં આવેલ છે.

## સારણી ૬.૨

## અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ અને અંકશાસ્ત્રીય ગણતરીઓ

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 220 | 0 | 0 | 0.00 | 31.98 |
| 221 | 14 | 14 | 0.45 | 32.14 |
| 222 | 14 | 28 | 1.36 | 32.30 |
| 223 | 0 | 28 | 1.81 | 32.46 |
| 224 | 0 | 28 | 1.81 | 32.62 |
| 225 | 0 | 28 | 1.81 | 32.78 |
| 226 | 0 | 28 | 1.81 | 32.94 |
| 227 | 1 | 29 | 1.84 | 33.10 |
| 228 | 0 | 29 | 1.88 | 33.25 |
| 229 | 15 | 44 | 2.36 | 33.41 |
| 230 | 1 | 45 | 2.88 | 33.57 |
| 231 | 0 | 45 | 2.91 | 33.73 |
| 232 | 0 | 45 | 2.91 | 33.89 |
| 233 | 14 | 59 | 3.36 | 34.05 |
| 234 | 0 | 59 | 3.82 | 34.21 |
| 235 | 0 | 59 | 3.82 | 34.37 |
| 236 | 16 | 75 | 4.33 | 34.53 |
| 237 | 0 | 75 | 4.85 | 34.69 |
| 238 | 1 | 76 | 4.88 | 34.85 |
| 239 | 0 | 76 | 4.92 | 35.01 |
| 240 | 0 | 76 | 4.92 | 35.16 |
| 241 | 1 | 77 | 4.95 | 35.32 |
| 242 | 15 | 92 | 5.47 | 35.48 |
| 243 | 0 | 92 | 5.95 | 35.64 |
| 244 | 0 | 92 | 5.95 | 35.80 |
| 245 | 13 | 105 | 6.37 | 35.96 |
| 246 | 15 | 120 | 7.28 | 36.12 |
| 247 | 2 | 122 | 7.83 | 36.28 |

(સારણી ૬.૨ ચાલુ)

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 248 | 0 | 122 | 7.89 | 36.44 |
| 249 | 12 | 134 | 8.28 | 36.60 |
| 250 | 0 | 134 | 8.67 | 36.76 |
| 251 | 1 | 135 | 8.70 | 36.92 |
| 252 | 13 | 148 | 9.15 | 37.07 |
| 253 | 33 | 181 | 10.64 | 37.23 |
| 254 | 31 | 212 | 12.71 | 37.39 |
| 255 | 0 | 212 | 13.71 | 37.55 |
| 256 | 0 | 212 | 13.71 | 37.71 |
| 257 | 1 | 213 | 13.75 | 37.87 |
| 258 | 1 | 214 | 13.81 | 38.03 |
| 259 | 1 | 215 | 13.87 | 38.19 |
| 260 | 2 | 217 | 13.97 | 38.35 |
| 261 | 0 | 217 | 14.04 | 38.51 |
| 262 | 0 | 217 | 14.04 | 38.67 |
| 263 | 0 | 217 | 14.04 | 38.82 |
| 264 | 0 | 217 | 14.04 | 38.98 |
| 265 | 15 | 232 | 14.52 | 39.14 |
| 266 | 14 | 246 | 15.46 | 39.30 |
| 267 | 0 | 246 | 15.91 | 39.46 |
| 268 | 3 | 249 | 16.01 | 39.62 |
| 269 | 2 | 251 | 16.17 | 39.78 |
| 270 | 2 | 253 | 16.30 | 39.94 |
| 271 | 13 | 266 | 16.79 | 40.10 |
| 272 | 17 | 283 | 17.76 | 40.26 |
| 273 | 29 | 312 | 19.24 | 40.42 |
| 274 | 1 | 313 | 20.21 | 40.58 |
| 275 | 15 | 328 | 20.73 | 40.73 |
| 276 | 31 | 359 | 22.22 | 40.89 |
| 277 | 2 | 361 | 23.29 | 41.05 |
| 278 | 13 | 374 | 23.77 | 41.21 |

(સારણી ૬.૨ ચાલુ)

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 279 | 0 | 374 | 24.19 | 41.37 |
| 280 | 2 | 376 | 24.26 | 41.53 |
| 281 | 14 | 390 | 24.77 | 41.69 |
| 282 | 1 | 391 | 25.26 | 41.85 |
| 283 | 2 | 393 | 25.36 | 42.01 |
| 284 | 2 | 395 | 25.49 | 42.17 |
| 285 | 1 | 396 | 25.58 | 42.33 |
| 286 | 0 | 396 | 25.61 | 42.49 |
| 287 | 15 | 411 | 26.10 | 42.64 |
| 288 | 15 | 426 | 27.07 | 42.80 |
| 289 | 18 | 444 | 28.14 | 42.96 |
| 290 | 2 | 446 | 28.78 | 43.12 |
| 291 | 1 | 447 | 28.88 | 43.28 |
| 292 | 17 | 464 | 29.46 | 43.44 |
| 293 | 1 | 465 | 30.05 | 43.60 |
| 294 | 2 | 467 | 30.14 | 43.76 |
| 295 | 18 | 485 | 30.79 | 43.92 |
| 296 | 0 | 485 | 31.37 | 44.08 |
| 297 | 3 | 488 | 31.47 | 44.24 |
| 298 | 15 | 503 | 32.05 | 44.39 |
| 299 | 9 | 512 | 32.83 | 44.55 |
| 300 | 14 | 526 | 33.57 | 44.71 |
| 301 | 16 | 542 | 34.54 | 44.87 |
| 302 | 40 | 582 | 36.35 | 45.03 |
| 303 | 3 | 585 | 37.74 | 45.19 |
| 304 | 4 | 589 | 37.97 | 45.35 |
| 305 | 0 | 589 | 38.10 | 45.51 |
| 306 | 14 | 603 | 38.55 | 45.67 |
| 307 | 15 | 618 | 39.49 | 45.83 |
| 308 | 15 | 633 | 40.46 | 45.99 |
| 309 | 2 | 635 | 41.01 | 46.15 |

(સારણી ૬.૨ ચાલુ)

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 310 | 31 | 666 | 42.08 | 46.30 |
| 311 | 29 | 695 | 44.02 | 46.46 |
| 312 | 14 | 709 | 45.41 | 46.62 |
| 313 | 1 | 710 | 45.89 | 46.78 |
| 314 | 3 | 713 | 46.02 | 46.94 |
| 315 | 0 | 713 | 46.12 | 47.10 |
| 316 | 0 | 713 | 46.12 | 47.26 |
| 317 | 17 | 730 | 46.67 | 47.42 |
| 318 | 0 | 730 | 47.22 | 47.58 |
| 319 | 15 | 745 | 47.70 | 47.74 |
| 320 | 0 | 745 | 48.19 | 47.90 |
| 321 | 14 | 759 | 48.64 | 48.06 |
| 322 | 0 | 759 | 49.09 | 48.21 |
| 323 | 18 | 777 | 49.68 | 48.37 |
| 324 | 16 | 793 | 50.78 | 48.53 |
| 325 | 17 | 810 | 51.84 | 48.69 |
| 326 | 2 | 812 | 52.46 | 48.85 |
| 327 | 2 | 814 | 52.59 | 49.01 |
| 328 | 16 | 830 | 53.17 | 49.17 |
| 329 | 2 | 832 | 53.75 | 49.33 |
| 330 | 0 | 832 | 53.82 | 49.49 |
| 331 | 1 | 833 | 53.85 | 49.65 |
| 332 | 15 | 848 | 54.37 | 49.81 |
| 333 | 1 | 849 | 54.88 | 49.96 |
| 334 | 0 | 849 | 54.92 | 50.12 |
| 335 | 1 | 850 | 54.95 | 50.28 |
| 336 | 1 | 851 | 55.01 | 50.44 |
| 337 | 0 | 851 | 55.05 | 50.60 |
| 338 | 2 | 853 | 55.11 | 50.76 |
| 339 | 16 | 869 | 55.69 | 50.92 |
| 340 | 0 | 869 | 56.21 | 51.08 |

(સારણી ૬.૨ ચાલુ)

**(સારણી ૬.૨ ચાલુ)**

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 341 | 2 | 871 | 56.27 | 51.24 |
| 342 | 14 | 885 | 56.79 | 51.40 |
| 343 | 15 | 900 | 57.73 | 51.56 |
| 344 | 13 | 913 | 58.64 | 51.72 |
| 345 | 3 | 916 | 59.15 | 51.87 |
| 346 | 1 | 917 | 59.28 | 52.03 |
| 347 | 2 | 919 | 59.38 | 52.19 |
| 348 | 2 | 921 | 59.51 | 52.35 |
| 349 | 14 | 935 | 60.03 | 52.51 |
| 350 | 0 | 935 | 60.48 | 52.67 |
| 351 | 14 | 949 | 60.93 | 52.83 |
| 352 | 16 | 965 | 61.90 | 52.99 |
| 353 | 15 | 980 | 62.90 | 53.15 |
| 354 | 0 | 980 | 63.39 | 53.31 |
| 355 | 0 | 980 | 63.39 | 53.47 |
| 356 | 1 | 981 | 63.42 | 53.62 |
| 357 | 1 | 982 | 63.49 | 53.78 |
| 358 | 14 | 996 | 63.97 | 53.94 |
| 359 | 16 | 1012 | 64.94 | 54.10 |
| 360 | 4 | 1016 | 65.59 | 54.26 |
| 361 | 2 | 1018 | 65.78 | 54.42 |
| 362 | 15 | 1033 | 66.33 | 54.58 |
| 363 | 1 | 1034 | 66.85 | 54.74 |
| 364 | 1 | 1035 | 66.91 | 54.90 |
| 365 | 0 | 1035 | 66.95 | 55.06 |
| 366 | 0 | 1035 | 66.95 | 55.22 |
| 367 | 16 | 1051 | 67.46 | 55.38 |
| 368 | 2 | 1053 | 68.05 | 55.53 |
| 369 | 1 | 1054 | 68.14 | 55.69 |
| 370 | 1 | 1055 | 68.21 | 55.85 |
| 371 | 2 | 1057 | 68.31 | 56.01 |

**(સારણી ૬.૨ ચાલુ)**

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 372 | 1 | 1058 | 68.40 | 56.17 |
| 373 | 16 | 1074 | 68.95 | 56.33 |
| 374 | 0 | 1074 | 69.47 | 56.49 |
| 375 | 18 | 1092 | 70.05 | 56.65 |
| 376 | 29 | 1121 | 71.57 | 56.81 |
| 377 | 1 | 1122 | 72.54 | 56.97 |
| 378 | 12 | 1134 | 72.96 | 57.13 |
| 379 | 1 | 1135 | 73.38 | 57.29 |
| 380 | 1 | 1136 | 73.45 | 57.44 |
| 381 | 1 | 1137 | 73.51 | 57.60 |
| 382 | 0 | 1137 | 73.54 | 57.76 |
| 383 | 0 | 1137 | 73.54 | 57.92 |
| 384 | 0 | 1137 | 73.54 | 58.08 |
| 385 | 0 | 1137 | 73.54 | 58.24 |
| 386 | 3 | 1140 | 73.64 | 58.40 |
| 387 | 1 | 1141 | 73.77 | 58.56 |
| 388 | 27 | 1168 | 74.68 | 58.72 |
| 389 | 1 | 1169 | 75.58 | 58.88 |
| 390 | 14 | 1183 | 76.07 | 59.04 |
| 391 | 1 | 1184 | 76.55 | 59.19 |
| 392 | 4 | 1188 | 76.71 | 59.35 |
| 393 | 15 | 1203 | 77.33 | 59.51 |
| 394 | 15 | 1218 | 78.30 | 59.67 |
| 395 | 0 | 1218 | 78.78 | 59.83 |
| 396 | 18 | 1236 | 79.37 | 59.99 |
| 397 | 3 | 1239 | 80.05 | 60.15 |
| 398 | 2 | 1241 | 80.21 | 60.31 |
| 399 | 1 | 1242 | 80.30 | 60.47 |
| 400 | 4 | 1246 | 80.47 | 60.63 |
| 401 | 0 | 1246 | 80.60 | 60.79 |
| 402 | 1 | 1247 | 80.63 | 60.95 |

(સારણી ૬.૨ ચાલુ)

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 403 | 1 | 1248 | 80.69 | 61.10 |
| 404 | 0 | 1248 | 80.72 | 61.26 |
| 405 | 1 | 1249 | 80.76 | 61.42 |
| 406 | 15 | 1264 | 81.27 | 61.58 |
| 407 | 14 | 1278 | 82.21 | 61.74 |
| 408 | 2 | 1280 | 82.73 | 61.90 |
| 409 | 0 | 1280 | 82.79 | 62.06 |
| 410 | 1 | 1281 | 82.83 | 62.22 |
| 411 | 1 | 1282 | 82.89 | 62.38 |
| 412 | 27 | 1309 | 83.80 | 62.54 |
| 413 | 1 | 1310 | 84.70 | 62.70 |
| 414 | 14 | 1324 | 85.19 | 62.86 |
| 415 | 0 | 1324 | 85.64 | 63.01 |
| 416 | 0 | 1324 | 85.64 | 63.17 |
| 417 | 12 | 1336 | 86.03 | 63.33 |
| 418 | 15 | 1351 | 86.90 | 63.49 |
| 419 | 1 | 1352 | 87.42 | 63.65 |
| 420 | 29 | 1381 | 88.39 | 63.81 |
| 421 | 13 | 1394 | 89.75 | 63.97 |
| 422 | 0 | 1394 | 90.17 | 64.13 |
| 423 | 0 | 1394 | 90.17 | 64.29 |
| 424 | 2 | 1396 | 90.23 | 64.45 |
| 425 | 1 | 1397 | 90.33 | 64.61 |
| 426 | 1 | 1398 | 90.39 | 64.76 |
| 427 | 15 | 1413 | 90.91 | 64.92 |
| 428 | 14 | 1427 | 91.85 | 65.08 |
| 429 | 14 | 1441 | 92.76 | 65.24 |
| 430 | 1 | 1442 | 93.24 | 65.40 |
| 431 | 1 | 1443 | 93.31 | 65.56 |
| 432 | 1 | 1444 | 93.37 | 65.72 |
| 433 | 13 | 1457 | 93.82 | 65.88 |

(સારણી ૬.૨ ચાલુ)

(સારણી ૬.૨ ચાલુ)

| પ્રાપ્તાંક | આવૃત્તિ | સંગૃહિત આવૃત્તિ | પ્રતિશત ક્રમાંક | Z - પ્રાપ્તાંક |
|---|---|---|---|---|
| 434 | 15 | 1472 | 94.73 | 66.04 |
| 435 | 1 | 1473 | 95.25 | 66.20 |
| 436 | 1 | 1474 | 95.31 | 66.36 |
| 437 | 0 | 1474 | 95.34 | 66.52 |
| 438 | 0 | 1474 | 95.34 | 66.67 |
| 439 | 0 | 1474 | 95.34 | 66.83 |
| 440 | 15 | 1489 | 95.83 | 66.99 |
| 441 | 0 | 1489 | 96.31 | 67.15 |
| 442 | 2 | 1491 | 96.38 | 67.31 |
| 443 | 0 | 1491 | 96.44 | 67.47 |
| 444 | 0 | 1491 | 96.44 | 67.63 |
| 445 | 0 | 1491 | 96.44 | 67.79 |
| 446 | 2 | 1493 | 96.51 | 67.95 |
| 447 | 13 | 1506 | 96.99 | 68.11 |
| 448 | 0 | 1506 | 97.41 | 68.27 |
| 449 | 1 | 1507 | 97.45 | 68.42 |
| 450 | 0 | 1507 | 97.48 | 68.58 |
| 451 | 24 | 1531 | 98.25 | 68.74 |
| 452 | 0 | 1531 | 99.03 | 68.90 |
| 453 | 14 | 1545 | 99.48 | 69.06 |
| 454 | 0 | 1545 | 99.94 | 69.22 |
| 455 | 1 | 1546 | 99.97 | 69.38 |
| 456 | 0 | 1546 | 100.00 | 69.54 |
| 457 | 0 | 1546 | 100.00 | 69.70 |

| | | | |
|---|---|---|---|
| પાત્રોની સંખ્યા | : 1,546 | | |
| મધ્યક | : 333.22 | મધ્યકની પ્રમાણભૂલ | : 1.60 |
| પ્રમાણ વિચલન | : 62.86 | પ્રમાણ વિચલનની પ્રમાણભૂલ | : 1.13 |
| વિરૂપતા | : 0.19 | વિરૂપતાની પ્રમાણભૂલ | : 0.01 |
| કકુદતા | : 1.95 | કકુદતાની પ્રમાણભૂલ | : 0.01 |

સારણી ૬.૨ પરથી જોઈ શકાય છે કે મધ્યક અને તેની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે ૩૩૩.૨૨ અને ૧.૬૦ જોવા મળ્યું હતું. જ્યારે પ્રમાણ વિચલન અને તેની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે મૂલ્ય ૬૨.૮૬ અને ૧.૧૩ મળ્યું હતું. વિરૂપતા અને વિરૂપતાની પ્રમાણભૂલનું મૂલ્ય  અનુક્રમે ૦.૧૯ અને ૦.0૧ જોવા મળ્યું હતું. અહીં વિરૂપતાનું મૂલ્ય ધન મળતું હોવાથી આવૃત્તિ વિતરણ ધન વિરૂપતા ધરાવે છે તેમ કહી શકાય. જ્યારે કકુદતા અને કકુદતાની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે ૧.૯૫ અને ૦.0૧ જોવા મળ્યું હતું. કકુદતાનું મૂલ્ય ૦.૨૬૩૨ કરતાં વધુ હોવાથી આવૃત્તિ વિતરણ ચર્પટ કકુદતા ધરાવે છે તેમ કહી શકાય. આ અંગેની ચિત્રાત્મક રજૂઆત આલેખ ૬.૧માં દર્શાવેલ છે.




**આલેખ ૬.૧**

**વ્યવસાય સંતોષ માપદંડ પરના**

**પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ**

### ૬.૪ શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનું સ્તર

શિક્ષકોના વ્યવસાય સંતોષના સ્તરને જાણવા નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પાસેથી વ્યવસાય સંતોષ માપદંડ પર મળેલાં પ્રતિચારોને આધારે આવૃત્તિ વિતરણ અને સંખ્યાત્મક અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

શિક્ષકોના વ્યવસાય સંતોષના સ્તર માટે નીચલાં જૂથના ૨૭ % પાત્રોનો વ્યવસાય સંતોષ નિમ્ન, જયારે મધ્યમ જૂથના ૪૬ % પાત્રોનો વ્યવસાય સંતોષ મધ્યમ અને ઉપલાં જૂથના ૨૭ % પાત્રોનો વ્યવસાય સંતોષ ઉચ્ચ ગણવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

નીચલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૩૨૮ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૨૨૧ થી ૨૭૫ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. મધ્યમ જૂથમાં સમાવિષ્ટ ૪૬% શિક્ષકો એટલે કે ૭૯૪ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૨૭૬ થી ૩૭૭ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. ઉપલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૨૪ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૩૭૮ થી ૪૫૫ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. જેને સારણી ૬.૩ માં જણાવવામાં આવેલ છે.

**સારણી ૬.૩**

**પ્રાથમિક શાળાના શિક્ષકોની સંખ્યા અને તેમના વ્યાવસાયિક સંતોષનું સ્તર**

| શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનું સ્તર | શિક્ષકોની સંખ્યા | પ્રાપ્તાંકોનો વિસ્તાર |
|---|---|---|
| નિમ્ન | ૩૨૮ | ૨૨૧ થી ૨૭૫ |
| મધ્યમ | ૭૯૪ | ૨૭૬ થી ૩૭૭ |
| ઉચ્ચ | ૪૨૪ | ૩૭૮ થી ૪૫૫ |
| કુલ | ૧૫૪૬ | |

આમ, નમૂનામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના કુલ ૧૫૪૬ શિક્ષકો પૈકી ૩૨૮ શિક્ષકોનો વ્યવસાય સંતોષ નિમ્ન, ૭૯૪ શિક્ષકોનો વ્યવસાય સંતોષ મધ્યમ અને ૪૨૪ શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઉચ્ચ જોવા મળ્યો હતો. જેની સ્પષ્ટતા આલેખ ૬.૨ માં કરવામાં આવી છે.




આલેખ ૬.૨

પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યવસાય સંતોષનું સ્તર

### ૬.૫ શિક્ષકોની શિક્ષક અસરકારકતા

પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકોના જે તે વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં જે ટકાવારી મેળવી હતી, તે ટકાવારીની સરાસરી શોધવામાં આવી હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતા જાણવા માટે આ સરાસરીને ધ્યાનમાં રાખવામાં આવી હતી. આ સરાસરીને આધારે આવૃત્તિ વિતરણ અને સંખ્યાત્મક અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. શિક્ષકોની શિક્ષક અસરકારકતાની સરાસરીની અંકશાસ્ત્રીય ગણતરીઓ સારણી ૬.૪ માં રજૂ કરવામાં આવેલ છે.

**સારણી ૬.૪**

**શિક્ષકોની અસરકારકતા માટેની ટકાવારીની સરાસરીનું**

**આવૃત્તિ વિતરણ અને સાંખ્યિકી**

| વર્ગો | આવૃત્તિ | સાંખ્યિકી | મૂલ્ય |
|---|---|---|---|
| 45 - 49 | 83 | પાત્રોની સંખ્યા | 1,546 |
| 50 - 54 | 135 | મધ્યક | 65.58 |
| 55 - 59 | 203 | મધ્યકની પ્રમાણભૂલ | 0.26 |
| 60 - 64 | 356 | પ્રમાણવિચલન | 10.08 |
| 65 - 69 | 297 | પ્રમાણવિચલનની પ્રમાણભૂલ | 0.18 |
| 70 - 74 | 221 | વિરૂપતા | 0.55 |
| 75 - 79 | 85 | વિરૂપતાની પ્રમાણભૂલ | 0.06 |
| 80 - 84 | 60 | કકુદતા | 0.00 |
| 85 - 89 | 106 | કકુદતાની પ્રમાણભૂલ | 0.12 |
| | 1,546 | | |

સારણી ૬.૪ પરથી જોઈ શકાય છે કે મધ્યક અને તેની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે 65.58 અને 0.26 જોવા મળ્યું હતું. જયારે પ્રમાણ વિચલન અને તેની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે મૂલ્ય 10.08 અને 0.18 મળ્યું હતું. વિરૂપતા અને વિરૂપતાની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે 0.55 અને 0.06 જોવા મળ્યું હતું. અહીં વિરૂપતાનું મૂલ્ય ધન મળતું હોવાથી આવૃત્તિ વિતરણ ધન વિરૂપતા ધરાવે છે તેમ કહી શકાય. જયારે કકુદતા અને કકુદતાની પ્રમાણભૂલનું મૂલ્ય અનુક્રમે 0.00 અને 0.12 જોવા મળ્યું હતું. કકુદતાનું મૂલ્ય ૦.૨૬૩૨ કરતાં ઓછું હોવાથી આવૃત્તિ વિતરણ કૂટ કકુદતા ધરાવે છે તેમ કહી શકાય. આ અંગેની ચિત્રાત્મક રજૂઆત આલેખ ૬.૩ માં દર્શાવેલ છે.

આવૃત્તિ

પ્રાપ્તાંક

આ
શિક્ષકોની શિક્ષક ચ
સરાસરીનું



## ૬.૬ શિક્ષકોની શિક્ષક અસરકારકતાનું સ્તર

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતા જાણવા માટે વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીની સરાસરીને ધ્યાનમાં આવી હતી. આ સરાસરીને આધારે આવૃત્તિ વિતરણ અને અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતાના સ્તર માટે નીચલાં જૂથના ૨૭ % પાત્રોની શિક્ષક અસરકારકતા નિમ્ન, જયારે મધ્યમ જૂથના ૪૬ % પાત્રોની શિક્ષક અસરકારકતા મધ્યમ અને ઉપલાં જૂથના ૨૭ % પાત્રોની શિક્ષક અસરકારકતા ઉચ્ચ ગણવાનું નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

નીચલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૧૭ શિક્ષકોએ શિક્ષક અસરકારકતા સંદર્ભે ૪૮.૧૭ થી ૫૯.૨૯ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. મધ્યમ જૂથમાં સમાવિષ્ટ ૪૬% શિક્ષકો એટલે કે ૭૧૧ શિક્ષકોએ શિક્ષક અસરકારકતા સંદર્ભે ૫૯.૩૩ થી ૭૦.૬૦ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. ઉપલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૧૮ શિક્ષકોએ શિક્ષક અસરકારકતા સંદર્ભે ૭૦.૬૩ થી ૮૯.૦૦ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. જેને સારણી ૬.૫ માં જણાવવામાં આવી છે.

**સારણી ૬.૫**

**પ્રાથમિક શાળાના શિક્ષકોની સંખ્યા અને તેમની અસરકારકતાનું સ્તર**

| શિક્ષકોની અસરકારકતાનું સ્તર | શિક્ષકોની સંખ્યા | પ્રાપ્તાંકોનો વિસ્તાર |
|---|---|---|
| નિમ્ન | ૪૧૭ | ૪૮.૧૭ થી ૫૯.૨૯ |
| મધ્યમ | ૭૧૧ | ૫૯.૩૩ થી ૭૦.૬૦ |
| ઉચ્ચ | ૪૧૮ | ૭૦.૬૩ થી ૮૯.૦૦ |
| કુલ | ૧૫૪૬ | |

આમ, નમૂનામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાના કુલ ૧૫૪૬ શિક્ષકો પૈકી ૪૧૭ શિક્ષકોની શિક્ષક અસરકારકતા નિમ્ન, ૭૧૧ શિક્ષકોની શિક્ષક અસરકારકતા મધ્યમ અને ૪૧૮ શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઉચ્ચ જોવા મળી હતી. જેની સ્પષ્ટતા આલેખ ૬.૪ માં કરવામાં આવી છે.




આલેખ ૬.૪

પ્રાથમિક શાળાઓના શિક્ષકોની શિક્ષક અસરકારકતાનું સ્તર

## ૬.૭ ઉત્કલ્પનાઓની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્કલ્પનાઓની ચકાસણી માટે SPSS નામના કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા ટી–ગુણોત્તર અને એફ–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનાઓની ચકાસણીના પરિણામો અહીં ક્રમશઃ રજૂ કરવામાં આવ્યાં છે.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રથમ ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૬ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૬**

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શિક્ષક | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| વિદ્યાસહાયક | 306 | 316.48 | 60.57 | 5.360 |
| પૂર્ણ પગાર મેળવતા | 1240 | 337.35 | 62.75 | |

સારણી ૬.૬ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 306 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 316.48 અને 60.57 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1240 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 337.35 અને 62.75 જોવા મળ્યું હતું. વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 5.360 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે પ્રથમ શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં બીજી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૨.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૭ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૭**

**વિદ્યાસહાયક શિક્ષકોની જાતીયતા સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષક | 173 | 318.61 | 60.29 | 0.699 |
| પુરુષ શિક્ષક | 133 | 313.71 | 61.23 | |

સારણી ૬.૭ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકોની સંખ્યા 173 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 318.61 અને 60.29 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની સંખ્યા 133 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 313.71 અને 61.23 જોવા મળ્યું હતું.

વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.699 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે બીજી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ત્રીજી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૩.** પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૮ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૮**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની જાતીયતા સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષક | 487 | 328.21 | 61.91 | 4.166 |
| પુરુષ શિક્ષક | 753 | 343.27 | 62.62 | |

સારણી ૬.૮ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકોની સંખ્યા 487 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 328.21 અને 61.91 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની સંખ્યા 753 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 343.27 અને 62.62 જોવા મળ્યું હતું.

પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 4.166 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે ત્રીજી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ચોથી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૪.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૯ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૯**

**વિદ્યાસહાયક શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| સામાજિક સંવર્ગ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| અનામત શિક્ષક | 240 | 317.56 | 60.32 | 0.585 |
| બિનઅનામત શિક્ષક | 66 | 312.56 | 61.78 | |

સારણી ૬.૯ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકોની સંખ્યા 240 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 317.56 અને 60.32 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની સંખ્યા 66 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 312.56 અને 61.78 જોવા મળ્યું હતું.

વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.585 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે ચોથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં પાંચમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૫.** પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૦ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૦**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| સામાજિક સંવર્ગ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| અનામત શિક્ષક | 912 | 337.98 | 63.30 | 0.595 |
| બિનઅનામત શિક્ષક | 328 | 335.61 | 61.26 | |

સારણી ૬.૧૦ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકોની સંખ્યા 912 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 337.98 અને 63.30 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની સંખ્યા 328 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 335.61 અને 61.26 જોવા મળ્યું હતું.

પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.595 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા ન મળ્યો હતો. પરિણામે પાંચમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં છઠ્ઠી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૬.** શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૧ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૧**

**પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શાળા વિસ્તાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | 37 | 270.73 | 48.40 | 5.952 |
| ગ્રામ્ય વિસ્તાર | 269 | 322.77 | 59.42 | |

સારણી ૬.૧૧ પરથી જાણી શકાય છે કે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 37 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 270.73 અને 48.40 જોવા મળ્યું હતું. જયારે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 269 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 322.77 અને 59.42 જોવા મળ્યું હતું.

શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 5.952 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે છઠ્ઠી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સાતમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૭.** શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૨ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૨**

**પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શાળા વિસ્તાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | 142 | 319.15 | 63.76 | 3.624 |
| ગ્રામ્ય વિસ્તાર | 1098 | 339.71 | 62.26 | |

સારણી ૬.૧૨ પરથી જાણી શકાય છે કે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 142 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 319.15 અને 63.76 જોવા મળ્યું હતું. જયારે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1098 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 339.71 અને 62.26 જોવા મળ્યું હતું.

શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 3.624 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે સાતમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં આઠમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૮.** પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૩ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૩**

**વિદ્યાસહાયક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| વ્યાવસાયિક લાયકાત | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| પી. ટી. સી. | 264 | 305.30 | 54.71 | 10.155 |
| બી. એડ્. | 42 | 386.74 | 47.16 | |

સારણી ૬.૧૩ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 264 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 305.30 અને 54.71 જોવા મળ્યું હતું. જયારે બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 42 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 386.74 અને 47.16 જોવા મળ્યું હતું.

પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 10.155 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે આઠમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં નવમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૯.** પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૪ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૪**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| વ્યાવસાયિક લાયકાત | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| પી. ટી. સી. | 1140 | 334.92 | 62.39 | 4.763 |
| બી. એડ્. | 100 | 365.05 | 60.49 | |

સારણી ૬.૧૪ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1140 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 334.92 અને 62.39 જોવા મળ્યું હતું. જયારે બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 100 હતી. વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 365.05 અને 60.49 જોવા મળ્યું હતું.

પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ વ્યવસાય સંતોષ માપદંડ પર મેળવેલાં સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 4.763 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે નવમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં દસમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૦.** પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોએ મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી તેની સાર્થકતા નક્કી કરવા એફ–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૫ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૫**

**પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| ભિન્ન શ્રેણી | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|
| ધોરણ ૫ | 106 | 309.60 | 60.58 |
| ધોરણ ૬ | 83 | 317.94 | 56.03 |
| ધોરણ ૭ | 117 | 321.68 | 63.49 |

**વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોનું વિચરણ વિશ્લેષણ**

| વિચરણ ઉદ્ગમ | સ્વાતંત્ર્ય કક્ષા(df) | વર્ગોના સરવાળા | વર્ગોની સરાસરી | F- મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 2 | 8346.67 | 4173.33 | 1.139 | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી |
| જૂથોની અંદર | 303 | 1110476.00 | 3664.93 | | |
| કુલ | 305 | 1118822.67 | | | |

સારણી ૬.૧૫ પરથી જાણી શકાય છે કે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 106, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 83 અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 117 હતી.

ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 309.60 અને 60.58 જોવા મળ્યું હતું. ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 317.94 અને 56.03 જોવા મળ્યું હતું. જયારે ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 321.68 અને 63.49 જોવા મળ્યું હતું.

વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા માટે F-ગુણોત્તરનું મૂલ્ય 1.139 મળ્યું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૩૦૩ હોય ત્યારે F ની ટેબલ વેલ્યૂ ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૩.૦૩ અને ૪.૬૮ છે. અહીં પ્રાપ્ત થયેલ F નું મૂલ્ય તેની ટેબલ વેલ્યૂ કરતા ઓછું હતું. તેથી તે ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક ન હતું, પરિણામે દસમી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં અગિયારમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૧.** પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ મેળવેલાં પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી તેની સાર્થકતા નક્કી કરવા એફ–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૬ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૬**

**પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| **ભિન્ન શ્રેણી** | **સંખ્યા** | **સરાસરી** | **પ્રમાણ વિચલન** |
|---|---|---|---|
| ધોરણ ૫ | 441 | 338.02 | 63.99 |
| ધોરણ ૬ | 439 | 338.15 | 64.30 |
| ધોરણ ૭ | 360 | 335.55 | 59.34 |

**વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશાંકોનું વિચરણ વિશ્લેષણ**

| વિચરણ ઉદ્‌ગમ | સ્વાતંત્ર્ય કક્ષા(df) | વર્ગોના સરવાળા | વર્ગોની સરાસરી | F- મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 2 | 1648.09 | 824.05 | 0.209 | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી |
| જૂથોની અંદર | 1237 | 4877105.00 | 3942.69 | | |
| કુલ | 1239 | 4878753.09 | | | |

સારણી ૬.૧૬ પરથી જાણી શકાય છે કે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 441, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 439 અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 360 હતી.

ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 338.02 અને 63.99 જોવા મળ્યું હતું. ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 338.15 અને 64.30 જોવા મળ્યું હતું. જયારે ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 335.55 અને 59.34 જોવા મળ્યું હતું.

વ્યવસાય સંતોષ માપદંડ પર પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા માટે F-ગુણોત્તરનું મૂલ્ય 0.209 મળ્યું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૧૨૩૭ હોય ત્યારે F ની ટેબલ વેલ્યૂ ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૨.૯૯ અને ૪.૬૦ છે. અહીં પ્રાપ્ત થયેલ F નું મૂલ્ય તેની ટેબલ વેલ્યૂ કરતા ઓછું હતું. તેથી તે ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક ન હતું, પરિણામે અગિયારમી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં બારમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૨.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૭ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૭**

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શિક્ષક | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| વિદ્યાસહાયક | 306 | 66.79 | 10.93 | 2.193 |
| પૂર્ણ પગાર મેળવતા | 1240 | 65.29 | 9.85 | |

સારણી ૬.૧૭ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 306 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 66.79 અને 10.93 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1240 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.29 અને 9.85 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 2.193 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે બારમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં તેરમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૩.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૮ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૮**

**વિદ્યાસહાયક શિક્ષકોની જાતીયતા સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષક | 173 | 67.98 | 11.11 | 2.188 |
| પુરુષ શિક્ષક | 133 | 65.25 | 10.54 | |

સારણી ૬.૧૮ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકોની સંખ્યા 173 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 67.98 અને 11.11 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની સંખ્યા 133 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.25 અને 10.54 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 2.188 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે તેરમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ચૌદમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૪.** પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૧૯ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૧૯**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની જાતીયતા સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતીયતા | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષક | 487 | 65.07 | 9.57 | 0.643 |
| પુરુષ શિક્ષક | 753 | 65.43 | 10.02 | |

સારણી ૬.૧૯ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકોની સંખ્યા 487 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.07 અને 9.57 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની સંખ્યા 753 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.43 અને 10.02 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.643 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે ચૌદમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં પંદરમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૫.** પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૦ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૦**

**વિદ્યાસહાયક શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| સામાજિક સંવર્ગ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| અનામત શિક્ષક | 240 | 66.81 | 11.09 | 0.041 |
| બિનઅનામત શિક્ષક | 66 | 66.75 | 10.40 | |

સારણી ૬.૨૦ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકોની સંખ્યા 240 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 66.81 અને 11.09 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની સંખ્યા 66 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 66.75 અને 10.40 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.041 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે પંદરમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સોળમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૬.** પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૧ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૧**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના સામાજિક સંવર્ગ સંદર્ભે શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| સામાજિક સંવર્ગ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| અનામત શિક્ષક | 912 | 65.23 | 9.87 | 0.346 |
| બિનઅનામત શિક્ષક | 328 | 65.45 | 9.79 | |

સારણી ૬.૨૧ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકોની સંખ્યા 912 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.23 અને 9.87 જોવા મળ્યું હતું. જયારે પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની સંખ્યા 328 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.45 અને 9.79 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 0.346 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે સોળમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સત્તરમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૭.** શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૨ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૨**

**પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શાળા વિસ્તાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | 37 | 64.29 | 8.91 | 1.763 |
| ગ્રામ્ય વિસ્તાર | 269 | 67.14 | 11.15 | |

સારણી ૬.૨૨ પરથી જાણી શકાય છે કે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 37 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 64.29 અને 8.91 જોવા મળ્યું હતું. જયારે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 269 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 67.14 અને 11.15 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 1.763 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં ઓછું હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. પરિણામે સત્તરમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં અઢારમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૮.** શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૩ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૩**

**પ્રાથમિક શાળાના શાળા વિસ્તાર સંદર્ભે પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| શાળા વિસ્તાર | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | 142 | 68.69 | 10.99 | 3.978 |
| ગ્રામ્ય વિસ્તાર | 1098 | 64.85 | 9.60 | |

સારણી ૬.૨૩ પરથી જાણી શકાય છે કે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 142 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 68.69 અને 10.99 જોવા મળ્યું હતું.

જયારે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1098 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 64.85 અને 9.60 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 3.978 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે અઢારમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ઓગણીસમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૧૯.** પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૪ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૪**

**વિદ્યાસહાયક શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| વ્યાવસાયિક લાયકાત | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| પી. ટી. સી. | 264 | 65.52 | 9.49 | 3.822 |
| બી. એડ્. | 42 | 74.82 | 15.31 | |

સારણી ૬.૨૪ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 264 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.52 અને 9.49 જોવા મળ્યું હતું. જયારે બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 42 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 74.82 અને 15.31 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 3.822 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે ઓગણીસમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં વીસમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૨૦.** પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી ટી–ગુણોત્તર મેળવીને કરવામાં આવી હતી. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૫ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૫**

**પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની વ્યાવસાયિક લાયકાત સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| વ્યાવસાયિક લાયકાત | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–ગુણોત્તરનું મૂલ્ય |
|---|---|---|---|---|
| પી. ટી. સી. | 1140 | 65.00 | 9.45 | 2.680 |
| બી. એડ્. | 100 | 68.61 | 13.16 | |

સારણી ૬.૨૫ પરથી જાણી શકાય છે કે પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 1140 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 65.00 અને 9.45 જોવા મળ્યું હતું. જયારે બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 100 હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે તેમની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલનનું મૂલ્ય અનુક્રમે 68.61 અને 13.16 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના ટી–ગુણોત્તરનું મૂલ્ય 2.680 જોવા મળ્યું હતું. ટી–ગુણોત્તરનું આ મૂલ્ય 1.96 કરતાં વધુ હોવાથી ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત જોવા મળ્યો હતો. પરિણામે વીસમી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં એકવીસમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૨૧.** પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા એફ–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૬ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૬**

**પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| ભિન્ન શ્રેણી | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|
| ધોરણ ૫ | 106 | 66.67 | 10.30 |
| ધોરણ ૬ | 83 | 66.08 | 11.37 |
| ધોરણ ૭ | 117 | 67.42 | 11.22 |

**શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોનું વિચરણ વિશ્લેષણ**

| વિચરણ ઉદ્દ્ગમ | સ્વાતંત્ર્ય કક્ષા(df) | વર્ગોના સરવાળા | વર્ગોની સરાસરી | F- મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 2 | 89.86 | 44.93 | 0.375 | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી |
| જૂથોની અંદર | 303 | 36348.56 | 119.96 | | |
| કુલ | 305 | 36438.42 | | | |

સારણી ૬.૨૬ પરથી જાણી શકાય છે કે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 106, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 83 અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની સંખ્યા 117 હતી.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 66.67 અને 10.30 જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 66.08 અને 11.37 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 67.42 અને 11.22 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા માટે F-ગુણોત્તરનું મૂલ્ય 0.375 મળ્યું હતું.

જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૩૦૩ હોય ત્યારે F ની ટેબલ વેલ્યૂ ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૩.૦૩ અને ૪.૬૮ છે. અહીં પ્રાપ્ત થયેલ F નું મૂલ્ય તેની ટેબલ વેલ્યૂ કરતા ઓછું હતું. તેથી તે ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક ન હતું, પરિણામે એકવીસમી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

પ્રસ્તુત અભ્યાસમાં બાવીસમી ઉત્કલ્પના નીચે પ્રમાણે છે.

**ઉત્કલ્પના ૨૨.** પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

આ ઉત્કલ્પનાની ચકાસણી કરવા એફ–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના પ્રાપ્તાંકોના આધારે સરેરાશાંકો અને પ્રમાણ વિચલનના માપો પરથી સાર્થકતા નક્કી કરવામાં આવી હતી. તેના પરિણામોનો સારાંશ સારણી ૬.૨૭ માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી ૬.૨૭**

**પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોના તફાવતની સાર્થકતા**

| ભિન્ન શ્રેણી | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન |
|---|---|---|---|
| ધોરણ ૫ | 441 | 65.22 | 10.15 |
| ધોરણ ૬ | 439 | 65.56 | 9.67 |
| ધોરણ ૭ | 360 | 65.04 | 9.69 |

**શિક્ષકોની અસરકારકતાના સરેરાશાંકોનું વિચરણ વિશ્લેષણ**

| વિચરણ ઉદ્‌ગમ | સ્વાતંત્ર્ય કક્ષા(df) | વર્ગોના સરવાળા | વર્ગોની સરાસરી | F- મૂલ્ય | અર્થઘટન |
|---|---|---|---|---|---|
| જૂથોની વચ્ચે | 2 | 57.36 | 28.68 | 0.296 | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી |
| જૂથોની અંદર | 1237 | 120052.90 | 97.05 | | |
| કુલ | 1239 | 120110.26 | | | |

સારણી ૬.૨૭ પરથી જાણી શકાય છે કે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 441, ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 439 અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની સંખ્યા 360 હતી.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૫ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 65.22 અને 10.15 જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૬ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 65.56 અને 9.67 જોવા મળ્યું હતું. જયારે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણ વિચલનનું મૂલ્ય અનુક્રમે 65.04 અને 9.69 જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણીમાં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા માટે F-ગુણોત્તરનું મૂલ્ય 0.296 મળ્યું હતું.

જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૧૨૩૭ હોય ત્યારે F ની ટેબલ વેલ્યૂ ૦.૦૫ અને ૦.૦૧ કક્ષાએ અનુક્રમે ૨.૯૯ અને ૪.૬૦ છે. અહીં પ્રાપ્ત થયેલ F નું મૂલ્ય તેની ટેબલ વેલ્યૂ કરતા ઓછું હતું. તેથી તે ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક ન હતું, પરિણામે બાવીસમી ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો.

## પ્રકરણ ૭

# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનોની ભલામણો


૭.૦ પ્રસ્તાવના

૭.૧ સારાંશ

૭.૧.૧ અભ્યાસની સમસ્યા

૭.૧.૨ અભ્યાસના હેતુઓ

૭.૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ

૭.૧.૪ અભ્યાસનું વ્યાપવિશ્વ

૭.૧.૫ નમૂના પસંદગી

૭.૧.૬ ઉપકરણ

૭.૧.૭ માહિતી એકત્રીકરણ

૭.૧.૮ માહિતીનું પૃથક્કરણ

૭.૨ અભ્યાસના પરિણામો

૭.૩ અભ્યાસના તારણો

૭.૪ શૈક્ષણિક ફલિતાર્થો

૭.૫ ભાવિ સંશોધન અંગેની ભલામણો

# પ્રકરણ ૭

# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભાવિ સંશોધનોની ભલામણો

## ૭.૦ પ્રસ્તાવના

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતાં સંશોધનો કંઈકને કંઈક નવું પ્રદાન કરતા હોય છે. આવા સંશોધનો વડે સમૃદ્ધ બનતું શિક્ષણ વધુને વધુ સમાજ ઉપયોગી બને તેવા પ્રયત્નો થાય છે. વળી, શિક્ષણ ક્ષેત્રે થતાં સંશોધનો શિક્ષણ સાથે સંકળાયેલી દરેક વ્યક્તિઓને વ્યક્તિગત રીતે પણ ઉપયોગી નીવડે છે. કોઈ પણ સંશોધનના તારણો, ફલિતાર્થો અને સૂચનોથી ભવિષ્યના સંશોધનની દિશા ખૂલે છે. સમસ્યા ઉકેલ માટે પ્રયત્નો કરવાની અને ધ્યાન દોરવાની પ્રેરણા મળે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યવસાય સંતોષ અને તેમની અસરકારકતા અંગે પ્રાપ્ત થયેલી માહિતી અને તેના અર્થઘટન સુધીના અભ્યાસકાર્યની વિગત આપવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત સમગ્ર સંશોધનનો સારાંશ, અભ્યાસના પરિણામો, અભ્યાસના તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધનો અંગેની કેટલીક ભલામણો રજૂ કરવામાં આવી છે.

## ૭.૧ સારાંશ

સારાંશનો મુખ્ય ઉદ્દેશ એ છે કે કોઈ પણ સંશોધનનો સમગ્ર અહેવાલ સમયના અભાવે અથવા અન્ય કારણોસર વાંચી ન શકાય તો ફક્ત સારાંશ વાંચી સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે. પ્રસ્તુત સંશોધનનો સારાંશ અહીં રજૂ કરવામાં આવ્યો છે.

**૭.૧.૧ અભ્યાસની સમસ્યા.** પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા અભ્યાસની સમસ્યાને આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી હતી :

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ**

**૭.૧.૨ અભ્યાસના હેતુઓ.** પ્રસ્તુત અભ્યાસને હાથ ધરવા માટે સંશોધકે વિવિધ સંશોધનાત્મક સાહિત્યની સમીક્ષાને આધારે આ મુજબના હેતુઓની રચના કરી હતી :

૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની રચના કરવી.

૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની વિશ્વસનીયતા તપાસવી.

૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની યથાર્થતા તપાસવી.

૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવો.

૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવી.

૬. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

૭. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

૮. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

૯. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

૧૦. પ્રાથમિક શાળાની શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર અસર તપાસવી.

૧૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

૧૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

૧૫. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર અસર તપાસવી.

**૭.૧.૩ અભ્યાસની ઉત્કલ્પનાઓ.** પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે અભ્યાસના હેતુઓ અને વિવિધ ચલોના આધારે આ પ્રમાણે ઉત્કલ્પનાઓની રચના કરી હતી :

૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૩. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૫. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૬. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૮. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૦. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૪. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૬. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૮. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૦. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૨૨. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતાં શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૭.૧.૪ અભ્યાસનું વ્યાપવિશ્વ.** પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓનો સમાવેશ થયો હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના તેર (૧૩) તાલુકાઓમાં આવેલી કુલ ૨,૪૪૮ સરકારી પ્રાથમિક શાળામાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વમાં ૬૩૮ વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા ૯,૮૨૦ શિક્ષકો મળીને કુલ ૧૦,૪૫૮ શિક્ષકોનો સમાવેશ થયો હતો.

**૭.૧.૫ નમૂના પસંદગી.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક અજમાયશ માટેના નમૂનામાં પ્રાથમિક શાળાના કુલ ૯૭ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જયારે દ્વિતીય અજમાયશ માટેના નમૂનામાં કુલ ૭૯ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જયારે અંતિમ પૂર્વેક્ષણ માટે સાબરકાંઠા જિલ્લાના તેર (૧૩) તાલુકાઓમાં આવેલી પ્રાથમિક શાળાના કુલ ૧,૫૪૬ શિક્ષકોની નમૂનામાં પસંદગી થઈ હતી.

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાંથી નમૂનો પસંદ કરવા માટે અભ્યાસકે 'સંભાવ્ય નમૂના પસંદગી' અંતર્ગત 'સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિ' નો ઉપયોગ કર્યો હતો. સાબરકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા નમૂનામાં સમાવેશ થયો હતો.

માહિતી એકત્રીકરણ વખતે ગેરહાજર રહેલાં શિક્ષકો અને જે શિક્ષકો એ એક જ કલમના બે થી ત્રણ ખાનાંમાં પોતાની સંમતિ દર્શાવી હતી, તેમને નમૂનામાંથી રદ કરવામાં આવ્યાં હતાં. આમ, કુલ ૧,૫૪૬ શિક્ષકોની નમૂનામાં પસંદગી થઈ હતી.

પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોમાં ખેડબ્રહ્મા તાલુકાના ૮૩ વિદ્યાસહાયક શિક્ષકો, વિજયનગર તાલુકાના ૧૬ વિદ્યાસહાયક શિક્ષકો, વડાલી તાલુકાના ૧૯ વિદ્યાસહાયક શિક્ષકો, ઈડર તાલુકાના ૩ વિદ્યાસહાયક શિક્ષક, ભિલોડા તાલુકાના ૬ વિદ્યાસહાયક શિક્ષકો, મેઘરજ તાલુકાના ૩૪ વિદ્યાસહાયક શિક્ષકો, હિંમતનગર તાલુકાના ૧૦ વિદ્યાસહાયક શિક્ષકો, પ્રાંતિજ તાલુકાના ૧૪ વિદ્યાસહાયક શિક્ષકો, તલોદ તાલુકાના ૧૬ વિદ્યાસહાયક શિક્ષકો, મોડાસા તાલુકાના ૧૭ વિદ્યાસહાયક શિક્ષકો, ધનસુરા તાલુકાના ૯ વિદ્યાસહાયક શિક્ષકો, માલપુર તાલુકાના ૨૯ વિદ્યાસહાયક શિક્ષકો અને બાયડ તાલુકાના ૫૦ વિદ્યાસહાયક શિક્ષકો મળીને કુલ ૩૦૬ વિદ્યાસહાયક શિક્ષકોનો નમૂના તરીકે સમાવેશ થયો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોમાં ખેડબ્રહ્મા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૩૯ શિક્ષકો, વિજયનગર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૪ શિક્ષકો, વડાલી તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૪ શિક્ષકો, ઈડર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૩૪ શિક્ષકો,

ભિલોડા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૧૦ શિક્ષકો, મેઘરજ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૧ શિક્ષકો, હિંમતનગર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૫ શિક્ષકો, પ્રાંતિજ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૦૪ શિક્ષકો, તલોદ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૮૮ શિક્ષકો, મોડાસા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૧૧૫ શિક્ષકો, ધનસુરા તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૯૯ શિક્ષકો, માલપુર તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૭૦ શિક્ષકો અને બાયડ તાલુકાના પૂર્ણ પગાર મેળવતા ૮૭ શિક્ષકો મળીને પૂર્ણ પગાર મેળવતા કુલ ૧૨૪૦ શિક્ષકોનો નમૂના તરીકે સમાવેશ થયો હતો.

**૭.૧.૬ ઉપકરણ.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના ઘટકો જેમ કે (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સામાજિક સંબંધ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) કાર્ય તત્પરતા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના વહીવટી કાર્ય સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષને આધારે સંશોધકે વ્યવસાય સંતોષ માપદંડની રચના કરી હતી. વ્યવસાય સંતોષ માપદંડની રચના માટે લિકર્ટ પદ્ધતિ અનુસાર પંચબિંદુને ન્યાય આપતી હકારાત્મક અને નકારાત્મક પ્રકારની કલમોની રચના કરવામાં આવી હતી. દરેક કલમોની સામે સંપૂર્ણ સહમત, સહમત, તટસ્થ, અસહમત અને સંપૂર્ણ અસહમત એવા પંચબિંદુઓ (વિકલ્પો) રાખવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકની શિક્ષક અસરકારકતા જાણવા માટે પ્રાથમિક શાળાના શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ દરમિયાન ધોરણ પાંચ, છ અને સાતના વર્ગખંડમાં વર્ગશિક્ષકની ભૂમિકા અદા કરતા શિક્ષકોના જે તે વર્ગખંડના વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારી મેળવવામાં આવી હતી. આ ટકાવારીની સરાસરી શોધવામાં આવી હતી. આ સરાસરીને શિક્ષકની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) તરીકે મૂલવવામાં આવી હતી. આમ, વિદ્યાર્થીઓએ વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારીને શિક્ષકની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવા માટે ઉપકરણ તરીકે સ્વીકારવામાં આવી હતી.

**૭.૧.૭ માહિતી એકત્રીકરણ.** પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા ઉપકરણના પ્રમાણીકરણ માટે પૂર્વ અને દ્વિતીય પૂર્વેક્ષણ તેમજ અંતિમ પૂર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ત્રણ વખત માહિતી એકત્રિત કરી હતી. આ માટે જે તે પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ પાસેથી શિક્ષકોના પ્રતિચારો મેળવવા માટે પૂર્વ પત્રવ્યવહાર અને ટેલિફોનથી પૂર્વમંજૂરી મેળવવામાં આવી હતી. પૂર્વ નિર્ધારિત દિવસે માહિતી એકત્રીકરણ માટે સંશોધક તેના સહકાર્યકરોની મદદ દ્વારા ઉપકરણ સંચાલનના નિયમોને અનુસરીને પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો પાસેથી માહિતી એકત્રિત કરી હતી. ઉપકરણ પર પ્રતિચારો આપવા માટે આશરે ૪૫ મિનિટ જેટલો સમય આપવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શિક્ષક અસરકારકતાના માપન માટે તેમના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનું પરિણામ નોંધવા માટે જે તે શિક્ષકોને સંશોધક દ્વારા નિર્મિત પત્રક આપવામાં આવ્યું હતું.

**૭.૧.૮ માહિતીનું પૃથક્કરણ.** સંશોધકે એકત્રિત કરેલી માહિતી પૈકી શિક્ષકોની જાતીયતા (સ્ત્રી અને પુરુષ), સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત), શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય), વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) અને શ્રેણી (ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭) એમ આ પાંચ પરિવર્તક ચલને ધ્યાનમાં રાખીને માહિતીનું પૃથક્કરણ કર્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં NRT 2000 નામના કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા કલમ પૃથક્કરણ, વિશ્વસનીયતા અને યથાર્થતા, પ્રાપ્તાંકોના આધારે ઉપલાં જૂથ અને નીચલાં જૂથની સરાસરીનો તફાવત, વિધાનોનું ગુણાંકન, અંતિમ સ્વરૂપના વ્યવસાય સંતોષ માપદંડની કલમોના સરળતા અને ભેદપરખ મૂલ્ય, વિશ્વસનીયતા–ક્રોનબેક આલ્ફા અંક, અર્ધ વિચ્છેદન વિશ્વસનીયતા અને યથાર્થતા શોધવામાં આવી હતી. આ ઉપરાંત આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું હતું. આવૃત્તિ વિતરણ પરથી સરાસરી, પ્રમાણવિચલન, વિરૂપતા અને કકુદતાની ગણતરીઓ કરવામાં આવી હતી. ત્યાર બાદ માપદંડની ઘટક યથાર્થતા જાણવા માટે અવયવ નિષ્કર્ષણ અને અવયવ પરિભ્રમણ તેમજ ઉત્કલ્પનાઓની ચકાસણી માટે t–ગુણોત્તર અને F–ગુણોત્તરની ગણતરી કરવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSS નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૭.૨ અભ્યાસના પરિણામો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા સંશોધન સમસ્યાને અનુરૂપ હેતુઓ અને ઉત્કલ્પનાઓની રચના કરી હતી. તે અંગેની સ્પષ્ટતા આ પ્રમાણે કરવામાં આવી છે :

હેતુ–૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની વિશ્વસનીયતા તપાસવી.

વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા સંદર્ભે ક્રોનબેક આલ્ફા અંક ૦.૯૭ જોવા મળ્યો હતો. વ્યવસાય સંતોષ માપદંડ માટે અર્ધ વિચ્છેદન પદ્ધતિ મુજબ મેળવેલ અર્ધકસોટી વિશ્વસનીયતાનું મૂલ્ય ૦.૯૫ અને સ્પિઅરમેન બ્રાઉનના સૂત્ર મુજબ પૂર્ણ કસોટી વિશ્વસનીયતાનું મૂલ્ય ૦.૯૮ પ્રાપ્ત થયું હતું.

જેનું મૂલ્ય ૧.૦૦ થી નજીક હતું. તેથી તેમ કહી શકાય કે વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા ઊંચી જોવા મળી હતી.

હેતુ–૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષને જાણવા માટેના માપદંડની યથાર્થતા તપાસવી.

વ્યવસાય સંતોષ માપદંડની યથાર્થતા માટે કિલફ્સ સાતત્ય અંક 'સી' નું મૂલ્ય ૦.૪૬ જોવા મળ્યું હતું. જે ૦.૩૪ કરતાં વધુ હોવાથી કહી શકાય કે વ્યવસાય સંતોષ માપદંડ ઘટક યથાર્થતા ધરાવતો હતો.

હેતુ–૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવો.

વ્યવસાય સંતોષ માપદંડ પર શિક્ષકોએ આપેલાં પ્રતિચારો પરથી પ્રાપ્ત થયેલાં પ્રાપ્તાંકોની સરાસરી ૩૩૩.૨૨ હતી. સૂત્ર મુજબ ગણતરી કરતા,

$$\frac{\text{સરાસરી} \times ૧૦૦}{\text{માપદંડ પરના મહત્તમ ગુણ}} = \frac{૩૩૩.૨૨ \times ૧૦૦}{૫૮૦} = ૫૭.૪૫ \%$$

શિક્ષકોનો વ્યવસાય સંતોષ ૫૭.૪૫ % જોવા મળ્યો હતો. જે પ્રમાણમાં મધ્યમ હતો.

નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોના નીચલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૩૨૮ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૨૨૧ થી ૨૭૫ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. મધ્યમ જૂથમાં સમાવિષ્ટ ૪૬% શિક્ષકો એટલે કે ૭૯૪ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૨૭૬ થી ૩૭૭ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. ઉપલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૨૪ શિક્ષકોએ વ્યવસાય સંતોષ સંદર્ભે ૩૭૮ થી ૪૫૫ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં.

આમ, પ્રાથમિક શાળાના કુલ ૧૫૪૬ શિક્ષકો પૈકી ૩૨૮ શિક્ષકોનો વ્યવસાય સંતોષ નિમ્ન, ૭૯૪ શિક્ષકોનો વ્યવસાય સંતોષ મધ્યમ અને ૪૨૪ શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઉચ્ચ જોવા મળ્યો હતો.

હેતુ–૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવી.

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી ૬૫.૫૮ હતી. સૂત્ર મુજબ ગણતરી કરતા,

$$\frac{\text{સરાસરી} \times ૧૦૦}{\text{મહત્તમ અસરકારકતા}} = \frac{૬૫.૫૮ \times ૧૦૦}{૧૦૦} = ૬૫.૫૮ \%$$

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતા ૬૫.૫૮ % જોવા મળી હતી. જે પ્રમાણમાં ઊંચી હતી.

નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોના નીચલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૧૭ શિક્ષકોએ અસરકારકતા સંદર્ભે ૪૮.૧૭ થી ૫૯.૨૯ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. મધ્યમ જૂથમાં સમાવિષ્ટ ૪૬% શિક્ષકો એટલે કે ૭૧૧ શિક્ષકોએ અસરકારકતા સંદર્ભે ૫૯.૩૩ થી ૭૦.૬૦ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં. ઉપલાં જૂથમાં સમાવિષ્ટ ૨૭ % શિક્ષકો એટલે કે ૪૧૮ શિક્ષકોએ અસરકારકતા સંદર્ભે ૭૦.૬૩ થી ૮૯.૦૦ પ્રાપ્તાંક મેળવ્યાં હતાં.

આમ, પ્રાથમિક શાળાના કુલ ૧૫૪૬ શિક્ષકો પૈકી ૪૧૭ શિક્ષકોની શિક્ષક અસરકારકતા નિમ્ન, ૭૧૧ શિક્ષકોની શિક્ષક અસરકારકતા મધ્યમ અને ૪૧૮ શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઉચ્ચ જોવા મળી હતી.

આ ઉપરાંત હેતુ ૪ ની સ્પષ્ટતા માટે ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી :

હેતુ–૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવો.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રથમ ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૫.૩૬૦ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૧૬.૪૮ અને ૩૩૭.૩૫ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૨૦.૮૭ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

આ ઉપરાંત હેતુ ૫ ની સ્પષ્ટતા માટે ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી :

હેતુ–૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) જાણવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે બારમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૨.૧૯૩ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૬.૭૯ અને ૬૫.૨૯ હતું અને શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૧.૫૦ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૬. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે બીજી અને ત્રીજી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૬૯૯ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય

ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૧૮.૬૧ અને ૩૧૩.૩૧ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૪.૯૦ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૩. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૪.૧૬૬ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૨૮.૨૧ અને ૩૪૩.૨૭ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૧૫.૦૬ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૭. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે ચોથી અને પાંચમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૫૮૫ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ

પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૧૭.૫૬ અને ૩૧૨.૫૬ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૫.૦૦ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૫. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૫૯૫ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૩૭.૯૮ અને ૩૩૫.૬૧ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૨.૩૭ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૮. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે છઠ્ઠી અને સાતમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૬. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૫.૯૫૨ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૨૭૦.૭૩ અને ૩૨૨.૭૭ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૫૨.૦૪ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૩.૬૨૪ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૧૯.૧૫ અને ૩૩૯.૭૧ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૨૦.૫૬ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૯. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે આઠમી અને નવમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૮. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૧૦.૧૫૫ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૦૫.૩૦ અને ૩૮૬.૭૪ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૮૧.૪૪ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૪.૭૬૩ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૩૩૪.૯૨ અને ૩૬૫.૦૫ હતું અને વ્યવસાય સંતોષ માપદંડ પર તેમના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૩૦.૧૩ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૧૦. પ્રાથમિક શાળાની શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ પર અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે દસમી અને અગિયારમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૦. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે F-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે 1.139 જેટલું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૩૦૩ હોય ત્યારે F-ગુણોત્તરનું મૂલ્ય ટેબલ વેલ્યૂ કરતાં ઓછું હોવાથી ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. પરિણામે ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો. વ્યવસાય સંતોષ માપદંડ પર ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 309.60, 317.94 અને 321.68 જોવા મળી હતી.

ઉત્કલ્પના–૧૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે F-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે 0.209 જેટલું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૧૨૩૭ હોય ત્યારે F-ગુણોત્તરનું મૂલ્ય ટેબલ વેલ્યૂ કરતાં ઓછું હોવાથી ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. પરિણામે ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો. વ્યવસાય સંતોષ માપદંડ પર ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 338.02, 338.15 અને 335.55 જોવા મળી હતી.

હેતુ–૧૧. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર જાતીયતા (સ્ત્રી અને પુરુષ) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે તેરમી અને ચૌદમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૨.૧૮૮ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૭.૯૮ અને ૬૫.૨૫ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૨.૭૩ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૧૪. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૬૪૩ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૫.૦૭ અને ૬૫.૪૩ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૦.૩૬ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૧૨. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર સામાજિક સંવર્ગ (અનામત અને બિનઅનામત) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે પંદરમી અને સોળમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૦૪૧ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૬.૮૧ અને ૬૬.૭૫ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૦.૦૬ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૧૬. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૦.૩૪૬ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૫.૨૩ અને ૬૫.૪૫ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૦.૨૨ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૧૩. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર શાળા વિસ્તાર (શહેરી અને ગ્રામ્ય) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે સત્તરમી અને અઢારમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૭. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૧.૭૬૩ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો ન હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૪.૨૯ અને ૬૭.૧૪ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૨.૮૫ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૧૮. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૩.૯૭૮ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૮.૬૯ અને ૬૪.૮૫ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૩.૮૪ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૧૪. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર વ્યાવસાયિક લાયકાત (પી. ટી. સી. અને બી. એડ્.) ની અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે ઓગણીસમી અને વીસમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૧૯. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૩.૮૨૨ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય

અનુક્રમે ૬૫.૫૨ અને ૭૪.૮૨ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૯.૩૦ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

ઉત્કલ્પના–૨૦. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે ટી–ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે ૨.૬૮૦ જેટલું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો હતો. આથી આ શૂન્ય ઉત્કલ્પનાનો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો હતો. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકોનું સરાસરી મૂલ્ય અનુક્રમે ૬૫.૦૦ અને ૬૮.૬૧ હતું અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના સરેરાશાંકોના મૂલ્ય વચ્ચે ૩.૬૧ જેટલો તફાવત જોવા મળ્યો હતો.

હેતુ–૧૫. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) ની વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) પર અસર તપાસવી.

આ હેતુનો ઉત્તર મેળવવા માટે સંશોધકે એકવીસમી અને બાવીસમી ઉત્કલ્પનાની ચકાસણી કરી હતી.

ઉત્કલ્પના–૨૧. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે F-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે 0.375 જેટલું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૩૦૩ હોય ત્યારે F-ગુણોત્તરનું મૂલ્ય ટેબલ વેલ્યૂ કરતાં ઓછું હોવાથી ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક

તફાવત ધરાવતો ન હતો. પરિણામે ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતા પર ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના પ્રાપ્તાંકોની સરાસરી અનુક્રમે 66.67, 66.08 અને 67.42 જોવા મળી હતી.

ઉત્કલ્પના–૨૨. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા (વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે) ના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રસ્તુત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે F-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું. જે 0.296 જેટલું હતું. જો જૂથોની વચ્ચે df = ૨ અને જૂથોની અંદર df = ૧૨૩૭ હોય ત્યારે F-ગુણોત્તરનું મૂલ્ય ટેબલ વેલ્યૂ કરતાં ઓછું હોવાથી ૦.૦૫ અને ૦.૦૧ એમ બંને કક્ષાએ સાર્થક તફાવત ધરાવતો ન હતો. પરિણામે ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો ન હતો. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતા પર ધોરણ ૫, ધોરણ ૬ અને ધોરણ ૭ માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે શિક્ષકોની શિક્ષક અસરકારકતાના પ્રાપ્તાંકોનીી સરાસરી અનુક્રમે 65.22, 65.56 અને 65.04 જોવા મળી હતી.

### ૭.3 અભ્યાસના તારણો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અભ્યાસના હેતુઓ અને ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ અભ્યાસના તારણો તારવવાનો પ્રયાસ કર્યો હતો. જે આ પ્રમાણે છે :

૧. વ્યવસાય સંતોષ માપદંડની વિશ્વસનીયતા ઊંચી જોવા મળી હતી.

૨. વ્યવસાય સંતોષ માપદંડ ઘટક યથાર્થતા ધરાવતો હતો.

૩. વ્યવસાય સંતોષ માપદંડ પરની માહિતી (Data) અવયવ વિશ્લેષણ મોડેલ સાથે અનુરૂપ હતી.

૪. સામુદાયિકતા, અવયવોની સંખ્યા ચૌદ (૧૪), અવયવો સાથે સંબંધિત વિચરણનું શતમાન (૯૧.૪૮ %), અવયવ ભગ્નાશ્મરાશિ આલેખ તથા પ્રથમ અવયવના પ્રાબલ્ય જેવા અવયવ નિષ્કર્ષણના પરિણામોથી વ્યવસાય સંતોષ માપદંડ પરના પ્રાપ્તાંકોની ઘટક યથાર્થતા પ્રસ્થાપિત થઈ હતી.

૫. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. વિદ્યાસહાયક શિક્ષકો કરતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૬. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો ન હતો.

૭. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો કરતાં પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૮. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો ન હતો.

૯. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો ન હતો.

૧૦. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૧૧. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો કરતાં ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૧૨. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો કરતાં બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૧૩. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો હતો. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો કરતાં બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોનો વ્યવસાય સંતોષ ઊંચો જોવા મળ્યો હતો.

૧૪. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો ન હતો.

૧૫. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોના વ્યવસાય સંતોષમાં તફાવત જોવા મળ્યો ન હતો.

૧૬. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંદર્ભે પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો હતો. પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો કરતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઊંચી જોવા મળી હતી.

૧૭. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકો અને વિદ્યાસહાયક પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો હતો. વિદ્યાસહાયક પુરુષ શિક્ષકો કરતાં વિદ્યાસહાયક સ્ત્રી શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઊંચી જોવા મળી હતી.

૧૮. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા સ્ત્રી શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પુરુષ શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

૧૯. પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક અનામત શિક્ષકો અને વિદ્યાસહાયક બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

૨૦. પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા અનામત શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા બિનઅનામત શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

૨૧. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

૨૨. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો હતો. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો કરતાં શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઊંચી જોવા મળી હતી.

૨૩. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો હતો. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકો કરતાં બી. એડ્. ની લાયકાત ધરાવતાં વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઊંચી જોવા મળી હતી.

૨૪. પ્રાથમિક શાળાના પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો અને બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો હતો. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકો કરતાં બી. એડ્. ની લાયકાત ધરાવતાં પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા ઊંચી જોવા મળી હતી.

૨૫. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા વિદ્યાસહાયક શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

૨૬. પ્રાથમિક શાળાની ભિન્ન શ્રેણી (ધોરણ ૫, ૬ અને ૭) માં અભ્યાસ કરાવતા પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતામાં તફાવત જોવા મળ્યો ન હતો.

## ૭.૪ શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસમાં તારણોને આધારે નીચે જણાવેલી બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ.

૧. વિદ્યાસહાયક શિક્ષકોનો વ્યવસાય સંતોષ નિમ્ન જોવા મળ્યો હતો.

૨. પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોની શિક્ષક અસરકારકતા નિમ્ન જોવા મળી હતી.

૩. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યવસાય સંતોષ નિમ્ન જોવા મળ્યો હતો.

૪. પી. ટી. સી. ની લાયકાત ધરાવતાં શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને શિક્ષકોની શિક્ષક અસરકારકતા નિમ્ન જોવા મળી હતી.

૫. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષકોની શિક્ષક અસરકારકતા નિમ્ન જોવા મળી હતી.

ઉપર્યુક્ત બાબતોનું નિવારણ કરવા સંશોધકે આ મુજબના શૈક્ષણિક ફલિતાર્થો તારવવાનો પ્રયાસ કર્યો હતો :

૧. સરકારશ્રીએ વિદ્યાસહાયક શિક્ષકોને મર્યાદિત વેતન ધોરણમાંથી મુક્ત કરી પૂર્ણ વેતન આપવાનો પ્રયાસ કરવો જોઈએ.

૨. પૂર્ણ પગાર મેળવતા શિક્ષકોએ પોતાની અસરકારકતાનો વિકાસ કરવા માટે નવી અધ્યાપન પ્રયુક્તિ અને ઈન્ફર્મેશન ટેક્નોલજિનો શિક્ષણકાર્યમાં વિનિયોગ કરવો જોઈએ.

૩. શિક્ષકોને પોતાના વ્યવસાય પ્રત્યે સંતોષ હોય તો તેની સીધી અસર તેના શૈક્ષણિક કાર્યો તેમજ તેના વર્તન અને વ્યવહાર પર પડે છે. સામાન્ય રીતે વ્યવસાય પ્રત્યેના સંતોષ અને અધ્યાપન ક્ષમતા વચ્ચે ધન સહસંબંધ જોવા મળે છે. આથી શિક્ષકોને વ્યવસાય સંતોષ મળે તેવા પ્રયત્ન સરકારશ્રી અને શાળાએ કરવા જોઈએ.

૪. શિક્ષકને પોતાના વ્યવસાયથી સંતોષ પ્રાપ્ત થાય તો શિક્ષક દ્વારા થતા કાર્યો સમાજના ઉત્કર્ષ માટે મહત્ત્વના બની રહે છે.

૫. શિક્ષકોના કામની કદર થાય, તેમને વધુ સ્વતંત્રતા અપાય, પૂરતી સલામતી અપાય તો વ્યવસાય સંતોષની માત્રા વધી શકે છે. શિક્ષકોને પોતાના કાર્ય માટે બદલો આપી પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.

૬. શિક્ષણના મનોવિજ્ઞાનના નિષ્ણાતોની મદદ લઈ યોગ્ય માર્ગદર્શન અને સલાહ દ્વારા શિક્ષકોમાં પોતાના વ્યવસાય પ્રત્યે હકારાત્મક દૃષ્ટિ વિકસે તે માટે પરિસંવાદો યોજવા જોઈએ.

૭. શિક્ષકોની સમાજમાં પ્રતિષ્ઠા જળવાય તેમજ સામાજિક મોભો વધે તે માટે સમાજના સભ્યોએ આદર અને સન્માન આપવું જોઈએ.

## ૭.૫ ભાવિ સંશોધન અંગેની ભલામણો

પ્રસ્તુત અભ્યાસ અંતર્ગત સંશોધકને જે સમસ્યાઓ ઉદ્‌ભવી તે ભાવિ સંશોધકોને દિશાસૂચક બની રહેશે. પ્રસ્તુત અભ્યાસના સંદર્ભને સ્પર્શતી ભલામણો આ મુજબ છે :

૧. શિક્ષકોના વ્યવસાય સંતોષની અધ્યાપન પર થતી અસર

૨. શિક્ષકોના વ્યવસાય સંતોષ અને તેની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાનો સંબંધાત્મક અભ્યાસ

૩. સ્ત્રી શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ : એક ગુણાત્મક અભ્યાસ

૪. અસાધારણ બાળકોના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ

૫. શિક્ષકોના વ્યવસાયક સંતોષને અસર કરતા પરિબળોનો અભ્યાસ

૬. શિક્ષકોનો વ્યવસાય સંતોષ અને અધ્યાપન ક્ષમતા વચ્ચેનો સંબંધાત્મક અભ્યાસ

૭. ભિન્ન શિક્ષણ કક્ષાએ કાર્યરત શિક્ષકોના વ્યવસાય સંતોષનો તુલનાત્મક અભ્યાસ

૮. માધ્યમિક કક્ષાએ વ્યવસાય સંતોષ અને શિક્ષક અસરકારકતાનો અભ્યાસ

# સંદર્ભસૂચિ

Acland, A. (1976). Are these great teachers ? ***Educational Research Quaterly,*** I, 38, California.

Adval, S.B., Kekkar, A., Agarwal, M.J., & Gupta, S. B. (1961). ***Causes of failure in high school examination.*** Department of education, Allahabad University.

Adval, S.B. (1979). ***Quality of Teachers.*** Allahbad : Amitabh Prakashan.

Agarwal, V. (1983). A Study of Stress Proneness, Adjustment and Job Satisfaction as Predictors of Administrative Effectiveness of Principals, Ph. D., Edu., Meerut University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Amarsingh, (1985). Correlates of Job Satisfaction Among Different Professionals, Ph. D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Anjaneyulu, B.S.R. (1968). A Study of Job Satisfaction in the Secondary School Teachers and its impact on the Education of Pupils with special reference to the state of Andhra Pradesh, Ph.D., Edu., M. S. University, Baroda, In Buch, M. B.(1974) ***Survey of Research in Education,*** Baroda : CASE.

Barr, A. S. (1948). The Measurement and Prediction of Teaching Efficiency : A Summary of Investigations. ***Journal of Experimental Education,*** Wisconsin : Dember Educational Research Services, XVI.

Best, J. W. (1970). ***Research in Education (7th Edition).*** New Delhi : Prentice Hall of India Private Limited.

Blum, M.L. (1956). ***Industrial Psychology and Its Social Foundations.*** New York : Harper and Row.

Borg, W. R. (1963). ***Educational Research***. Longman Green & Company.

Borg, W. R. & M. R. Gall. (1983). ***Educational Research. (Second Edition).*** New York : Harcourt Brace Jevenovich, Inc.

Brayfield, A. H. & Rothe, H. F. (1951). An index of job satisfaction. ***Journal of Applied Psychology.*** 35(5).

Brown, J.M. & Others (1972). ***Applied Psychology.*** New Delhi : Amerind Publishing Company.

Buch., M. B. (Ed.).(1979). ***Second Survey of Research in Education*** **:** (1972-1978). New Delhi: National Council of Educational Research and Training.

__________ .(1987).***Third Survey of Research in Education*** **:** (1978-1983). New Delhi : National Council of Educational Research and Training.

__________ .(1991). ***Fourth Survey of Research in Education :*** (1983-1988). New Delhi: National Council of Educational Research and training.

Carbin Saladin, K. T. (1998). Role perception and job satisfaction of community college faculty. ***Dissertation Abstract International,*** 59(4).

Chidbhavananda, S. (1964)***. The Indian National Education.*** Madras : Tapovan Publishing House.

Chopra, R.K.(1982). ***A study of the organisational climate of schools in relation to job satisfaction of teachers and students' achievement.*** Ph.D. Thesis, Agra University.

Comrey, A.L. (1949). ***A Factual study of achievement. Education and Psychologi cal Measurement.***

Commonwealth Secretariat (1974). ***Teacher Education in a changing society.*** Report of Commonwealth Conference on Teacher Education, London : Commonwealth Secretariat.

Dreeban, R. (1968). ***On What is Learned in school.*** Addison-wesley Publishing Company.

Dhotia, N.C. (1990). ***A study of factors affecting job satisfaction of commerce teachers of Rajasthan and its impact on educational achievements of their pupil.*** Ph.D. Thesis, University of Rajasthan.

Edwards, A. L. (1957). ***Techniques of Attitude Scale Construction.*** New York : Appleton-Century Crafts.

Francis, J. C. & Milbourn, G. (1980). ***Human Behaviour in the Work Environment : A Managerial Perspective***. California : Santa Monvea Good year Publishing Co. Inc.

French, J. R. F., Kornhauser, A. & Marrow, A. (1946). Conflict and Co-operation in Industry. ***Journal of Social Issue.*** No.1.

Good, C. V. (ed.) (1973). ***Dictionary of Education.*** New York : Mcgraw Hill.

Goyal, J. C. (1980). A Study of the Relationship among Attitudes, Job Satisfaction, Adjustment and Professional Interests of Teachers-educators in India, Ph.D. Edu., Delhi University, In Buch M.B. (1978-1988). ***Third Survey of Research in Education*** New Delhi : NCERT.

Grill, P. A. (1999).The relationship between leadership roles & job satisfaction among elementary teachers. ***Dissertation Abstract International,*** 60(2).

Gupta, A. K.(1999). ***Teacher Education–Current and Prospects.*** New Delhi : Sterling Publishers Pvt. Ltd.

Gupta S.P. (1995).A correlational study of teachers' job satisfaction and their teaching effectiveness. ***The Progress of Education.*** Vol. LXIX, No.10.

Hoppock, R. (1935). ***Job Satisfaction.*** New York : Harper.

Jangira, N.K. (1973). ***Classroom behaviour, training of teachers and its relationship with some selected measures of pupils' criteria of teacher effectiveness.*** Ph.D. Thesis, M.S. University, Baroda.

Jasim, A. (2007). Teachers' Job Satisfaction : Key to educational success, ***PTA Magazine,*** June-2007.

Kabir, H. (1967). Education in India (Third Impression), In J. C. Agrawal (Ed.).***Thoughts On Education,*** New Delhi : Arya,

Kalleberg, A. L. (1977). Work Values and Job Rewards : A Theory of Job Satisfaction. ***American Sociological Review.*** 42(1).

Kaur, Balwinder (1986). Job Satisfaction of Home Science Teachers: Its Relationship with Personal, Professional and Organisational Characteristics, Ph.D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Kerlinger, F. N.(1973).***Foundation of Behavioral Research. (2nd Edition).*** New York : Holt, Rinehart and Winston. Inc.

Kilplinger, Vonda Lynn. (1997). Investigation of factors affecting mathematics achievement in eight grades of Havaii's public school, ***Dissertation Abstract International,*** 58 (1).

Kulsum, U. (1985).Influence of School and Teacher Variables on the Job Satisfaction and Job Involvement of Secondary School Teachers in the city of Bangalore, Ph. D.Edu., Banglore University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Lavingia, K. U. (1974). A Study of Job Satisfaction among School Teachers, Ph.D., Edu.Gujarat University, In Buch M. B. (1972-1978) ***Second Survey of Research in Education,*** Baroda : Society for Educational Research and Development.

Lenox, W. A. (2000). Organizational culture and teacher job satisfaction. ***Dissertation Abstract International,*** 60 (8).

Lulla, H. P., Shah, G. B., Darji, D. R., (1966). I***nvestigation into academic causes of backwardness in mathematics at elementary stage (Class I-VIII).*** CASE, Baroda

Lulla, T.P. (1974). ***An Investigation into the effects of teacher classroom behaviour on pupils' achievement.*** Ph.D. Thesis, M. S. University, Baroda.

National Council of Educational Research and Training. (Ed.).(2000). ***Fifth Survey of Educational Research. : (1988-92).*** Vol. (II). New Delhi : Editor.

Nayak, K. D. (1982). A Study of Adjustment and Job Satisfaction of Married and Unmarried Lady Teachers, Ph. D., Psy., Jab.University, In Buch M. B.(1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. I,*** New Delhi : NCERT.

Nunnally, J. C. (1978). ***Psychometric Theory. (2nd Ed.).*** New York : Mc Graw Hill.

Mckechnic, Jean L. (ed.) ***Webster's New Twentieth Century Dictionary.*** William Collins Publishers, Inc., U.S.A.

Mishra, K.S. (1993). ***Teachers and Their Education.*** Amabala Cants : The Associate Publishers.

Mistry, T. C. (1985).Need Achievement, Job Satisfaction, Job Involvement as a Function of Role Stress, Locus of Control and Participation in Academic Climate : A Study of College and Secondary Teachers, Ph. D., Psy., Gujarat University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Mukhopadhyay, D. K. (1988). ***Identification of school climate and study of its effect on the scholastic achievement and development of certain personality characteristics of students of secondary schools.*** Ph.D. Thesis, Viswa–Bharati.

O'connell, S. M.(1999). How the appointment of district money is associated with difference in grade viii Mathematics and reading achievement scores for Minnesota Students. ***Dissertation Abstract International,*** 57(10).

Padmanabhaiah, S. (1986).Job Satisfaction and Teaching Effectiveness of Secondary School Teachers, Ph. D., Edu., SVU, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Panda, B.N. (2000). ***A study of factors affecting pupil's achievement in primary schools of Orissa.***RIE, Bhubaneswar (ERIC Project).

Pandey, K. P. (1983). ***Fundamentals of Educational Research.*** Delhi : Amitabh Prakashan.

Passi, B.K. and Padma M.S.(1974). ***Educational evaluation and examination. A survey research in education.*** Baroda : M.S. University.

Passi, B.K. and Sansanwal, D.N. (1991). Research in teaching : A trend report. In M.B. Buch (Ed.). ***Fourth Survey of Research in Education,*** (II), New Delhi, NCERT.

Pestonjee, D. M. (1982).***Development of Psychometric Measures of Job Satisfaction. Research Reports.*** Ahmedabad : Indian Institute of Management.

Quraishi, Z.M. (1973). ***Personality, attitudes and classroom behaviour of teacher.*** Ph.D. Thesis. M. S.University, Baroda

Rao, Y. R.(1975). ***A study of the relationship of few selected variables to the academic achievement indicates of secondary school.*** Ph.D. Thesis, University of Madras.

Rice, R.W., Mc Farlin, D.B. & Bennett, L.E. (1989). Standards of Comparison and Job Satisfaction. ***Journal of Applied Psychology.*** 74(4).

Ronan, W. W. (1970). Individual and Situational Variables relating to Job Satisfaction. ***Journal of Applied Psychology.*** 54(1).

Rosenshine, B. (1969). Teaching behaviour related to pupil achievement. ***Classroom Interaction Newsletter,*** 5(1)

Rosenshine, B. and Fraust, N. (1971). Research on Teacher Performance criteria. In B.O. Smith (Ed.), ***Research in Teacher Education : A Symposium.*** Englewood : Cliffs, N.J., Prentice Hall.

Rowe, N. N. (1997). Factors influencing the level of job satisfaction and job dissatisfaction among first grade and second grade teachers. ***Dissertation Abstract International,*** 57 (8).

Samad, A. (1986). Study of Organisational Climate of Government High Schools of Chandigarh and its Effect on Job Satisfaction of Teachers, Ph.D., Edu., Punjab University, In Buch M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Samal, A. K. (1986). ***A study of effectiveness, job satisfaction, organizational climate its relationship with the academic performance of primary school in Orissa.*** M.Phil. Thesis, JNU.

Shah, K. (1982). Socio-economic Background of Primary School Teachers and Job-satisfaction : A Sociological Study, Ph. D., Soc., Kashi Vishava Vidhayalaya., In Buch, M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. I,*** New Delhi : NCERT.

Sharma, M. S. R. (1991). ***A study of the administrative behaviour of principals as perceived by teachers in relation to job satisfaction of teachers and students' achievement in junior college.*** Ph.D Thesis, Andhra University.

Sharma, S. (1972). ***Relationship between patterns of teacher classroom behaviour and pupils' attainment in terms of instructional objectives.*** Ph.D. Thesis, M.S.University, Baroda.

Shukla, K.C.(1978). ***Factors differentiating high and low academic performance of secondary school in Rajasthan.*** Ph.D. Thesis, Udaipur University.

Singh, D. (1974). Job satisfaction and job behaviour. ***Indian Psychological Abstract.*** 5 (3).

Singhal, S. & Mohanty, N. (2000). Teacher improvement and learning achievement in children. ***Indian Educational Abstract,*** (7 & 8).

Smith (Ed.), ***Research in Teacher Education : A Symposium.*** Englewood : Cliffs, N.J., Prentice Hall.

Srivastava, S. (1986). A Study of Job Satisfaction and Professional Honesty of Primary School Teachers with Necessary Suggestions, Ph. D., Edu., Avadh University, In Buch, M. B. (1983-1988) ***Fourth Survey of Research in Education, Vol. II,*** New Delhi : NCERT.

Van Dalen, D. B. & W. J. Meyer, (1966). ***Understanding Educational Research.*** New York : Mcgraw–Hill Book Company.

Van Dalen, D. B.(1979). ***Understanding Educational Research : An Introduction (4th Edition).*** New York : McGraw Hill Book Company.

Varshneya, P.K.(1981).A Study of Relationship between Organizational Environment and Teacher Effectiveness, Ph.D., Edu., Banaras Hindu University, In Buch M. B.(1978-1983) ***Third Survey of Research in Education,*** New Delhi : NCERT.

Vroom, V.H. (1964). ***Work and Motivation***. New York : John Wiley and Sons Inc.

Wright, C.J., Nuthall, G. A. & Lawrence, P. J. (1970). A study of classroom interaction in the training of teachers. ***Educational Research Newsletter.*** Department of Education, University of Canterbury, New Zealand

આસોંદરિયા, ડી. ડી. (૨૦૦૮). ***સૌરાષ્ટ્ર કચ્છના વિદ્યાસહાયક શિક્ષકોનાં સિદ્ધિ પ્રેરણા, અનુકૂલન અને વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત પીએચ. ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ઉચાટ, ડી. એ. (૧૯૯૨). ***વિચરણ પૃથક્કરણ.*** રાજકોટ : સ્વ. ડૉ. હરિભાઈ જી. દેસાઈ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ, ૧૯૯૨, પૃ. ૪.

ઉચાટ, ડી. એ. અને અન્યો. . (૨૦૦૦). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉપાધ્યાય, એન. બી. (૨૦૦૬). જૂનાગઢ જિલ્લાના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સમસ્યાઓનો અભ્યાસ. ***સંશોધન સારસંગ્રહ શ્રેણી પુસ્તિકા–૧૨,*** ગાંધીનગર : જી. સી. ઈ. આર. ટી., ગુજરાત.

જોષી, એચ. ઓ. (૧૯૮૫). ***સંશોધન અહેવાલની લેખન ભૂલો.*** રાજકોટ : આશુતોષ પ્રકાશન.

ઠક્કર, કે. જી. (૨૦૦૭). ***બનાસકાંઠા જિલ્લાના વિદ્યાસહાયકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા.

ત્રિવેદી, બુદ્ધિધનભાઈ.(૨૦૦૮). પ્રાથમિક શિક્ષણ માટે ધરુવાડિયું કેવું ? ***ઘરશાળા.*** વર્ષ ૩, અંક ૨.

દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કે. જી. (૧૯૭૭). ***સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દેસાઈ, કે. જી., અને શાહ, આર. પી. (૧૯૮૪). ***શૈક્ષણિક પરિભાષા અને વિભાવના.*** (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પટેલ, આઈ. જે. (૧૯૭૨). ***નકશામાં ગુજરાત રાજ્ય.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પટેલ, એચ. પી. (૨૦૦૦). ***વડોદરા શહેરની પ્રાથમિક શાળાઓના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

પારેખ, બી. યુ., અને ત્રિવેદી, એમ. ડી. (૧૯૯૪). ***શિક્ષણમાં આંકડાશાસ્ત્ર.*** (ચતુર્થ આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

પંચોલી, બી. કે. (૨૦૦૭). ***કેટલાક ચલોના સંદર્ભમાં શિક્ષકની અસરકારકતાનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા.

બૌરાઈ, વાય. (૨૦૦૧). ***વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના હંગામી વ્યાખ્યાતાઓના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

મિસ્ત્રી, એમ. ડી. (૨૦૦૬). અમદાવાદ શહેરની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ. અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, આર. એસ. પટેલ, (સં.) ***એમ. એડ્. લઘુ શોધ નિબંધના સારાંશ (શિક્ષણશાસ્ત્ર ભવન-૧૯૯૩ થી ૨૦૦૬)***, અમદાવાદ : જય પબ્લીકેશન.

મેટાલિયા, બી. એમ. (૨૦૦૬). ***ગુજરાત રાજ્યની નવોદય વિદ્યાલયના શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

યાદવ, લાલચંદ્રરાવ (૨૦૦૮). ***હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર શિક્ષક-પ્રશિક્ષણ કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષનો તુલનાત્મક અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા.

વ્યાસ, એમ. વી. (૨૦૦૧). ***જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો કાર્ય સંતોષ.*** અપ્રકાશિત પીએચ. ડી. મહા શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

વાઢેર, એસ. ડી. (૨૦૦૨). ***પ્રાથમિક શાળાના શિક્ષકોના શિક્ષક વ્યવસાય કાર્યસંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

શાહ, ગુણવંત અને પંડ્યા, કુલીન (૧૯૯૯). ***શૈક્ષણિક મનોવિજ્ઞાન. (ચતુર્થ આ.).*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

શાહ, ડી. બી. (૨૦૦૪). ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

સોલંકી, જે. (૨૦૦૫). ***વડોદરા શહેરની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં કોમર્સ વિષયમાં અધ્યાપન કરાવતા શિક્ષકોના વ્યવસાય સંતોષનો અભ્યાસ.*** અપ્રકાશિત એમ. એડ્. લઘુ શોધનિબંધ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

હસન, એચ. એ. (૨૦૦૭). પ્રાથમિક શિક્ષક અને વિદ્યાસહાયક યોજના. ***માસિક યોજના,*** અંક : ૮.

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ–૧
# વ્યવસાય સંતોષ માપદંડ
## (પ્રાથમિક શિક્ષકો માટે)
## (ઘટકો મુજબ કલમ)

| માર્ગદર્શક | સંશોધક |
|---|---|
| **ડૉ. શરદભાઈ જી. વ્યાસ** | **પ્રા. ચંદ્રેશભાઈ એચ. રાઠોડ** |
| **નિવૃત્ત આચાર્યશ્રી,** | **વ્યાખ્યાતા,** |
| **ડૉ. સુભાષ મહિલા કોલેજ** | **બી. ડી. શાહ કોલેજ ઓફ** |
| **ઓફ એજ્યુકેશન, જૂનાગઢ** | **એજ્યુકેશન, મોડાસા** |
| **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ** | **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ** |

આદરણીય સાહેબશ્રી,

નમસ્કાર,

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. અભ્યાસના ભાગરૂપે શિક્ષણમાં સંશોધનકાર્ય કરી રહ્યો છું. મારા સંશોધનનો વિષય આ મુજબ છે :

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ**

પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે તેમનો તેમના વ્યવસાય પ્રત્યે કેવો સંતોષ છે ? તે જાણવાનો આ અભ્યાસનો હેતુ છે. આ સંશોધનના ભાગરૂપે રચવામાં આવેલ 'વ્યવસાય સંતોષ માપદંડ' માં કુલ ૧૪ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે આ મુજબ છે : (૧) વ્યવસાય પસંદગી સંબંધિત સંતોષ, (૨) પરિવાર સંબંધિત સંતોષ, (૩) સમાજ સંબંધિત સંતોષ, (૪) વિદ્યાર્થી સંબંધિત સંતોષ, (૫) શિક્ષણકાર્ય તત્પરતા / વ્યવસાય નિષ્ઠા સંબંધિત સંતોષ, (૬) વાલી સંબંધિત સંતોષ, (૭) સાથી શિક્ષકો સંબંધિત સંતોષ, (૮) આચાર્ય સંબંધિત સંતોષ, (૯) અધિકારી વર્ગ સંબંધિત સંતોષ, (૧૦) શાળાકીય સુવિધાઓ સંબંધિત સંતોષ, (૧૧) શાળાના સ્થાનિક વહીવટ સંબંધિત સંતોષ, (૧૨) વ્યવસાય તાલીમ સંબંધિત સંતોષ, (૧૩) સરકારશ્રીના નીતિ–નિયમો સંબંધિત સંતોષ, અને (૧૪) આર્થિક વળતર સંબંધિત સંતોષ.

ઉપર્યુક્ત જણાવેલા ઘટકોને સંગત કલમો આ સાથે રજૂ કરવામાં આવી છે. જો કોઈ પણ કલમ જે તે ઘટક સાથે અસંગત જણાય તો તેની સામે આપેલાં ખાનાંમાં (×) ની નિશાની કરી, તે કલમ કયા ઘટકને ન્યાય આપે છે ? તે જણાવવા નમ્ર વિનંતી. દરેક ઘટકને અંતે આપેલી ખાલી જગ્યામાં તે ઘટકને સંગત અન્ય કોઈ કલમ આપના ધ્યાનમાં હોય તેમજ અન્ય કોઈ નવીન ઘટક સૂચવવા જેવો લાગતો હોય તો તે સૂચવવા નમ્ર વિનંતી. આપના જ્ઞાન તથા અનુભવનો લાભ સંશોધન ઉપકરણ રચવામાં પ્રાપ્ત થાય તે અપેક્ષા રાખું છું. તો આપ સાહેબશ્રી પ્રોત્સાહિત કરશો તેવી આશા સહ,

ભવદીય

ચંદ્રેશભાઈ એચ. રાઠોડ

## rõÄ¼kø-1 ÔÔÛMkkE ÃkMktËÞke

૧. હું શિક્ષકના વ્યવસાયને આદર્શ વ્યવસાય માનું છું. ☐

૨. હું શિક્ષકની નોકરી મેળવી ગર્વ અનુભવું છું. ☐

૩. હું મારી જાતને સફળ શિક્ષક માનું છું. ☐

૪. મને લાગે છે કે હું અનાયાસે શિક્ષણના વ્યવસાયમાં આવી ગયેલ છું. ☐

૫. શિક્ષકના વ્યવસાયમાં ખૂબ રજાઓ ભોગવવા મળતી હોઈ મેં આ વ્યવસાય પસંદ કર્યો છે. ☐

૬. શિક્ષણનો વ્યવસાય મારા જ્ઞાનને નવીનત્તમ રાખવામાં મદદરૂપ થાય છે. ☐

**yk rõÄ¼køIkuyIkwÃkyIE rõÄkIkkunkuE íkkuIke[usýkõ]ku.**

1.

2.

3.

4.

5.

## rõÄ¼kø-2 ÃkrhÔÞhMktçkt ÄkMt íkkuxk

૧. નોકરીને લીધે કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપી શકાતી નથી. ☐

૨. વતનથી દૂર રહેવું પડે છે. ☐

૩. નોકરીના સ્થળે મકાન ભાડે રાખવું પડે છે. ☐

૪. વિભક્ત કુટુંબ થવાથી ખર્ચની દષ્ટિએ પોષાય છે. ☐

૫. જીવન જીવવા માટેની પ્રાથમિક સુવિધાઓ પૂરતી મળી રહે છે. ☐

૬. નોકરીમાં જોડાયા પછી જીવનધોરણ સુધર્યું છે. ☐

૭. શાળામાં બનતી ઘટનાઓની અસર કૌટુંબિક સમાયોજન પર થાય છે.

૮. મને શૈક્ષણિક કાર્ય દરમ્યાન ઘરની ચિંતા થાય છે.

**yk rõ¼kzkIkuyIkwíÃkyIÞ rõÄkIkkunkuÞ íkkuIke[usÿkõ]kku.**

1.

2.

3.

4.

5.

**rõ¼køk–3 Mk{ksMktçkt rÄkMkt íkkuk**

૧. સામાજિક સંબંધો વધારવામાં નોકરી મદદરૂપ બની છે.

૨. ગામમાં સ્થાનિક પ્રસંગે માન મળે છે.

૩. શિક્ષક તરીકે જીવનસાથી શોધવામાં મુશ્કેલી પડે છે.

૪. વર્ણભેદ અનુભવવો પડે છે.

૫. નોકરીને લીધે સામાજિક પ્રસંગોમાં હાજરી આપી શકાતી નથી.

૬. પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે ઓળખાણ આપતાં સંકોચ અનુભવાય છે.

**yk rõ¼kzkIkuyIkwíÃkyIÞ rõÄkIkkunkuÞ íkkuIke[usÿkõ]kku.**

1.

2.

3.

4.

5.

## rð¼kø¼k-4 rðÄkÚkeoMktçkt rÄkkMktikkuk

१. મારા વર્ગના વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે છે. ☐

२. મારા વર્ગમાં વિદ્યાર્થીઓ હાજર રહેતા નથી. ☐

३. મારા વર્ગના વિદ્યાર્થીઓ મારાથી ડરે છે. ☐

४. મારા વર્ગમાં વિદ્યાર્થી બહુ અવાજ કરે છે. ☐

५. વિદ્યાર્થીઓ સોંપાયેલું ગૃહકાર્ય લાવે છે. ☐

६. વિદ્યાર્થીઓને પ્રેરણા આપવા તેમને ઈનામો આપું છું. ☐

७. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ હોંશપૂર્વક ભાગ લે છે. ☐

८. વિદ્યાર્થીઓએ સૂચવેલી મારી ખામીનો સહર્ષ સ્વીકાર કરું છું. ☐

९. બધા જ વિદ્યાર્થીઓ તરફ સમાન વ્યવહાર રાખું છું. ☐

१०. દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપું છું. ☐

**yk rð¼køkIkuyIkwÃkyIÞ rðÄkIkkunkuÞ íkkuIke[usýkõ]ku.**

1.

2.

3.

4.

5.

## rð¼køk-5 rþûkýfkÞo íkíÃkhíkk/ÂeðMkkÞ rIkck

१. વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવું ગમતું નથી. ☐

२. શાળા છૂટવાનો બેલ વાગે તેની આતુરતાથી રાહ જોઉં છું. ☐

३. શાળામાં શીખવવાનું વિષયવસ્તુ હું અગાઉથી વાંચી લઉં છું. ☐

૪. જરૂરી શિક્ષણસામગ્રી પહેલેથી જ તૈયાર કરી લઉં છું. ☐

૫. નોંધપોથીઓ, પ્રયોગપોથીઓ, સ્વાધ્યાયકાર્ય વગેરે ચકાસવાનું કામ મારા માટે બોજારૂપ બની જાય છે. ☐

૬. પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાનું કામ મને કંટાળારૂપ લાગે છે. ☐

૭. નોકરી દરમ્યાન ફાળવવામાં આવેલ કાર્ય તેમજ જવાબદારીને નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવા પ્રયાસ કરું છું. ☐

૮. મને તક મળે તો હું બીજા વ્યવસાયમાં જવાનું પસંદ કરીશ. ☐

૯. શિક્ષક પાઠયક્રમ પૂર્ણ કરે એટલે એનું કામ પૂરું એમ હું માનું છું. ☐

૧૦. શિક્ષક વર્ગખંડમાં સમયસર ન જાય તો તેમાં કશું બગડતું નથી એમ હું માનું છું. ☐

**yk rÔ Vkøk Ikuy Ikw YÃk yIÞ rÔÄk Ikkunku Þ íkku Ike[u sýkÔ]ku.**

1.

2.

3.

4.

5.

**rÔ Vkøk -6 Ôk÷eMktÃkfo ÄkMt íkkuxk**

૧. શાળામાં વધતી વિદ્યાર્થીઓની સંખ્યાને કારણે વાલીસંપર્ક જાળવવો પડે છે. ☐

૨. શાળામાં ગ્રામ શિક્ષણ સમિતિ, વાલી–શિક્ષક મંડળ, માતા–શિક્ષક મંડળ વગેરેની રચના થયેલી છે. ☐

૩. વાલી મીટીંગમાં મોટાભાગના વાલીઓ ગેરહાજર રહે છે. ☐

૪. વાલીઓ શાળેય પ્રવૃત્તિઓમાં રસ ધરાવતાં નથી. ☐

૫. વાલીઓ તેમના બાળકોની પ્રગતિ પ્રત્યે સજાગ નથી. ☐

૬. જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર દરેક વાલી સાથે સન્માનજનક વ્યવહાર રાખું છું. ☐

**yk rÒ/køkIku yIkwÃky yIÞ rÒÄkIkkunkuÞ íkku Ike[u sýkÔpku.**

1.

2.

3.

4.

5.

## rÒ/køk–7 MkkÚe¼pkfu Mktçkt/kÄk

૧. સાથી શિક્ષકો સાથે શાળેય કાર્ય કરવું ગમે છે. ☐

૨. અન્ય શિક્ષકોનો સાથ–સહકાર પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. ☐

૩. મારા સાથી શિક્ષકો મને આદર આપતા નથી. ☐

૪. સિનિયર શિક્ષકો સાથે મારે ઘણીવાર ઘર્ષણ થાય છે. ☐

૫. સાથી શિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવતાં સંકોચ અનુભવું છું. ☐

૬. શિક્ષણકાર્ય પ્રશ્નોની સાથી શિક્ષકો સાથે ચર્ચા કરું છું. ☐

**yk rÒ/køkIku yIkwÃky yIÞ rÒÄkIkkunkuÞ íkku Ike[u sýkÔpku.**

1.

2.

3.

4.

5.

## rðÇkkøk-8 yk[kFo MktçktÄkMkt¼kkuk

૧. શાળાના આચાર્યનો સહકાર પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. ☐

૨. શાળાના આચાર્ય દરેક શિક્ષક સાથે સમાન વર્તન રાખે છે. ☐

૩. મારા સારા સૂચનો આચાર્યશ્રી દ્વારા સ્વીકારાય છે. ☐

૪. શાળામાં પસંદગીની શિક્ષણપદ્ધતિ અપનાવી શકાતી નથી. ☐

૫. આચાર્ય દ્વારા અપાતું વધારાનું શાળેય કાર્ય કરવું પડે છે. ☐

૬. આચાર્યની સંચાલન પ્રણાલીથી મને સંતોષ છે. ☐

૭. મારા સારા કાર્યને આચાર્યશ્રી દ્વારા બિરદાવાય છે. ☐

૮. આચાર્યશ્રી શાળાની સ્વચ્છતા પ્રત્યે સજાગ રહે છે. ☐

૯. શાળાનું દરેક કામ શ્રેષ્ઠતમ થાય અને સમયસર થાય તે માટે આચાર્યશ્રી પ્રયત્નશીલ રહે છે. ☐

૧૦. આચાર્યશ્રી દ્વારા દરેક શિક્ષકોને કામની સમાન વહેંચણી થાય છે. ☐

**yk rðÇkkøkLku yLkwYÃk yLÞ rðÄkLkku rkuÞ íkku Lkke[u ÷¾ku.**

1.

2.

3.

4.

5.

## rðÇkkøk-9 yrÄfkheõkoMktçktÄkMkt¼kkuk

૧. કેળવણી નિરીક્ષક, સી. આર. સી., બી. આર. સી. તથા અન્ય ઉપરી અધિકારીઓ દ્વારા સમયાંતરે શાળાનું નિરીક્ષણ, અધિક્ષણ થાય છે. ☐

૨. શાળાના ઉપરી અધિકારીઓ દરેક શિક્ષકની વાતને ધ્યાનપૂર્વક સાંભળે છે. ☐

૩. શિક્ષકો દ્વારા નિર્દેશિત સૂચનોનો શાળાના ઉપરી અધિકારીઓ અમલ કરે છે. ▭

૪. અધિકારીઓ પ્રત્યે માન ઉપજે તેવો વ્યવહાર તેઓ શિક્ષકો સાથે કરે છે. ▭

૫. અધિકારીઓ દ્વારા નિર્દેશિત સૂચનોનો અમલ બધા શિક્ષકો કરે છે. ▭

૬. જરૂર પડયે ઉપરી અધિકારીઓનો સંપર્ક તરત જ કરી શકાય છે. ▭

**yk rõ¼køkIku yIkwÃky IÞ rõÄIkkurkuÞ íkku Ike[u syíkõ]ku.**

1.

2.

3.

4.

5.

## rõ¼køk-10 ]køkfeÞMkõ:íkku Mkt;çktrÄíkMkt íkku:k

૧. શાળામાં પૂરતી શૈક્ષણિક સુવિધાઓનો અભાવ છે. ▭

૨. શાળામાં પૂરતી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. ▭

૩. શાળામાં જરૂરી શિક્ષકોનો અભાવ છે. ▭

૪. શાળાનો સમય અનુકૂળ નથી. ▭

૫. શાળામાં કારકૂન અને સેવકભાઈ નિમાયેલાં નથી. ▭

૬. શાળા ગામથી બહુ દૂર છે. ▭

૭. શાળા અંતરિયાળ વિસ્તારમાં આવેલી છે. ▭

ykrð/køkIku ylkwïÃk ylÞ rðÄkIkkunkuÞ íkku Ike[u sýkðþku.

1.

2.

3.

4.

5.

## rð/køk–11 þkiûkKkMkÚkkrLkf ðneðxMktçkt rÄkIkMktíkkux

१. શાળાના સ્થાનિક વહીવટથી મને સંતોષ છે.

२. વર્ગશિક્ષણ ઉપરાંત શાળાનું વહીવટી કાર્ય મારે કરવું પડે છે.

३. શાળાના શૈક્ષણિક તેમજ વહીવટી કામે મારે બહાર જવું પડે છે.

४. શાળાના શૈક્ષણિક કે વહીવટી કામે જવાનું મને પૂરતું ભથ્થું મળે છે.

५. ગ્રામ પંચાયત કે નગરપાલિકાના સ્થાનિક કાર્યક્રમોમાં મારે વધારાનું કાર્ય કરવું પડે છે.

६. શાળાનો સ્થાનિક વહીવટ એ સૌ શિક્ષકો અને આચાર્યનો સહિયારો પ્રયાસ છે.

७. શાળાના સ્થાનિક વહીવટમાં સરપંચશ્રીની દખલગીરી વધુ રહે છે.

ykrð/køkIku ylkwïÃk ylÞ rðÄkIkkunkuÞ íkku Ike[u sýkðþku.

1.

2.

3.

4.

5.

## rðÕkøk-12 ÔðõMkkÞ ìkk:e{Mkt¢kt<ÄìkMkt ìkkuk

૧. ઓપનવર્ગો, પરિસંવાદો વગેરેમાં સેવાકાલીન તાલીમ માટે વારંવાર જવું પડે છે. ☐

૨. સેવાકાલીન તાલીમી કાર્યક્રમો ભારરૂપ લાગે છે. ☐

૩. વિષય સિવાયના અન્ય વિષયોના સેવાકાલીન તાલીમ વર્ગમાં પણ જવું પડે છે. ☐

૪. વ્યવસાયી તાલીમ મારા જ્ઞાનને નવીનત્તમ રાખવામાં મદદરૂપ થાય છે. ☐

૫. વ્યવસાયી તાલીમમાં જવા–આવવાનું વધારાનું ભથ્થું મળે છે. ☐

૬. ભણાવવા કરતાં સેવાકાલીન તાલીમનો સમયગાળો તથા અન્ય પ્રવૃત્તિઓ વધી જાય છે એમ હું માનું છું. ☐

**yk rðÕkøkIkuyIkwÃkyIÞ rðÄkIkkunkuÞ ìkkuIke[usykð]ku.**

1.

2.

3.

4.

5.

## rðÕkøk-13 Mkhfk@IkkIkerìk-rìkÞ{kuMkt¢kt<ÄìkMkt ìkkuk

૧. મને બઢતીના નિયમોથી સંતોષ છે. ☐

૨. મને બદલીના નિયમોથી સંતોષ છે. ☐

૩. પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા સ્વચ્છ રીતે થાય છે. ☐

૪. પ્રાથમિક શિક્ષકોની બદલીમાં ભ્રષ્ટાચાર થતો નથી. ☐

૫. શિક્ષણના વહીવટી પ્રશ્નો હલ કરવામાં ભ્રષ્ટાચાર થતો નથી. ☐

૬. ચૂંટણી, વસતી ગણતરી તથા તેના જેવા જ અન્ય કાર્યો મારે ફરજિયાત કરવા પડે છે. ☐

૭. વર્ષ દરમ્યાન ભોગવવા મળતી રજાઓથી હું સંતુષ્ટ છું. ☐

૮. 'વિદ્યાસહાયક યોજના' આશીર્વાદરૂપ છે, ચાલુ રહેવી જોઈએ. ☐

૯. મારી બઢતી યોગ્ય સમયે થઈ જશે તેની મને ખાતરી છે. ☐

૧૦. પ્રાથમિક શાળાનું શિક્ષણ ધોરણ ૧ થી ૮ સુધીનું હોવું જોઈએ. ☐

૧૧. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે તાલીમી સ્નાતકો (બી. એડ્., બી. પી. એડ્.) ને પણ સમાવવા જોઈએ. ☐

૧૨. પ્રાથમિક શિક્ષકની નોકરીમાં કોઈ સલામતી નથી. ☐

**yk rÒ/køkLkuyLkwÃkyLk rðÄkLkkuLkkuÞ íkkuLke[usýkð]ku.**

1.

2.

3.

4.

5.

**rÒ/køk-14 ykŠÚkf õkíkhMktçkt rÄkíkMkt íkkukx**

૧. શૈક્ષણિક કાર્યના પ્રમાણમાં મળતા વળતરથી સંતોષ છે. ☐

૨. ઉપાધિ (ડિગ્રી) ના પ્રમાણમાં જે આર્થિક વળતર મળે છે તેમાં સંતોષ છે. ☐

૩. હાલ પ્રાપ્ત સેવાના મહેનતાણામાં મારા કુટુંબનું ભરણપોષણ કરવું મુશ્કેલ છે. ☐

૪. નોકરી દરમ્યાન મને મળતા વિશેષ આર્થિક લાભોથી સંતોષ છે. ☐

૫. પગાર સિવાય મને અન્ય આવક પ્રાપ્ત થાય છે. ☐

૬. નોકરી ઉપરાંત અન્ય પ્રવૃત્તિ દ્વારા આવક મેળવવાની મને ઈચ્છા થાય છે. ☐

૭. શિક્ષક સંગઠનો તરફથી પગાર વધારાની માંગણી થઈ છે. ☐

૮. મારી મહત્ત્વાકાંક્ષાઓ આ નોકરીથી પૂરી થતી નથી. ☐

૯. વિદ્યાસહાયક યોજનામાં ફિક્સ પગાર (પાંચ વર્ષ માટે રૂા. ૨૫૦૦) માટેનો સમયગાળો ઘટાડવો જોઈએ. ☐

૧૦. સરકારી વહીવટ તંત્ર દ્વારા અમારું આર્થિક શોષણ થતું હોય તેવું અનુભવીએ છીએ. ☐

૧૧. શિક્ષકને ટ્યુશન આપવાનો અધિકાર હોવો જોઈએ એમ હું માનું છું. ☐

૧૨. હું વેકેશન દરમિયાન વધારાની કમાણી માટે અન્યત્ર નોકરી કે કાર્ય કરું છું. ☐

ykrÒ/køkIkuyIkwiÃkyIÞ rÒÄkIkkurkuÞ íkkuIke[usýkò]ku.

1.

2.

3.

4.

5.



## પરિશિષ્ટ–૨

# વ્યવસાય સંતોષ માપદંડ

**(પ્રાથમિક શિક્ષકો માટે)**

**(પ્રાથમિક અજમાયશ માટેનો માપદંડ)**


| માર્ગદર્શક | સંશોધક |
|---|---|
| ડૉ. શરદભાઈ જી. વ્યાસ | પ્રા. ચંદ્રેશભાઈ એચ. રાઠોડ |
| નિવૃત્ત આચાર્યશ્રી, | વ્યાખ્યાતા, |
| ડૉ. સુભાષ મહિલા કોલેજ | બી. ડી. શાહ કોલેજ ઓફ |
| ઓફ એજ્યુકેશન, જૂનાગઢ | એજ્યુકેશન, મોડાસા |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |


સ્નેહી શિક્ષક ભાઈઓ–બહેનો,

નમસ્કાર,

હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. અભ્યાસના ભાગરૂપે શિક્ષણમાં સંશોધનકાર્ય કરી રહ્યો છું. મારા સંશોધનનો વિષય આ મુજબ છે :

**વિદ્યાસહાયક શિક્ષકો અને પૂર્ણ પગાર મેળવતા પ્રાથમિક શિક્ષકોના વ્યવસાય સંતોષ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં શિક્ષક અસરકારકતાનો અભ્યાસ**

પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે તમને તમારા વ્યવસાય પ્રત્યે કેવો સંતોષ છે ? તે જાણવાનો આ અભ્યાસનો હેતુ છે. આ સંશોધનના ભાગરૂપે રચવામાં આવેલ 'વ્યવસાય સંતોષ માપદંડ' પર આપના પ્રતિચારો આપવા વિનંતી છે. પ્રત્યેક કલમની સામે પાંચ વિકલ્પો આપેલાં છે. પ્રત્યે કલમ અંગે આપની સહમતિ કે અસહમતિની માત્રા અનુસાર જે વિકલ્પ યોગ્ય જણાય તે ખાનામાં (✓) ની નિશાની કરી આપના પ્રતિચાર આપવાના છે.

દા.ત.

| કલમ | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|
| ગામમાં સ્થાનિક પ્રસંગે માન મળે છે. | ✓ | | | | |

આપના સ્પષ્ટ અને સાચા પ્રતિચારો શિક્ષકોનો વ્યવસાય સંતોષ જાણવા અને તેમાં સુધારો લાવવા માટે ઉપયોગી નીવડશે. તેથી આ માપદંડ પર મુક્ત અને નિખાલસ પ્રતિચારો આપવા વિનંતી છે. આપે આપેલ માહિતીનો ઉપયોગ સંશોધન અર્થે જ થશે અને તે માહિતી ગોપનીય રાખવામાં આવશે તેની હું ખાતરી આપું છું.

ભવદીય

ચંદ્રેશભાઈ એચ. રાઠોડ

**સામાન્ય માહિતી :-**

શિક્ષકનું નામ : ........................................................................ (લખવું ફરજિયાત નથી)

પ્રાથમિક શાળાનું નામ : ..........................................................................................

શિક્ષકની જાતીયતા : પુરુષ / સ્ત્રી

શિક્ષકનો સામાજિક સંવર્ગ : અનામત / બિનઅનામત

શાળાનો વિસ્તાર : ગ્રામ્ય / શહેરી

શિક્ષકની વ્યાવસાયિક લાયકાત : પી. ટી. સી. / બી. એડ્.

તમે કયા ધોરણમાં વર્ગ શિક્ષક છો ? : ધોરણ ૫ / ધોરણ ૬ / ધોરણ ૭

તમે કયા પ્રકારના શિક્ષક તરીકે ફરજ બજાવો છો ? : વિદ્યાસહાયક શિક્ષક / પૂર્ણ પગાર મેળવતા શિક્ષક

| ક્રમ | કલમ | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૧. | હું શિક્ષકના વ્યવસાયને સ્વાર્થ સાથે નિઃસ્વાર્થ સેવા તરીકે માનું છું. | | | | | |
| ૨. | શાળા છૂટવાનો બેલ વાગે તેની આતુરતાથી રાહ જોઉં છું. | | | | | |
| ૩. | નોકરીના લીધે કૌટુંબિક પ્રસંગોમાં મોટાભાગે હાજરી આપી શકાતી નથી. | | | | | |
| ૪. | વતનથી દૂર રહેવું પડતું હોવાથી પરિવારજનોનો વિરહ સાલે છે. | | | | | |
| ૫. | સામાજિક સંબંધો વધારવામાં શિક્ષક તરીકેની નોકરી મદદરૂપ બની છે. | | | | | |
| ૬. | શિક્ષક પાસે સમાજની અપેક્ષાઓ વધુ પડતી છે એમ હું માનું છું. | | | | | |
| ૭. | વાલીઓ તેમના બાળકોની પ્રગતિ પ્રત્યે સજાગ નથી. | | | | | |
| ૮. | વિદ્યાર્થીઓની મારા પ્રત્યેની વર્તણૂકથી મને સંતોષ છે. | | | | | |
| ૯. | સાથી શિક્ષકો તરફથી શાળામાં મળતાં સાથ સહકારથી સંતોષ છે. | | | | | |
| ૧૦. | શાળાના આચાર્યનો સહકાર પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. | | | | | |
| ૧૧. | મારા ઉપરી અધિકારીઓની વર્તણૂકથી મને સંતોષ છે. | | | | | |
| ૧૨. | શાળામાં પૂરતાં પ્રમાણમાં ઓરડાઓ છે. | | | | | |
| ૧૩. | વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હોવાનો મને અસંતોષ છે. | | | | | |
| ૧૪. | મારા વર્ગના વિદ્યાર્થીઓને ભણવામાં ઓછો રસ છે. | | | | | |
| ૧૫. | મારા વર્ગના વિદ્યાર્થીઓ નિયમિત ગૃહકાર્ય લાવે છે. | | | | | |
| ૧૬. | શિક્ષકના વ્યવસાયમાં મળતાં સલામતીના પ્રમાણથી સંતોષ છે. | | | | | |
| ૧૭. | શિક્ષકના વ્યવસાયમાં મળતાં પગારથી સંતોષ છે. | | | | | |
| ૧૮. | શિક્ષણના વ્યવસાય પૂર્વે અપાતી તાલીમ (પી. ટી. સી., તથા બી. એડ્.) થી મને સંતોષ છે. | | | | | |
| ૧૯. | મને અન્ય સારી નોકરી મળતી હતી તેમ છતાં મેં શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો છે. | | | | | |
| ૨૦. | આ વ્યવસાયથી પરિવારમાં મારી પ્રતિષ્ઠા વધી છે જેનો મને સંતોષ છે. | | | | | |

| ક્રમ | કલમ | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૨૧. | અધિકારીઓ શિક્ષકો સાથે તોછડાઈપૂર્વક વર્તે છે. | | | | | |
| ૨૨. | શાળામાં શીખવવાના વિષયવસ્તુનું અગાઉથી અધ્યયન કરી લઉં છું. | | | | | |
| ૨૩. | વાલીઓ શાળેય પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા નથી. | | | | | |
| ૨૪. | મારા વર્ગના વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત આવે છે. | | | | | |
| ૨૫. | સાથી શિક્ષકો સાથે શાળેય કાર્ય કરવું ગમે છે. | | | | | |
| ૨૬. | શાળાનું મકાન શાળા માટે યોગ્ય નથી. | | | | | |
| ૨૭. | શાળામાં આચાર્ય દરેક શિક્ષક સાથે સમાન વ્યવહાર રાખે છે. | | | | | |
| ૨૮. | નિરીક્ષકો સમયાંતરે શાળાની મુલાકાત લઈ અમને પ્રોત્સાહન આપે છે. | | | | | |
| ૨૯. | શાળામાં પીવાના પાણીની સગવડ સંતોષજનક છે. | | | | | |
| ૩૦. | શિક્ષક પેન્શન યોજનાના નિયમો સંતોષજનક નથી. | | | | | |
| ૩૧. | શાળામાં રમતનું મેદાન નથી. | | | | | |
| ૩૨. | ઉપાધિ (ડિગ્રી) ના પ્રમાણમાં જે આર્થિક વળતર મળે છે તેમાં સંતોષ છે. | | | | | |
| ૩૩. | વર્ગશિક્ષણ ઉપરાંત શાળાનું વહીવટી કાર્ય કરવું પડે છે. | | | | | |
| ૩૪. | શિક્ષણના વ્યવસાય માટે અપાતી સેવાકાલીન તાલીમથી મને સંતોષ છે. | | | | | |
| ૩૫. | શિક્ષણકાર્ય કરવામાં મને રસ છે. | | | | | |
| ૩૬. | આ વ્યવસાયથી હું પરિવારના અન્ય સભ્યોને શિક્ષણમાં ઉપયોગી થઈ શકું છું. | | | | | |
| ૩૭. | અધ્યાપન માટે જરૂરી શિક્ષણ સામગ્રી પહેલેથી જ તૈયાર કરી લઉં છું. | | | | | |
| ૩૮. | વિદ્યાર્થીઓનો મારા પ્રત્યેનો પ્રેમ મારે મન મોટો સંતોષ છે. | | | | | |
| ૩૯. | શાળાના વહીવટી કામે જવાનું પૂરતું ભથ્થું સમયસર મળી રહે છે. | | | | | |
| ૪૦. | મારા વર્ગમાં વિદ્યાર્થીઓની નબળી હાજરી ચિંતાનો વિષય છે. | | | | | |
| ૪૧. | ગામમાં વિવિધ સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય પ્રસંગે માન મળે છે. | | | | | |
| ૪૨. | વિદ્યાર્થીઓને અભ્યાસમાં રસ જગાવવાના મારા પ્રયત્નોથી મને સંતોષ છે. | | | | | |
| ૪૩. | સાથી શિક્ષકો પાસેથી જોઈતું શૈક્ષણિક માર્ગદર્શન મળી રહે છે. | | | | | |
| ૪૪. | મારા સારા સૂચનો આચાર્યશ્રી દ્વારા સ્વીકારાતા નથી. | | | | | |
| ૪૫. | અધિક્ષકો શાળાનું અધિક્ષણ કરવા આવે ત્યારે દરેક શિક્ષકને સંતોષપૂર્ણ માર્ગદર્શન આપે છે. | | | | | |
| ૪૬. | શાળામાં શૈક્ષણિક સાધનો પૂરતાં પ્રમાણમાં છે. | | | | | |

| ક્રમ | કલમ | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૪૭. | પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા સંતોષજનક છે. | | | | | |
| ૪૮. | હાલ પ્રાપ્ત સેવાના મહેનતાણામાં મારા કુટુંબનું ભરણપોષણ સંતોષજનક રીતે થઈ શકે છે. | | | | | |
| ૪૯. | શાળાના વહીવટી કામે બહારગામ જવું પડે છે. | | | | | |
| ૫૦. | સેવાકાલીન પ્રશિક્ષણમાં સમયનો વ્યય થતો હોય તેવું લાગે છે. | | | | | |
| ૫૧. | શિક્ષણનો વ્યવસાય એક ઉમદા વ્યવસાય હોવાથી મેં તે પસંદ કર્યો છે. | | | | | |
| ૫૨. | નોકરી મળવાથી કૌટુંબિક અને પારિવારિક સ્થૈર્ય ઊભું થયું છે જેનો મને સંતોષ છે. | | | | | |
| ૫૩. | પ્રયોગપોથીઓ, સ્વાધ્યાયકાર્ય ચકાસવાનું કામ મારા માટે બોજારૂપ બની જાય છે. | | | | | |
| ૫૪. | શાળાની વહીવટી કાર્યવાહી એ સૌ શિક્ષકો અને આચાર્યનો સહિયારો પ્રયાસ છે એમ હું માનું છું. | | | | | |
| ૫૫. | પ્રાથમિક શિક્ષકના વ્યવસાયને સમાજ હલકો વ્યવસાય ગણે છે. | | | | | |
| ૫૬. | વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરવું ગમતું નથી. | | | | | |
| ૫૭. | સાથી શિક્ષકો મને આદર આપતા નથી. | | | | | |
| ૫૮. | આચાર્યશ્રીની શાળા સંચાલન પ્રણાલીથી મને સંતોષ નથી. | | | | | |
| ૫૯. | ઉપરી અધિકારીઓ દરેક શિક્ષકની વાતને ધ્યાનપૂર્વક સાંભળે છે. | | | | | |
| ૬૦. | વાલીઓ પોતાના બાળકો માટે કંઈક પૂછવા આવે તો તે મને ગમે છે. | | | | | |
| ૬૧. | શાળામાં વિદ્યાર્થીઓને બેસવા માટેની યોગ્ય સગવડ નથી. | | | | | |
| ૬૨. | સરકારશ્રી દ્વારા શિક્ષકોને હંમેશા અન્યાય જ થાય છે એવું અનુભવું છું. | | | | | |
| ૬૩. | નોકરી ઉપરાંત અન્ય પ્રવૃત્તિ દ્વારા આવક મેળવવાની મને ઈચ્છા થાય છે. | | | | | |
| ૬૪. | મારા પર વહીવટી કાર્યવાહીનું ભારણ વધુ રહે છે એમ હું માનું છું. | | | | | |
| ૬૫. | સેવાકાલીન તાલીમી કાર્યક્રમોમાં યોગ્ય તજજ્ઞો આવતા નથી. | | | | | |
| ૬૬. | હું શિક્ષકના વ્યવસાયને અતિ પવિત્ર વ્યવસાય સમજું છું. | | | | | |
| ૬૭. | મારા બાળકોના શિક્ષણ પર વધુ સારી રીતે ધ્યાન આપી શકાય છે. | | | | | |
| ૬૮. | પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાનું કામ મને કંટાળારૂપ લાગે છે. | | | | | |
| ૬૯. | વાલીઓ શાળામાં આવી શિક્ષકો સાથે ઝઘડા કરે છે. | | | | | |
| ૭૦. | સમાજમાં પ્રાથમિક શિક્ષકને ઓછું મહત્ત્વ અપાય છે. | | | | | |
| ૭૧. | વિદ્યાર્થીઓને સાચી દિશાનું માર્ગદર્શન આપતા આત્મસંતોષ અનુભવું છું. | | | | | |
| ૭૨. | શિક્ષકોમાં 'ટીમ વર્ક' જેવું કાંઈ જોવા મળતું નથી. | | | | | |
| ૭૩. | મારા સારા કાર્યને આચાર્યશ્રી દ્વારા બિરદાવાય છે. | | | | | |
| ૭૪. | જરૂર પડયે ઉપરી અધિકારીઓનો સંપર્ક તુરત જ કરી શકાય છે. | | | | | |
| ૭૫. | શાળામાં ફર્સ્ટ એઈડ બોકસ જેવી આરોગ્ય વિષયક સુવિધાઓનો અભાવ છે. | | | | | |

| ક્રમ | કલમ | સંપૂર્ણ સહમત | સહમત | તટસ્થ | અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૭૬. | શાળાનું વહીવટી કાર્ય હોંશેહોંશ કરું છું. | | | | | |
| ૭૭. | શાળાનું વહીવટી કાર્ય મારા માટે કંટાળો ઉપજાવનારું છે. | | | | | |
| ૭૮. | સેવાકાલીન તાલીમી કાર્યક્રમોમાં કશું નવું શીખવા મળતું નથી. | | | | | |
| ૭૯. | શિક્ષકના વ્યવસાયમાં 'ઓછું કામ, વધુ દામ' નો મારો હેતુ છે. | | | | | |
| ૮૦. | મારા પરિવારજનો ઈચ્છે છે કે આ વ્યવસાયને બદલે અન્ય વ્યવસાય મળે તો તે મારે પસંદ કરવો જોઈએ. | | | | | |
| ૮૧. | મારું કાર્ય હું પૂરી નિષ્ઠાથી કરવા સતત પ્રયત્નશીલ રહું છું. | | | | | |
| ૮૨. | વાલીમંડળ શાળામાં સક્રિય બને તેવા પ્રયત્નો કરું છું. | | | | | |
| ૮૩. | સમાજમાં પ્રાથમિક શિક્ષક તરીકેની ઓળખાણ આપતા સંકોચ અનુભવું છું. | | | | | |
| ૮૪. | બધા જ વિદ્યાર્થીઓ તરફ સમાન વ્યવહાર રાખું છું. | | | | | |
| ૮૫. | મારા સહકર્મચારીઓ સુખ–દુઃખના પ્રસંગે મારી સાથે રહે છે. | | | | | |
| ૮૬. | આચાર્યશ્રી શાળાની સ્વચ્છતા પ્રત્યે સજાગ નથી. | | | | | |
| ૮૭. | અધિકારીઓ અને શિક્ષકો વચ્ચે મૈત્રીપૂર્ણ વ્યવહાર ઓછો હોય છે. | | | | | |
| ૮૮. | શાળામાં સફાઈનું પ્રમાણ સંતોષકારક છે. | | | | | |
| ૮૯. | સેવાકાલીન તાલીમી કાર્યક્રમો નિરસ અને બિનઉપયોગી જણાય છે. | | | | | |
| ૯૦. | મને અન્ય વ્યવસાય ન મળતાં શિક્ષણનો વ્યવસાય પસંદ કર્યો છે. | | | | | |
| ૯૧. | પરિવારજનોને મારો આ વ્યવસાય ગમતો નથી. | | | | | |
| ૯૨. | મારા શિક્ષણકાર્યમાં હું નવી નવી પદ્ધતિઓ અને નવા સાધનો વાપરવાના પ્રયોગો કરું છું. | | | | | |
| ૯૩. | વાલીઓ તરફથી શિક્ષકોને અપાતા માનથી સંતોષ છે. | | | | | |
| ૯૪. | શિક્ષક તરીકેનો આ વ્યવસાય સમાજના અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની રહે છે. | | | | | |
| ૯૫. | અધિકારીઓના સૂચનો હંમેશા ટીકાત્મક હોય છે. | | | | | |
| ૯૬. | અધિકારીઓ શિક્ષકોને માત્ર ગુનેગાર સમજીને શાળા તપાસનું કામ કરતા હોય છે. | | | | | |
| ૯૭. | મારા વર્ગના વિદ્યાર્થીઓની લાગણીઓને સ્વીકારું છું. | | | | | |
| ૯૮. | સાથી શિક્ષકો દ્વારા મારા વખાણ અને કદરના પ્રમાણથી સંતોષ છે. | | | | | |
| ૯૯. | આચાર્યશ્રી દ્વારા દરેક શિક્ષકોને કામની સમાન વહેંચણી માત્ર કાગળ પર જ થાય છે. | | | | | |
